ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર

'ગુજરાત ટુડે'

દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.

(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY

(Daily)

AHMEDABAD ●●● SINCE-1991

કરન્સી માર્કેટ

US.ડોલર	૮૩.૫૧
પાઉન્ડ	૧૦૬.૫૩
યુરો	૯૦.૨૦
સઉદી રિયાલ	૨૨.૨૬
સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ)	૭૪,૬૧૫
ચાંદી (૧ કિલો)	૯૩,૦૦૦

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૩ અંક-૩૩૬ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

દિલ્હી, બેંગ્લુરૂ અને મુંબઈ WHOની માર્ગદર્શિકા કરતાં પણ વધુ ખરાબ રીતે પ્રદૂષિત

ભારતના ૧૦ શહેરોમાં PM 2.5 પ્રદૂષણથી ૭ ટકાથી વધુ મૃત્યુ : લાન્સેટ

વાહનોનું પ્રદૂષણ, ઔદ્યોગિત ઉત્સર્જનને કારણે થનારા પ્રદૂષણને પગલે ભારતીય શહેરોમાં ઊંચો મૃત્યુદર જોવા મળી રહ્યો છે : અહેવાલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

દિલ્હી, બેંગ્લુરૂ અને મુંબઈ સહિત ભારતના ૧૦ સૌથી મોટા અને સૌથી પ્રદૂષિત શહેરોમાં રોજના તમામ મૃત્યુમાંથી સરેરાશ ૭.૨ ટકા પીએમ ૨.૫ સ્તર સાથે સંકળાયેલા હતા જે સલામતી માટેની વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ની માર્ગદર્શિકા કરતા વધારે છે. એક્સપોઝર ધ લાન્સેટ પ્લેનેટરી હેલ્થ જર્નલમાં પ્રકાશિત થયેલા અભ્યાસ મુજબ આ ખુલાસો થયો છે. દિલ્હીમાં પીએમ ૨.૫ વાયુ પ્રદૂષણને આભારી દૈનિક અને વાર્ષિક મૃત્યુનો સૌથી મોટો હિસ્સો જોવા મળ્યો હતો જે ૨.૫ માઈક્રોમીટર અથવા તેનાથી ઓછા વ્યાસના કણોને કારણે થાય છે. આવા પ્રદૂષણના સ્ત્રોતોમાં વાહનો અને ઔદ્યોગિક ઉત્સર્જનનો સમાવેશ થાય છે. સંશોધકોએ જણાવ્યું હતું કે, ભારતીય શહેરોમાં પીએમ ૨.૫ પ્રદૂષણના દૈનિક સંપર્કમાં મૃત્યુના ઊંચા જોખમ સાથે સંકળાયેલું છે અને સ્થાનિક રીતે સર્જાયેલું પ્રદૂષણ સંભવતઃ આ મૃત્યુનું કારણ બની શકે છે. આંતરરાષ્ટ્રીય ટીમમાં વારાણસીની બનારસ હિન્દુ યુનિવર્સિટી અને સેન્ટર ફોર ક્રોનિક ડિસીઝ કંટ્રોલ નવી દિલ્હીના સંશોધકો સામેલ હતા. તેઓએ જોયું કે બે દિવસ (ટૂંકાગાળાના એક્સપોઝર)માં માપવામાં આવેલા ફાઈન પાર્ટિક્યુલેટ મેટર (પીએમ ૨.૫) પ્રદૂષણની સરેરાશમાં ૧૦ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરનો વધારો ૧.૪ ટકા વધુ દૈનિક મૃત્યુદર સાથે સંબંધિત છે. ૧૦ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરના વધારા પર મૃત્યુનું જોખમ બમણું (૨.૭ ટકા) હોવાનું જણાયું હતું જ્યારે સંશોધકોએ તેમના પૃથ્થકરણને હવાની ગુણવત્તાના ભારતીય ધોરણોથી નીચેના અવલોકનો સુધી મર્યાદિત રાખ્યું હતું જે સુરક્ષિત એક્સપોઝર માટે WHO માર્ગદર્શિકા કરતાં ઓછા આકરા છે જે ૨૪ કલાકના સમયગાળામાં પીએમ ૨.૫ના ઘન મીટર દીઠ ૧૫ માઈક્રોગ્રામ સૂચવે છે. ભારતીય હવાની ગુણવત્તાના ધોરણો ૨૪ કલાકના સમયગાળામાં પીએમ ૨.૫ના ક્યુબિક મીટર દીઠ ૬૦ માઈક્રોગ્રામ સૂચવે છે. શહેર મુજબ લેખકોએ દિલ્હીમાં પીએમ ૨.૫માં ૧૦ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરના વધારા સાથે દૈનિક મૃત્યુદરમાં ૦.૩૧ ટકાનો વધારો જોયો જ્યારે બેંગ્લુરૂમાં વધારો ૩.૦૬ ટકા હતો. પીએમ ૨.૫ પ્રદૂષણ અને સ્થાનિક રીતે બનાવેલા પ્રદૂષકોના રોજિંદા સંપર્ક વચ્ચેની કડીઓ મોડેલોમાં વધુ મજબૂત હોવાનું જણાયું હતું જેનો સંશોધનકર્તાઓએ કારણ અને અસર સંબંધોની શોધખોળ કરવા માટે ઉપયોગ કર્યો હતો. તેથી શક્ય હતું કે સ્થાનિક રીતે ઉત્પન્ન થતાં પ્રદૂષકો આ વધારાના મૃત્યુનું કારણ બની રહ્યા છે તેમ લેખકોએ જણાવ્યું હતું. લેખકોએ જણાવ્યું કે, 'કારણકારી અસરો ખાસ કરીને વાયુ પ્રદૂષણની ઓછી સાંદ્રતા ધરાવતા શહેરોમાં જેમ કે બેંગ્લુરૂ, ચેન્નાઈ અને શિમલામાં મજબૂત હતી.' અભ્યાસ 'ભારતમાં પીએમ ૨.૫ અને દૈનિક મૃત્યુદરના ટૂંકાગાળાના એક્સપોઝરનું પ્રથમ મલ્ટિ-સિટી સમય શ્રેણી વિશ્લેષણ' ૨૦૦૮ અને ૨૦૧૯ની વચ્ચે ભારતના દસ શહેરોમાં આશરે ૩૬ લાખ દૈનિક મૃત્યુને જોવામાં આવ્યું હતું. વિશ્લેષણમાં અમદાવાદ, હૈદરાબાદ, કોલકાતા, પૂણે, શિમલા, વારાણસી અને અન્ય શહેરોનો સમાવેશ થાય છે.

પી.એમ. મોદીની ચેમ્પિયન ટીમ ઈન્ડિયા સાથે મુલાકાત

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, તેમણે ટી-૨૦ વિશ્વકપ વિજેતા ભારતીય ક્રિકેટ ટીમના સભ્યો સાથે એક યાદગાર વાતચીત કરી. જેમાં તેમણે અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં હાલમાં સંપન્ન થયેલા આઈસીસી વર્લ્ડકપમાં તેમની યાત્રા વિશે ચર્ચા કરી. ગત સપ્તાહ દ.આફ્રિકાને હરાવી ટી-૨૦ વિશ્વકપ જીતનાર રોહિત શર્માના નેતૃત્વવાળી ટીમ ઈન્ડિયા લેવલ ચારના તોફાનના કારણે બાર્બાડોસના બ્રિજટાઉનમાં ફસાયા બાદ સવારે દિલ્હી પહોંચી. વડાપ્રધાન મોદીએ તસવીરો સાથે 'એક્સ' પર પોસ્ટ કરી, આપણા ચેમ્પિયન્સ સાથે એક શાનદાર મુલાકાત. ટીમ ધૂમધામથી દિલ્હી પહોંચી અને પછી બ્રેકફાસ્ટ માટે વડાપ્રધાન આવાસે પહોંચી જ્યાં તેણે લગભગ બે કલાક વિતાવ્યા હતા. કપ્તાન રોહિત શર્મા પી.એમ. મોદીની જમણે જ્યારે મુખ્ય કોચ રાહુલ દ્રવિડ તેમની ડાબી બાજુ હતા. ખેલાડીઓએ વિશેષ ટી-શર્ટ પહેરી હતી. જેમાં મોટા અક્ષરે વિશ્વ ચેમ્પિયન લખ્યું હતું અને બે સ્ટાર જે બે ટી-૨૦ વિશ્વકપ ટાઈટલ દર્શાવે છે. ખેલાડીઓએ વડાપ્રધાન સાથે તસવીર પણ ખેંચાવી હતી. આ પ્રસંગે બીસીસીઆઈ અધ્યક્ષ રોજર બિન્ની અને સચિવ જય શાહે વડાપ્રધાનને ટીમ ઈન્ડિયાની જર્સી ભેટ કરી જેમાં મોટા અક્ષરે 'નમો' અને 'ય' લખ્યું હતું. મુંબઈ પહોંચ્યા બાદ પણ ટીમ ઈન્ડિયાનું ભવ્ય સ્વાગત થયું. ટીમનું વિમાન મુંબઈ પહોંચવા પર વોટર સેલ્યુટ આપવામાં આવ્યું. ભારતીય ટીમની વિજય પરેડ મરીન ડ્રાઈવથી પ્રતિષ્ઠિત વાનખેડે સ્ટેડિયમ સુધી યોજાઈ હતી.

પ્રદૂષણથી મૃત્યુ પર કોંગ્રેસ : મોદી સરકાર ભારતના સ્વાસ્થ્ય કરતાં વડાપ્રધાનના મિત્રોના નફાને પ્રાથમિકતા આપે છે

જયરામ રમેશે કેન્દ્ર પર કોલસાના પ્લાન્ટમાં પ્રદૂષણ નિયંત્રણ અટકાવવાનો, રાષ્ટ્રીય સ્વચ્છ હવા એક્શન પ્લાનની અવગણના કરવાનો અને પર્યાવરણ-સંરક્ષણના ધોરણો પર 'ઓલઆઉટ વોર' શરૂ કરવાનો આરોપ મૂક્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

'બેફામ વાયુ પ્રદૂષણ' પર ચિંતા વ્યક્ત કરતા કોંગ્રેસે આરોપ લગાવ્યો કે, નરેન્દ્ર મોદી સરકારે ભારતના પર્યાવરણીય સંરક્ષણના ધોરણો પર 'આર યા પારનું યુદ્ધ' શરૂ કર્યું છે અને લોકોના સ્વાસ્થ્ય કરતાં 'પીએમના મિત્રોના નફા'ને પ્રાથમિકતા આપી છે. કોંગ્રેસના જનરલ સેક્રેટરી, ઈન્ચાર્જ કમ્યુનિકેશન્સ, જયરામ રમેશે જણાવ્યું હતું કે, પ્રતિષ્ઠિત વૈશ્વિક મેડિકલ જર્નલ, 'ધ લેન્સેટ પ્લેનેટરી હેલ્થ'માં પ્રકાશિત થયેલ નવો અભ્યાસ દર્શાવે છે કે, આ કટોકટી કેટલી ખરાબ છે, ભારતમાં કુલ મૃત્યુના ૭.૨ ટકા વાયુ પ્રદૂષણ સાથે સંકળાયેલા છે. દર વર્ષે ફક્ત ૧૦ શહેરોમાં જ લગભગ ૩૪,૦૦૦ મૃત્યુ થાય છે. રમેશે કહ્યું, 'બેફામ વાયુ પ્રદૂષણ દર વર્ષે હજારો ભારતીયોને મારી નાખે છે.' અહેવાલને ટાંકીને તેમણે કહ્યું કે, દર વર્ષે વાયુ પ્રદૂષણને કારણે ૧૨,૦૦૦ મૃત્યુ સાથે દિલ્હી સૌથી વધુ અસરગ્રસ્ત છે. પૂર્વ કેન્દ્રીય પર્યાવરણ પ્રધાને ઉમેર્યું હતું કે, જો કે, પુણે, ચેન્નાઈ અને હૈદરાબાદ જેવા નીચા પ્રદૂષણ સ્તરવાળા શહેરોમાં પણ હજારો મૃત્યુ નોંધાયા છે. તેમણે આરોપ લગાવ્યો કે, 'અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, PM2.5 (વ્યાસમાં ૨.૫ માઈક્રોમીટરથી ઓછા પાર્ટિક્યુલેટ મેટર)નું નીચું સ્તર પણ ઘણા મૃત્યુનું કારણ બની શકે છે. આ જાહેર આરોગ્ય કટોકટી બિન-જૈવિક પીએમ સરકારની નિષ્ફળતાઓનું સીધુ પરિણામ છે, જેણે ભારતના લોકોના સ્વાસ્થ્ય કરતાં પીએમના મિત્રોના નફાને પ્રાથમિકતા આપી છે.'

રમેશે દાવો કર્યો હતો કે, ૨૦૧૭થી ભાજપની આગેવાની હેઠળના કેન્દ્રએ પ્રદૂષણ-નિયંત્રક ફ્લુ ગેસ ડિસલ્ફ્યુરાઈઝેશન (FGD) સાધનો સ્થાપિત કરવા માટે કોલ પાવર પ્લાન્ટ્સની સમયમર્યાદાને સતત પાછળ ધકેલી દીધી છે. તેમણે કહ્યું, 'તેના કારણે હજારો મૃત્યુ થયા છે, જે બધું પ્લાન્ટ માલિકોના નફા માટે છે. લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (LPG) સિલિન્ડરના આસમાને પહોંચતા ભાવનો અર્થ એ છે કે, ઘરની અંદરનું વાયુ પ્રદૂષણ વધુ વણસી ગયું છે, કારણ કે, પરિવારોને રાંધણગેસને બદલે ચુલા પર રાંધવાની ફરજ પડી છે.' રમેશે દાવો કર્યો હતો કે, રાષ્ટ્રીય સ્વચ્છ હવા કાર્યક્રમ (NCAP) જોરદાર ધામધૂમથી ૨૦૧૯માં શરૂ કરવામાં આવ્યો હતો, તે 'સંપૂર્ણ નિષ્ફળતા' સાબિત થયો છે. કોંગ્રેસ નેતાએ જણાવ્યું હતું કે, '૨૦૨૩ના અંત સુધીમાં NCAPના ૫૦ ટકાથી વધુ ભંડોળનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. વધુમાં તાજેતરના લેન્સેટ અભ્યાસ દર્શાવે છે કે, NCAP દ્વારા નિર્ધારિત સ્વચ્છ-હવા લક્ષ્યો જીવન બચાવવા માટે પૂરતા નથી.'

NCAP હેઠળના ૧૩૧ શહેરોમાંથી મોટાભાગના પાસે તેમના વાયુ પ્રદૂષણને ટ્રેક કરવા માટેનો ડેટા પણ ન હોવાનું તેમણે જણાવ્યું હતું. રમેશે જણાવ્યું હતું કે, જે ૪૬ શહેરો પાસે ડેટા છે, તેમાંથી માત્ર આઠ શહેરોએ NCAPના નીચા લક્ષ્યાંકને પૂરો કર્યો છે, જ્યારે ૨૨ શહેરોમાં વાયુ પ્રદૂષણની સમસ્યા પહેલાં કરતાં વધુ વકરી છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, 'મોદી સરકારે ભારતના પર્યાવરણીય સંરક્ષણના ધોરણો પર આર યા પારનું યુદ્ધ તો શરૂ કર્યું છે પણ ૨૦૨૩ના ફોરેસ્ટ કન્ઝર્વેશન (સુધારા) અધિનિયમે ભારતના મોટા ભાગના જંગલોની સુરક્ષા છીનવી લીધી છે, જૈવિક વિવિધતા અધિનિયમ અને પર્યાવરણીય સંરક્ષણ અધિનિયમોને હળવા બનાવી દેવામાં આવ્યા છે, વન અધિકાર અધિનિયમ ૨૦૦૬નું નબળું પડ્યું છે અને પર્યાવરણીય અસર આકારણીના ધોરણોને બાયપાસ કરવામાં આવ્યા છે.' રમેશે વધુમાં જણાવ્યું હતું કે, 'પીએમના કોર્પોરેટ મિત્રોના લાભ માટે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલને દાંત વિનાનું બનાવવામાં આવ્યું છે.'

તેમણે સરકારને NCAP હેઠળ ઉપલબ્ધ કરાયેલા ભંડોળમાં ધરખમ વધારો કરવા હાકલ કરી હતી. તેમણે કહ્યું કે, 'વર્તમાન બજેટ, NCAP ભંડોળ અને ૧૫મા નાણાપંચની અનુદાન સહિત લગભગ ૧૦,૫૦૦ કરોડ રૂપિયાનું છે, જે ૧૩૧ શહેરોમાં ફેલાયેલું છે ! આપણા શહેરોને ઓછામાં ઓછા ૧૦-૨૦ ગણા વધુ ભંડોળની જરૂર છે. NCAPને રૂા.૨૫,૦૦૦ કરોડનો કાર્યક્રમ બનાવવો જોઈએ.' કોલસા પાવર પ્લાન્ટ માટે હવા પ્રદૂષણના ધોરણો તાત્કાલિક લાગુ કરવા જોઈએ. કોંગ્રેસ નેતાએ માંગ કરી હતી કે, તમામ પાવર પ્લાન્ટ્સે ૨૦૨૪ના અંત સુધીમાં FGD સાધનો ઈન્સ્ટોલ કરવા જ જોઈએ. રમેશે એવી પણ માંગ કરી હતી કે, NGTની સ્વતંત્રતા પુનઃ સ્થાપિત કરવામાં આવે અને છેલ્લા ૧૦ વર્ષમાં કરવામાં આવેલા લોકો-વિરોધી પર્યાવરણીય-કાયદાને પરત ખેંચવામાં આવે. તેમણે કહ્યું કે, NCAP કે જે એક અમલીકરણ પદ્ધતિ છે તેને કાનૂની સમર્થન આપવું જોઈએ અને વર્તમાન ધ્યાન કે જે ફક્ત 'કેટલાક પસંદગીના' શહેરો પર છે તેના બદલે દરેક ભારતીય શહેર માટે ગંભીર ડેટા-મોનિટરિંગ ક્ષમતા હોવી જોઈએ. રમેશે ધ્યાન દોર્યું કે, વાયુ પ્રદૂષણ (નિયંત્રણ અને નિવારણ) અધિનિયમ ૧૯૮૧માં અસ્તિત્વમાં આવ્યો અને નેશનલ એમ્બિયન્ટ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડ્સ (NAAQS) નવેમ્બર ૨૦૦૯માં અમલમાં મૂકવામાં આવ્યો. તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા ૧૦ વર્ષોમાં વાયુ પ્રદૂષણના જાહેર આરોગ્ય પરિણામો - રોગ અને મૃત્યુદર બંનેમાં - ખૂબ જ સ્પષ્ટ થઈ ગયા છે. કોંગ્રેસના નેતાએ ઉમેર્યું હતું કે, 'અધિનિયમ અને NAAQS બંનેને ફરીથી જોવાનો અને સંપૂર્ણ સુધારણા કરવાનો હવે સમય પાકી ગયો છે.'

CELEBRATING EXCELLENCE 33 years GT

૫૦થી વધુ સફળ NEET-UG ઉમેદવારો પરીક્ષા રદ કરવાના પગલાં વિરુદ્ધ નિર્દેશ મેળવવા સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા

મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડની આગેવાની હેઠળની સર્વોચ્ચ અદાલતની બેંચ પુનઃ પરીક્ષણ અને તપાસ જેવી રાહતની માંગ કરતી ૨૬ જેટલી અરજીઓ પર સુનાવણી કરશે અને તેના પહેલાં ૫૬ વિદ્યાર્થીઓ દ્વારા નવી અરજી દાખલ કરવામાં આવી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

ગુજરાત સ્થિત NEET-UGના ૫૦થી વધુ સફળ ઉમેદવારો, જેમાં ઘણા પ્રથમ ક્રમે પણ આવ્યા છે, તેઓએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે અને કેન્દ્ર અને નેશનલ ટેસ્ટિંગ એજન્સીને વિવાદોથી ઘેરાયેલી પરીક્ષાને રદ કરવાથી રોકવાના નિર્દેશની માગણી કરી છે. તેઓએ આ વર્ષે પાંચ મેના રોજ લેવાયેલી NEET-UG પરીક્ષામાં પેપર લીક અને ગેરરીતિ જેવી અન્યાયી પ્રથાઓમાં સંડોવાયેલા વિદ્યાર્થીઓ અને અન્ય લોકોની તપાસ કરવા, ઓળખવા અને તેમની સામે કડક પગલાં લેવા માટે સુપ્રીમ કોર્ટ પાસેથી કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય માટે નિર્દેશ માંગ્યો છે. મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડની આગેવાની હેઠળની સર્વોચ્ચ અદાલતની બેંચ પુનઃ પરીક્ષણ અને તપાસ જેવી રાહતની માંગ કરતી ૨૬ જેટલી અરજીઓ પર સુનાવણી કરશે અને તેના પહેલાં ૫૬ વિદ્યાર્થીઓ દ્વારા નવી અરજી દાખલ કરવામાં આવી છે. નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ-

અંડરગ્રેજ્યુએટ (NEET-UG) નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા દેશભરની સરકારી અને ખાનગી સંસ્થાઓમાં MBBS, BDS, આયુષ અને અન્ય સંબંધિત અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લેવામાં આવે છે. NEET-UG, ૨૦૨૪ પાંચ મેના રોજ ૪૭૫૦ કેન્દ્રો પર યોજાઈ હતી અને લગભગ ૨૪ લાખ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. પેપર લીક સહિતની ગેરરીતિઓના આક્ષેપોને કારણે કેટલાક શહેરોમાં વિરોધ થયો છે અને હરીફ રાજકીય પક્ષો વચ્ચે ઝઘડો થયો છે. આ પરીક્ષા રદ કરવા, પુનઃ પરીક્ષણ અને ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરતી અરજીઓ સુપ્રીમ કોર્ટમાં ૮ જુલાઈના રોજ સુનાવણી માટે સૂચિબદ્ધ થઈ છે. સિદ્ધાર્થકોમલ સિંઘલા અને અન્ય ૫૫ વિદ્યાર્થીઓની નવી અરજી વકીલ દેવેન્દ્રસિંહ દ્વારા દાખલ કરવામાં આવી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે, માનનીય અદાલત ઉત્તરદાતાઓને કેન્દ્ર અને NTAને NEET-UG ફરીથી ન કરાવવા માટે નિર્દેશ આપી શકે છે. કારણ કે, તે પ્રામાણિક અને મહેનતુ વિદ્યાર્થીઓ માટે ગેરવાજબી અને કઠોર હશે અને તે શિક્ષણના અધિકારનું પણ ઉલ્લંઘન છે અને તેથી બંધારણની કલમ ૧૪ (સમાનતાનો અધિકાર)નું ઉલ્લંઘન છે. આ અરજીમાં કેન્દ્ર અને NTAને અનુચિત માધ્યમો અપનાવનારા પરીક્ષાર્થીઓને ઓળખવા અને સજા કરવા, કેન્દ્રોની ઓળખ કરવા અને જ્યાં NEET-UG 2024ની પરીક્ષાઓ માટે સ્થાપિત માર્ગદર્શિકાઓ સાથે સમાધાન કરવામાં આવ્યું છે ત્યાં યોગ્ય પગલાં લેવા માટે નિર્દેશ માંગવામાં આવ્યો છે.

હાથરસ કેસમાં પહેલીવાર ધરપકડો

હાથરસ નાસભાગ કેસમાં છ સેવાદારોની ધરપકડ; મુખ્ય આરોપી પર એક લાખ રૂપિયાનું ઈનામ

(એજન્સી) હાથરસ, તા.૪

હાથરસમાં ભોલે બાબાના સત્સંગમાં નાસભાગમાં ૧૨૧ લોકોનાં મૃત્યુ થયા હતા. આ બાદ પોલીસ તંત્ર દોડતું થયું હતું. જેમાં પોલીસે કાર્યક્રમ આયોજકની પૂછપરછ બાદ ૬ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં મુખ્ય આરોપીને પકડવા માટે પોલીસ દ્વારા ૧ લાખના ઈનામની જાહેરાત કરવામાં આવી છે. હાથરસ કેસને લઈને પોલીસે પ્રેસ કોન્ફરન્સમાં જાણકારી આપી હતી કે, સત્સંગમાં નાસભાગ બાદ અનેક લોકોનાં મોત થયા હતા. ઘટનાને લઈને પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે પોલીસ પૂછપરછમાં ૬ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા આરોપી આયોજન સમિતિના મેમ્બર છે. ભોલે બાબાના સત્સંગમાં ભારે નાસભાગમાં બાળકો, મહિલાઓ અને વૃદ્ધો સહિત ૧૨૧ લોકોનાં મોત થયા હતા. જેમાં મુખ્ય આરોપી દેવપ્રકાશ મધુકરને પકડવા પોલીસે ૧ લાખના ઈનામની ઘોષણા કરી છે. આ ઘટના પછી તમામ આરોપી ફરાર થયા હોવાનું IGએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, હાથરસના સત્સંગમાં મચેલી નાસભાગ બાદથી ચર્ચામાં આવેલા ભોલે બાબા અંગે દરરોજ મોટા-મોટા ખુલાસા થઈ રહ્યા છે. બાબાના વકીલે કહ્યું હતું કે, તેઓ ઘટના પહેલાં જ ત્યાંથી નીકળી ગયા હતા. જો કે, તેઓ ઘટના બાદ નીકળ્યા હોવાનો વીડિયો વાયરલ થયો છે. ગુરૂવારે એક સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે, જેમાં બાબાના દાવાઓ પર આંગળી ચિંધાઈ રહી છે. આ વીડિયોમાં બાબાનો કાફલો જતો જોવા મળી રહ્યો છે. એવું કહેવાય છે કે, આ વીડિયો સત્સંગમાં મચેલી નાસભાગ બાદનો છે. જો કે, હજુ આ વીડિયોની પુષ્ટિ થઈ નથી.

પાંચ મહિના જેલમાં રહ્યા બાદ હેમંત સોરેન ફરી ઝારખંડના મુખ્યમંત્રી બન્યા

JMM નેતા હેમંત સોરેને ઝારખંડના ૧૩મા મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા

(એજન્સી) રાંચી, તા.૪

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર અને બીજેપીની જોડતોડની રાજનીતિને કાંટાની ટક્કર આપનારા હેમંત સોરેન ફરીથી ઝારખંડના મુખ્યમંત્રી બન્યા છે. ઝારખંડના સીએમ ચંપાઈ સોરેનના રાજીનામા બાદ હવે હેમંત સોરેને મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. રાંચીના રાજભવનમાં હેમંત સોરેનના શપથ સમારોહ દરમિયાન JMM સહિત સહયોગી પક્ષોના નેતાઓ હાજર રહ્યા.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે હેમંત સોરેનની ૩૧ જાન્યુઆરીના રોજ જમીન પર કબજો કરવાના આરોપમાં ધરપકડ કરી હતી. ધરપકડ પહેલાં સોરેને ઝારખંડના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું હતું. ઝારખંડ હાઇકોર્ટે તેમને ૨૮ જૂને જામીન આપ્યા છે. જામીનનો આદેશ આપતી વખતે કોર્ટે કહ્યું કે, પ્રથમ દૃષ્ટિએ સોરેન આ કેસમાં દોષિત જણાતા નથી. ઝારખંડ મુક્તિ મોરચાના કાર્યકારી પ્રમુખ હેમંત સોરેન તેમની પાર્ટીના નેતૃત્વ હેઠળના ગઠબંધનના ધારાસભ્યો વચ્ચે સર્વસંમતિ પછી ત્રીજી વખત રાજ્યના મુખ્યમંત્રી બન્યા છે.

હેમંત સોરેનને જામીન મળ્યા બાદ ઝારખંડના કાર્યવાહક મુખ્યમંત્રી ચંપાઈ સોરેને બુધવારે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. આ પછી રાજ્યપાલે હેમંત સોરેનને નવી સરકાર બનાવવાનું આમંત્રણ આપ્યું. રાજ્યપાલ તરફથી આમંત્રણ મળ્યા બાદ હેમંત સોરેને આજે સાંજે મુખ્યમંત્રી પદના શપથ લીધા.

જણાવી દઈએ કે, સીએમ હેમંત સોરેન વિરુદ્ધ પાંચ મહિના પહેલાં કથિત જમીન કૌભાંડ કેસમાં કાર્યવાહી કરવામાં આવી હતી. તેમણે ધરપકડ પહેલાં જ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. જે બાદ ચંપાઈ સોરેનને રાજ્યના મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા.

ચંપાઈ સોરેને બુધવારે જ રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણનને પોતાનું રાજીનામું સોંપ્યું હતું. આ સાથે રાજ્યમાં નવી સરકારની રચનાનો માર્ગ મોકળો થયો હતો.

ભટકલના યુવક મુજીબુર રહેમાન પર તેની ધાર્મિક ઓળખને લઈને હુમલો કરવામાં આવ્યો

હૈદરાબાદથી મુસાફરી કરતી વખતે ભટકલના યુવક પર હુમલો થયો અને તેઓએ પોલીસ પર ગુનેગારોને બચાવવાનો આરોપ લગાવ્યો છે, બે સહ-મુસાફરોએ તેનું નામ પૂછ્યું અને મુજીબ મુસ્લિમ હોવાનું જાણ્યા પછી તેઓએ કથિત રીતે તેને માર મારવાનું અને દુર્વ્યવહાર કરવાનું શરૂ કર્યું અને તેઓએ તેને મારી નાખવાની ધમકી આપી હતી

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૪

ભટકલ હનીફાબાદના રહેવાસી ૩૬ વર્ષીય મુજીબુર રહેમાનને રવિવારે સાંજે હૈદરાબાદથી મેંગ્લોર જવા માટે ભટકલ પહોંચવા માટે બસમાં ચડ્યા પછી તેઓને નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો. કર્ણાટકમાં પ્રવેશ્યા પછી અને ગંગાવતી નજીક પહોંચ્યા પછી મુજીબે બસ કંડક્ટર અને ડ્રાઈવરને કહ્યું હતું કે તેને તાવ છે અને તેઓએ ટેબ્લેટ માટે વિનંતી કરી હતી. બે સહ-યાત્રીઓએ તેનું નામ અને સ્થાન પૂછ્યું અને મુજીબ ભટકલનો મુસ્લિમ હોવાની જાણ થતાં તેઓએ કથિત રીતે તેને માર મારવાનું અને દુર્વ્યવહાર કરવાનું શરૂ કર્યું અને તેઓએ તેને મારી નાખવાની ધમકી આપી હતી. મુજીબના કહેવા પ્રમાણે કંડક્ટરે તેને એક ટેબ્લેટ આપી જેનાથી તેની હાલત વધુ ખરાબ થઈ ગઈ. આ બંને મુસાફરોએ તેના પર હુમલો કરવાનું ચાલુ રાખ્યું અને ડ્રાઈવર અને કંડક્ટરે કથિત રીતે તેમને ટેકો આપ્યો હતો. મુજીબ બસમાંથી કૂદીને નાસી છૂટવામાં સફળ થયો હતો અને ગંગાવતીમાં સ્થાનિક લોકો દ્વારા તેને માર મારવામાં આવ્યો હતો, કારણ કે કથિત રીતે આ બે મુસાફરો, ડ્રાઈવર અને કંડક્ટર દ્વારા તેઓને ઉશ્કેરવામાં આવ્યા હતા. મુજીબે કહ્યું કે તાવની ગોળી લીધા પછી તે સુન્ન થઈ ગયો હતો અને તેની સાથે કરવામાં આવેલી ક્રૂરતા વિશે જાણતો નથી. જ્યારે તે બસમાંથી ઉતરીને દોડવા લાગ્યો ત્યારે તેને ખબર પણ ન હતી કે તેને કેટલી નિર્દયતાથી મારવામાં આવી રહ્યો છે. મુજીબે કહ્યું કે, ગોળીની અસરને કારણે હું હોશમાં ન હતો અને મને ખબર નથી કે મને આપવામાં આવેલી ટેબ્લેટ તાવ માટેની ટેબ્લેટ હતી કે બીજી કોઈ હતી. ત્યાંથી ભાગ્યા બાદ કેટલાક સ્થાનિક મુસ્લિમોએ તેની મદદ કરી હતી. જ્યારે મુજીબ ભટકલ સરકારી હોસ્પિટલ પર પહોંચ્યો, ત્યારે તેના શરીર પર તેની પીઠ અને કમર પર ગંભીર મારના નિશાન હતા, તેના ચહેરા પર અને તેની આંખોની નજીક પંચના નિશાન દેખાતા હતા. આ સમાચાર ફેલાતાં જ મુજીબના સંબંધીઓ સહિત ઘણા લોકો હોસ્પિટલની બહાર એકઠા થઈ ગયા અને દોષિતો સામે કડક કાર્યવાહીની માંગ કરી. તેઓને જાણવા મળ્યું કે આ બસ સવારમાં જ ભટકલથી મેંગ્લોર માટે રવાના થઈ ગઈ હતી અને સાંજે પરત ફરવાની હતી. ગુસ્સે ભરાયેલા લોકો કિડવાઈ ક્રોસ રોડ અને ભટકલ નેશનલ હાઈવે પર ટીએફસી હોટલ પાસે બસને રોકવા માટે ભેગા થયા હતા, પરંતુ પોલીસે ભીડને વિખેરી નાખી હતી. દેખાવકારોના જણાવ્યા મુજબ, જ્યારે બસ આવી ત્યારે પોલીસે તેને એસ્કોર્ટ કરી અને દેખાવકારોને તેને રોકતા અટકાવ્યા હતા. ગુસ્સે

થયેલા દેખાવકારોએ પોલીસ સાથે અથડામણ કરી હતી. દેખાવકારોએ પ્રશ્ન કર્યો કે પોલીસે શા માટે બસ ડ્રાઈવર અને કંડક્ટરને ઘટનાની પૂછપરછ કર્યા વિના જવા દીધા હતા. તેઓએ આ ઘટનાની સ્પષ્ટતા કરવા માટે પોલીસે બસના સીસીટીવી ફૂટેજની સમીક્ષા કેમ ન કરી તે જાણવાની માંગ કરી હતી. પોલીસ પર બસ કંપની પાસેથી લાંચ લેવાનો આરોપ લગાવતા વિરોધીઓએ આક્ષેપ કર્યો હતો કે આ જ કારણે પોલીસે બસ, ડ્રાઈવર અને કંડક્ટરને સુરક્ષા પૂરી પાડી હતી અને તેમને તપાસ કર્યા વિના છટકી જવા દીધા હતા. ભટકલ ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર ગોપી કૃષ્ણાએ દેખાવકારોને હાઈવે પર ખલેલ પહોંચાડવાને બદલે પોલીસ સ્ટેશનમાં તેમની ફરિયાદો નોંધાવવા વિનંતી કરી હતી. આ ઘટનાને કારણે થોડા સમય માટે ટ્રાફિક ખોરવાઈ ગયો હતો, પરંતુ વધારાના પોલીસ દળોએ વિરોધીઓને વિખેરી નાખ્યા હતા. બાદમાં, વિરોધીઓ સ્થાનિક સામાજિક સંસ્થા મજલિસે ઈસ્લાહ વ તનઝીમના કાર્યાલય પર એકઠા થયા હતા અને મુજીબ માટે ન્યાય અને સંગઠન તરફથી સમર્થનની માંગણી કરી હતી.

હાથરસ કોઈ ષડ્યંત્ર નથી પરંતુ તેને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે : અખિલેશ યાદવ

સરકાર તેની જવાબદારીમાંથી ભાગી શકે નહીં : હાથરસ નાસભાગ અંગે અખિલેશ યાદવના પ્રહાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

હાથરસ નાસભાગને ષડ્યંત્ર તરીકે ગણવા બદલ રાજ્ય સરકારની નિંદા કરતા અખિલેશ યાદવે યોગી આદિત્યનાથને ચેતવણી આપી હતી કે, તે દુઃખદ ઘટના માટે તેની જવાબદારીથી ભાગી શકે નહીં. ગુરૂવારે એક નિવેદનમાં સમાજવાદી પાર્ટીના અધ્યક્ષે કહ્યું, 'હાથરસ કોઈ ષડ્યંત્ર નથી પરંતુ તેને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.' ધાર્મિક કાર્યક્રમમાં નાસભાગમાં મોટી સંખ્યામાં ગરીબ મહિલાઓ અને બાળકોએ જીવ ગુમાવ્યા તે અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરતાં તેમણે કહ્યું, 'જ્યારે આ કાર્યક્રમ તેના પ્રકારનો પ્રથમ નથી, તે દુર્ઘટના છે. રાજ્યમાં આવા કાર્યક્રમો થતાં રહે છે. આવી દુર્ઘટનાઓને રોકવાની જવાબદારી વહીવટીતંત્રની છે.' તેમણે ધ્યાન દોર્યું કે આયોજકોને પણ તેમના કાર્યક્રમમાં હાજરી આપવા માટે આટલી મોટી સંખ્યામાં લોકો આવવા વિશે કોઈ સંકેત ન હતા. વહીવટીતંત્રે પોતાની જવાબદારી સ્વીકારવી જોઈએ અને ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે પગલાં લેવા જોઈએ. અખિલેશ યાદવે સત્સંગ કાર્યક્રમ યોજનાર ભગવાન ભોલે બાબા સાથેના તેમના વાયરલ ફોટાનો ઉલ્લેખ કરતા કહ્યું, 'આવી આપત્તિ પછી દોષની રમત કોઈ હેતુને પૂર્ણ કરશે નહીં. પરંતુ ભાજપ જે રીતે સોશિયલ મીડિયા પર તસવીરો વાયરલ કરી રહ્યું છે તે દર્શાવે છે કે, તેણે ભૂતકાળમાંથી કોઈ પાઠ નથી શીખ્યો. તે તેમની જૂની આદત છે. આ કારણે તેઓ લોકસભાની ચૂંટણી હારી ગયા છે અને ભવિષ્યમાં પણ હારી જશે.' બીએસપીના પૂર્વ સાંસદ હાજી ફઝલુર રહેમાન અને તેમના સમર્થકો સપામાં જોડાયા બાદ ગુરૂવારે સપા પ્રમુખ અહીં મીડિયા સાથે વાત કરી રહ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે, રાજ્યમાં આરોગ્ય સેવાઓ કથળી ગઈ છે. તેમણે કહ્યું કે, 'નવી મેડિકલ કોલેજો ખોલવાના દાવાઓએ હાલની કોલેજોને બરબાદ કરી નાખી. રાજ્યના આરોગ્ય મંત્રી તેમની રાજકીય તબિયત સારી કરવામાં વ્યસ્ત છે. ભગવાન જાણે શું કામ મુખ્યમંત્રી બનાવી શક્યા નથી. સરકાર તેની જવાબદારીથી ભાગી શકે નહીં.' એસપીમાં જોડાવા પર ફઝલુર રહેમાને તેનો શ્રેય એસપીના મુખ્ય વ્યક્તિત્વને આપ્યો. છેલ્લી લોકસભા ચૂંટણીમાં જ્યારે તેઓ અખિલેશ યાદવને મળ્યા ત્યારે તેમની સાદગી અને પ્રમાણિકતાથી તેઓ પ્રભાવિત થયા હતા. ફઝલુર રહેમાનનું સ્વાગત કરતા સપા પ્રમુખે કહ્યું કે, ૨૦૧૯ની ચૂંટણીમાં તેમણે ગઠબંધનના ઉમેદવાર હાજી ફઝલુર રહેમાનને મત આપવાની અપીલ કરી હતી જેમને જનતા દ્વારા ચૂંટવામાં આવ્યા હતા. ફઝલુર રહેમાનને પાર્ટીમાં સામેલ કરવાથી એસપી વધુ મજબૂત બનશે. જો પાર્ટી યુપીમાં સત્તામાં આવશે તો સહારનપુરથી લખનૌ સુધી એક્સપ્રેસ વે બનાવવામાં આવશે.

રાહુલ ગાંધી હાથરસની મુલાકાત લેશે, પીડિતોના પરિવારને મળશે : વેણુગોપાલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

વિપક્ષના લોકસભાના નેતા રાહુલ ગાંધીએ ઉત્તરપ્રદેશના હાથરસની મુલાકાતનું આયોજન કર્યું છે જ્યાં ૨ જુલાઈના રોજ સ્વયંભૂ ભોલે બાબાના સત્સંગમાં નાસભાગમાં ૧૨૧ લોકો માર્યા ગયા હતા જેમાં મોટાભાગની મહિલાઓ હતી તેમ કોંગ્રેસના વરિષ્ઠ નેતા કે.સી. વેણુગોપાલે ગુરૂવારે જણાવ્યું હતું. દુર્ઘટનાને "દુર્ભાગ્યપૂર્ણ ઘટના" તરીકે ગણાવતા પાર્ટીના મહાસચિવે કહ્યું કે રાહુલ ગાંધી તેમની મુલાકાત દરમિયાન અસરગ્રસ્ત લોકો સાથે વાતચીત કરશે. વેણુગોપાલે કહ્યું કે, "તે એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના હતી. રાહુલ ગાંધી હાથરસની મુલાકાત લેશે અને ત્યાંના લોકો સાથે વાતચીત કરશે." ઉત્તરપ્રદેશ સરકારે હાથરસ દુર્ઘટનાની ન્યાયિક તપાસની જાહેરાત કરી છે. પોલીસે મંડળના આયોજકો સામે એફઆઈઆર દાખલ કરી છે, તેમના પર પુરાવા છૂપાવવાનો અને શરતોનો ભંગ કરવાનો આરોપ મૂક્યો છે જેમાં ૮૦,૦૦૦ની પરવાનગીની ક્ષમતાની સામે ૨.૫ લાખ લોકો એકઠા થયા હતા.

દરમિયાન જિલ્લા મેજિસ્ટ્રેટ આશિષ કુમારે જણાવ્યું હતું કે તમામ પીડિતોના મૃતદેહોની ઓળખ કરી લેવામાં આવી છે અને તેમના પરિવારોને સોંપવામાં આવ્યા છે. કુમારે ગુરૂવારે જણાવ્યું હતું કે, "બુધવાર સુધી ત્રણ મૃતદેહો હતા જેની થઈ ન હતી. તેમાંથી બેની મોડી રાત્રે ઓળખ થઈ હતી." અલીગઢ હોસ્પિટલમાં વિડિયો કોલ પર પરિવાર દ્વારા એક મૃતદેહની ઓળખ કરવામાં આવી છે અને તેઓ હોસ્પિટલ તરફ જઈ રહ્યા છે એમ તેમણે ઉમેર્યું હતું. પોલીસ મૈનપુરીમાં ધાર્મિક ઉપદેશક જગત ગુરૂ સાકર વિશ્વહરી ભોલે બાબાના આશ્રમ પરિસરમાં પ્રવેશી અને બાદમાં કહ્યું કે તે ત્યાં હાજર નથી. એક અધિકારીએ જણાવ્યું કે તેઓ ત્યાં સુરક્ષા વ્યવસ્થાની તપાસ કરવા ગયા હતા. એક સવાલના જવાબમાં સર્કલ ઓફિસર સુનિલ કુમાર સિંહે જણાવ્યું હતું કે બુધવારે રાત્રે પોલીસ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી)ના કર્મચારીઓ આશ્રમ પરિસરમાં પ્રવેશ્યા હતા. તેમણે કહ્યું કે, "આશ્રમની અંદર મહિલાઓ સહિત ૫૦-૬૦ સેવાદાર (સ્વયંસેવકો) હતા." સત્સંગ ઉપદેશક ભોલે બાબા આશ્રમની અંદર હતા કે કેમ તે અંગે પૂછવામાં આવતા અધિકારીએ કહ્યું, "તે ગઈકાલે પણ ન તો આજે ત્યાં હતા."

સત્સંગના આયોજકો સહિત ૬ની ધરપકડ, જરૂર પડશે તો ભોલા બાબાની પૂછપરછ કરાશે

(એજન્સી) તા.૪

યુપીના હાથરસમાં નાસભાગના ત્રીજા દિવસે ૬ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આઈ.જી. રેન્જ અલીગઢ શલભ માથુરે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું, ધરપકડ કરાયેલા તમામ ૬ આરોપીઓ આયોજન કમિટીના સભ્યો છે જેમાં બે મહિલાઓનો પણ સમાવેશ થાય છે. બીજી તરફ પોલીસે મુખ્ય આયોજક દેવપ્રકાશ મધુકર પર ૧ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે. તે હજુ પણ પોલીસ પકડથી દૂર છે. સાથે જ સત્સંગ બાદ થયેલી નાસભાગમાં મૃત્યુઆંક વધીને ૧૨૩ થઈ ગયો છે જેમાં ૧૧૩ મહિલાઓ, ૭ બાળકો અને ૩ પુરૂષોનો સમાવેશ થાય છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી હાથરસ આવશે. તેઓ હોસ્પિટલમાં દાખલ ઘાયલો સાથે વાત કરશે. આ સાથે જરૂર પડશે તો બાબાની પૂછપરછ પણ કરવામાં આવી શકે છે. અહીં પોલીસે એટાહ, હાથરસ અને મેનપુરીમાંથી ૩૦થી વધુ લોકોની અટકાયત કરી છે. તે બધા ભોલે બાબા સાથે સંબંધિત છે. તેમની પૂછપરછ કરી રહી છે. સપા પ્રમુખ અખિલેશ યાદવે કહ્યું, દુર્ઘટના માટે વહીવટીતંત્ર અને રાજ્ય સરકાર જવાબદાર છે. યુપીના હાથરસમાં દુર્ઘટનાના ૪૦ કલાક બાદ પણ પોલીસ નારાયણ સાકર હરિ ઉર્ફે ભોલે બાબા સુધી પહોંચી શકી નથી. પોલીસે મૈનપુરી, ગ્વાલિયર, કાનપુર અને હાથરસ સહિત બાબાના ૮ ઠેકાણાઓ પર દરોડા પાડ્યા છે. યોગી સરકારે દુર્ઘટનાની તપાસ માટે ન્યાયિક પંચની રચના કરી છે. તેની અધ્યક્ષતા અલ્હાબાદ હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ બ્રિજેશકુમાર શ્રીવાસ્તવ કરશે. નિવૃત્ત IAS હેમંત રાવ અને નિવૃત્ત ડી.જી. ભાવેશકુમાર સિંહ આયોગના સભ્ય છે. ટીમ બે મહિનામાં તપાસ પૂરી કરીને સરકારને રિપોર્ટ સોંપશે. ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે અમે સૂચનો પણ આપશે. બાબાએ એ.પી. સિંહને પોતાના વકીલ તરીકે નિયુક્ત કર્યા છે. સિંઘ સુપ્રીમ કોર્ટના વકીલ છે. ભોલે બાબાએ એ.પી. સિંહ દ્વારા એક લેખિત નિવેદન જાહેર કર્યું હતું. જેમાં તેમણે સ્પષ્ટતા કરી હતી કે, હું મેળાવડામાંથી બહાર નીકળ્યા બાદ અસામાજિક તત્ત્વોએ નાસભાગ મચાવી હતી. હું આ લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરીશ. હું ઘાયલોની સ્વસ્થતાની કામના કરૂં છું.

ભોલે બાબાની ધરપકડ કેમ ન થઈ ? શું કહ્યું યુપીના વરિષ્ઠ પોલીસ અધિકારીએ

(એજન્સી) તા.૪

ઉત્તરપ્રદેશમાં હાથરસ નાસભાગની ઘટનાના સંબંધમાં પોલીસ ભોલે બાબા ઉર્ફે નારાયણ સાકર હરીની ધરપકડ કરવા માટે દરોડા પાડી રહી છે. દરમિયાન પોલીસે અત્યાર સુધીમાં છ લોકોની ધરપકડ કરી છે. પોલીસે આ કેસના મુખ્ય આરોપી અને સર્વિસમેન પર ૧ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે. અલીગઢ રેન્જના આઈ.જી. શલભ માથુરે આ જાણકારી આપી. બે દિવસ પહેલાં હાથરસના સિકંદરરાઉ વિસ્તારમાં આવેલા ફુલરાઈ ગામમાં આયોજિત હરિનારાયણ સાકર વિશ્વહરી ઉર્ફે ભોલે બાબાના સત્સંગમાં ૧૨૧ લોકોનાં મોત થયા હતા. ભોલે બાબા હજુ પણ પોલીસની પહોંચની બહાર છે. તેમણે કહ્યું કે, આ કેસના મુખ્ય આરોપી અને મુખ્ય સેવાદાર દેવપ્રકાશ મધુકર પર ૧ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરવામાં આવી છે. તેની સામે ટૂંક સમયમાં બિનજામીનપાત્ર વોરંટ પણ જારી કરવામાં આવશે. આઈ.જી.એ કહ્યું, 'તપાસમાં એ પણ જોવામાં આવશે કે કોઈ વ્યક્તિ કે સંસ્થા દ્વારા કોઈ ગુનાહિત કાવતરૂં ઘડવામાં આવ્યું હતું કે કેમ.' જ્યારે ભોલે બાબાની પૂછપરછ અથવા ધરપકડ થવાની સંભાવના વિશે પૂછવામાં આવ્યું ત્યારે માથુરે કહ્યું, કોઈની વધુ ધરપકડ કરવામાં આવશે કે નહીં તે તપાસ પર નિર્ભર રહેશે. આજે તપાસનો પ્રથમ દિવસ હતો જેથી લોકોની ધરપકડ કરવામાં આવી હતી. જેમ-જેમ તપાસ આગળ વધે છે તેમ-તેમ તપાસ અધિકારી નક્કી કરે છે કે, કોની ધરપકડ કરવામાં આવે છે.

તપાસમાં કોઈની પણ ભૂમિકા બહાર આવશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે અને ધરપકડ કરવામાં આવશે. FIRમાં બાબાનું નામ ન લેવા પર માથુરે કહ્યું, 'બાબાના નામ પર કાર્યક્રમની પરવાનગી લેવામાં આવી ન હતી.' આઈ.જી. માથુરે કહ્યું કે, નાસભાગમાં માર્યા ગયેલા તમામ ૧૨૧ લોકોની ઓળખ થઈ ગઈ છે. તેમાં હાથરસના ૧૯, આગ્રાના ૧૮, અલીગઢના ૧૭, મથુરામાંથી ૧૧, કાસગંજ અને એટાહના ૧૦-૧૦ અને બદાઉનના છ લોકો ઉપરાંત અન્ય જિલ્લાના લોકોનો સમાવેશ થાય છે. બાબાના અનુયાયીઓએ જણાવ્યું કે, ઘટના સમયે લોકો ભોલે બાબાના વાહનની આસપાસ 'ચરણ-રાજ' લેવા માટે આવ્યા હતા, સેવાદારોએ ભીડને રોકી હતી અને બાબાનો કાફલો પસાર થતાં જ સેવાદારોએ ભીડને 'ચરણ-રાજ' લેવા માટે રોકી હતી. અનચેક કર્યું. આ પછી મહિલાઓ અને બાળકો એકબીજા પર પડવા લાગ્યા. ઘટનાની જાણ થતાં જ સેવાકર્મીઓ સ્થળ પરથી નાસી છૂટ્યા હતા.

કલકત્તા હાઈકોર્ટ ૧૦ જુલાઈના રોજ મમતા બેનરજી વિરૂદ્ધ બંગાળ ગવર્નરના માનહાનિના દાવાની સુનાવણી કરશે

(એજન્સી) કોલકાતા, તા.૪

કલકત્તા હાઈકોર્ટે કહ્યું કે તે પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝ દ્વારા મુખ્યમંત્રી મમતા બેનરજી વિરૂદ્ધ દાખલ કરવામાં આવેલા માનહાનિના દાવા પર ૧૦ જુલાઈએ સુનાવણી કરશે. કોર્ટમાં હાજર વકીલોએ જણાવ્યું હતું કે, ન્યાયાધીશ કૃષ્ણા રાવે ગવર્નર માટે હાજર થયેલા ડેપ્યુટી સોલિસિટર જનરલ ધીરજ ત્રિવેદીને કહ્યું હતું કે સુનાવણી શરૂ થાય તે પહેલા દાવાના કેસમાં મીડિયા સંસ્થાઓનો પક્ષકારો તરીકે સંપર્ક કરવામાં આવે. મુખ્યમંત્રીએ મીડિયા સમક્ષ કહ્યું

બોસે ૨૮ જૂને મમતા બેનરજી વિરૂદ્ધ દાવો દાખલ કર્યો હતો, તેના એક દિવસ પછી તેમણે મીડિયા સમક્ષ કહ્યું હતું કે, ઘણી મહિલાઓએ તેમને કહ્યું હતું કે તેઓ રાજભવનની મુલાકાત લેવાથી ડરે છે

હતું કે, ઘણી સ્ત્રીઓએ તેમને કહ્યું હતું કે રાજભવનમાં નોંધાયેલી તાજેતરની ઘટનાઓ બાદ તેઓ રાજભવનની મુલાકાત લેવાથી ડરતા હતા તેના એક દિવસ પછી બોસે ૨૮ જૂને બેનરજી વિરૂદ્ધ દાવો દાખલ કર્યો" બોસે તેમની ટિપ્પણી માટે બેનર્જીની ટીકા કરી હતી અને કહ્યું હતું કે જનપ્રતિનિધિઓ પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ "ભૂલભરી અને નિંદાત્મક છાપ" ન ઊભી કરે. બેનરજીની ટિપ્પણી રાજભવનની એક કોન્ટ્રાક્ટવાળી મહિલા કર્મચારી દ્વારા ૨ મેના રોજ બોસ સામે કરવામાં આવેલા છેડતીના આરોપનો સંદર્ભ હતી. કોલકાતા પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે. સુનાવણી દરમિયાન, ન્યાયાધીશ રાવે નિરીક્ષણ કર્યું હતું કે મીડિયા અહેવાલોના આધારે માનહાનિનો દાવો દાખલ કરવામાં આવ્યો હતો, તેણે ધ્યાન દોર્યું હતું કે પ્રકાશનોને કેસમાં પક્ષકાર બનાવવામાં આવ્યા નથી અને સુનાવણી ૧૦ જુલાઈ સુધી મુલતવી રાખી હતી. રાજભવનમાં કામ કરતી એક મહિલા કોન્ટ્રાક્ટ કર્મચારીએ ૨ મેના રોજ સ્થાનિક હેર સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી, જેમાં આરોપ લગાવ્યો હતો કે રાજ્યપાલ દ્વારા ૨ મે અને ૨૪ માર્ચના રોજ - બે અલગ-અલગ પ્રસંગોએ તેને કાયમી નોકરીની ઓફર કરવાના બહાને ચેમ્બરમાં બોલાવી તેની છેડતી કરવામાં આવી હતી. આ આરોપથી રાજકીય વિવાદ શરૂ થયો હતો જે હજુ પણ ચાલુ છે. રાજ્યપાલે ૨ મેના રોજ જારી કરાયેલા નિવેદનમાં આ આરોપને નકારી કાઢ્યો હતો. ૬ મેના રોજ તેમના ગૃહ રાજ્ય કેરળના ટૂંકા પ્રવાસથી પાછા ફર્યા બાદ, બોઝે આરોપને રાજકીય કાવતરૂં ગણાવ્યું. ૨ મેની પોલીસ ફરિયાદ બંગાળમાં લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કાના પાંચ દિવસ પહેલા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રચાર પ્રવાસ દરમિયાન રાત્રિ રોકાણ કરવા રાજભવન પહોંચ્યા તેના કલાકો પહેલા નોંધવામાં આવી હતી. બંધારણના અનુચ્છેદ ૩૬૧ મુજબ રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ જ્યાં સુધી તેઓ પદ પર હોય ત્યાં સુધી તેમની વિરૂદ્ધ કોઈ ફોજદારી કાર્યવાહી શરૂ કરી શકાતી નથી. રાજ્યપાલને આપવામાં આવેલી આ ઈમ્યુનિટીને ધ્યાનમાં રાખીને કોલકાતા પોલીસે બોસ વિરૂદ્ધ કેસ નોંધ્યો નથી. જો કે, પોલીસે રાજભવનના કેટલાક કર્મચારીઓની પૂછપરછ કરી અને સુરક્ષા કેમેરાના ફૂટેજ એકત્રિત કર્યા છે.

NEET નાબૂદ કરવાની માંગ કરી રહેલા દ્રવિડીયન પક્ષો સાથે એક્ટર વિજય પણ જોડાયા, એક રાષ્ટ્ર એક શિક્ષણની ટીકા કરી

(એજન્સી) ચેન્નાઇ, તા.૪

તમિલ અભિનેતામાંથી રાજનેતા બનેલા વિજય પ્રી-મેડિકલ NEET પરીક્ષાને નાબૂદ કરવા માટે દ્રવિડિયન પક્ષોના કોરસમાં જોડાયા છે જે તેમનું માનવું છે કે, તે તમિલનાડુના ગરીબ અને ગ્રામીણ વિદ્યાર્થીઓની વિરૂદ્ધ છે. આ પહેલીવાર છે જ્યારે તમિલગા વેત્રી કઝગમ (TVK) નેતાએ રાજ્યમાં કોઈ ચોક્કસ મુદ્દા પર પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. વિજય ચેન્નાઈમાં દસ અને બારમાં ધોરણની પરીક્ષાઓમાં ટોપ કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવા માટે એક મીટ એન્ડ ગ્રીટ ઈવેન્ટનું આયોજન કરી રહ્યા છે. જો તે વિવાદાસ્પદ મુદ્દા વિશે બોલે નહીં તો તે અયોગ્ય હશે તેમ કહીને વિજયે બુધવારના રોજ કહ્યું કે, NEETએ વિદ્યાર્થી વિરોધી પરીક્ષા હતી જેણે તાજેતરના પેપર લીક અને અન્ય ગેરરીતિઓથી જનતાનો વિશ્વાસ ગુમાવ્યો છે. તેમણે ઉમેર્યું, તે સાચું છે કે, આની અસર ગ્રામીણ, પછાત અને પીડિત જાતિના વિદ્યાર્થીઓ પર પડી છે. NEET નાબૂદ કરવો એ એકમાત્ર ઉપાય છે. રાજ્ય વિધાનસભામાં પાસ કરાયેલ NEET પરીક્ષા સામેના ઠરાવનું હું હૃદયપૂર્વક સ્વાગત કરૂં છું. કેન્દ્ર સરકારને તમિલનાડુના લોકોની ભાવનાઓનું સન્માન કરવા અપીલ કરતા વિજયે કેન્દ્રને અનુરોધ કર્યો કે શિક્ષણને સમવર્તી યાદીમાંથી રાજ્યની યાદી હેઠળ લાવવા અંગે વિચારણા કરે. તેમણે કહ્યું, તેને તાત્કાલિક લાવવું શક્ય ન હોઈ શકે પરંતુ વચગાળાના ઉકેલ તરીકે ભારતીય બંધારણમાં ખાસ સમવર્તી સૂચિ બનાવવા માટે સુધારો કરી શકાય છે અને તે પછી શિક્ષણ અને આરોગ્યને તેના હેઠળ લાવી શકાય છે. એક-રાષ્ટ્ર, એક-શિક્ષણની વિભાવનાની ટીકા કરતા વિજયે કહ્યું કે, વિવિધતા આ દેશની તાકાત છે અને તેની નબળાઈ નથી. રાજ્ય બોર્ડ હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને NCERT અભ્યાસક્રમ પર આધારિત NEET પરીક્ષા લખવાનું કહેવું અયોગ્ય છે. આટલી વૈવિધ્યસભર શિક્ષણ પ્રણાલી ધરાવતા દેશમાં એક રાષ્ટ્ર, એક શિક્ષણ કામ નહીં કરે. શાસક ડીએમકેની વિદ્યાર્થી પાંખે બુધવારે રાજ્ય સરકાર દ્વારા પસાર કરાયેલ NEET પરીક્ષામાંથી મુક્તિ માંગતું બિલ મંજૂર કરવાની માંગ સાથે એક વિશાળ વિરોધનું આયોજન કર્યું હતું. તેમણે કહ્યું, ડીએમકેના સંગઠન સચિવ આર.એસ. આ કાર્યક્રમમાં ભાગ લેનાર ભારતીએ પણ NEET પરીક્ષા અંગે વિજયના વલણને આવકાર્યું હતું. અમે ખુશ છીએ કે વિજયે વિધાનસભામાં અમારી સરકાર દ્વારા પસાર કરાયેલા ઠરાવનું સ્વાગત કર્યું છે. દરમિયાન, AIADMKએ પણ NEET પર વિજયના વલણની પ્રશંસા કરી છે. તમિલનાડુમાં ભાજપ સિવાય તમામ રાજકીય પક્ષો હવે NEET પરીક્ષાની વિરુદ્ધ છે.

UK ચૂંટણી માટે મતદાન શરૂ થયું; વડાપ્રધાન તરીકે ઋષિ સુનકનું ભવિષ્ય અનિશ્ચિત

**સમગ્ર ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, વેલ્સ અને ઉત્તરી આયર્લેન્ડમાં ૬૫૦ મતવિસ્તારો માટે ઉમેદવારો ઊભા કરવામાં આવ્યા છે, સિસ્ટમમાં બહુમતી માટે ૩૨

BJP-RSS 'લિંક' અને મધ્યપ્રદેશમાં કથિત ભરતી કૌભાંડ NTAના ચેરમેન પ્રદીપ જોશી અંગે RTIમાં ખુલાસો

RTI એક્ટિવિસ્ટ અજય દુબેએ દાવો કર્યો હતો કે, જોશીને ૨૦૦૬માં સંઘની ભલામણને કારણે MPPSCના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા

(એજન્સી) તા.૪

માહિતી અધિકાર (RTI) એક્ટ ૨૦૦૫ હેઠળના તારણોના આધારે કાર્યકર્તા અજય દુબેએ આરોપ કર્યો છે કે, પ્રદીપકુમાર જોશીની MPPSC (મધ્યપ્રદેશ પબ્લિક સર્વિસ કમિશન)ના અધ્યક્ષ તરીકે ૨૦૦૬માં નિમણૂક રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની ભલામણ બાદ કરવામાં આવી હતી અને જોશીના કાર્યકાળ દરમિયાન ૨૦૦૯માં પ્રોફેસરોની ભરતીમાં મોટી ગેરરીતિઓ થઈ હતી. જોશી જેઓ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ના અધ્યક્ષ છે અને હાલમાં ઘણી પ્રવેશ પરીક્ષાઓ રદ, મુલતવી અથવા ફરીથી હાથ ધરવામાં આવી હોવાના લીધે ગંભીર શંકા હેઠળ છે.

NEET-UG મેડિકલ એન્ટ્રન્સનો વિવાદ હવે સંસદમાં પહોંચી ગયો છે, તેના પર ચાલી રહેલા વિવાદ વચ્ચે NTAના ડાયરેક્ટર જનરલ (DG) સુબોધકુમાર સિંહને ૨૨ જૂને તેમના પદ પરથી હટાવી દેવામાં આવ્યા હતા અને NTAના અધ્યક્ષ અને સંસ્થાના સર્વોચ્ચ પદ પર રહેલા જોશીને જાણ કરી. જ્યારે DG રોજિંદા કામકાજ માટે જવાબદાર છે, અધ્યક્ષ નિર્ણયો લે છે. અત્યાર સુધી જોશી તેમના પદ પર ચાલુ છે.

જ્યારે જોશીએ ઓગસ્ટ ૨૦૨૦માં UPSC અને ૧૪ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ NTAનો હવાલો સંભાળ્યો તે પહેલાં તેમણે છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં રાજ્ય જાહેર સેવા આયોગના અધ્યક્ષ તરીકે સેવા આપી હતી, તેમની MPPSCમાં નિમણૂક અને કાર્યકાળ કાર્યકરો માટે તપાસનો વિષય રહ્યો છે. આ કથિત લિંક્સ શું છે?

૧૯૫૭માં ઉત્તરાખંડના અલ્મોરામાં જન્મેલા જોશીએ તેમની અનુસ્નાતક ડિગ્રી અને વાણિજ્ય કાનપુર યુનિવર્સિટીમાં પીએચડી ડિગ્રી પૂર્ણ કરી. તેઓ કાનપુરમાં વિક્રમજીતસિંહ સનાતન ધર્મ કોલેજમાં લેક્ચરર હતા, ત્યારબાદ ઉત્તરપ્રદેશની બરેલી કોલેજમાં તેઓ લેક્ચરર હતા. તેઓ બરેલીની રોહિલખંડ યુનિવર્સિટીમાં બિઝનેસ એડમિનિસ્ટ્રેશન વિભાગમાં રીડર પણ હતા. તેમણે મે ૨૦૦૦થી ૧૨ જૂન, ૨૦૦૬ દરમિયાન મધ્યપ્રદેશની જબલપુરની રાણી દુર્ગાવતી યુનિવર્સિટીમાં મેનેજમેન્ટ સ્ટડીઝ ફેકલ્ટીમાં પ્રોફેસર, હેડ અને ડીન તરીકે પણ સેવા આપી હતી.

જો કે, કાર્યકર્તા દુબે દ્વારા દાખલ કરાયેલી આરટીઆઈ દ્વારા પ્રાપ્ત ગુપ્ત ગુપ્તચર અહેવાલ મુજબ, જોશી પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી અને ભાજપના દિગ્ગજ ડૉ.મુરલી મનોહર જોશી સાથે સંકળાયેલા હતા. આ અહેવાલ ૮ જૂન, ૨૦૦૬નો છે, જે સ્પેશિયલ બ્રાન્ચ, મધ્યપ્રદેશ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે અને આઈજીપી એ.કે. સોનીના હસ્તાક્ષર છે. તે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણના તત્કાલીન સચિવ ઈકબાલસિંહ બેન્સને મોકલવામાં આવ્યો હતો. આ અહેવાલ જણાવે છે:

'પ્રોફેસર પ્રદીપકુમાર જોશી વય ૪૮ વર્ષ, રાણી દુર્ગાવતી યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે પોસ્ટેડ છે. જોશી છેલ્લા બે વર્ષથી ડિરેક્ટર, મેનેજમેન્ટ સ્ટડીઝનું પદ સંભાળી રહ્યા છે. તેઓ ભાજપના નેતા મુરલી મનોહર જોશી અને પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના નજીકના વ્યક્તિ તરીકે પણ જાણીતા છે. જોશીનો કોઈ ગુનાહિત રેકોર્ડ ન હોવાનું જણાયું હતું. તેમનું પાત્ર અને છબી સારી છે.

દુબેએ આક્ષેપ કર્યો હતો કે, સંઘ પ્રચારક વિનોદજી દ્વારા હસ્તાક્ષર કરાયેલ હસ્તલિખિત નોંધ પણ તત્કાલીન મુખ્યમંત્રીને મોકલવામાં આવેલ ગુપ્તચર અહેવાલનો એક ભાગ હતો. પ્રદીપ જોશી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ના વડા હતા. હાલમાં તે જબલપુરની રાણી દુર્ગાવતી યુનિવર્સિટીમાં પ્રોફેસર છે. તે જાહેર સેવા આયોગના અધ્યક્ષ બનવા માંગે છે. જોશીને સંઘની ભલામણ પર જૂન ૨૦૦૬માં MPPSCના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

૨૦૦૯માં જ્યારે જોશી MPPSCના અધ્યક્ષ હતા, ત્યારે રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગમાં પ્રથમ-વર્ગના ગેઝેટેડ પ્રોફેસરોની સીધી ભરતીમાં વિસંગતતાઓ સામે આવી હતી. આ મામલો મધ્યપ્રદેશ હાઈકોર્ટ સુધી પણ પહોંચ્યો હતો. આ કેસમાં અરજદાર પંકજ પ્રજાપતિએ આક્ષેપ કર્યો હતો કે, બનાવટી અનુભવ પ્રમાણપત્રોના આધારે વિભાગમાં અયોગ્ય પ્રોફેસરોની નિમણૂક કરવામાં આવી હતી. પ્રજાપતિના જણાવ્યા મુજબ ૨૦૦૯માં MPPSCએ પ્રોફેસરોની સીધી નિમણૂક માટે એક

જાહેરાત બહાર પાડી હતી અને તેમાં ઉમેદવારો માટે આ જરૂરી હતું:

૧. પીએચડીની ડિગ્રી.

૨. UG/PG વર્ગોમાં ૧૦ વર્ષનો અધ્યાપન અનુભવ.

MPPSC મુજબ તમામ ૩૮૫ ખાલી જગ્યાઓ આ પાત્રતા માપદંડ મુજબ ભરવામાં આવી હતી. જો કે, રાજ્યના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા હાઈકોર્ટમાં રજૂ કરાયેલા ડ્રાફ્ટ મુજબ પીએચડીની ડિગ્રી પૂર્ણ કર્યા પછી ૧૦ વર્ષનો શિક્ષણ અનુભવ ગણવો જરૂરી છે. પ્રજાપતિએ ૨૦૧૬માં દાખલ કરેલી તેમની અરજીમાં આરોપ મૂક્યો હતો કે, ઓછામાં ઓછા ૮૯ ઉમેદવારોની નિમણૂક આ પાત્રતાના માપદંડને પૂર્ણ કર્યા વિના અને શિક્ષણના ઉલ્લંઘનમાં કરવામાં આવી હતી.

પ્રજાપતિએ જણાવ્યું હતું કે, જ્યારે કોર્ટે તેમની અરજી ફગાવી દીધી હતી, ત્યારે ઉચ્ચ શિક્ષણ વિભાગે પ્રોફેસરોની ભરતીમાં કથિત ગેરરીતિઓ જોવા માટે એક સમિતિની રચના કરી હતી. આ સમિતિનું નેતૃત્વ તત્કાલીન ઉચ્ચ શિક્ષણ કમિશનર ઉમાકાંત ઉમરાવ દ્વારા કરવામાં આવ્યું હતું, જે ૧૯૯૬ બેચના IAS અધિકારી હતા.

ઉમરાવના અહેવાલ મુજબ તા.૧ ઓકટોબર ૨૦૧૬, અનુભવ પત્રો શંકાસ્પદ જણાતા હતા, તેમ છતાં સંબંધિત અધિકારીઓ દ્વારા તેમની પ્રામાણિકતા તપાસવામાં આવી ન હતી. તેમણે STF (સ્પેશિયલ ટાસ્ક ફોર્સ), લોકાયુક્ત અથવા આર્થિક અપરાધ એકમ જેવી ઉચ્ચ-સ્તરની અને સ્વતંત્ર સંસ્થા દ્વારા તપાસની ભલામણ કરી હતી.

૧૫ ઓકટોબર, ૨૦૧૬ના રોજ ઉમરાવની હોશંગાબાદના નર્મદાપુરમ વિભાગમાં કમિશનર તરીકે બદલી કરવામાં આવી હતી. ભોપાલ સ્થિત આરટીઆઈ કાર્યકર્તા આનંદ રાયે જણાવ્યું હતું કે, કથિત રીતે શંકાસ્પદ રીતે નિમણૂક કરાયેલા ઘણા પ્રોફેસરો હવે રાજ્ય સરકાર અને રાજ્યની યુનિવર્સિટીઓમાં પ્રતિષ્ઠિત હોદ્દા પર છે. જોશીએ ૨૦૧૧ સુધી એમપીપીએસસીના વડા તરીકે સેવા આપી હતી, જ્યારે તેઓ છત્તીસગઢ પબ્લિક સર્વિસ કમિશનમાં જોડાયા હતા અને ૨૦૧૫ સુધી અધ્યક્ષ તરીકે સેવા આપી હતી. મે ૨૦૧૫માં તેઓ UPSCના સભ્ય બન્યા અને ૭ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ તેના અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા હતા. સુબોધકુમાર સિંહ છત્તીસગઢ કેડરના ૧૯૯૭ બેચના IAS અધિકારી છે. ગયા વર્ષે જૂનમાં એનટીએમાં ડીજી તરીકે જોડાયા તે પહેલાં સિંહે કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રાલય હેઠળના ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગમાં વધારાના સચિવ તરીકે સેવા આપી હતી. સિંહે છત્તીસગઢ સચિવાલયમાં ૨૦૦૯ અને ૨૦૧૮ની વચ્ચે વિવિધ ભૂમિકાઓમાં સેવા આપી હતી, જ્યારે ભાજપના નેતા રમણસિંહ સતત ત્રણ ટર્મ માટે રાજ્યના મુખ્યમંત્રી હતા. સુબોધસિંહને પૂર્વ મુખ્યમંત્રી સિંહના નજીકના માનવામાં આવે છે, તેમ છતાં તેઓ વિવાદોથી દૂર રહ્યા છે. સુબોધસિંહને હટાવ્યા બાદ તેમની જગ્યાએ ઈન્ડિયા ટ્રેડ પ્રમોશન ઓર્ગેનાઈઝેશનના ચેરમેન અને એમડી પ્રદીપસિંહ ખારોલાને વચગાળામાં નિયુક્ત કરવામાં આવ્યા છે. ખારોલા ૧૯૮૫ બેચના નિવૃત્ત IAS અધિકારી છે, ગયા વર્ષે G20 સમિટ પહેલાં પ્રગતિ મેદાનના સુધારાની દેખરેખ રાખતા હતા. તેમણે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયમાં સચિવ અને કેન્દ્રીય પ્રવાસન મંત્રાલયમાં નિયામક તરીકે પણ સેવા આપી છે. **(સૌ.: ધ ક્વિન્ટ.કોમ)**

બે નવા ચૂંટાયેલા TMC ધારાસભ્યોએ વિધાનસભામાં શપથ સમારોહની માંગ સાથે સતત છઠ્ઠા દિવસે વિરોધ કર્યો

(એજન્સી) કોલકાતા, તા.૪

રાજ્યપાલ સી.વી. આનંદના આમંત્રણને પગલે તૃણમૂલ કોંગ્રેસના બે નવા ચૂંટાયેલા ધારાસભ્યોએ ગુરૂવારે છઠ્ઠા દિવસે પશ્ચિમ બંગાળ વિધાનસભા પરિસરમાં ધરણા કર્યા અને માંગ કરી કે તેઓને રાજભવનને બદલે ગૃહમાં શપથ લેવડાવવામાં આવે.

બારાનગરના ધારાસભ્ય સાયંતિકા બંદોપાધ્યાય અને ભગાબાંગોલાના ધારાસભ્ય રાયત હુસૈન સરકારે ૨૭ જૂને તેમનો ધરણા વિરોધ શરૂ કર્યો હતો અને ૨૮ જૂન; ૧, ૨, ૩ અને ૪ જુલાઈએ ચાલુ રાખ્યો હતો. વિધાનસભા પેટાચૂંટણીમાં વિજેતા જાહેર કરવામાં આવ્યા હોવા છતાં બાકી શપથ ગ્રહણ પ્રક્રિયાને કારણે તેઓએ ચૂંટાયેલા પ્રતિનિધિઓ તરીકે તેમની ભૂમિકાઓ શરૂ કરી નથી. સ્પીકર બિમન બેનરજી જેમણે અગાઉ આ બાબતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તક્ષેપની માંગ કરી હતી, તે દિવસ પછી પ્રેસને સંબોધશે. બંદ્યોપાધ્યાય અને સરકારે વિધાનસભા પરિસરમાં બી.આર. આંબેડકરની પ્રતિમા પાસે તેમનો ધરણા વિરોધ ફરી શરૂ કર્યો છે, જેમાં લખ્યું છે કે, 'અમે રાજ્યપાલની રાહ જોઈ રહ્યા છીએ.'

બંને ધારાસભ્યો લોકસભાની ચૂંટણી સાથે એકસાથે યોજાયેલી

પેટાચૂંટણી દરમિયાન ચૂંટાયા હતા પરંતુ રાજભવનમાં શપથ લેવાનો ઇન્કાર કર્યો હતો. તેઓ દલીલ કરે છે કે, સંમેલન સૂચવે છે કે, રાજ્યપાલે પેટાચૂંટણીના વિજેતાઓના કિસ્સામાં શપથ લેવડાવવા માટે ગૃહના અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષને સોંપવું જોઈએ. રાજ્યપાલે તેમને ગયા બુધવારે રાજભવન ખાતે શપથ લેવા આમંત્રણ આપ્યું હતું, જે તેમણે પ્રક્રિયાગત ધોરણોને ટાંકીને નકારી દીધું હતું.

લોકસભા ચૂંટણીમાં હારના એક મહિના બાદ રાજસ્થાનના મંત્રી કિરોડી લાલ મીણાએ રાજીનામું આપ્યું

તાજેતરની લોકસભા ચૂંટણી દરમિયાન કિરોડી લાલ મીણા (૭૨)એ કહ્યું હતું કે, જો ભાજપ તેમની જવાબદારી હેઠળની સાત સંસદીય બેઠકોમાંથી એક પણ બેઠક ગુમાવશે તો તેઓ મંત્રી પદ છોડી દેશે

(એજન્સી) જયપુર, તા.૪

કિરોડી લાલ મીણાએ રાજસ્થાનમાં લોકસભા ચૂંટણીમાં ભાજપના ખરાબ પ્રદર્શનને પગલે રાજ્ય સરકારમાંથી મંત્રી પદથી રાજીનામું આપ્યું છે. તાજેતરમાં યોજાયેલી ચૂંટણી દરમિયાન મીણા (૭૨)એ કહ્યું હતું કે, જો ભાજપ તેમની જવાબદારી હેઠળની સાત સંસદીય બેઠકોમાંથી કોઈપણ ગુમાવશે તો તેઓ ભજનલાલ શર્માની સરકાર છોડી દેશે.

રાજસ્થાનના કૃષિ, ગ્રામીણ વિકાસ, આપત્તિ વ્યવસ્થાપન અને રાહત મંત્રી, કિરોડી લાલ મીણાએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને પૂર્વ રાજસ્થાનની સાત બેઠકો સોંપી છે જેના પર તેમણે ચૂંટણી દરમિયાન સખત મહેનત કરી હતી, પરંતુ ૪ જૂને જાહેર કરાયેલા લોકસભા ચૂંટણીના પરિણામોમાં ભાજપે આમાંથી કેટલીક બેઠકો ગુમાવી હતી, જેમાં તેમના વતન દૌસાનો પણ સમાવેશ થાય છે.

એકંદરે ભાજપે રાજ્યની ૨૫ બેઠકોમાંથી ૧૪ બેઠકો જીતી, ૨૦૧૯ની ચૂંટણીમાં બેઠકોની સંખ્યા ૨૪ હતી જે આ વખતે ઘટીને આવી છે.

મંત્રીના એક સહાયકે જણાવ્યું કે, 'કિરોડી મીણાએ મંત્રી પદેથી રાજીનામું આપ્યું છે. તેમણે ૧૦ દિવસ પહેલાં મુખ્યમંત્રીને રાજીનામું આપ્યું હતું.'

ગુરૂવારે મીણાએ X પર પ્રસિદ્ધ રામચરિત્રમાનસ પંક્તિઓ 'રઘુકુલ રીતિ સદા ચલી આઈ, પ્રાણ જાઈ પર વચન ના જાય' પોસ્ટ કરી હતી, જે કોઈપણ કિંમતે તેમનું વચન પાળવાના તેમના અતૂટ ઈરાદાને રેખાંકિત કરવા. મીણાએ દૌસા, ભરતપુર, કરૌલી-ધોલપુર, અલવર, ટોંક-સવાઈમાધોપુર અને કોટા-બુંદી સહિત પૂર્વ રાજસ્થાનની બેઠકો પર પ્રચાર કર્યો હતો.

ગયા મહિને જાહેર થયેલા પરિણામોમાં ભાજપે દૌસા, ભરતપુર, કરૌલી-ધોલપુર અને ટોંક-સવાઈ માધોપુરની બેઠકો ગુમાવી હતી.

મીણાએ કહ્યું કે, તેમણે પોતાનું વચન પાળવા રાજીનામું આપ્યું છે.

તેમણે ગઈકાલે મીડિયાને કહ્યું કે, 'મેં રાજીનામું આપ્યું તેમાં નારાજગીનું કોઈ કારણ નથી. હું તાજેતરની કેબિનેટ બેઠકમાં ગયો ન હતો કારણ કે, મેં રાજીનામું આપ્યું છે. હું નૈતિક રીતે જઈ શકું છું. હું મુખ્યમંત્રીને પણ મળ્યો હતો અને તેમણે માનપૂર્વક કહ્યું હતું કે, તેઓ રાજીનામું સ્વીકારશે નહીં.'

મીણાએ કહ્યું કે, તેમણે જાહેરમાં પહેલેથી જ જાહેરાત કરી દીધી છે કે, જો પાર્ટી જે બેઠકો પર કામ કરે છે અને તે જીતશે નહીં તો તેઓ રાજીનામું આપી દેશે.

ગયા વર્ષે ડિસેમ્બરમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ તેઓ મુખ્યમંત્રી પદની રેસમાં પણ હતા, પરંતુ પાર્ટી હાઈકમાન્ડે પ્રથમ વખત ધારાસભ્ય ભજનલાલ શર્માને રાજ્યનું નેતૃત્વ કરવા માટે પસંદ કર્યા હતા.

પાંચ વખત ધારાસભ્ય અને રાજ્યસભાના પૂર્વ સાંસદ કિરોડી મીણા દૌસા અને સવાઈ માધોપુરથી લોકસભાના સાંસદ રહી ચૂક્યા છે.

IAS અધિકારી બનવા માટે UPSC પરીક્ષા પાસ કરનાર આ યુવાને UPSC ઉમેદવારોને તાલીમ આપવા માટે તેની ૧૨ વર્ષની નોકરી છોડી દીધી

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

UPSC પાસ કરવી ઘણી અઘરી છે. દર વર્ષે મોટી સંખ્યામાં ઉમેદવારો આ સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરવાનો પ્રયાસ કરે છે, પરંતુ માત્ર થોડાક જ UPSC પરીક્ષા પાસ કરે છે. સિવિલ સર્વિસ પરીક્ષા પાસ કરવા માટે અભ્યાસમાં કલાકોનો સમય ફાળવવો પડે છે. આપણે આજે ગૌરવ કૌશલ વિશે વાત કરીશું, જેણે અખિલ ભારતીય ક્રમાંક ૩૮ સાથે UPSC પાસ કરી પરંતુ આખરે અલગ નિર્ણય લીધો હતો. યુવા પેઢીઓ ગૌરવ કૌશલને સાચા અર્થમાં આદર્શ તરીકે જોઈ શકે છે. તેણે માત્ર SSC CGLE અને IIT-JEE પરીક્ષાઓ જ પાસ કરી નથી, પરંતુ UPSC સિવિલ સર્વિસિસ પરીક્ષા જેવી સ્પર્ધાત્મક પરીક્ષા પણ પાસ કરી છે.

હરિયાણા ગૌરવ કૌલનું ગૃહ રાજ્ય છે. તેણે પંચકુલામાં પોતાનું શિક્ષણ પૂરૂં કર્યું. તે પછી, સંયુક્ત પ્રવેશ પરીક્ષા (JEE) પાસ કર્યા પછી તેણે IIT દિલ્હીમાં પ્રવેશ મેળવ્યો. એક વર્ષ અભ્યાસ કર્યા પછી, તેણે કોમ્પ્યુટર સાયન્સમાં બી.ટેક પૂર્ણ કરવા માટે IIT દિલ્હી છોડીને BITS પિલાનીમાં પ્રવેશ નો નિર્ણય લીધો. તેણે ફરીથી બીજા વિચારો કર્યા અને અભ્યાસક્રમના એક વર્ષ પછી કોલેજ છોડી દીધી. આ વખતે તે પંજાબ એન્જિનિયરિંગ કોલેજમાં બી.ટેક કરવા ગયો. તેણે માત્ર SSC CGLE અને IIT-JEE પરીક્ષાઓ જ પાસ કરી નથી, પરંતુ UPSC સિવિલ સર્વિસિસ પરીક્ષા જેવી સ્પર્ધાત્મક પરીક્ષા પણ પાસ કરી છે. તેણે ૨૦૧૨ UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષા (CSE)માં ૩૮મો ક્રમાંક હાંસલ કર્યો. તે પછી, તે ઇન્ડિયન ડિફેન્સ એસ્ટેટ સર્વિસ (IDES)માં જોડાયો, જ્યાં તેની જવાબદારીઓમાં લશ્કરી જમીનનું સંચાલન અને કેન્ટોનમેન્ટ બોર્ડની વહીવટી કામગીરીની દેખરેખનો સમાવેશ થાય છે.પછીથી જો કે, તેણે UPSC ઉમેદવારોને તાલીમ આપવા માટે તેની ૧૨ વર્ષની નોકરી છોડી દીધી.

૩૨,૦૦૦ રૂપિયાથી બિઝનેસ શરૂ કરનાર આ મહિલા હવે રશિયાની સૌથી ધનિક મહિલા, મુકેશ અંબાણી, અદાણીનો પણ કોઈ જોડ નથી

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

રશિયન ઈ-કોમર્સ રિટેલર વાઈલ્ડબેરીઝના સ્થાપક તાત્યાના બકાલચુક રશિયાની સૌથી ધનિક સ્વ-નિર્મિત બિઝનેસવુમન બની છે. બ્લૂમબર્ગ બિલિયોનેર ઇન્ડેક્સ અનુસાર, તેની અંદાજિત કુલ સંપત્તિ ૭.૪૦ કરોડ ડૉલર એટલે કે આશરે ૬૧,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ છે. વાઈલ્ડબેરીને રશિયાનું એમેઝોન કહેવામાં આવે છે. તાજેતરમાં, રાષ્ટ્રપતિ પુતિને તાત્યાનાને આંતરરાષ્ટ્રીય ચુકવણી નેટવર્ક SWIFT સાથે સ્પર્ધા કરવા માટે સિસ્ટમ બનાવવાની જવાબદારી આપી. વાઈલ્ડબેરીમાં ૬૦,૦૦૦થી વધુ બ્રાન્ડની વસ્તુઓ છે, જેમાં કપડાં, ઈલેક્ટ્રોનિક્સ અને ઘરની વસ્તુઓનો સમાવેશ થાય છે. તાત્યાના બકાલચુક જેઓ એક સમયે અંગ્રેજી શિક્ષક હતા, તેમણે પ્રસૂતિ રજા દરમિયાન ઘરનો ખર્ચ ચલાવવા માટે ૩૨,૦૦૦ રૂપિયાનું રોકાણ કરીને ઈ-કોમર્સ બિઝનેસ શરૂ કર્યો હતો. આજે તેની કંપની સાથે ૪૮,૦૦૦ કર્મચારીઓ જોડાયેલા છે. વાઈલ્ડબેરીઝમાં તેનો ૯૯% હિસ્સો છે અને તેના પતિ પાસે ૧% હિસ્સો છે. વર્ષ ૨૦૨૩માં વાઈલ્ડબેરીને ૫૦,૦૦૦ કરોડ રૂપિયાની આવક થઈ હતી. રશિયા ઉપરાંત આ કંપની જર્મની, ઈટાલી અને ફ્રાન્સ સહિત અડધા ડઝન દેશોમાં બિઝનેસ કરી રહી છે. તાત્યાના બકાલચુકે ૨૦૦૪માં તેની વ્યવસાયિક મુસાફરી શરૂ કરી. તેણે તેના ૭મા બાળકના જન્મ માટે પ્રસૂતિ રજા લીધી. તેના IT પ્રોફેશનલ પતિની આવકથી ૬ બાળકોનો ઉછેર કરવો મુશ્કેલ બની રહ્યો હતો. તેથી તાત્યાનાએ ૩૨,૦૦૦ રૂપિયાનું રોકાણ કર્યું અને તેના પતિ વ્લાદિસ્લાવ બકાલચુક અને તેના મિત્રની મદદથી તેના ફ્લેટમાંથી ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મનો પાયો નાખ્યો. શરૂઆતમાં,તેણે જર્મન રિટેલ કંપની ઓટ્ટો માટે કપડાં વેચ્યા. તે કપડાંની તસવીરો લઈને તેની વેબસાઈટ પર અપલોડ કરતી હતી. સામાન ખરીદવાથી લઈને તેને પહોંચાડવા સુધીનું બધું જ તેણે જાતે જ કર્યું. તાત્યાનાએ બસ અને મેટ્રો દ્વારા ઓર્ડર પહોંચાડ્યા. રશિયામાં સૌથી ધનિક સ્વ-નિર્મિત મહિલા હોવા છતાં, તાત્યાના ઓછી પ્રોફાઈલ રાખે છે. તેની પાસે પોતાનું ઘર પણ નથી અને તે ભાડાના મકાનમાં રહે છે. તાત્યાનાની સફળતાનું રહસ્ય તેની જોખમ લેવાની ટેવ છે. તેણે પોતાનો વ્યવસાય વધારવા માટે ઘણી વખત મોટું જોખમ લીધું. ૨૦૦૮માં મંદીને કારણે એડિડાસના ૯ લાખ રૂપિયાના કપડાં અને ફૂટવેર વેચાયા વગરના રહ્યા. તાત્યાનાએ તેમને ક્રેડિટ પર ખરીદ્યા અને આગામી બે વર્ષ માટે વેચી દીધા. ૨૦૨૦માં રોગચાળા દરમિયાન, તેણે ૧૨,૦૦૦ નવા કર્મચારીઓની ભરતી કરી જેથી તે લોકોને તેમના ઘરે તરત જ સામાન પહોંચાડી શકે અને પોતાનો વ્યવસાય વધારી શકે.

વઢવાણની છેવાડાની ગણાતી સુડવેલ સોસાયટીમાં પ્રાથમિક સુવિધાનો અભાવ : ઘેર-ઘેર માંદગીના ખાટલા

૫૦૦થી વધુ મકાનો, ૩૦૦૦થી વધુ વસ્તી, રોડ-રસ્તા, ડ્રેનેજ સમસ્યાથી પરેશાન, ગટરના ગંદા પાણીમાંથી પસાર થઈ શાળાએ જતા વિદ્યાર્થીઓ, અને ૧૦૮ પણ આવી શકતી નથી, દર્દીને ખાટલામાં બેસાડી બહાર કાઢવામાં આવે છે, તંત્રને ૭ દિવસનું અલ્ટીમેટમ, સુવિધા નહીં અપાય તો વઢવાણ-અમદાવાદ હાઈવે પર ચક્કાજામ કરવાની ચીમકી

(તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

સુરેન્દ્રનગર, તા.૪

સુરેન્દ્રનગર શહેરની વઢવાણ વિસ્તારની છેવાડાની સોસાયટી ગણાતી સુડવેલ સોસાયટીમાં પ્રાથમિક સુવિધા ના અભાવને લઈ સ્થાનિક લોકો પરેશાન બન્યા છે.

વઢવાણની છેવાડાની ગણાતી સુડવેલ સોસાયટીમાં અંદાજિત ૫૦૦ થી વધુ રહેણાંક મકાન આવેલા છે અને ૩,૦૦૦ થી વધુ લોકોની વસ્તી આ વિસ્તારમાં વસવાટ કરે છે સુરેન્દ્રનગર દુધરેજ વઢવાણ સંયુક્ત નગરપાલિકા હેઠળ આ વિસ્તાર આવે છે પ્રાથમિક સુવિધા નગરપાલિકા આપવામાં નિષ્ફળ નેવડી છે

સુડવેલ સોસાયટીમાં છેલ્લા ૨૦ વર્ષથી વધુ સમયથી રોડ રસ્તા ભૂગર્ભ ગટરો જેવી યોજનાઓ લાગુ જ કરવામાં નથી આવી આજની તારીખે પણ ગટરના પાણી સુડવેલ સોસાયટીમાં રસ્તાઓ ઉપર ભરાઈ રહ્યા છે હવે તો લોકોના ઘર સુધી આ ગંદા પાણી પહોંચી ગયા છે ઘેર ઘેર માંદગીના ખાટલા છે છતાં પણ તંત્ર ઘોર નિન્દ્રામાં પોઢી ગયું હોય તેવું લાગી રહ્યું છે. શું આ બાબતે અજાણ છે સ્થાનિક લોકો દ્વારા આ મામલે નગરપાલિકા જિલ્લા કલેકટરને રજૂઆત કરવામાં આવી છે પરંતુ આ રજૂઆત સાંભળે કોણ તેની આ લોકો રાહ જોઈ રહ્યા છે. ૩,૦૦૦થી વધુ લોકો આ વિસ્તારમાં વસવાટ કરતા હોવા છતાં પણ આ વિસ્તારને પ્રાથમિક સુવિધાથી વંચિત રાખવામાં આવ્યો છે શહેરમાં નેતાઓ જે વિસ્તારની સોસાયટીઓમાં વસવાટ કરતા હોય અથવા પક્ષનો કોઈ કાર્યકર્તા સોસાયટીમાં વસવાટ કરતો હોય ત્યાં દર છ મહિને તંત્ર અને પાલિકા દ્વારા રોડ રસ્તા બનાવવામાં આવે છે સમયસર રીનોવેશન કરવામાં આવે છે ભૂગર્ભ ગટરો સાફ કરવામાં આવે છે.

સુડવેલ સોસાયટીમાં આવેલી પ્રાથમિક શાળાના ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ રોજ ગટરના પાણીમાંથી પસાર થઈ શાળાએ જાય છે

સુરેન્દ્રનગરની સુડવેલ સોસાયટીમાં પ્રાથમિક શાળા આવેલી છે આ શાળામાં ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે નિયમિત શાળાએ આવે છે અભ્યાસ પણ શિક્ષકો દ્વારા કરાવવામાં આવે છે પરંતુ હવે સુવિધા સામે સવાલ ઊભા થયા છે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને રોજ ગટરના પાણીમાંથી ચાલી શાળાએ જવું પડે છે બટનના ગંદા પાણીમાંથી પસાર થઈ અને શાળાએ જવા માટે બાળકો પણ મજબૂર છે ત્યારે આ બાળકો ક્લાસમાં જાય ત્યારે તેમના પગ ખરાબ થઈ ગયા હોય ત્યારે તેમને ક્લાસરૂમમાં પણ દુર્ગંધનો સામનો કરવો પડે છે અને નજીકમાં ભૂગર્ભ ગટરોના પાણી રોડ રસ્તા અને શાળાના કમ્પાઉન્ડ સુધી ભરેલા હોવાના કારણે મચ્છરોનો ઉપદ્રવ પણ આ વિસ્તારના અભ્યાસ માટે આવતા બાળકોને કરવો પડે છે નેતાઓ અને ચૂંટાયેલા આગેવાનો આ બાળકો સામે જુએ તેવી આ વિસ્તારના લોકોની માંગ છે.

તંત્રને ૭ દિવસનું અલ્ટીમેટમ - સુવિધા આપો નહીં તો વઢવાણ-અમદાવાદ હાઈવે ચક્કજામ કરીશું

રોડ રસ્તા અને પ્રાથમિક સુવિધા મામલે કંટાળી ગયેલી સુડવેલ વિસ્તારની ૩,૦૦૦ થી વધુની પ્રજા હવે પાલિકા તથા તંત્ર સામે બાયો ચડાવવા તૈયાર છે કારણ કે તેમના બાળકોને ગંદકીમાંથી જઈ અને શાળાએ ભણવા જવું પડે છે આ ઉપરાંત દવાખાનાનો જો પ્રશ્ન હોય તો તેમને ગંદકીમાં ખાટલા ઉપર બેસાડી બહાર કાઢવા અને ત્યારબાદ રોડ ઉપર લાવી અને ૧૦૮ મારફતે સારવાર માટે લઈ જવા પડે છે આ તમામ પ્રકારની હાલાકી તંત્રના વાકે લોકો ભોગવી રહ્યા છે હવે આ લોકો લડી લેવાના મૂડમાં છે સુવિધા નહીં તો વઢવાણ અમદાવાદ હાઈવે ચક્કા જામ કરવાની ચીમકી વિસ્તારના લોકોએ આપી સાત દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે.

રોડ-રસ્તાની સુવિધા ન હોવાના કારણે ૧૦૮ પણ સુડવેલ સોસાયટીમાં નથી જઈ શકતી

રોડ રસ્તાની સુવિધા ન હોવાના કારણે આ વિસ્તારમાં ૧૦૮ એમ્બ્યુલન્સ પણ આવી શકતી નથી રોડ ઉપર ઢીંચણ સમાણા ગટરના પાણી ભરાયેલા છે ત્યારે માંદગીના ભરડામાં સપડાયેલા લોકોને ગટરના પાણીમાંથી ખાટલા પર બહાર કાઢી દવાખાને લઈ જવા માટે આ વિસ્તારના લોકો મજબૂર છે હવે તો તંત્ર જાગે અને આ વિસ્તારમાં ભરાયેલા ગટરના પાણી દૂર કરી અને પાકા રોડ રસ્તા બનાવી આપે તેવી સ્થાનિક લોકોની માંગણી છે.

સુરેન્દ્રનગર-વઢવાણ ૮૦ ફૂટ રોડ પર તથા જૂના જંકશન વિસ્તારમાં આવેલ સોસાયટીના રહીશો ગટર-પાણીની સમસ્યાથી ત્રસ્ત

૮૦ ફૂટ રોડ પર આવેલ સોસાયટીના રહીશોએ ૧૮ મહિનાથી રજૂઆતો કરવા છતાં ગટર, પાણી, લાઈટ વગેરે પ્રશ્નનો નિકાલ આવતો નથી, નૂરે મોહમ્મદી સોસાયટીમાં સાફ-સફાઈનો અભાવ

સુરેન્દ્રનગર, તા.૪

સુરેન્દ્રનગર-વઢવાણ ૮૦ ફૂટ રોડ પર આવેલી મારૂતિ ગાયત્રી પાર્ક અને નૂરેમહંમદી સોસાયટી પાસે વારંવાર ગટરના પાણી ઉભરાઇ બહાર આવી રહ્યા છે. જેથી અહીં વસવાટ કરતા રહિશો, આવતા જતા રાહદારીઓ અને વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

સુરેન્દ્રનગર-વઢવાણ ૮૦ ફૂટ રોડ પર આવેલી મારૂતિ અને ગાયત્રી પાર્ક સહિતની સોસાયટીના રહીશોએ તા. ૧-૭-૨૦૨૪ના દિવસે ક્લેક્ટર અને પાલિકાને લેખિત રજૂઆત કરી હતી. જેમાં જણાવ્યું કે, આ સોસાયટીઓ ૩૦થી ૪૦ વર્ષ જૂની હોવા છતા આ વિસ્તારમાં છેલ્લા દોઢ વર્ષથી ગટરના ગંદા પાણી લોકો પી રહ્યા છે. અને છેલ્લા ૧૮ મહિનાથી રજૂઆતો કરવા છતા કોઇ ઉકેલ આવતો નથી. ૮૦ ફૂટ રોડ પર આવેલી મારૂતિપાર્ક, ગાયત્રીપાર્ક, હીરાબાગ, ક્રિષ્નાપાર્ક, હરિપાર્ક, એસટી નગર, નારાયણનગર વગેરે સોસાયટીમાં આ પરિસ્થિતિ છે. તંત્ર આ વિસ્તારમાં પાણી, ગટર,લાઇટ, રસ્તા બાબતે લોકોને વંચિત રાખે છે. આ પ્રશ્નો અંગે યોગ્ય નિકાલ નહી આવે તો આગળની જવાબદારી તંત્રની રહેશે તેવી રજૂઆતમાં ચીમકી આપી હતી.

જયારે સુરેન્દ્રનગર નૂરેમહંમદી સોસાયટી પાસે અમનપાર્ક શેરી નંબર ૨, વોર્ડ નંબર- ૩માં વારંવાર ગટરનું પાણી ભરાતા પાણી બહાર આવે છે. પાણીના વારાના દિવસે ગટર ઉભરાતા લોકોને ચાલવામાં તકલીફ પડતી પડે છે. આ અંગે ડી.આર. કુરેશીએ જણાવ્યું કે, આ અંગે વારંવાર રજૂઆત કરાઇ છે. તેમ છતા કોઇ પણ પ્રકારનો નગરપાલીકા દ્વારા ઉકેલ લાવવામાં આવતો નથી.

ખુદ આ વિસ્તારના ચૂંટાયેલા સદસ્ય પોતાની વેદના ઠાલવી રહ્યા છે અને નગરપાલિકાના પ્રમુખ સામે કહી રહ્યા છે કે ખુદ સદસ્યોના વિસ્તારના પણ કામો થતા નથી અને નગરપાલિકામાં કોઈ પણ નોંધ લેવામાં આવતી નથી કે સાંભળવામાં પણ આવતી નથી તેવા અક્ષેપો જાહેરમાં કર્યા હતા. સુરેન્દ્રનગર નગરપાલિકાના સદસ્યના પતિ કશ્યપ શુક્લા દ્વારા પાલિકાના કોન્ટ્રાક્ટરો પ્રાથમિક સુવિધાની બાબતમાં નગરપાલિકાના સદસ્યો અને ભાજપના આગેવાનોને ગણકારતા ન હોવાનું જાહેરમાં પ્રમુખની ચેમ્બરમાં લોકો વચ્ચે આક્ષેપ કર્યો હતો. આ વિસ્તારમાં નગરપાલિકાના સદસ્ય કશ્યપ ભાઈ શુક્લએ નગરપાલિકાના પ્રમુખ જીજ્ઞાબેન પંડ્યા ચીફ ઓફિસર અને કારોબારી ચેરમેન અને ઉપપ્રમુખની હાજરીમાં તેમની વેદના ઠાલવી કે અનેક વખત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં પણ દુધરેજ વિસ્તારની એક પણ સોસાયટીઓમાં સુરેન્દ્રનગર દુધરેજ વઢવાણ નગરપાલિકા દ્વારા કામગીરી કરવામાં આવતી નથી ખુદ સદસ્યોના જ કામ થતા નથી ત્યારે અન્ય લોકોના કામ ક્યાંથી થશે તેવી વેદના ઠાલવી હતી. સુરેન્દ્રનગર દુધરેજ વઢવાણ નગરપાલિકા ના વોર્ડ નંબર ચારમાં આવેલી નરે મહંમદ સોસાયટી વિસ્તારમાં સફાઈનો અભાવ, લાઈટ, પાણી અને રસ્તાઓનો અભાવ હોવાના કારણે અનેક વાર મહિલાઓ દ્વારા મોરચા લઈ અને નગરપાલિકામાં રજૂઆત કરવામાં આવે છે છતાં પણ કામો થતા નથી.

સુરેન્દ્રનગર જૂના જકશન વિસ્તારમાં આવેલી નૂરે મહંમદ સોસાયટી કે જયાં અંદાજિત ૪૦ વર્ષથી લઘુમતી કોમના લોકો રહે છે. ૫૦૦થી વધારે રહેણાંક મકાનો પણ આવેલા છે આ વોર્ડ નંબર ચારમાં મોટામાં મોટો વિસ્તાર લઘુમતીનો ગણવામાં આવે છે નૂરે મહંમદ સોસાયટી રહેમતનગર વિવેકાનંદ સોસાયટી સહિતના વિસ્તારોમાં હાલમાં ચોમાસાની સિઝનમાં ગંદકીએ ભારે માજા મૂકી છે કચરો ઉઘરાવવા વાળા માત્ર શુક્રવારે જ કચરો ઉઘરાવવા આવે છે અને સપ્તાહમાં એક જ વાર આવતા હોવાનું આ વિસ્તારના રહેવાસીઓ જણાવી રહ્યા છે અને સાફ સફાઈ નો સદંતર અભાવ હોવાનો અને રાત્રીના લાઈટો પણ બંધ હોવાના કારણે વૃદ્ધો અને બાળકો અને મહિલાઓને મુસીબતનો સામનો કરવો પડી રહ્યો છે જુના જંકશનથી લઈ અને નૂરે મોહમ્મદ સોસાયટી સુધી રોડ રસ્તાની કોઈપણ પ્રકારની સુવિધા ન હોવાના કારણે ચોમાસામાં ખાડા અને પાણી ભરેલા રહે છે જેના કારણે ભારે મુસીબતનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે નગરપાલિકામાં અવારનવાર રજૂઆતો કરવા છતાં પણ કોઈ પણ પ્રકારનું નિરાકરણ નથી આવતું ત્યારે આ જ વિસ્તારના લોકો રજૂઆત કરવા માટે ગયા હતા ત્યારે વોર્ડ નંબર ચારમાં ચૂંટાયેલા સદસ્ય કશ્યપભાઈ શુક્લાએ જણાવ્યું આવ્યું કે હું પોતે સદસ્ય છું છતાં મારા વિસ્તારમાં કોઈ પણ પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવતી નથી કે કોઈપણ પ્રકારની ગ્રાન્ટ આ વિસ્તારને ફાળવી અને સુવિધા આપવામાં ન આવતી હોવાના પણ આક્ષેપો કર્યા હતા.

જૂનાગઢમાં સરકારી જમીન પર બનાવેલ મંદિરનું ડિમોલિશન : મૂર્તિ હટાવવા બે દિવસનો સમય

વોકળા કાંઠાના નોટિસો આપેલા દબાણોને દૂર કરવા સ્થાનિકોની માંગ

જૂનાગઢ, તા.૪

જૂનાગઢમાં શહેરમાં આવેલા ગેરકાનૂની અને નિયમ વિરૂદ્ધ બનેલા બાંધકામો તોડવાની હિંમત મનપા તંત્ર બતાવી શક્યું નથી. પરંતુ જૂનાગઢ શહેરમાં શાંતેશ્વર વિસ્તારમાં દાયકાઓથી આવેલ મંદિરનું ડિમોલિશન કરવાની હિંમત મનપા તંત્રએ બતાવી છે.

શાંતેશ્વર રોડ ઉપર હનુમાન મંદિરનું દબાણ હટાવવામાં આવતા ફરી એકવાર દબાણને મુદ્દે રાજકીય માહોલ ગરમાયો છે. શાંતેશ્વર રોડ ઉપર સરકારી જમીનમાં હનુમાન મંદિર બનાવવામાં આવ્યું હતું. આ મંદિરને હટાવવા માટે મનપા દ્વારા મહંતને નોટિસ આપવામાં આવી હતી. મનપાની દબાણ શાખા દ્વારા મંદિરનું કમ્પાઉન્ડ વોલ સહિતનો તમામ ભાગ તોડી નાખવામાં આવ્યો છે. જ્યારે મંદિરની મૂર્તિ અને ડેરી તોડવા મુદ્દે મહંતે બે દિવસનો સમય માંગતા તે આપવામાં આવ્યો છે. મહંત દ્વારા તેમની જાતે જ વિધિ કરી હનુમાનની મૂર્તિને અન્યત્ર સ્થળાંતર કરી દેવામાં આવશે. ત્યારબાદ મનપા દ્વારા ડેરી ઉપર જેસીબી ફેરવી સમગ્ર જગ્યા મનપા હસ્તક લઈ જવામાં આવશે. જેવી રીતે ધાર્મિક દબાણોને દૂર કરવા તંત્ર સજ્જ છે તેવી રીતે વોકળા કાંઠેના નોટિસો આપેલા દબાણોને પણ દૂર કરવામાં આવે તેવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે. વોકળા કાંઠે તો અનેક ગેરકાયદેસર બાંધકામો થઈ ગયા છે તેનો કલેક્ટરની અધ્યક્ષતામાં બનાવેલી સમિતિએ તાત્કાલિક સર્વે કરી ગેરકાયદેસર બાંધકામો કરનારને દબાણો હટાવવા માટેની નોટિસો આપી દીધી હતી. ત્યારે જૂનાગઢવાસીઓને એવું લાગ્યું કે, હવે વોકળાના દબાણો દૂર થઈ જશે અને આગામી ચોમાસામાં કે ભવિષ્યમાં ક્યારેય વોકળાના કારણે મુશ્કેલી ઊભી નહીં થાય પણ અનેક કાયદાકીય આંટીઘૂંટીઓ ઊભી કરી કાચા મકાનો અને એકાદ પાકું મકાન તથા અમુક દીવાલો તોડી સંતોષ માની લીધો હતો. જેટલી નોટિસો આપી હતી તે મુજબની ખરા અર્થમાં કામગીરી થઈ શકી નહીં તે પણ એટલી જ વાસ્તવિક સ્થિતિ છે.

પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી ન કરવા બદલ

અંકલેશ્વરમાં હોટલ-ગેસ્ટ હાઉસના મેનેજર વિરૂદ્ધ ગુનો દાખલ

(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૪

ભરૂચ એસઓજીની ટીમે અંકલેશ્વર શહેર વિસ્તારમાં આવેલ હોટલ ગેસ્ટ હાઉસના મેનેજર વિરૂદ્ધ પથિક સોફ્ટવેરમા એન્ટ્રી ન કરવા બદલ ગુનો દાખલ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. એસઓજી પીઆઈ એ.એ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.એચ.વાઢેર દ્વારા સ્ટાફ સાથે અંકલેશ્વર શહેર વિસ્તારમાં હોટલ ગેસ્ટહાઉસમાં ચેકિંગ હાથ ધર્યું હતું. તે દરમ્યાન મોનાર્ચ હોટલના મેનેજરે પથિક સોફ્ટવેરમાં રજિસ્ટર મુજબ એન્ટ્રી કરેલ ન હોવાનું જણાયું હતું અને આ રીતે જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરેલ હોઈ તેઓના વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી કરી હતી. એસઓજી સ્ટાફ દ્વારા સદર મેનેજર જુબેરભાઈ બશીર એહમદ શેખ વિરૂદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ભરૂચ જિલ્લાના બીજા સ્થળોએ આવેલ અન્ય ગેસ્ટહાઉસ હોટલોમાં પણ જો આ બાબતે તપાસ હાથ ધરાય તો કેટલાક સ્થળોએ ગેરરીતિઓ ઝડપાય તેવી સંભાવના છે.

રથયાત્રા તહેવારને પગલે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

વડોદરામાં નવા ફોજદારી કાયદા અંગે જાગૃતતા લાવવા પોલીસનો પ્રયાસ

(તસવીર : અતિક શેખ, વડોદરા)

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૪

સરકાર દ્વારા નવા લાગુ કરાયેલા ફોજદારી કાયદાઓ બાબતે લોક-જાગૃતતા લાવવા સીટી પોલીસ દ્વારા સેમિનાર તેમજ રથયાત્રાના તહેવારના પગલે શાંતિ-સમિતિની બેઠક યોજાઈ હતી. વડોદરા શહેરના પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર તેમજ એડી. પો. કમિશનર મનોજ નિનામાની સુચના મુજબ તથા DCP ઝોન-૦૪ પન્ના મોમાયા, ACP-એચ ડીવીજન જી.બી. બાંભણીયાની અધ્યક્ષતામા સીટી પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. આર.બી. ચૌહાણ તથા સેકન્ડ પો.ઈન્સ. આર.એલ. પ્રજાપતિ દ્વારા આજરોજ તા.૦૧/૦૭/૨૦૨૪થી લાગુ થયેલ નવા ફોજદારી કાયદાઓ નામે (૧) ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ તથા (૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ તથા (૩) ભારતીય સાક્ષ્ય અધિનિયમ-૨૦૨૩ના ફોજદારી કાયદાઓ અમલમા આવનાર હોય તે અનુસંધાનમાં આ નવા કાયદાઓ અંગે લોક-જાગૃતતા લાવવા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમા સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા આશરે ૨૦૦ જેટલા નાગરીકોને આજરોજથી અમલમા આવેલ ત્રણેય નવા ફોજદારી કાયદાઓની વિશિષ્ટતાઓ તથા ઝડપી ન્યાયની પ્રક્રિયાઓ આધુનિક ટેકનોલોજીના પુરાવાઓ તેમજ સજાની વિશિષ્ટ જોગવાઈઓ સંબંધે નાગરિકોને જાણકારી આપી જરૂરી સલાહ-સૂચન તેમજ માર્ગદર્શન આપવામા આવ્યું હતું.

વડોદરા : જર્જરિત મકાનોની અવેજીમાં લાભાર્થીઓને નવા મકાન આપવા કોંગ્રેસની માંગ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૪

વડોદરા જાંબુઆ ખાતે બીએસયુપી હાઉસિંગના જર્જરિત મકાનમાં મહિલાના થયેલા કરૂણ મોત અંગે શહેર કોંગ્રેસ દ્વારા મ્યુ. કમિશનરને આવેદન પત્ર આપવામાં આવ્યું છે.શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોશી સહિત વિરોધ પક્ષના સિનિયર કોંગી કોર્પોરેટર ચંદ્રકાંત શ્રીવાસ્તવ, કોંગી મહિલા કોર્પોરેટર અમીર રાવત સહિત અન્ય કોંગી અગ્રણીઓએ મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં જાંબુઆ ખાતે આવેલા બીએસયુપીના જર્જરિત મકાનો પૈકી એક મકાનનો પોપડો પડતા ઘરમાં એક મહિલાના થયેલા કરૂણ મોત અંગે લાભાર્થીઓને જર્જરિત મકાનો પૈકી વૈકલ્પિક જગ્યા આપવા અને અન્ય નવા મકાનો બનાવી આપવા પાલિકા મ્યુનિસિપલ કમિશનરને આપેલા આવેદનપત્રમાં જણાવ્યું છે.

ભંગારની હરાજીના વિવાદનો મામલો, કોંગી આગેવાનોના આમોદમાં ધામા

આમોદ પાલિકાના વિપક્ષી સભ્ય આત્મવિલોપન કરે તે પહેલા જ પોલીસે અટકાયત કરી

(તસવીર : ફેઝલ પટેલ, આમોદ)

(સંવાદદાતા દ્વારા)

આમોદ, તા.૪

આમોદ નગરપાલીકાના ભંગારની હરાજીનો મુદ્દે વિપક્ષે આકમક વલણ અપનાવી આમોદ મામલતદારને આવેદનપત્ર આપી આત્મવિલોપન કરવાની ચીમકી આપી હતી. જેથી વહીવટી તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. ત્યારે આજરોજ પાંચ દિવસ પૂરા થતાં આમોદ પાલિકાના અપક્ષ સદસ્ય મહેન્દ્રભાઈ દેસાઈ આત્મવિલોપન કરે તે પહેલાં જ પોલીસે તેઓની અટકાયત કરી દીધી હતી. જો કે પોલીસે કોઈ આકસ્મિક ઘટના ના બને તે માટે તકેદારીના ભાગ રૂપે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધી હતો તેમજ ફાયર ફાઇટર સાથે તેમજ એબ્યુલન્સનો સ્ટાફ પણ ગોઠવી દીધો હતો. પોલીસે આત્મવિલોપન કરતા નગર સેવકની અટકાયત કરતા ભરૂચ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ રાજેન્દ્રસિંહ રાણા, જંબુસર વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય સંજયસિંહ સોલંકી, કોંગ્રેસી આગેવાન પ્રભુદાસ મકવાણા, ઉસ્માન મિડી, જંબુસર વિધાનસભા યુથ કોંગ્રેસ પ્રમુખ કેતન મકવાણા સહિત પાલિકાના ચૂંટાયેલા અપક્ષના નગરસેવકો સાથે રાજકીય આગેવાનો મોટી સંખ્યામાં આમોદ પોલીસ સ્ટેશને આવી પહોંચ્યા હતા અને જંબુસર ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક પી.એલ.ચૌધરી સાથે બેઠક કરી હતી. જેમાં આમોદ પાલિકામાં ચાલતા ભ્રષ્ટાચારની પોલ ખોલી હતી તેમજ આમોદ પોલીસની ધીમી ગતિની કામગીરી સામે પણ સવાલો ઉઠાવી કાર્યવાહી કરવા માંગ કરી હતી. ભરૂચ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીનો ભ્રષ્ટાચાર દિલ્હીથી લઈને આમોદ સુધી ખુલ્લો આવી ગયો છે. હરાજીના દોઢ લાખ ભારતીય જનતા પાર્ટીના આગેવાનોને સાચવવા માટે આ પૈસા રાખવામાં આવે છે અને અમારા કાર્યકરે આત્મવિલોપનની ચીમકી આપતા દોઢ લાખ રૂપિયા રોકડા એક નિવૃત્ત એકાઉન્ટન્ટને બોલાવીને જમા કરવામાં આવે છે. પાલિકાએ રોકડા રૂપિયા કેવી રીતે સ્વીકાર્યા આ ભ્રષ્ટાચારની તપાસ થવી જોઈએ.જો બાબતે યોગ્ય તપાસ નહી કરવામાં આવે તો અમે કોર્ટમાં જઈશું.

ફોજદારી કાર્યવાહીથી બચવા આમોદ પાલિકાના ભંગારની હરાજીના ગોબાચારી કરેલા બાકીના રૂપિયા ૧.૫૦ લાખ નાટકીય રીતે એજન્સીએ પોતે જમા કરાવ્યા

આમોદ નગરપાલિકા દ્વારા પાલિકાના ભંગારના સામાનની હરાજી કરવામાં આવી હતી.જેમાં પાલિકાના ભંગારની આવકમાંથી ૫.૫૦ લાખની આવક પ્રાપ્ત થઈ હતી. પરંતુ એજન્સી દ્વારા ૧૧ મે ૨૦૨૩ના રોજ ૩.૬૦ લાખ જ ઓનલાઈન પાલિકાના ખાતામાં જમા કરાવ્યા હતા. જયારે બાકીની રકમ એ.એમ. કોલસાવાલા એજન્સીએ તત્કાલીન પાલિકા પ્રમુખ તેમજ કારોબારી અધ્યક્ષને રોકડા ૧.૫૦ લાખ આપ્યા હોવાનો મુખ્ય અધિકારીને લેખિત ખુલાસો કર્યો હતો તેમજ ૧૮મી જૂન ૨૦૨૪ના રોજ એ.એમ.કોલસાવાલા એજન્સીએ પોતે મુખ્ય અધિકારીને સંબોધી લેખિત આપ્યું હતું કે નગરપાલીકા દ્વારા હરાજીનો અમોને વર્ક ઓર્ડર આપેલો હતો અને તેનું વજન કાંટાની રસીદ પ્રમાણે અમોએ નગરપાલિકાને પેમેન્ટ કરેલ છે પણ ઉપરોક્ત વિષય અન્વયે હાલમાં નગરપાલિકામાં અમારા નામે એ.એમ.કોલસાવાલા નામે રોકડ પેમેન્ટ કોઈ ઈસમ આવે તે પેમેન્ટ સ્વીકાર કરવાનું નથી અને જો તેમ થશે તો તેની જવાબદારી નગરપાલિકાની રહેશે જેની નોંધ લેશો ત્યારબાદ ગત રોજ સાંજે નાટકીય રીતે એ.એમ.કોલસાવાલાએ જાતે નગરપાલિકામાં આવીને રોકડ ૧.૫૦ લાખ જમા કરાવ્યા હતા. આમ છેલ્લા એક વર્ષથી પાલિકાના ભંગારના રૂપિયાથી તાગડધિન્ના કરતા એજન્સીએ ગત રોજ સાંજના સમયે પાલિકામાં રૂબરૂ આવીને ૧.૫૦ લાખ રોકડા જમા કરાવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ફોજદારી કાર્યવાહીથી બચવા માટે એજન્સીએ પોતે રોકડા રૂપિયા ૧.૫૦ લાખ જમા કરાવ્યા હતા.

રાજ્ય પોલીસ વિભાગમાં મોટાપાયે ફેરફાર ૪૯ PIની સાગમટે બદલી, ૫૧ PSIને બઢતી

ત્રણ પોલીસકર્મીઓ નિવૃત્ત કરાયા, તેમની સામે ખાતાકીય તપાસ યથાવત્

અમદાવાદ, તા.૪

રાજ્ય પોલીસ વિભાગમાં ૪ જુલાઈ ગુરૂવારના રોજ મોટા ફેરફાર સામે આવ્યા છે. જેમાં ૪૯ જેટલા હથિયારી પીઆઈની બદલી કરવામાં આવી છે. જ્યારે ૫૫ જેટલા પીએસઆઈને પ્રમોશન આપવામાં આવ્યા છે. જ્યારે અન્ય ત્રણ પોલીસકર્મીઓને ફરજિયાત નિવૃત્ત કરી દેવામાં આવ્યા છે.

આગામી ૭ જુલાઈએ રથયાત્રાનો પર્વ ઉજવાશે તે પૂર્વે રાજ્ય પોલીસ વિભાગમાં મોટા ફેરફાર સામે આવ્યા છે. જેને લઈને ચર્ચાઓ શરૂ થઈ જવા પામી છે. જેમાં ૪૯ જેટલા હથિયારી પીઆઈની બદલી કરવામાં આવી છે જ્યારે કે, ૫૫ જેટલા પીએસઆઈને પીઆઈના પ્રમોશન આપવામાં આવ્યા છે. આ ઉપરાંત ત્રણ પોલીસકર્મીઓને ફરજિયાત નિવૃત્ત કરી દેવામાં આવ્યા છે. જો કે, તેમને માત્ર નિવૃત કરી દેવામાં આવતા જ મામલો પૂરો નથી જતો પરંતુ તેમની સામે ખાતાકીય તપાસ યથાવત્ રાખવાના આદેશ પણ આપવામાં આવ્યા છે. અચાનક જ રાજ્ય પોલીસવડા દ્વારા કરવામાં આવેલા આ મોટા ફેરફારનાને કારણે પોલીસ બેડામાં ચર્ચાઓ શરૂ થઈ જવા પામી છે.

બહારની ખાણી-પીણી બની રહી છે સ્વાસ્થ્ય માટે જોખમી

બર્ગરમાંથી જીવાત નીકળવા મામલે કાફે માલિકનું તોછડાઈભર્યું વર્તન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

ખાણી-પીણીની ચીજ-વસ્તુઓમાંથી જીવાત નીકળવાની ઘટના યથાવત્ રહેવા પામી છે ત્યારે ફરીવાર

ગ્રાહકે AMCમાં ફરિયાદ કરી

આવી ઘટના બની છે. અમદાવાદ શહેરના એસજી હાઈવે પર રાજપથ-રંગોલી રોડ પર આવેલા એક કાફેના બર્ગરમાંથી જીવજંતુ નીકળ્યું છે. જ્યારે ગ્રાહકે બર્ગરનો એક ભાગ ખાધો અને પછી જોયું તો તેમને નાની કોઈ કાળી વસ્તુ દેખાઈ હતી. આથી જોતા જીવજંતુ નીકળ્યું હતું. બર્ગરમાંથી જીવજંતુ નીકળ્યાનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાઈરલ કરવામાં આવ્યો હતો. AMCના ફૂડ વિભાગની ટીમને જાણ થતાં તેઓએ તાત્કાલિક ટીમ મોકલી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ અલમાસ પઠાણ નામના યુવકે રાજપથ-રંગોલી રોડ પર આવેલા કોર્પોરેટ કેફેમાંથી ચાર આલુ બર્ગર ટીક્કી મગાવી હતી. જેમાં એકમાંથી બહાર થોડી જીવાત જેવું જોવા મળ્યું હતું. જેથી અંદર ખોલીને જોયું તો તેઓને જીવાત જોવા મળી હતી. જીવાત નીકળી હોવાથી ત્યાં કેફેવાળા પાસે તેઓ ગયા હતા અને તેઓને જીવાત નીકળેલી બતાવી હતી.

આથી તેઓએ કહ્યું હતું કે, જેણે આ બર્ગર ટીક્કી બનાવી છે તેને અમે કાઢી મૂકીશું અને તમારે આગળની જે કાર્યવાહી કરવી હોય તે કરો. આ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગની ટીમને જાણ થતાં એક ટીમ તાત્કાલિક કોર્પોરેટ કાફે ખાતે ચેકિંગ માટે મોકલવામાં આવી છે. કાફેમાં તપાસ કરી ફૂડ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે.

હરિયાણામાં ફાયરિંગ કર્યું હોવાનો ઘટસ્ફોટ

ગાંધીનગરમાં લક્ઝરી બસમાંથી હથિયાર સાથે ઝડપાયેલા બે ઈસમોના બે દિવસના રિમાન્ડ મંજૂર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

રાજ્યમાં ગુનાખોરીનું પ્રમાણ વધ્યું છે. અસામાજિક તત્વો બેફામ હથિયારો લઈને ફરી રહ્યા છે. ત્યારે ગાંધીનગરના ચંદ્રાલા ગામની સીમ આગમન હોટલની સામે હાઈવે રોડ પર નિત્યક્રમ મુજબ હિંમતનગર તરફથી આવતા વાહનોના ચેકિંગ દરમ્યાન લક્ઝરી બસમાં બેઠેલા બે મુસાફરો પાસેથી પિસ્તોલ તેમજ દેશી તમંચો મળી આવતાં ચીલોડા પોલીસે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી કોર્ટમાંથી બે દિવસના રિમાન્ડ મેળવવા આવ્યા છે. ત્યારે આરોપીઓની પૂછપરછમાં એક આરોપી હરિયાણામાં ફાયરિંગ કરીને નાસતો ફરતો હોવાનું સામે આવ્યું છે.

ચીલોડા હિંમતનગર હાઈવે રોડ ચંદ્રાલા નાકા પોઈન્ટ પર પોલીસ નિત્યક્રમ મુજબ વાહન ચેકિંગ કરી રહી હતી. દરમિયાન શ્રીનાથ ટ્રાવેલ્સની બસને પણ રોકી મુસાફરોનાં સામાનની તલાશી લેવામાં આવી હતી. એ દરમ્યાન સ્લીપીંગ સીટ નં-L13-L14મા બેઠેલા બે પેસેન્જરો પાસેથી પિસ્તોલ તેમજ દેશી તમંચો અને ખાલી કારતૂસ મળી આવ્યા હતા.

જે અંગે પૂછતા તેમણે પોતાના નામ મનીષ ગુલશનકુમાર કટારીયા (જાટ) (રહે. મન્યુ કોલોની જ્યોતીપાર્ક, ગુડગાવ, હરીયાણા) તેમજ નિખીલ દર્શન કટારીયા (જાટ) (રહે. ધ્યાનંદ કોલોની, ગુડગાવ ગાવ ગુડગાવ, હરીયાણા) હોવાનું જણાવ્યું હતું. અને હથિયાર બાબતે નિખીલે કબૂલાત કરેલી કે, પોતે તથા મનીષ જસદણ ખાતે રહેતા વસીમભાઈના ત્યા બોડીગાર્ડની નોકરી કરે છે. બંને વતન જવા નીકળેલા ત્યારે વસીમનાં ત્યાં નોકરી કરતાં લાલાભાઈએ (રહે-જસદણ) 'આપ કે પાસ કુછ સામાન પડા હૈ તો લેકે આ' કહ્યું હતું. જેથી તેને ઉક્ત હથિયાર આપવા જતાં હતાં. જેનાં પગલે પોલીસે બંનેની હથિયાર સહિત ૪૨ હજારના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લાલાભાઈ વિરૂદ્ધ પણ ગુનો દાખલ કર્યો હતો.

બીજી તરફ આર્મ્સ એક્ટ મામલે બંને આરોપીને કોર્ટમાં રજૂ કરીને બે દિવસના રિમાન્ડ મેળવાયા આવ્યા છે. જેઓની વધુ પૂછપરછ કરતાં આરોપી મનીષ ઉર્ફે મન્નુ ગુલશનકુમાર કટારીયાએ ગત તા.૨૩/૫/૨૦૨૪ના રોજ પોતાના મિત્ર હિમાંશુ સાથે હિમાંશુના પિતા કુલદીપના કહેવાથી ગુરૂગ્રામ હરીયાણા સેક્ટર-૫મા આવેલ ખુલ્લા મેદાનમાં વિવેક સતીષ ખત્રી ઉપર પીસ્ટલ વડે ફાયરિંગ કરીને કર્યું હોવાની કબૂલાત કરી હતી. જે ગુનામાં પણ મનીષ નાસતો ફરતો હોવાનું સામે આવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ભરૂચમાં આડા સંબંધની આશંકાએ એક પરિવારનો માળો પીંખાયો : પતિ-પત્ની અને પુત્રનો સામૂહિક આપઘાત

પત્નીના અન્ય ઈસમ સાથેના લગ્નેત્તર સંબંધો કારણભૂત : પત્નીએ આત્મહત્યા કરી, પતિએ પુત્રની હત્યા કરી ટ્રેન નીચે પડતું મૂક્યું

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૪

ભરૂચમાં આડાસંબંધોની આશંકાએ એક પરિવારનો માળો વિખેરાય ગયો છે. પત્નીએ ગળે ફાંસો લગાવી આપઘાત કરી લીધા બાદ પતિએ ૧૦ વર્ષના બાળકની ગળુ દબાવી હત્યા કરી હતી અને પોતે ટ્રેન નીચે પડતુ મૂકી આત્મહત્યા કરી લીધી હતી.



ભરૂચ રેલવે કોલોનીમાં સામુહિક આપઘાતની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી છે. આ ઘટનામાં પત્ની અને પુત્રનો ઘરમાંથી મૃતદેહ મળ્યો હતો જયારે પતિનો રેલવે ટ્રેક પરથી મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટનામાં નોંધાયેલ પોલીસ ફરિયાદ અનુસાર ભરૂચ રેલવેમાં સેક્શન ઓફિસર તરીકે ફરજ બજાવતા ૪૦ વર્ષીય જતીન મકવાણાની પત્ની તૃપલે રેલવે કોલોની સ્થિત કવાટરમાં પંખા સાથે ગળે ફાંસો લગાવી આપઘાત કરી લીધો હતો ત્યાર બાદ જતીને તેના ૧૦ વર્ષીય પુત્ર વિહાનનું પલંગ પર ગળું દબાવી હત્યા કરી હતી અને પોતે ભરૂચ અંકલેશ્વર વચ્ચે ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત કરી લીધો હતો. આપઘાત કરતા પૂર્વે જતીને તેના પિતાને વોટ્સએપ પર મેસેજ મોકલ્યો હતો જેમાં તમામ હકીકત દર્શાવી હતી જેના પગલે તેના પિતા અને આખો પરિવાર રાજકોટથી ભરૂચ ખાતે દોડી આવ્યો હતો. બનાવની જાણ થતાની સાથે જ ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો પણ ઘટના સ્થળે પહોંચ્યો હતો અને મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. આ મામલામાં મૃતક તૃપલના અન્ય ઈસમ સાથે લગ્નેતર સંબંધો કારણભૂત હોવાનો પોલીસ ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે. જતીને અંતિમ પગલા પૂર્વે પિતા અને ભાઈને મોકલેલ વોટ્સએપ મેસેજમાં આ વાતનો ઉલ્લેખ છે. જતીનની પત્ની તૃપલના રાજા શેખ નામના શખ્સ સાથે આડા સબંધ હતા જે બાબતે બન્ને વચ્ચે અવાર નવાર ઝઘડા થતા હતા ગતરોજ આ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા પત્નીએ આત્મહત્યા કરી લીધી હતી અને ત્યાર બાદ પતિએ પુત્રની હત્યા કરી જાતે પણ મોતને વ્હાલુ કરી લીધુ હતું. પોલીસે આ તમામ પાસાઓને ધ્યાને લઇ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ફતેહવાડી કેનાલના સ્થાનિકોની ઉગ્ર માંગ

જર્જરિત માઈનર બ્રિજ રીપેર કરો અથવા બે નવા માઈનર બ્રિજ બનાવો

અમદાવાદ,તા.૪

અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. વરસાદને કારણે ઠેર-ઠેર પાણી ભરાતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. ચોમાસાના આરંભે પ્રથમ વરસાદે જ તંત્રના પ્રિ-મોન્સૂન પ્લાનની પોલ ખોલી નાખી છે. ત્યારે વાસણા બેરેજ તરફથી આવતી કેનાલ જે મકતમપુરા, સરખેજ વિસ્તારમાંથી પસાર થાય છે જયાં મોટી સંખ્યામાં લોકો વસવાટ કરે છે. ત્યાં કેનાલ પર બનેલા માઈનર બ્રિજ પર ગાબડા પડયા છે તેમ જ જર્જરિત હાલતમાં જોવા મળે છે જે ચોમાસામાં કયારેય પણ તૂટી શકે છે અને આ મોટી હોનારતનું કારણ બનશે. ત્યારે હાલ પૂરતું કામ ચલાવવાના ભાગરૂપે એએમસી દ્વારા સાવધાનના બોર્ડ લગાવી દેવાયા છે. જે પૂરતું નથી. સ્થાનિકો દ્વારા ઉગ્ર માંગ કરવામાં આવી છે કે તાત્કાલિક ધોરણે માઈનર બ્રિજને બનાવવામાં આવે. સાઈફન સીસ્ટમનો રસ્તો ખૂબ જ નાનો હોવાના કારણે લોકોને કેનાલ ક્રોસ કરવામાં કલાકો સુધી રાહ જોવી પડે છે. દર્દીઓની સાથે વિસ્તારના વિદ્યાર્થીઓ પણ શાળામાં આવતા જતા મોડા પડે છે અને ટ્રાફિકની સમસ્યાનો ભોગ બને છે. ત્યારે તે જગ્યાને પહોળી કરવા અથવા બીજા રસ્તા પર અન્ય બે માઈનર બ્રિજ બનાવવા લોક માંગ ઊઠી છે.

મનરેગા શાખામાંથી રૂા.૨,૦૦૦ની લાંચ લેતો અધિકારી ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

લાંચ લેવી અને લાંચ આપવી બંને ગુનો બને છે. તેમ છતા લાંચના ગુના અટકવાનું નામ લેતા નથી. એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી) એ મનરેગા શાખામાંથી એક લાંચિયા અધિકારીની ધરપકડ કરી હતી. એસીબીના અધિકારીઓને આ અંગે માહિતી મળી હતી. જેમાં મનરેગામાં APO તરીકે કામ કરતા આશિષ લાંબાએ એક વ્યક્તિ પાસે રૂા.૨૦૦૦ની લાંચ માંગી હતી. જો કે, આ વ્યક્તિએ લાંચ આપવી ન હોવાથી એસીબીમાં ફરિયાદ દાખલ કરાવી હતી. જેને આધારે અધિકારીઓએ એપીઓ આશિષ લાંબાને ઝડપી લેવા માટે કાર્યવાહી શરૂ કરી હતી. અંતે એસીબીના અધિકારીઓએ ઝાલોદ તાલુકા પંચાયતમાં મનરેગા શાખામાં છટકુ ગોઠવ્યું હતું. જેમાં રૂા.૨૦૦૦ની લાંચ લેતા આશિષ લાંબાની અધિકારીઓએ ધરપકડ કરી હતી. આ અંગે એસીબીના અધિકારીઓએ વધુ તપાસ હાથ ધરી છે.

પાટણના એસ.પી. તથા ચાર પો.કર્મીઓ સામે ફરિયાદ નોંધવાની અરજીની હાઈકોર્ટમાં સુનાવણી

વેપારીના અપહરણના કેસમાં હાઈકોર્ટની ટકોર બાદ આખરે ક્રાઈમ બ્રાંચે નોંધી ફરિયાદ

- અમદાવાદ પો.કમિશનરે સોગંદનામામાં જણાવી વિગત : વધુ સુનાવણી ૧૬મીએ
- અગાઉ હાઈકોર્ટે SPને બચાવવાના પ્રયત્નો કરાઈ રહ્યાનું જણાવી ઉધડો લીધો હતો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

ગુજરાત હાઈકોર્ટમાં અમદાવાદના એક વેપારીએ પાટણ જિલ્લાના એસ.પી. અને ચાર પોલીસ કર્મચારીઓ વિરૂદ્ધની ફરિયાદ નોંધવા હાઈકોર્ટમાં અરજી કરી હતી. જે સંદર્ભે હાઈકોર્ટે પોલીસ વિભાગ અને રાજ્ય સરકારને ફટકાર લગાવતા ગુજરાત સરકારે આ ઘટનાની તપાસ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને સોંપી છે. વેપારીના અપહરણ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે હાઈકોર્ટ સમક્ષ વચગાળાનો રિપોર્ટ રજૂ કર્યો હતો. જે રિપોર્ટ જોઈને હાઈકોર્ટ નારાજ થઈ હતી અને SPને બચાવવા પ્રયત્નો થતા હોવાનું જણાવ્યું હતું.

આ પહેલા હેડ કોન્સ્ટેબલને માર મારવા અને અસમાજિક તત્વોસામે પગલાં ન ભરતા ખેડૂત આપઘાત કેસમાં પાટણ SPને પક્ષકાર બનાવી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હોવાનો અહેવાલ બહાર આવ્યો હતો જે સંદર્ભે કોર્ટે કહ્યું હતું કે કોર્ટે એક ન્યૂઝ પોર્ટલ ઉપર પાટણ SP સામે અગાઉ પણ ફરિયાદો થઈ હોવાનો અહેવાલ વાંચ્યો હતો. ત્યારે SP સામે કેટલી ફરિયાદો થઈ છે અને કેટલા કેસ ચાલી રહ્યા છે તે કોર્ટ સમક્ષ એફિડેવિટ ઉપર આપવામાં આવે.

આ મામલે હાઈકોર્ટે કહ્યું હતું કે, જો SP વારંવાર આવું કરતા હોય તો તે ગુનાહિત વૃત્તિ વાળા કહેવાય. શું તપાસમાં ઓથોરિટી આરોપીનો ભૂતકાળ નથી જોતી ? કોર્ટ તમને તપાસ કરતા શીખવાડે ? કોર્ટે SPને બચાવાઈ રહ્યા હોવાનું નોંધ્યું હતું. કોર્ટે જણાવ્યું હતું કે હવે SP સામેના ટેકનિકલ પૂરાવાની તપાસ ગાંધીનગર નહીં પણ ચંદીગઢ કે હૈદરાબાદ ખાતે કરવામાં આવે. હજુ સુધી FIR નથી થઈ અને પૂરાવા FSLની તપાસ માટે મોકલ્યા છે? કેટલા કેસમાં FIR પહેલા પૂરાવા FSL તપાસ માટે મોકલાયા છે ? IPSને બચાવવાની કોશિશ બદલ તપાસ અધિકારી એવા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના DCP સામે પણ પગલાં લેવાઈ શકે છે! આ કેસમાં પૂરાવા ચંદીગઢ કે હૈદરાબાદ તપાસ માટે મોકલવા અને SP સામે કેટલી ફરિયાદો થઈ છે તે અંગે અમદાવાદ પોલીસ કમિશનરને એફિડેવિટ ફાઈલ કરવા હાઈકોર્ટે હુકમ કર્યો હતો. જેથી પોલીસ કમિશનરે એફિડેવિટ ફઈલ કરી હતી.

જો કે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ગઈકાલે વેપારીની ફરિયાદ નોંધતાં SP સિવાય તેનું અપહરણ કરનારા ચાર પોલીસ કર્મચારીઓ વિરૂદ્ધ પણ ફરિયાદ નોંધી હતી. જેમાં IPCની કલમ ૩૬૫, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ફરિયાદ નોધાઈ છે. જેઅંગે કોર્ટને જાણ કરાઈ હતી. પોલીસ કમિશનરની એફિડેવિટ કોર્ટ અને ફરિયાદી પક્ષને આપવામાં આવી હતી. આ કેસમાં એડિશનલ એડવોકેટ જનરલે સમય માંગતા વધુ સુનાવણી ૧૬ જુલાઈએ રાખવામાં આવી છે. SP સામે DCP તપાસ કરતા હોવાથી પૂરાવા મળતા SP સામે કાર્યવાહી હાથ ધરાઈ શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે જે હેડ કોન્સ્ટેબલે SP સામે હાઈકોર્ટ અને પાટણની કોર્ટમાં અરજી કરી છે. તેની અને તેની પત્ની સામે પણ ગઈકાલે પાટણ શહેર B ડિવિઝન પોલીસ મથકે IPCની કલમ ૪૦૯ અને ૧૧૪ મુજબ ફરિયાદ નોંધવામાં આવી હતી. જેમાં આક્ષેપ કરાયો છે કે તેઓએ વર્ષ ૨૦૨૨થી ૨૦૨૩ દરમિયાન અંબિકા આશિષ ટ્રેડ લિંકમાંથી ૮.૩૮ લાખના ફટાકડા GST બિલ સાથે અને તેના વગર પોલીસ હેડ ક્વાર્ટરના નામે ખરીદ્યા હતા. જેનું વેચાણ કરી નફાની રકમ પોલીસ વેલ્ફેર ફંડમાં જમા કરાવી નહોતી અને નાણાકીય ઉચાપત કરી સરકાર સાથે છેતરપિંડી કરી છે. વળી ફટાકડા વિક્રેતાઓને પણ રકમ ચૂકવી નથી.

સુઓમોટો પીઆઈએલની સુનાવણીમાં હાઈકોર્ટનો બ્લુ પ્રિન્ટ મુદ્દે અસંતોષ

પોલીસ વિભાગમાં ખાલી જગ્યાઓ અંગેની બ્લુ પ્રિન્ટ અસ્પષ્ટ હોઈ નવેસરથી રજૂ કરવા આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

રાજ્યમાં કોમી હુલ્લડો અને આંદોલનો દરમ્યાન જાહેર મિલ્કત અને જાનમાલને થતા નુકસાનને અટકાવવા પોલીસની ભૂમિકા સહિતના મુદ્દે થયેલી સુઓમોટો પીઆઈએલમાં ખાલી જગ્યાઓ અને ભરતીને લઈને રાજ્ય સરકાર દ્વારા રજૂ થયેલી બ્લુપ્રિન્ટને હાઈકોર્ટે અસ્પષ્ટ અને અધકચરી ગણાવી હતી. આ સાથે હાઈકોર્ટે નવેસરથી તમામ સ્પષ્ટ વિગતો સાથે બ્લુપ્રિન્ટ રજૂ કરવા નિર્દેશ કરી કેસની વધુ સુનાવણી તા.૧૮ જૂલાઈએ રાખી હતી.

કેસની વિગતો મુજબ રાજયમાં તોફાનો દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે પૂરતું પોલીસ બળ હોવું જોઈએ તેવી અરજી સુપ્રીમ કોર્ટના આદેશના આધારે થઈ હતી. તેની ચાલી રહેલી સુનાવણી દરમિયાન રાજ્ય સરકાર તરફથી આ કેસમાં આજે પોલીસ દળમાં ભરતી અને પ્રમોશન બાબતની વિગતો રજૂ કરવામાં આવી હતી. જેમાં જણાવાયું હતું કે, પીએસઆઈની ૩૦૪ જેટલી જગ્યાઓ ખાલી હોવાની વાત સામે આવી હતી. સરકારે વધુમાં જણાવ્યું કે, પોલીસ તંત્રમાં ભરતીની પ્રક્રિયા સીધી ભરતી, ખાતાકીય બઢતી અને પ્રમોશન દ્વારા કરવામાં આવે છે. દરમિયાન કોર્ટ સહાયક દ્વારા અદાલતનુંધ્યાન દોરાયું કે, રાજયમાં બિનહથિયારધારી ૧૩,૭૩૫ જગ્યાઓમાંથી ૬૬૦૦ જગ્યાઓ મંજૂર કરાઈ છે. જો કે, સરકારની વિગતો અને બ્લુપ્રિન્ટને લઈ હાઈકોર્ટે અસંતોષ વ્યકત કર્યો હતો અને ચોક્કસ અને સંપૂર્ણ વિગતો સાથેની ટાઈમલાઈન રજૂ કરવા તાકીદ કરી હતી. હાઈકોર્ટે પોલીસ બેડામાં પ્રમોશનથી ભરતી વહેલી પૂરી કરી દેવા ટકોર કરી હતી.

પતિને આત્મહત્યા માટે દુષ્પ્રેરણાના કેસમાં મદદ કરી મિત્રતા કેળવી

વળતરની લાલચ આપી મામલતદાર વિધવાના ૪૨ લાખ ચાંઉ કરી ગયો !

- પૈસા પાછા માંગતા ધમકી મળી
- મહિલાએ મામલતદાર વિરૂદ્ધ નોંધાવી ફરિયાદ

અમદાવાદ, તા.૪

વિધવા મહિલાને ધંધામાં રોકાણ કરવાથી ફિક્સ વળતર મળશે તેમ કહી મામલતદાર ૪૨ લાખ રૂપિયા ચાંઉ કરી ગયા છે. મહિલાએ પૈસા પરત માગતા મામલતદારે ધમકી આપી હતી. જેથી આ મામલે વિધવા મહિલાએ નિકોલ પોલીસ મથકમાં મામલતદાર સામે અરજી આપતા પોલીસે તપાસ આદરી છે. શહેરના નિકોલ વિસ્તારમાં રેખાબહેન (નામ બદલ્યું છે) પોતાની દીકરી સાથે રહે છે. રેખાબહેનના પતિએ થોડા વર્ષો પહેલાં આત્મહત્યા કરી લીધી હતી. ત્યારે કઠલાલના મામલતદાર ધર્મેન્દ્ર પૂનમચંદ પટેલ મહિલાના મિત્ર હોવાથી દુખપ્રેરણા આપનાર સામે પગલાં લેવા મદદ કરી હતી. તેમની વચ્ચે પારિવારિક સંબંધ હતો. આ દરમિયાન વર્ષ ૨૦૧૯માં રેખાબહેન અમદાવાદ શિફટ થઈ ગયા હતા. ૨૦૨૦માં ધર્મેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આપણા પારિવારીક સંબંધ મજબૂત બને તે માટે મારા પુત્ર હારિત પટેલનો સંબંધ તમારી દીકરી સાથે થાય તે મને બહુ ગમશે. જો કે, તે વખતે દીકરી સગીર હોવાથી રેખાબહેને મોટા થયા બાદ બન્ને નિર્ણય લેશે તેમ જણાવ્યું હતું. બીજી તરફ ૨૦૨૦થી ૨૦૨૨ સુધી હારિતે રેખાબહેનની પુત્રી સાથે મિત્રતા રાખી હતી પરંતુ અન્ય યુવતી સાથે સંબંધ હોવાનું કહી સંબંધ તોડી નાંખ્યો હતો. બીજી તરફ ૨૦૨૦માં ધર્મેન્દ્ર પટેલે કાફે શરૂ કરવાથી બહુ સારો નફો મળશે અને ૨ ટકા વળતરની ખાતરી તેમ કહી ૪૨ લાખ રૂપિયા મેળવી લીધા હતા. જેમાં ૮ લાખ રેખાબહેને આરટીજીએસ કર્યા હતા. જયારે બાકીના પૈસા રોકડા આપ્યા હતા. પછી બીજી જગ્યાએ પણ રોકાણ કરાવ્યું હતું. ઉપરાંત અમૂક સમય માટે દર મહિને ૫૪ હજાર રૂપિયા આપ્યા હતા. પરંતુ ત્યારબાદ પૈસા આપવાનું બંધ કરી દીધું હતું. રેખાબહેને પૈસા માગતા મામલતદાર કક્ષાનો અધિકારી છું તમે મારું કંઈ નહીં બગાડી શકો તેવી ધમકી આપી હતી. જેથી રેખાબહેને આ મામલે નિકોલ પોલીસ મથકમાં મામલતદાર ધર્મેન્દ્ર પટેલ સામે ફરિયાદ નોંધવા અરજી કરતા પોલીસે તપાસ આદરી છે.

વઢવાણમાં રાજાશાહી વખતના ઐતિહાસિક ગઢની જર્જરિત દીવાલ ધરાશાયી : સમારકામની માંગ

(સંવાદદાતા દ્વારા)

વઢવાણ, તા.૪

વઢવાણ શહેરની ફરતે રાજાશાહી વખતમાં આજથી ૧૪૦૦ વર્ષ પહેલા બાંધવામાં આવેલા કિલ્લા એટલે કે ગઢની દીવાલો કેટલાક વર્ષોથી જર્જરીત બની ગઈ છે અનેકવાર આ દિવાળના કાંગરાઓ ખર્યા છે અને આ ગઢમાં મોટા મોટા ગાબડાઓ પડ્યા છે સરકારી તંત્ર આ ગઢની મરામત કરવામાં આળસ અને નિષ્ફળતા દાખવવામાં આવી રહી હોવાનું લાગી રહ્યું છે. ત્યારે પુરાતત્વ ખાતુ કે સરકારી ખાતું કે નગરપાલિકા કોના હસ્તકમાં આ ગઢની દીવાલો આવે છે વહેલી સવારે ગઢની દીવાલનો એક ભાગ ધરાશાયી થતા ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. વહેલી સવાર અને ટ્રાફિક ન હોવાના કારણે કોઈપણ પ્રકારની જાનહાની થવા કે નુકસાન થવા પામ્યું નથી આ અંગેની જાણકારી મળતા સુરેન્દ્રનગર દુધરેજ વઢવાણ નગરપાલિકાના ચીફ ઓફિસર નગરપાલિકાના પ્રમુખ

ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેન સહિત પાલિકાના જવાબદાર વ્યક્તિઓ તાત્કાલિબ દોડી ગયા હતા. સર્વે કરવા માટે સુરેન્દ્રનગર દુધરેજ વઢવાણ નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા સમર્થન પણ આપવામાં આવ્યું છે તેમણે વધુમાં જણાવ્યું કે જે લોકો ગઢની ઉપર બાંધકામ કરી અને વસવાટ કરવા લાગ્યા છે તેવા વ્યક્તિઓને હાલમાં નોટિસ પણ આપવામાં આવી છે અને તાત્કાલિક અસરે આ મકાનથી દૂર રહેવા માટે પણ જણાવવામાં આવ્યું છે આ લોકો આ જગ્યા ઉપરથી નહીં ખસી જાય તો તેમની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં તેવું તેમને એક મુલાકાતમાં જણાવ્યું છે હાલમાં સમગ્ર ગઢનું ચેકિંગ કરવામાં આવ્યું છે જે દીવાલો પડવા જેવી છે તેનું તાત્કાલિક અસરે સર્વે કરવામાં આવ્યું છે હાલમાં લોકો એવું રહી રહ્યા છે કે આ ગઢને તાત્કાલિક અસરે મરામત કરે અને પૂરા તત્વની ખાતું અને સરકારી તંત્ર આગળ આવી અને ગઢને તાત્કાલિક રીપેરીંગ કામ કરી અને નીચેની દીવાલો જે ખવાઈ ગઈ છે તેને પણ મરામત કરે તેવી વઢવાણ વાસીઓ દ્વારા માંગણી કરવામાં આવી છે. આ ઘટના અંગેની જાણકારી થતા વઢવાણ વાસીઓ પણ આ ઘટનાના સ્થળે દોડી ગયા હતા.

ગ્રાન્ડ આયાતુલ્લા નૂરી હમદાનીએ ગાઝા નરસંહાર પ્રત્યે વિશ્વની ઉદાસીનતાની ટીકા કરી

(એજન્સી) તા.૪

એક વરિષ્ઠ શિયા ધર્મગુરૂએ ગાઝાના લોકોની દુર્દશા અને પેલેસ્ટીની પ્રદેશોમાં ઈઝરાયેલી શાસનની નરસંહારનો ઉલ્લેખ કર્યો અને વિશ્વના મૌનની ટીકા કરી.

'ઈસ્લામિક ક્રાંતિના નેતાના દૃષ્ટિકોણથી અમેરિકન માનવ અધિકાર' વિષય પર એક આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધતા ગ્રાન્ડ આયતુલ્લાહ હુસૈન અલી નૌરી હમદાનીએ જણાવ્યું કે વિશ્વ ગાઝાના દલિત લોકો સામે કરવામાં આવી રહેલા નરસંહારને જોઈ રહ્યું છે.

આંતરરાષ્ટ્રીય પરિષદની ૮મી આવૃત્તિ મંગળવારે સવારે, ૨ જુલાઈ ૨૦૨૪, યુનિવર્સિટી ઓફ તેહરાન ખાતે યોજાઈ હતી.

તેમણે જણાવ્યું કે ગાઝા પટ્ટી પર ઝિઓનિસ્ટ શાસન દ્વારા નવ મહિનાના લાંબા હુમલામાં હજારો નિર્દોષ બાળકો અને લોકો

મૃત્યુ પામ્યા છે અને ઘણા ઘાયલ થયા છે.

તેમણે જણાવ્યું કે ગાઝામાં ૨૦ લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા છે અને ત્યાં ખોરાક અને પાણીની ભારે અછત છે. તેમણે એમ પણ જણાવ્યું કે ઈઝરાયેલ શાસન આંતરરાષ્ટ્રીય સહાય પહોંચાડવામાં અવરોધો ઊભી કરી રહ્યું છે.

વરિષ્ઠ મૌલવી આશ્ચર્યચકિત થયા, 'માનવ અંતઃકરણ ક્યાં છે ?' તેમણે કેટલાક મુસ્લિમ દેશોની ટીકા કરી હતી કે જેઓ ઈઝરાયેલના મુખ્ય સમર્થક અમેરિકા સાથેના સંબંધો પર પુનર્વિચાર કરવાનો ઈન્કાર કરે છે, પરંતુ ગાઝાના લોકોને મદદ કરવાને બદલે ઈઝરાયેલને મદદ કરે છે.

ગ્રાન્ડ આયાતુલ્લાહ નૂરી હમદાનીએ જણાવ્યું કે ગાઝાના દલિત લોકો કરતાં વધુ જુલમ અને અન્યાયનો સામનો કોઈ દેશે કર્યો નથી.

તેમણે જણાવ્યું કે ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન હંમેશા તેની ધાર્મિક ફરજના આધારે દલિત લોકોનું સમર્થન કરતું રહ્યું છે, પરંતુ પેલેસ્ટાઈન મુદ્દાના ઉકેલ માટે તમામ મુસ્લિમ દેશોની મદદ અને યોગદાનની જરૂર છે.

ગ્રાન્ડ આયાતુલ્લા નૂરી હમદાનીએ એમ પણ જણાવ્યું કે માનવાધિકાર પરની યુએસ આંતરરાષ્ટ્રીય પરિષદ એ વિશ્વભરમાં યુએસના માનવ અધિકારોના ઉલ્લંઘન પર વધુ પ્રકાશ પાડવાની તક છે.

ગાઝામાં માનવતાવાદી કટોકટી : વધતા જતા સંઘર્ષ વચ્ચે પરિવારોને કિનારે જવાની ફરજ પડી

(એજન્સી) તા.૪

યુએનના માનવતાવાદી અધિકારીઓએ મંગળવારે ચેતવણી આપી હતી કે, દક્ષિણ ગાઝામાં 'અંધાધુંધી અને ગભરાટ' ફેલાઈ રહ્યાં છે. ખાન યુનિસમાંથી ઈઝરાયેલી લશ્કરે આપેલા નવા સ્થળાંતર આદેશોનોને કારણે અંદાજિત ૨,૫૦,૦૦૦ લોકોને અસર કરશે.

પેલેસ્ટીન શરણાર્થીઓને મદદ કરતી યુએન એજન્સી, UNRWAએ સમગ્ર એક્લેવમાં ભારે બોમ્બમારાની બીજી રાત્રિની વિગત આપતા ચેતવણીમાં જણાવ્યું હતું કે, વિસ્થાપન શિબિરો પહેલાથી જ કિનારે ભરેલા પડેલા હોવાથી દક્ષિણ શહેરમાંથી ભાગી રહેલા ગાઝાના લોકોને પાણીના કિનારે આશ્રયસ્થાનો ઊભા કરવા પડશે.

માત્ર થોડા અઠવાડિયા પહેલા જ, ખાન યુનિસમાં ઈઝરાયલે કરેલા તીવ્ર બોમ્બમારાને લીધે ઘરો અને ઈમારતો નુકસાનને લીધે નાશ પામ્યા પછી તે વિસ્તાર નિર્જન બની ગયો હતો. પરંતુ જેવા ઈઝરાયેલી સંરક્ષણ દળો (IDF) મેની શરૂઆતમાં રફાહમાં તરફ ગયા પછી થોડા અન્ય વિકલ્પો સાથેના પરિવારો ત્યાં પાછા આવી ગયા હતા.

UNRWAના વરિષ્ઠ સંચાર અધિકારી લુઈસ વોટરિડજે જણાવ્યું હતું કે, 'અહીંના માનવતાવાદી પ્રતિભાવ માટે અને જમીન પરના પરિવારો માટે બીજો વિનાશક ફટકો છે. એવું લાગે છે કે, તેઓને વારંવાર બળજબરીથી વિસ્થાપિત કરવામાં આવી રહ્યાં છે.'

'અશક્ય નિર્ણયો' :- તેણીએ ઉમેર્યું હતું કે, 'હવે જેમને વિસ્થાપનની ફરજ પાડવામાં આવી છે તેમના માટે અશક્ય નિર્ણયોની શ્રેણી છે. માતા-પિતા કેવી રીતે નક્કી કરે છે કે, ક્યાં જવું અને એવી કઈ જગ્યા છે જ્યાં જઈ શકાય ? આજે સવાર સુધીમાં મધ્ય ગાઝા વિસ્તારના દરિયાકાંઠાના કિનારાના રસ્તા સુધી, તમે કામચલાઉ આશ્રયસ્થાનો જોઈ શકો છો. તેમાં પાણી આવી જાય છે. તે પહેલાથી જ સ્થળાંતર કરવું પડ્યું હોય એવા પરિવારોથી ભરાઈ ગયા છે.'

UNRWA અધિકારીએ નોંધ્યું હતું કે, 'ગાઝા પટ્ટીના ઉત્તર, મધ્ય અને દક્ષિણ વિસ્તારોમાં ભારે બોમ્બમારો ચાલી રહ્યો છે. કોઈ જગ્યા સુરક્ષિત નથી. જમીન પર પહેલેથી જ, અમે પરિવારોને આ વિસ્તારથી દૂર જતા જોઈ રહ્યા છીએ. ત્યાં વધુ અરાજકતા છે અને ગભરાટ ફેલાઈ રહ્યો છે.'

ઈંધણ અને સલામતીની અછત હોવા છતાં, વોટરિજે ભારપૂર્વક જણાવ્યું કે, 'યુએન એજન્સીએ પાણી, ખાદ્યપદાર્થો, લોટ, નેપ્પી, ગાદલા, તાડપત્રી અને આરોગ્યસંભાળ પહોંચાડવાનું ચાલુ

દિવાળી વેકેશનને કારણે ટ્રેનની ટિકિટ ૪ મહિના પહેલા કન્ફર્મ કરાવવી પડશે
જો તમારી પાસે ટિકિટ હોય તો, અમારી પાસે ડાયરેક્ટ પેકેજ પણ ઉપલબ્ધ છે.
OCT 6-13 NOV 3-10-17-24 કાશ્મીર શ્રીનગર-સોનમર્ગ પહેલગાંવ ફક્ત રૂ. 18,500/-
NOV-1-4-8 DEC-8-15 ગોવા ફક્ત રૂ. 7,500/-
NOV-1-4-8 DEC-8-15 કેરાલા કોચી - મુન્નાર - કન્યાકુમારી ફક્ત રૂ. 20,500/-
સુવિધા ટુરિઝમ યાસીન ઠિસોરા
M: 9974040880 | 9909029072
લગોના મસ્જિદ, નાડીયાવાડ, જમાલપુર, AHMEDABAD

રાખ્યું છે. પરંતુ હવે ઈઝરાયેલ દ્વારા લાદવામાં આવેલી ઘેરાબંધીને કારણે યુએન માટે કોઈપણ પ્રકારનો પ્રતિસાદ આપવાનું લગભગ અશક્ય બની રહ્યું છે અને હવે વધુ વિસ્થાપનના આદેશો કે, જે ફરી એકવાર સહાય મેળવવા માટે કેરેમ શાલોમ બોર્ડર ક્રોસિંગની અમારી એક્સેસને અસર કરે છે.'

ગાઝા સુધી પહોંચતી સહાયના અભાવ અંગે ઊંડી ચિંતાનો પડઘો પાડતા, યુએન વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ)એ હાઈલાઈટ કર્યું કે, કેવી રીતે ઈંધણની ડિલિવરીના અભાવે એન્ક્લેવમાં કાળજીનું નોંધપાત્ર રીતે સમાધાન કર્યું છે.

ઓછા પુરવઠામાં બળતણ :- પૂર્વીય ભૂમધ્ય સમુદ્રના પ્રાદેશિક નિર્દેશક ડૉ. હનાન બાલ્કીએ જણાવ્યું હતું કે, એકલા ગાઝાના હેલ્થકેર સેક્ટરને કામ કરવા માટે દરરોજના ૮૦,૦૦૦ લિટર ઈંધણની જરૂર પડે છે પરંતુ જૂનના અંત સુધીમાં કુલ માત્ર ૧,૯૫,૦૦૦થી ૨,૦૦,૦૦૦ લિટર જ ઈંધણ આવ્યું હતું; તે પછી, કેરેમ શાલોમથી ગાઝામાં કોઈ બળતણ આવ્યું નથી.

જેરૂસલેમથી વીડિયો લિંક દ્વારા બોલતા WHO અધિકારીએ સમજાવ્યું કે, શિપમેન્ટને પાણી, સ્વચ્છતા અને આરોગ્યરક્ષણ (WASH) સહિતના તમામ ક્ષેત્રો દ્વારા શેર કરવાની હતી જેમાં દરરોજ ૭૦,૦૦૦ લિટરની જરૂર પડે છે.

ડૉ. બાલ્કીએ જણાવ્યું હતું કે, 'પરિણામે હોસ્પિટલોમાં ફરી એકવાર ઈંધણની અછત છે, ગંભીર સેવાઓમાં વિક્ષેપના જોખમને લીધે ઈજાગ્રસ્ત લોકો મૃત્યુ પામી રહ્યા છે. ઈંધણની અછતને કારણે એમ્બ્યુલન્સ સેવાઓ વિલંબનો સામનો કરી રહી છે.' તેમણે ઉમેર્યું, ગેસોલિન અને ડીઝલની અછત પણ પાણી, વિતરણ, ગટરનું પમ્પિંગ અને કચરો સંગ્રહ જેવી આવશ્યક સેવાઓને અસર કરે છે.

રોગની ચિંતા :- WHO અધિકારીએ જણાવ્યું કે, ૧૫થી ૨૩ જૂન સુધી પાણી અને સ્વચ્છતા ક્લસ્ટરને સેવાઓ ચાલુ રાખવા માટે દરરોજ જરૂરી બળતણના પાંચ ટકા કરતાં ઓછું પ્રાપ્ત થયું અને પરિણામે પાણી સેવા પ્રદાતાઓને મ્યુનિસિપલ ભૂગર્ભજળના કુવાઓ અને બે કાર્યરત પાણીના ડિસેલિનેશન પ્લાન્ટની કામગીરી રેશન કરવાની ફરજ પડી છે. આ રોગોના ફેલાવામાં નોંધપાત્ર રીતે ફાળો આપી રહ્યું છે.' તેમણે હેપેટાઈટિસ A, ઝાડા, ચામડીના રોગ અને અન્ય પાણીજન્ય રોગોથી પીડાતા પુખ્ત વયના લોકો અને બાળકોની સંખ્યામાં વધારો થવા અંગે પ્રકાશ પાડ્યો હતો.

ઉત્તર સીરિયામાં તુર્કી સૈન્યની હાજરી વિરૂદ્ધના દેખાવોમાં ચાર લોકોનાં મોત

(એજન્સી) તા.૪

ઉત્તર સીરિયામાં તુર્કીની સૈન્ય હાજરી સામે આ અઠવાડિયે રમખાણો ફાટી નીકળ્યા છે, જ્યારે તુર્કીમાં સીરિયનો વિરૂદ્ધ જાતિવાદી હુમલાઓ વધ્યા છે અને અંકારા બશર અલ-અસદના શાસન સાથે સમાધાન કરવા વિચારી રહ્યું છે.

રવિવારના રોજ એક સીરિયન વ્યક્તિએ કૈસેરીના મધ્ય શહેરમાં એક યુવાન છોકરી પર જાતીય હુમલો કર્યો હોવાના આક્ષેપો પછી તુર્કીના નાગરિકોએ સમગ્ર દેશમાં સીરિયનો સામે હિંસક હુમલાઓની શ્રેણી શરૂ કરી, જે દેશમાં પહેલેથી જ તંગ ભેદભાવને ઉશ્કેરે છે.

તુર્કીના ગૃહ મંત્રી અલી યર્લિકાયાએ પછી જાહેરાત કરી છે કે સત્તાવાળાઓએ તણાવ ઓછો કરવાના પ્રયાસમાં દેશમાં સીરિયનો સામે હિંસાના સંબંધમાં ૪૭૪ લોકોની અટકાયત કરી છે. આ હોવા છતાં, ઉત્તર સીરિયામાં તુર્કીની સૈન્ય હાજરી સામે વિરોધ પ્રદર્શનો સમગ્ર પ્રદેશમાં થયા હતા, જેમાં વિરોધીઓએ તુર્કી માલસામાન વહન કરતી ટ્રકો પર પથ્થરમારો કર્યો હતો અને સળગાવી હતી. આજે જ્યારે સશસ્ત્ર માણસો અને મિલિશિયા લડાકુઓ - જેમાંથી ઘણા મિલિશિયા હયાત તહરિર અલ-શામ (HT) સાથે જોડાયેલા હતા ત્યારે તણાવ વધુ વધ્યો - તુર્કી સૈનિકો અને તુર્કી સમર્થિત સીરિયન નેશનલ આર્મી (SNA) લડાકુઓ દ્વારા હુમલો કર્યો. તુર્કી દળોએ કથિત રીતે સશસ્ત્ર માણસો પર ગોળીબાર કર્યો હતો, જેમાં આફ્રીનમાં ચાર લોકો મૃત્યુ પામ્યા. જે આગામી દિવસોમાં વધુ આક્રોશ અને

અથડામણની શક્યતા વધારે છે. તુર્કીના સત્તાવાળાઓએ અશાંતિના પરિણામે વધારાની સાવચેતી રાખી છે, સીરિયા સાથેની સરહદ ક્રોસિંગ બંધ કરી દીધી છે અને તેમના નિયંત્રણ હેઠળના પ્રદેશમાં તુર્કી સાથે જોડાયેલા ઈન્ટરનેટ નેટવર્ક જેવા સંદેશાવ્યવહારને કાપી નાખ્યો છે. તુર્કીમાં સીરિયનો પર હુમલાઓ ઉપરાંત, ઉત્તર સીરિયામાં વધતો તણાવ પણ તુર્કી સરકાર દ્વારા બશર અલ-અસદ શાસન સાથેના તાજેતરના નવા પ્રયાસોને કારણે દેખાય છે. સીરિયન ક્રાંતિની શરૂઆતના તેર વર્ષ પછી અને સીરિયન વિરોધ માટે તુર્કીના સમર્થન પછી, અસદ શાસનની ક્રૂરતા સામે અંકારા અને તેના દળો તેમને છોડી દેશે તેવી લાગણી બળવાખોરોના કબજામાં રહેલા ઘણા લોકોને સમાધાનથી છોડી દેવામાં આવી છે. આ ચિંતા તુર્કીની અંદર રહેતા સીરિયનો સુધી પણ વિસ્તરે છે - જેઓ તુર્કીની નાગરિકતા મેળવવામાં સફળ થયા છે - જેમને ડર છે કે સત્તાવાળાઓ તેમને દેશ છોડવા દબાણ કરશે અને શાસન-નિયંત્રિત સીરિયામાં પાછા ફરશે અથવા દબાણ કરશે.

લેબેનોન ઈઝરાયેલ માટે 'પરત ન ફરી શકાય એવું નર્ક' બની રહેશે : ઈરાનના વચગાળાના વિદેશમંત્રી

આ ટિપ્પણી લેબેનોન પર ઈઝરાયેલી હુમલા અંગે વધતી જતી ચિંતાઓ વચ્ચે આવી હતી, ઈઝરાયેલ જે ઓકટોબર ૭, ૨૦૨૩થી ગાઝા પટ્ટીમાં યુદ્ધની શરૂઆતથી દરરોજ હુમલાઓનો અનુભવ કરી રહ્યું છે

(એજન્સી) તા.૪

ઈરાનના વચગાળાના વિદેશમંત્રીએ ચેતવણી આપી હતી કે, જો ઈઝરાયેલ લેબેનીઝ પ્રતિકાર ચળવળ જૂથ હિઝબુલ્લાહ સામે યુદ્ધ શરૂ કરશે. લેબેનોન ઈઝરાયેલ માટે 'પરત ન ફરી શકાય તેવું નર્ક' બની જશે. અલી બઘેરી કાનીએ ગઈકાલે રાજધાની તેહરાનમાં ઈરાન સરકારની સાપ્તાહિક કેબિનેટ બેઠકની બાજુમાં આ ટિપ્પણી કરી હતી. બઘેરીએ અહેવાલમાં જણાવ્યું હતું કે, લેબેનોનમાં ઈરાન સમર્થિત જૂથોએ ઈઝરાયેલ વિરૂદ્ધ હુમલાઓ અને રાજદ્વારી પ્રયાસો બંનેમાં સક્રિયપણે ભાગ લીધો છે તેઓ જરૂરી અવરોધો બનાવ્યા છે. તેમણે ઉમેર્યું,

'લેબેનોન ચોક્કસપણે યહૂદી માટે પાછા ફર્યા વિના નરક બનશે.'

આ ટિપ્પણી લેબેનોન પર ઈઝરાયેલી હુમલાઓ અંગે વધતી જતી ચિંતાઓ વચ્ચે આવી હતી, જે ઓકટોબર ૭, ૨૦૨૩થી ગાઝા પટ્ટીમાં યુદ્ધની શરૂઆતથી દરરોજ હુમલાઓનો અનુભવ કરી રહી છે. હિઝબુલ્લાહના અધિકારીઓએ ઈઝરાયેલ સાથેના યુદ્ધમાં તેમની અરૂચિ વ્યક્ત કરી હતી, પરંતુ જો યુદ્ધ થાય તો તેઓ આવા દૃશ્ય માટે તૈયાર છે. ઓકટોબર ૭, ૨૦૨૩થી ઈઝરાયેલી દળો ગાઝા પટ્ટી પર વિનાશક યુદ્ધ ચલાવી રહ્યા છે જેમાં ૩૭,૯૨૫થી વધુ મૃત્યુ અને ૮૭,૧૪૧ લોકો ઘાયલ થયા છે, જેના કારણે મોટાપાયે માળખાકીય વિનાશ અને અભૂતપૂર્વ માનવતાવાદી આપત્તિ સર્જાઈ છે.

પેલેસ્ટીની કેદીઓ પર ઝાયોનિસ્ટ ઈઝરાયેલી શાસનની ક્રૂરતા

(એજન્સી) તા.૪

ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલના નાઝી શાસન દ્વારા આચરવામાં આવેલા જઘન્ય ગુનાઓની લાંબી સૂચિમાંથી, ઈઝરાયેલે પેલેસ્ટીની કેદીઓ સાથે જે પાશવી વર્તન કર્યું છે તે એક એવો ગુનો છે જેની ભાગ્યે જ વાત કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય સંમેલનોએ યુદ્ધ કેદીઓ માટે જે પ્રાથમિક અધિકારો નક્કી કર્યા છે તેનાથી તેમને વંચિત રાખીને, તેમની સાથે સૌથી અપ્રિય, કઠોર અને હિંસક પરિસ્થિતી બનાવીને વ્યવહાર કરાયો છે. આંતરરાષ્ટ્રીય કાયદો બહુવિધ પેલેસ્ટીની કેદીઓને યુદ્ધ કેદીઓ તરીકે વર્ગીકૃત કરે છે. જેઓ યુદ્ધના કેદીઓની સારવાર સંબંધિત જિનીવા III સંમેલન દ્વારા પ્રદાન કરવામાં આવેલ રક્ષણ માટે હકદાર છે. અન્ય એવા કેદીઓ છે કે, જેઓ યુદ્ધના સમયમાં નાગરિક વ્યક્તિઓના રક્ષણને લગતા જિનીવા IV સંમેલનની જોગવાઈઓને આધીન છે. ઈઝરાયેલ પેલેસ્ટીની કેદીઓ અને અટકાયતીઓને આ સંમેલનો લાગુ કરવાનો ઈન્કાર કરે છે. ઈઝરાયેલ દ્વારા અપનાવવામાં આવેલી તાજેતરની ફોજદારી નીતિ સર્વોચ્ચવાદી પક્ષ ઓત્ઝમા યેહુદિત (યહુદી શક્તિ) દ્વારા પેલેસ્ટીની કેદીઓની, જેલમાં રહેલી વસ્તી ઘટાડવા માટે અને પોતાને આતંકવાદીઓથી છુટકારો અપાવવા માટે ફાંસી આપી દેવા માટેના રજૂ કરાયેલ બિલની હિમાયત કરે છે. આ ક્રિયાઓનો જાહેર સંરક્ષણ ઝાયોનિસ્ટ સરકારના રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી, ફાશીવાદી ઈટામર બેન ગ્વીરે ૩૦મીને રવિવારે ઈઝરાયેલી ટીવી પરની એક મુલાકાતમાં જાહેર કર્યું હતું કે, 'તેમને માથામાં ગોળી મારીને મારી નાખવા જોઈએ.' તે જ દિવસે, ઈઝરાયેલ ઓક્યુપેશને, ગાઝા પટ્ટીની સૌથી મોટી અલ-શિફા હોસ્પિટલના ડાયરેક્ટર ડૉ. મુહમ્મદ અબુ સલમિયાને, તેમની હોસ્પિટલ પર પર કરાયેલા હુમલા, અપહરણ અને ધરપકડના સાત મહિના પછી તેમની સામે કોઈપણ આરોપો સાબિત કર્યા વિના મુક્ત કર્યા હતા. ડૉ. સલમિયાએ છુટીને આવ્યા પછી નિવેદન આપ્યુ હતુ કે, ત્યાં રખાયેલા તમામ કેદીઓ મારપીટ અને અપમાન સહન કરે છે. ઘણાને ખોરાક, પીવાનું પાણી અને દવાની અછત તેમજ બળાત્કાર જેવા દુરૂપયોગને આચરવા માટે પ્રશિક્ષિત કૂતરાઓનો ઉપયોગ કરવાની પશુતા સાથે કેટલાક દિવસો સુધી હાથકડી અને આંખે પાટા બાંધી રાખવામાં આવે છે. આ ઉપરાંત ઈઝરાયેલ ડાયાબિટીસથી પીડિત કેદીઓની સારવાર કરવાને બદલે તેમના અંગ કાપી નાખે છે. બીમાર કે ઈજાગ્રસ્ત કેદીઓને વગર એનેસ્થેસિયાએ શસ્ત્રક્રિયા કરવામાં આવી છે જેમાં અંગ વિચ્છેદન અથવા વાગેલી ગોળી (બુલેટ) દૂર કરવામાં આવે છે. પેલેસ્ટીની લેજિસ્લેટિવ કાઉન્સિલના પ્રમુખ, ૭૫ વર્ષીય અબ્દેલ અઝીઝ દ્વેઈકે, ઈઝરાયેલના દક્ષિણમાં સ્થિત નેગેવ જેલમાં તેમણે વિતાવેલા આઠ મહિનામાં અભૂતપૂર્વ યાતનાઓને સહન કરી, તેની નિંદા કરી હતી. તે આ જેલને વિશ્વની સૌથી ખરાબ જેલ માને છે. ૭ ઑકટોબર પછી અપહરણ કરાયેલા અને તાજેતરમાં મુક્ત કરાયેલા કેદીઓને દેખાવે વિકૃત કરીને તેમના પરિવારો પાસે પાછા મોકલવામાં આવ્યા હતા. આ કેદીઓનું વજન ઓછું થઈ ગયું હતું અને ઈઝરાયેલના જેલરોએ કરેલા જઘન્ય અત્યાચારોને કારણે તેમના ચહેરાનું માળખું પણ બદલાઈ ગયું હતું, જેના કારણે તેમના પરિવારો અને બાળકો તેમજ માતા-પિતા ઓળખી પણ શકતા ન હતા. માનવાધિકારનું બીજું ગંભીર ઉલ્લંઘન એ પેલેસ્ટીની શહીદોના અંગોની ચોરી છે, જેને સંયુક્ત રાષ્ટ્રમાં પેલેસ્ટીની રાજદૂત રિયાદ મન્સૂર દ્વારા ઔપચારિક રીતે વખોડવામાં આવી હતી. ગાઝામાં તબીબી વ્યાવસાયિકોએ પરત મોકલાયેલા કેદીઓના શબના શરીરની તપાસ કરી હતી. તેમણે કોર્નિયા (આંખના ડોળા ઉપરનો પારદર્શક પડદો) અને કોક્લીસ (કાનના અંદરના ભાગનું પોલાણ), સાંભળવા માટે જવાબદાર કાનનો આંતરિક ભાગ, તેમજ હૃદય, યકૃત અને કિડની જેવા મહત્ત્વપૂર્ણ અંગોની ચોરીની જાણકારી આપી હતી. એનજીઓ, યુરો-મેડ મોનિટર, ઈઝરાયેલી સેના દ્વારા ઉત્તરી ગાઝા પટ્ટીમાં અલ-શિફા મેડિકલ કોમ્પ્લેક્ષ અને ઈન્ડોનેશિયન હોસ્પિટલમાંથી ડઝનેક શબ જપ્ત કર્યાનું દસ્તાવેજીકરણ અને નિંદા કરી હતી. તાજેતરમાં ઈઝરાયેલના ડૉક્ટર મીરા વેઈસે તેમના પુસ્તક ઓવર ધેર ડેડ બોડીઝમાં ખુલાસો કર્યો હતો કે, મૃત પેલેસ્ટીનીઓમાંથી લેવામાં આવેલા અંગોનો ઉપયોગ ઈઝરાયેલની યુનિવર્સિટીઓની તબીબી શાળાઓમાં તબીબી સંશોધનમાં કરવામાં આવતો હતો અને યહૂદી-ઈઝરાયેલી દર્દીઓના શરીરમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવતો હતો. જેલો ઈઝરાયેલી લશ્કરી ઉત્પાદનો અને સેવાઓના વિકાસ માટે પ્રયોગશાળા તરીકે સેવા આપે છે, જે મોટી ફાર્માસ્યુટિકલ કંપનીઓને પેલેસ્ટીની કેદીઓ પર ક્લિનિકલ ટ્રાયલ કરવા માટે અધિકૃત કરે છે. હાલમાં, એકલા વેસ્ટ બેંકમાં ૯,૪૫૦ પેલેસ્ટીની કેદીઓ આવા ઉલ્લંઘનોને આધિન છે, એક ભયાનક આંકડા જે 'યહૂદી રાજ્ય'ની રચના પછી માત્ર વધુ ખરાબ થયા છે અને ગાઝા પટ્ટીમાં ૭ ઓકટોબરથી વધુ ૫,૫૦૦ અપહરણ થયા છે. 'ઈઝરાયેલ' વ્યવસાયના વિરોધના કોઈપણ સ્વરૂપને ગુનાહિત બનાવે છે અને ક્રમિક ઈઝરાયેલી સરકારોએ જેલને પેલેસ્ટીનીઓ માટે દમન અને સજાનું મુખ્ય સાધન બનાવ્યું છે.

ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન સોલિડેરિટી વિથ પ્રિઝનર્સ અનુસાર, ૨૦૧૫થી ૨૦,૦૦૦થી વધુ અને ૧૯૬૭થી ૧૦ લાખથી વધુ કેદીઓ ઈઝરાયેલની જેલોમાં આવી ચૂક્યા છે. માનવ અધિકાર ચળવળો અહેવાલ આપે છે કે, ૫૬૧ પેલેસ્ટીની આજીવન કેદ અને ૫૩૩ પેલેસ્ટીનીઓ વીસ વર્ષથી વધુની સજા ભોગવી રહ્યા છે, જેમાં ૪૦ મહિલાઓ છે જેમાંથી કેટલીક ગર્ભવતી છે; ૨૫૦ બાળકો છે જેમાં કેટલાક બાળકોની ઉમર દસ વર્ષથી ઓછી છે; ૩,૪૧૦ વહીવટી કેદીઓ; અને આશ્ચર્યજનક રીતે કાયદેસર રીતે પેલેસ્ટીની લેજિસ્લેટિવ કાઉન્સિલ માટે ચૂંટાયા હતા તેવા ૧૫ ડેપ્યુટીઓનો સમાવેશ થાય છે. કેદીઓની માહિતી અને પુરાવા ગુપ્ત રાખવામાં આવે છે અને ઈઝરાયેલી લશ્કરી આદેશો અનુસાર, અટકાયતી અથવા વકીલ દ્વારા એક્સેસ કરી શકાતા નથી. વહીવટી અટકાયત એ ઈઝરાયેલી રંગભેદના સતાવણીની સૌથી નિર્દોષ પદ્ધતિઓમાંની એક છે અને તેને અમર્યાદિત સમયગાળા માટે નવીકરણ કરી શકાય છે. કેદીઓમાં ઘણી સ્ત્રીઓ અને બાળકો છે જેઓ શારીરિક અને મનોવૈજ્ઞાનિક હિંસાનો ભોગ બની છે અને ઈઝરાયેલી સરકાર દ્વારા શાળાઓમાં જવાથી અને શિક્ષણ મેળવવાથી વંચિત રાખવામાં આવે છે, જે આંતરરાષ્ટ્રીય કરારો અને સંમેલનોમાં સ્થાપિત અધિકાર છે. ઈઝરાયેલની જેલોની અંધારી કોટડીમાંથી પેલેસ્ટીની કેદીઓની મુક્તિ અને નદીથી સમુદ્ર સુધીની જમીન માટે, ગૌરવ માટે પેલેસ્ટીની લોકોના સંઘર્ષ, હંમેશા ન્યાય માટે લડતા તમામ લોકોની એકતા અને સમર્થન પર વિશ્વાસ કરશે અને વિશ્વના ખૂણા અધિકારોના આદર માટે સન્માન પામશે. ઈઝરાયેલ દ્વારા પેલેસ્ટીનીઓના સર્વનાશ એક મોડેલ બની શકતું નથી, કારણ કે દક્ષિણ આફ્રિકામાં નાઝીવાદ અને રંગભેદ આ ૭૬ વર્ષોના વ્યવસાયમાં ઝાયોનિસ્ટ શાસન દ્વારા સેવા આપી રહ્યા છે અને તેનો ઉપયોગ કરી રહ્યા છે, જેનો સાચો ચહેરો લોકો પ્રત્યે નફરત અને પેલેસ્ટીની કેદીઓ વિરૂદ્ધ ગંભીર ઉલ્લંઘન છે.

બાઈડેનની ગાઝા નીતિના વિરોધમાં રાજીનામું આપનારા અમેરિકી અધિકારીઓ : તથ્ય જાણો

(એજન્સી) તા.૪

છેલ્લા નવેક મહિનાથી ગાઝા ઉપર જારી રાખેલા યુદ્ધમાં ઈઝરાયેલને જો બાઈડેન દ્વારા સમર્થન આપવાના વિરોધમાં અમેરિકી વહીવટી તંત્રના ઓછામાં ઓછા નવ અધિકારીઓએ રાજીનામા ધરી દીધા છે. અધિકારીઓએ અમેરીકી પ્રમુખ પર આરોપ મુક્યો છે કે, તેમણે પેલેસ્ટીની એન્ક્લેવમાં ઈઝરાયેલના અત્યાચારો તરફ આંખ આડા કાન કર્યા છે

જોકે બાઈડેન વહીવટીતંત્રએ આ આક્ષેપનો ઈન્કાર કર્યો છે. તેમણે ગાઝામાં નાગરિકોની જાનહાનિની કરવામાં આવી તેની ટીકા અને એક્લેવમાં માનવતાવાદી સહાયને વેગ આપવાના તેના પ્રયત્નો તરફ ધ્યાન દોર્યું છે. ગાઝાના આરોગ્ય અધિકારીઓના કહેવા મુજબ, ઈઝરાયેલે કરેલા હુમલામાં લગભગ ૩૮,૦૦૦ લોકો માર્યા ગયા છે. ૭ ઓકટોબરના રોજ હમાસના લડવૈયાઓએ ઈઝરાયેલમાં ઘૂસી જઈને તેનું આક્રમણ શરૂ કર્યું હતું. ઈઝરાયેલના આંકડાઓ અનુસાર આ આક્રમણમાં આશરે ૧૨૦૦ લોકો માર્યા ગયા અને ૨૫૦ જેટલા ઈઝરાયેલી નાગરિકોને બંધકો બનાવી લેવામાં આવ્યા હતાં. જો કે, ત્યારથી, હારેત્ઝ દ્વારા એવું જાહેર કરવામાં આવ્યું છે કે, ઈઝરાયેલની સેનાના હેલિકોપ્ટર અને ટેંકોએ, હકીકતમાં, પેલેસ્ટીની પ્રતિકાર દ્વારા માર્યા ગયા હોવાનો ઈઝરાયેલ દ્વારા દાવો કરાયેલા ૧,૧૩૯ સૈનિકો અને નાગરિકોમાંથી ઘણાને માર્યા ગયા હતા.

આ છે રાજીનામું આપનારા અમેરિકી અધિકારીઓ

મરિયમ હસનૈન : આંતરિક વિભાગમાં વિશેષ સહાયક હતાં, તેમણે મંગળવારે નોકરી છોડી દીધી હતી. તેમણે બાઈડેનની વિદેશ નીતિની નિંદા કરી, તેને 'નરસંહાર-સક્ષમ' અને અરબો અને મુસ્લિમોને પ્રત્યે અમાનવીય વ્યવહાર તરીકે વર્ણવ્યું હતું.

સ્ટેસી ગિલ્બર્ટ : સ્ટેટ ડિપાર્ટમેન્ટના બ્યુરો ઓફ પોપ્યુલેશન રેફ્યુજીસ એન્ડ માઈગ્રેશનમાં

ફરજ બજાવતા સ્ટેસી ગિલ્બર્ટ મેના અંતમાં રાજીનામુ આપીને ચાલ્યા ગયા હતાં. તેમણે જણાવ્યું હતું કે, તેણીએ કૉંગ્રેસને વહીવટી અહેવાલ પર રાજીનામું આપ્યું હતું જેમાં તેણીએ ખોટી રીતે જણાવ્યું હતું કે, ઈઝરાયેલ ગાઝાને માનવતાવાદી સહાયને અવરોધિત કરતું નથી.

એલેક્ઝાન્ડર સ્મિથ :

યુએસએઆઈડીના કોન્ટ્રાક્ટર એલેક્ઝાન્ડર સ્મિથે મેના અંતમાં રાજીનામું ધરી દીધુ હતું. યુએસ વિદેશી સહાય એજન્સીએ પેલેસ્ટીનીઓમાં માતાઓ અને બાળકોના મૃત્યુ પરના તેમના પ્રસ્તુતિના પ્રકાશનને રદ કર્યો હતો. જે પછી તેમણે સેન્સરશીપનો આરોપ લગાવીને, તેમનું પદ છોડી દીધું હતું. જોકે એજન્સીએ કહ્યું હતું કે, તે યોગ્ય સમીક્ષા અને મંજૂરીમાંથી પસાર થયું નથી.

લિલી ગ્રીનબર્ગ : મે મહિનામાં લિલી ગ્રીનબર્ગ કોલ રાજીનામું આપનાર પ્રથમ યહૂદી હતા. તેમણે આંતરિક વિભાગમાં ચીફ ઓફ સ્ટાફના વિશેષ સહાયક તરીકે સેવા આપી હતી. તેણીએ ગાર્ડિયનમાં લખ્યું, "એક યહૂદી તરીકે, હું ગાઝા વિનાશને સમર્થન આપી શકતી નથી."

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ..... ગુજરાત ટુડે

નેશનલ ટેસ્ટીંગ એજન્સીની સાથોસાથ સરકાર પણ 'નાપાસ' જ ગણાય

સ્પર્ધાત્મક અને પ્રવેશ પરીક્ષાઓમાં છેતરપિંડીની વધતી જતી ઘટનાઓને કારણે નેશનલ ટેસ્ટિંગ એજન્સી એટલે કે NTAની વિશ્વસનીયતા પર ગંભીર પ્રશ્નાર્થ ઊભો થયો છે. મેડિકલ અભ્યાસક્રમો માટે લેવામાં આવતી નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ એટલે કે NEETમાં કૌભાંડોને કારણે સમગ્ર સિસ્ટમ પર આંગળીઓ ઉઠવા લાગી છે. હવે વડાપ્રધાને સંસદમાં આશ્વાસન આપ્યું હતું કે જે લોકો યુવાનોના ભવિષ્ય સાથે રમત રમી રહ્યા છે તેમની સામે કડક પગલાં લેવામાં આવશે. પરીક્ષા પ્રણાલીને મજબૂત અને ભરોસાપાત્ર બનાવવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે. વિપક્ષ આ મુદ્દે સતત સરકારને ઘેરવાનો પ્રયાસ કરી રહ્યો છે. તેઓ લોકસભામાં ચર્ચાની માંગ કરી રહ્યા છે.

વડાપ્રધાનના નિવેદન બાદ હવે તેઓ થોડા શાંત થયા છે. પરંતુ આ માત્ર આશ્વાસન પૂરતું મર્યાદિત ન હોવું જોઈએ, તે વ્યવહારિક સ્તરે પણ હોવું જોઈએ. શરૂઆતથી જ આ બાબતને દબાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. NTAએ કહ્યું કે આ પરીક્ષામાં કોઈ ગેરરીતિ થઈ નથી. જે કેન્દ્રો પર ઉમેદવારોને પેપર મેળવવામાં અડચણો આવતી હતી તે કેન્દ્રો પર ગ્રેસ માર્ક્સ આપવામાં આવ્યા હતા. જેના કારણે ઘણા વિદ્યાર્થીઓને પૂરા માર્ક્સ મળ્યા છે. આ અંગે તપાસ માટે એક કમિટી બનાવવામાં આવી છે.

પરંતુ જ્યારે જવાબ પત્રકોની ચકાસણીમાં અપારદર્શકતા અને માત્ર અમુક કેન્દ્રોમાંથી જ ઉચ્ચતમ અને સંપૂર્ણ માર્ક્સ મેળવનારા વિદ્યાર્થીઓની હકીકતો બહાર આવી ત્યારે આ શંકા વધુ ઘેરી બની હતી. જ્યારે બિહાર અને ગુજરાતમાં ગોલમાલ કરતી કેટલીક ગેંગ પર કડક કાર્યવાહી કરવામાં આવી ત્યારે ચોંકાવનારી હકીકતો સામે આવવા લાગી છે. જો કે આ કેસ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી માટે આવ્યો છે, તેમાં તપાસ ચાલી રહી છે, ઘણા આરોપીઓની ધરપકડ પણ કરવામાં આવી છે. પરંતુ પ્રશ્ન એ રહે છે કે શા માટે સરકારે શરૂઆતમાં દરમિયાનગીરી ન કરી અને કૌભાંડ થયું હોવા છતાં કહેતી રહી કે કૌભાંડ નથી થયું ઉલ્ટાનું જે કામ સરકારે કરવું જોઈતું હતું તે માટે કોર્ટમાં કેમ જવું પડ્યું? આ જ સમયગાળા દરમિયાન બીજી ઘણી પરીક્ષાઓ રદ કરવામાં આવી ત્યારે સરકાર પરીક્ષા રદ કરવામાં શા માટે આનાકાની કરી હતી?

કૌભાંડ કરનાર ગેંગના કેટલાક સભ્યોની ધરપકડ અને તેમની કબૂલાતથી જાણવા મળ્યું છે કે NEET પરીક્ષામાં ચોખ્ખી ગેરરીતિ કરવામાં આવી હતી. એવો આરોપ છે કે છેતરપિંડી કરનારાઓએ કેટલાક વિદ્યાર્થીઓ પાસેથી મોટી રકમ વસૂલ કરી હતી અને તેમના વતી તેમની ઉત્તરવહીઓ પર જવાબો ભર્યા હતા. અત્યાર સુધી માત્ર એક જ આરોપ છે કે ચીટરો પરીક્ષા પહેલા જ પેપરો બહાર પાડીને વિદ્યાર્થીઓને તેમના જવાબો યાદ કરાવતા હોય છે. પરંતુ આ મામલો તેના કરતા ઘણો આગળ વધી ગયો હોય તેવું લાગી રહ્યું છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે કૌભાંડી પરીક્ષા માફિયાઓએ વિદ્યાર્થીઓને, જેમની પાસેથી પૈસા લીધા હતા, કેટલાક નિર્ધારિત પરીક્ષા કેન્દ્રો પર બેસાડ્યા અને તેમની આન્સરશીટમાં સાચા જવાબો ભર્યા. આ પ્રશ્નપત્રોની સુરક્ષામાં NTAની બેદરકારી જ નહીં પરંતુ આ છેતરપિંડીમાં તેની સીધી સંડોવણી પણ દર્શાવે છે. સ્પર્ધાત્મક અને પ્રવેશ પરીક્ષાઓમાં ગેરરીતિ રોકવાના ઉદ્દેશ્યથી જે સંસ્થાની રચના કરવામાં આવી હતી તેના પર આ સ્તરની હેરાફેરીમાં મિલીભગત હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે, તો તેના પર કેટલી હદે વિશ્વાસ જાળવી શકાય. વડાપ્રધાને પરીક્ષા પદ્ધતિને પારદર્શક બનાવવાનું આશ્વાસન આપ્યું છે, પરંતુ જ્યાં સુધી NTAની કામગીરીને ભરોસાપાત્ર બનાવવામાં નહીં આવે ત્યાં સુધી તેના દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓ પર વિશ્વાસ કેળવવો મુશ્કેલ બનશે.

પોલીસ ફરિયાદોથી લઈને કાયદાની પરીક્ષાઓ સુધી નવા કાયદાઓ આપણા જીવન પર કેવી અસર કરશે

નવા ફોજદારી કાયદા કે જેણે સદીઓ જૂના IPC, CrPC અને એવિડન્સ એક્ટનું સ્થાન લીધું છે, તે પોલીસ ફરિયાદો દાખલ કરવાની રીતને બદલી નાખે છે. એટલું જ નહીં, કાયદાકીય પ્રણાલી સાથે સંકળાયેલા લોકો, જેમ કે પોલીસ કર્મચારીઓ, વકીલો, ન્યાયિક ઉમેદવારો અને કાયદાના વિદ્યાર્થીઓને અસર થશે. આ કેવી રીતે અને કેટલી હદે થશે.

પોલીસ અધિકારીઓ કહે છે કે તાલીમ અને માર્ગદર્શિકા હોવા છતાં, તેઓને કેટલીક પ્રારંભિક અડચણોનો સામનો કરવો પડી શકે છે

ભારતીય દંડ સંહિતા (IPC), ફોજદારી કાર્યવાહીની સંહિતા (CrPC) અને પુરાવા અધિનિયમ પર પડદો પડી ગયો છે અને ભારતે ૧ જુલાઈએ ત્રણ નવા ફોજદારી કાયદાઓનું સ્વાગત કર્યું છે. પરંતુ આ કાયદાઓનો આપણા રોજિંદા જીવન સાથે શું સંબંધ છે, તમે પૂછશો? નવા કાયદા તમારી પોલીસ ફરિયાદ દાખલ કરવાની રીત અને પોલીસ દ્વારા કેસની તપાસ કેવી રીતે કરવામાં આવે છે તે બદલાશે. એટલું જ નહીં, પોલીસ કર્મચારીઓ, વકીલો, ન્યાયિક સેવાના ઉમેદવારો અને કાયદાના વિદ્યાર્થીઓ સહિતના લોકોના જીવનમાં ઓછામાં ઓછા ટૂંકા ગાળામાં મોટો ફેરફાર જોવા મળશે. ભારતીય ન્યાય સંહિતા (BNS), ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ (BSAA)ની શરૂઆત કરતી વખતે સરકારે જણાવ્યું હતું કે નવા કાયદાઓ અગાઉના કાયદાઓની વસાહતી છાપ છોડી દે છે અને તેઓ ન્યાયનો નવો યુગ લાવે છે. જેમ જેમ આ નવા કાયદાઓ ભારતીય કાનૂની પ્રણાલીમાં સમાવિષ્ટ થશે, તેમ તેમ તેને ભારતમાં કાયદાકીય પ્રણાલી સાથે જોડાયેલા લોકોની ચેતનામાં પણ સમાવિષ્ટ થવું પડશે. આ કાયદાઓમાં એવી જોગવાઈઓ છે જે ફરિયાદો દાખલ કરવાની, પુરાવા એકત્રિત કરવાની અને પોલીસિંગ કરવાની રીતમાં ફેરફાર કરે છે. આનાથી વકીલો કેસ લડવા અને ન્યાયિક ઉમેદવારોને જજ બનવાની તૈયારી કરવાની રીતમાં પણ ફેરફાર કરશે. આ કારણોસર, આ નવા કાયદા ઘણા લોકોના જીવનને બદલવા માટે તૈયાર છે. વકીલો વિવિધ ગુનાઓ માટે નવા વિભાગો અને કલમોનો અભ્યાસ કરી રહ્યા છે. પોલીસ અધિકારીઓ નવા કાયદા અંગે તાલીમ લઈ રહ્યા છે, અને તેઓ પોલીસિંગ માટે અપડેટેડ સોફ્ટવેરથી પોતાને પરિચિત કરી રહ્યા છે. કાયદાના વિદ્યાર્થીઓ અને ન્યાયતંત્રના ઉમેદવારો હવે તેમના શિક્ષણના ભાગ રૂપે IPC અને CrPC શીખવામાં વર્ષો વિતાવ્યા પછી, તેમની પરીક્ષામાં હાજર રહેવા માટે નવા કાયદાઓ અને તેમના અર્થનો ઉપયોગ કરી રહ્યા છે. IndiaToday.inએ ફેરફારોને સમજવા માટે પોલીસ અધિકારીઓ, વકીલો અને કાયદાના વિદ્યાર્થીઓ સાથે વાત કરી, એ સમજવા માટે કે નવી સિસ્ટમમાં તેઓ કેવી રીતે સંક્રમણ કરી રહ્યા છે.

વકીલ કહે છે કે અજમાયશ અને ભૂલ સિસ્ટમને સરળ બનાવશે

વકીલો માટે, તેનાથી બહુ ફરક પડશે નહીં કારણ કે તેઓ કેસની તૈયારી કરતી વખતે નવા કાયદાનો સંદર્ભ લઈ શકે છે. પોલીસ કર્મચારીઓ માટે ખરો પડકાર છે કારણ કે તેઓએ મજબૂત કેસ બનાવવા માટે પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરવાની જરૂર છે, એમ દિલ્હીમાં પ્રેક્ટિસ કરતા વકીલ કહે છે. "પડકાર એ છે કે વધુ આરોપીઓ બંધનમાંથી બહાર નીકળી શકે છે કારણ કે અદાલતો યોગ્ય પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવ્યું ન હોવાનું કહીને કેસ કાઢી શકે છે," વકીલ કહે છે, નવા કાયદાની આસપાસની સંવેદનશીલતા અને વિવાદને કારણે નામ ન આપવાની વિનંતી કરતા વકીલે આ કહ્યું. વિપક્ષી નેતાઓએ કેન્દ્રની આકરી ટીકા કરી છે, એમ કહીને કે સરકારે સાંસદોના સામૂહિક સસ્પેન્શન પછી પર્યાપ્ત ચર્ચા કર્યા વિના સંસદ દ્વારા નવા ફોજદારી કાયદાઓને "બુલડોઝ" કર્યા છે. તેઓ કહે છે કે નવા ફોજદારી કાયદાના અમલીકરણ માટે કાયદા અમલીકરણ અધિકારીઓને યોગ્ય તાલીમની જરૂર છે. "તે ટ્રાયલ-એન્ડ-એરર પ્રક્રિયા સાથે નિયત સમયમાં સરળ કરવામાં આવશે," તેમ ઉમેરે છે. તે બધા પોલીસ અધિકારીઓને કેવી રીતે તાલીમ આપવામાં આવે છે અને નવા કાયદાનો અમલ કરે છે તેના પર નિર્ભર છે, કેટલાક કિસ્સાઓમાં વિડિયોગ્રાફી ફરજિયાત બનાવવામાં આવી છે. ક્રિમિનલ પ્રોસિજર (CrPC) ૧૯૭૩નો અગાઉનો કોડ, જે વર્ષો પહેલા લાગુ કરવામાં આવ્યો હતો, તેના હેઠળ પણ યોગ્ય પ્રક્રિયાઓનું પાલન ન કરવા બદલ અદાલતો કેસોને બરતરફ કરી રહી છે. CrPCને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) સાથે બદલવામાં આવ્યું છે.

પોલીસ કર્મચારીઓને તાલીમ આપવી, સોફ્ટવેર અપડેટ કરવું

વકીલો, પોલીસ કર્મચારીઓ, ન્યાયિક સેવાના ઉમેદવારો અને કાયદાની શાળાના વિદ્યાર્થીઓ ત્રણ નવા કાયદાઓને કારણે તેમના જીવનમાં આવેલા પરિવર્તનનો સામનો કરી રહ્યા છે.

તેના ભાગરૂપે, સરકાર પોલીસ કર્મચારીઓ, ફોરેન્સિક નિષ્ણાતો, કાયદા અધિકારીઓ અને સરકારી વકીલોને ત્રણ ફોજદારી કાયદાના સરળ અમલીકરણ માટે તાલીમ આપી રહી છે. તાલીમ ઉપરાંત, પોલીસ કર્મચારીઓને નવા કાયદાઓ અંગે માર્ગદર્શિકા આપવામાં આવી છે, અને તેઓ નવા સોફ્ટવેરથી ટેવાયેલા છે. "પરિવર્તન બહુ મુશ્કેલ નહીં હોય. તેમાં થોડો સમય લાગશે. જોકે ઘણા પોલીસ કર્મચારીઓ છેલ્લા છ મહિનાથી તાલીમ લઈ રહ્યા છે અને નવા કાયદાઓ વિશે શીખી રહ્યા છે," ૩૦ વર્ષનો અનુભવ ધરાવતા એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ IndiaToday.inને જણાવ્યું. "અમને નવા કાયદાઓ અને કલમો શોધવા માટે નવા મેન્યુઅલ, એક પેજના કેપ્સ્યુલ્સ અને અપડેટેડ સોફ્ટવેર

ન્યાયતંત્રની આશા રાખનારાઓ જૂના કાયદાનો અભ્યાસ કર્યા પછી નવા કાયદા ઘડવાની ચિંતા કરે છે

આપવામાં આવ્યા છે જેથી અને જ્યારે જરૂર હોય ત્યારે ઉપયોગ થાય. હવે, પોલીસ સ્ટેશનો પાસે આઈટી-સપોર્ટ સ્ટાફ પણ છે જે પોલીસ કર્મચારીઓને સંબંધિત મુદ્દાઓ પર સોફ્ટવેર અને કોમ્પ્યુટર સાથે મદદ કરી શકે છે," પોલીસ અધિકારીએ ઉમેર્યું. નવા કાયદા પુરાવા

ન્યાયતંત્ર

- પ્રિયાંજલિ નારાયણ

એકત્ર કરવાની અને કેસોની તપાસ કરવાની રીતને બદલે છે. નવા કાયદામાં સાત વર્ષ કે તેથી વધુ કેદની સજા થઈ શકે તેવા અપરાધો માટે ફોરેન્સિક તપાસ ફરજિયાત છે. તે તપાસમાં વધુ પારદર્શિતા લાવવા માટે ક્રાઈમના દૃશ્યના ઓડિયો-વિઝ્યુઅલ રેકોર્ડિંગ માટેની માનક ઑપરેટિંગ પ્રક્રિયા અનુસાર શોધ અને જમીના કિસ્સામાં ઓડિયો-વિડિયો રેકોર્ડિંગને પણ ફરજિયાત કરે છે.

પોલીસ કર્મચારીઓને અહીં કેટલીક વધુ સમસ્યાઓ આવી શકે છે

"આ નવી જોગવાઈઓ માટે ગુણવત્તાયુક્ત ફોરેન્સિક ટીમની જરૂર પડશે. જો તે ન હોય, તો ફોરેન્સિક તપાસમાં અવરોધ આવી શકે છે. સર્ચ અને વોરંટના કેસ માટે વિડિયોગ્રાફીના કિસ્સામાં, યોગ્ય વિડિયોગ્રાફી સુનિશ્ચિત કરવી આવશ્યક છે. સંપૂર્ણ કાર્યરત મોબાઈલ ફોનની જરૂર પડશે. દ્રશ્યને રેકોર્ડ કરવાની જરૂર છે, તેમજ વિડિયો પુરાવા સમયસર અપલોડ કરવાની જરૂર છે," તેમણે ઉમેર્યું. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની બીજી જોગવાઈ એ છે કે તે ઈ-એફઆઈઆરને સક્ષમ કરે છે, જેમાં લોકો ઈલેક્ટ્રોનિક માધ્યમથી એફઆઈઆર નોંધાવી શકે છે. ત્રણ દિવસમાં ફરિયાદીએ સહી કરવાની રહેશે. "ઈ-એફઆઈઆર દાખલ કરવામાં આવેલી ફરિયાદોની સંખ્યામાં વધારા તરફ દોરી શકે છે. આવા પગલાનું સ્વાગત છે, કારણ કે વધુને વધુ લોકો ફરિયાદો સાથે આવશે, ખોટી એફઆઈઆર પણ વધી શકે છે. અમે ખાતરી કરવાનો પ્રયાસ કરીશું કે આવું ન થાય." વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું.

શીખવું સરળ નથી : ન્યાયિક ઉમેદવારો કાયદાઓથી ડરતા હોય છે

વકીલો અને પોલીસ કર્મચારીઓ કાયદાના પુસ્તકો અને સરકાર

ત્રણ નવા કાયદા વકીલો, પોલીસ અને વિદ્યાર્થીઓના જીવનમાં પરિવર્તન લાવ્યા છે

દ્વારા પૂરા પાડવામાં આવેલ સ્રોતનો સંપર્ક કરી શકે છે, પરંતુ ન્યાયિક પરીક્ષા માટે પ્રાંતીય સિવિલ સર્વિસિસ જેવી ન્યાયિક પરીક્ષાના ઇચ્છુકોએ હવે ત્રણ નવા ફોજદારી કાયદાઓ શીખવા પડશે. તે પછી જજ બનવાની તૈયારી કરી રહેલા આ ઉમેદવારોએ આઈપીસી, સીઆરપીસી અને એવિડન્સ એક્ટનો દરેક શબ્દ પહેલેથી જ શીખી લીધો હતો. હવે, તેઓએ BNS, BNSS અને BSAA શીખવું પડશે. આ સરળ કાર્ય નહીં હોય. ઉમેદવારોને અઠવાડિયા અને મહિનાઓ પણ લાગી શકે છે. "તે અમારા માટે વધારાનું કામ લાવે છે. આ પરીક્ષાઓની તૈયારીમાં ઘણું શીખવા અને યાદ રાખવાના વિભાગોનો સમાવેશ થાય છે અને, એકસાથે નવા કાયદાની રજૂઆત સાથે, તે જરૂરી છે કે અમારે શરૂઆતથી જ અમારા મગજમાંના તમામ વિભાગોને ફરીથી યાદ કરવા પડશે. આગળ, અમે આ વિષયો માટે પહેલેથી જ નોંધો તૈયાર કરી લીધી હોવાથી, અમારે ફરીથી નોંધો તૈયાર કરવી પડશે," વારાણસીના ન્યાયતંત્રની પરીક્ષાના ઉમેદવાર પ્રસૂન ત્રિપાઠીએ જણાવ્યું હતું. નવા કાયદાની આંટીઘૂંટી અને વિભાગોમાં પણ ફેરફાર આ ઉમેદવારોની તૈયારીના સમયમાં વધારો કરી શકે છે. "સમગ્ર વિષયોના તમામ વિભાગોને યાદ રાખવાનું માનવીય રીતે શક્ય નથી. તેથી, અમે તેમને ભાગોમાં વિભાજિત કરીને માઈન્ડ-મેપિંગનો ઉપયોગ કરીએ છીએ. આ અમને પરીક્ષા દરમિયાન યાદ કરવાનું સરળ બનાવે છે. જો કે, આ નવા કાયદાએ વિભાગોનો સંપૂર્ણ ક્રમ બદલી નાખ્યો છે, તેથી તે બધી યુક્તિઓ અને તર્ક ફરીથી અમલમાં લાવવા પડશે," પ્રસૂને કહ્યું. "જ્યાં સુધી સમયનો સંબંધ છે, તર્ક તૈયાર કરવામાં અમને વિષય દીઠ લગભગ ૧૫-૨૦ દિવસનો સમય લાગે છે, અને આ પછી નિશ્ચિત પુનરાવર્તન (ઓછામાં ઓછા અઠવાડિયામાં બે વાર) કરવામાં આવે છે", તેમણે કહ્યું. નવા કાયદાઓ શીખવાથી ઉમેદવારો માટે મૂંઝવણ પણ ઊભી થઈ શકે છે કારણ કે તેઓ નવા અને જૂના કાયદામાં વિવિધ વિભાગો અને કલમો વચ્ચે મૂંઝવણમાં પડી શકે છે. "હવે માત્ર અમારે જે યાદ રાખ્યું છે તેને ભૂલી જવાની જ જરૂર નથી, પરંતુ તમામ નવા વિભાગોને પણ યાદ રાખવાની જરૂર છે. જ્યારે અમારે મોક્સ આપવાની હશે ત્યારે આ ઘણી મૂંઝવણ પેદા કરશે. તેનાથી અમને વધુ ભૂલો થવાની સંભાવના છે અને વધુ અભ્યાસ અને પુનરાવર્તનની જરૂર પડશે. ત્રિપાઠીએ ઉમેર્યું.

પરિવર્તન એ કાનૂની વ્યવસાયની સુંદરતા છે : કાયદાનો વિદ્યાર્થી

કાયદાની શાળાઓમાં ભણનારાઓએ પણ તેમના ફોજદારી કાયદાના અભ્યાસક્રમના ભાગરૂપે અત્યાર સુધી IPC, CrPC અને એવિડન્સ એક્ટનો અભ્યાસ કર્યો છે. હવે, તેઓએ નવા કાયદાઓને સમજવા અને તેનો અભ્યાસ કરવો પડશે. એમિટી લો સ્કૂલ, લખનૌના ચોથા વર્ષના વિદ્યાર્થી અદ્રિકા પલલી સિન્હાએ જણાવ્યું હતું કે, "તે યુનિવર્સિટીઓમાં એક મુદ્દો હશે જે ઓપન-બુક પરીક્ષાને મંજૂરી આપતો નથી. વિદ્યાર્થીઓએ સમગ્ર ક્રિમિનલ લોનો વારંવાર અભ્યાસ કરવો પડશે." પરંતુ બદલાતા કાયદાઓને અનુકૂલન કરવું એટલું મુશ્કેલ ન હોઈ શકે. અગાઉ પણ કાયદા બદલાયા હોવાથી વકીલો અને કાયદાના વિદ્યાર્થીઓએ આવા ફેરફારોને સ્વીકારવા માટે તૈયાર રહેવું પડશે. સિન્હાએ જણાવ્યું હતું કે, "પરંતુ મને લાગે છે કે તે આ ક્ષેત્રનો રોમાંચ અને સુંદરતા છે, તે દરેક પગલે બદલાય છે." વકીલો, પોલીસ અધિકારીઓ, ન્યાયતંત્રના ઉમેદવારો અને કાયદાની શાળાના વિદ્યાર્થીઓ બધા જ તેમના જીવનમાં આવેલા મોટા પરિવર્તનનો સામનો કરી રહ્યા છે. ત્રણેય ફોજદારી કાયદાઓની નવી કલમો અને જોગવાઈઓને અનુરૂપ થવામાં તેમને થોડો સમય લાગશે. એવા પડકારો છે કે જે તેઓ નવા કાયદાઓને સરળતાથી સ્વીકારે તે પહેલાં તેઓ સામનો કરી શકે છે. ફોજદારી કાયદાઓમાં ઈ-એફઆઈઆર જેવા લોક-મૈત્રીપૂર્ણ પગલાંનો સમાવેશ કરવામાં આવ્યો છે અને તે નાગરિકો સહિત ભાગીદારો પર પરિવર્તન સ્વીકારવાની અને કાનૂની સિસ્ટમ મજબૂત બનાવવાની જવાબદારી છે. (સૌ. : ઈન્ડિયા ટુડે.ઈન)

ફિકહ (ઈસ્લામી ધર્મશાસ્ત્ર)

ફિકહનો શાબ્દિક અર્થ છે સમજવું, અથવા તો સૂઝ-બૂઝ કે જેના દ્વારા કોઈ વાતની વાસ્તવિકતા સુધી પહોંચી શકાય. પરંતુ જ્યારે ફિકહનો શબ્દ ઈસ્લામ ધર્મના વિશેષ સંદર્ભમાં બોલવા કે પ્રયોગ કરવામાં આવતો હોય તો આનો પારિભાષિક અર્થ 'ઈસ્લામી ધર્મશાસ્ત્ર' હોય છે.

ઈસ્લામી ઈતિહાસમાં ધર્મશાસ્ત્રીઓ તથા સમાજશાસ્ત્રીઓએ ફિકહની ઘણી બધી પરિભાષાઓ વર્ણવી છે. તેઓ પૈકીના એક મહત્ત્વપૂર્ણ ધર્મશાસ્ત્રી ઈમામ અબૂ હનીફાના અનુસાર ફિકહ તે શાસ્ત્રનું નામ છે, જેના દ્વારા મનુષ્યને સંપૂર્ણપણે અને પ્રત્યક્ષ સ્વરૂપે પોતાના લાભ અને હાનિનું જ્ઞાન થઈ શકે.

મુસ્લિમ ઈતિહાસ તથા સમાજના અધ્યયનથી જાણવા મળે છે કે જુદી જુદી સમસ્યાઓને કારણે સમાજના પ્રત્યેક વ્યક્તિ માટે આ સંભવ નથી કે તે ધાર્મિક સ્રોતોના વિશેષ અધ્યયન દ્વારા એ જાણી શકે કે આમાં તેમના જીવન વિતાવવા સંબંધી કયા દિશા-નિર્દેશ આપવામાં આવી રહ્યા છે ?

આ જ સમસ્યાને ધ્યાનમાં રાખીને કેટલાક ધર્મશાસ્ત્રીઓ અને બુદ્ધિજીવીઓએ કુર્આન અને હદીસના વિધાનો અને નિર્દેશો અંગે વિચારવિમર્શ કર્યા પછી લોકોની સરળતા માટે

ઈસ્લામની ઝલક

- પ્રો. અસ્રૂલ વાસે

વિસ્તૃત અધિનિયમ તૈયાર કરી દીધા છે, જેને ફિકહ અર્થાત ઈસ્લામી ધર્મશાસ્ત્રના નામે ઓળખવામાં આવે છે આ તે જ ધર્મશાસ્ત્રીઓના પ્રયત્નોનું ફળ છે કે આજે સમગ્ર વિશ્વના મોટાભાગના મુસલમાન કોઈપણ જાતની પરેશાની વિના ધર્મનું પાલન કરી રહ્યા છે તથા કોઈને અલ્લાહ તથા તેમના અંતિમ પયગમ્બર (સ.અ.વ.) સાહેબના આદેશોને જાણવા માટે કોઈ પણ કઠિનાઈ થઈ રહી નથી.

ઈસ્લામી ઈતિહાસના અધ્યયનથી આ જાણવા મળે છે કે બીજી શતાબ્દી હિજરીના પ્રારંભથી ઈસ્લામી ધર્મશાસ્ત્રનું સંકલન શરૂ થયું. પ્રારંભિક યુગથી જ ઈસ્લામી સમાજના વિદ્વાનોએ આ વિષય પ્રત્યે વધારે ધ્યાન આપ્યું અને મોટાભાગના લોકોએ આ વિદ્યાને પોતાની સૂઝ-બૂઝ અને વિચાર અનુસાર સંકલિત કરી, પરંતુ સામાજિક પ્રગતિ અને પરિવર્તનોને કારણે આમાંથી ફક્ત કેટલીક જ ધર્મશાસ્ત્ર અને વિચારધારાઓ જ બાકી રહી અને આજે વિશ્વના તમામ મુસલમાન આ જ ધર્મશાસ્ત્રોનું અનુકરણ કરે છે.

આ ધર્મશાસ્ત્રોમાં સૌ પ્રથમ નોમાન બિન સાબિતની ફિકહ છે જે ઈમામ અબૂ હનીફાના પ્રસિદ્ધ છે. આ ફિકહને સંકલિત કરવામાં ઘણા બધા અન્ય વિદ્વાનોનો પણ સહયોગ પ્રાપ્ત થયો હતો. આ ફિકહને ફિકહે હનફી કહેવામાં આવે છે.

બીજી ફિકહો માલિકીના નામથી પ્રસિદ્ધ છે. આનું સંકલન ઈમામ માલિક બિન અનસે કર્યું છે. ત્રીજી ફિકહો 'ફિકહે શાફઈ'ના નામથી પ્રસિદ્ધ છે તેમજ ચોથી ફિકહને 'ફિકહે હંબલી' કહેવામાં આવે છે. પાંચમીને 'ફિકહે જાફરી'ના નામથી ઓળખવામાં આવે છે.

આ તમામ ધર્મશાસ્ત્ર મોહમ્મદ(સ.અ.વ.) સાહેબ જન્નતનશીન થયા તેના ૨૦૦ વર્ષની અંદર જ સંકલિત થઈ ચૂક્યા હતા. આ ધર્મશાસ્ત્રીઓની અંદર જે ભિન્નતાઓ અને અંતર જોવા મળે છે તે પ્રાકૃતિક તથા વાસ્તવિકતાને અનુરૂપ છે અને આમાં ફક્ત ઈસ્લામ ધર્મની લોકતાંત્રિક વિચારધારા જ પ્રગટ થતી નથી પરંતુ તેને સમર્થન, પ્રોત્સાહન અને સુદૃઢતા પણ પ્રાપ્ત થાય છે.

(લેખક ડો. ઝાકીર હુસૈન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇસ્લામિક સ્ટડીઝના ડાયરેક્ટર છે.)

આમોદ તાલુકાની પ્રાથ. શાળા સુડીમાં કન્યા કેળવણી-શાળા પ્રવેશોત્સવ યોજાયો

પાલેજ, તા.૪

આમોદ તાલુકાની પ્રાથમિક શાળા સુડીમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪-૨૫ની ઉજવણી કરવામાં આવી હતી.

પ્રાથમિક શાળા સુડીમાં આજરોજ તા.૨૮/૬/૨૦૨૪ને શુક્રવારે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪-૨૫ની ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં આંગણવાડીમાં તેમજ બાલવાટિકામાં ૧૫ બાળકો તથા ધો.૧માં ૧૫ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગરથી પેટ્રોકેમિકલ્સ ડિપાર્ટમેન્ટના સચિવ હર્ષિલ પી. રાનપરિયા ઉપસ્થિત રહ્યા હતા. તથા લાયઝન અધિકારી તરીકે સી.આર.સી. આમોદ મિશ્રના ગૌરાંગભાઈ તેમજ વહીવટદાર સાકરાબેન, તલાટી, એસ.એમ.સી.ના અધ્યક્ષ તથા સભ્યો, સોલારિઝમ કંપનીમાંથી ગુલામભાઈ તેમજ મુશ્તાકભાઈ અને ગામમાંથી મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. એસ.એમ.સી.ના અધ્યક્ષ તથા શાળા આચાર્ય કિરણકુમારે મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. અંતમાં શાળાના શિક્ષક રમેશભાઈ માળીએ આભાર વ્યક્ત કર્યો હતો.

પીબીએમ હેઠળ અટકાયત કરીને શહેરા તાલુકાની સસ્તા અનાજની દુકાનના બે સંચાલકો સામે પાસાની કાર્યવાહી

શહેરા, તા.૩

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાની બે સરકારી સસ્તા અનાજના દુકાનદારો ની પીબીએમ હેઠળ અટકાયત કરીને પાસા કરીને વિવિધ શહેરની જિલ્લા મધ્યસ્થ જેલો ખાતે મોકલી આપવામાં આવ્યા છે. પાસાની કાર્યવાહીથી શહેરા તાલુકાના સસ્તા અનાજની દુકાનમાં ગેરરીતિ આચરનારા સંચાલકોમા ભારે ફફડાટ મચી જવા પામ્યો છે. પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના બે સસ્તા અનાજની દુકાનના બે સંચાલકો સામે પીબીએમ હેઠળ કાર્યવાહી કરી વિવિધ શહેરોની મધ્યસ્થ જેલમાં મોકલી આપવામાં આવ્યા છે. જિલ્લા એલસીબી દ્વારા આ મામલે સંચાલકોની અટકાયત કરવામાં આવી હતી. જેમાં પંડિત દિનદયાલ ગ્રાહક ભંડાર ખરોલી તા.શહેરાના સંચાલક નટવરભાઈ ભારતભાઈ પટેલિયાની અટકાયત કરીને ભૂજ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યા છે. પંડિત દિનદયાલ ગ્રાહક ભંડાર ખરેરિયા તા.શહેરાના સંચાલક રાયસિંગભાઈ લક્ષ્મણભાઈ નાયકાની અટકાયત કરીને જામનગર જિલ્લા જેલ ખાતે મોકલી આપવામાં આવ્યા છે.

નડિયાદમાં યુવકને માર મારવાના કેસના દસ આરોપીઓ પૈકી એકના રિમાન્ડ મંજૂર

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૪

નડિયાદ જવાહર નગર વોર્ડ નંબર ત્રણના પાલિકાના મહિલા સભ્યના દીકરા અને સાળાએ એક યુવકને ગાળો બોલતો હોવાનું વહેમ રાખી જાતિ વિષયક શબ્દો ઉચ્ચારી અપમાનિત કરી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી આ અંગે પોલીસે આ કેસમાં દસ વ્યક્તિઓને પકડી પડ્યા છે જે પૈકી પાલિકાના સભ્યના પુત્રના સાળાના એક દિવસના રિમાન્ડ મંજૂર થયા છે જ્યારે બાકીના નવ આરોપીઓને જેલમાં મોકલી દેવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ નડિયાદ શહેરમાં જવાહર નગર ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતો પ્રતીક ડાહ્યા સોલંકી (ઉ.વ. ૩૩) એક મહિના અગાઉ રાત્રીના સમયે ઘર પાછળ આવેલ મંદિરે મિત્રો સાથે બેઠો હતો આ સમયે કારમાં ત્યાં શહેરના જવાહર નગર વોર્ડ નંબર ત્રણના પાલિકા સભ્ય મીનાબેન દાદવાણીનો દીકરો ગિરીશ આવ્યો હતો અને તેણે દંગલ બચાવીને મારામારી કરી હતી. ગીરીશ દાદલાણીએ લાકડાના દંડા વડે પ્રતીક સોલંકીને માર માર્યો હતો ત્યારે ગીરી

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .....

ગુજરાત ટુડે

નેશનલ ટેસ્ટીંગ એજન્સીની સાથોસાથ સરકાર પણ 'નાપાસ' જ ગણાય

સ્પર્ધાત્મક અને પ્રવેશ પરીક્ષાઓમાં છેતરપિંડીની વધતી જતી ઘટનાઓને કારણે નેશનલ ટેસ્ટિંગ એજન્સી એટલે કે NTAની વિશ્વસનીયતા પર ગંભીર પ્રશ્નાર્થ ઊભો થયો છે. મેડિકલ અભ્યાસક્રમો માટે લેવામાં આવતી નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ એટલે કે NEETમાં કૌભાંડોને કારણે સમગ્ર સિસ્ટમ પર આંગળીઓ ઉઠવા લાગી છે. હવે વડાપ્રધાને સંસદમાં આશ્વાસન આપ્યું હતું કે જે લોકો યુવાનોના ભવિષ્ય સાથે રમત રમી રહ્યા છે તેમની સામે કડક પગલાં લેવામાં આવશે. પરીક્ષા પ્રણાલીને મજબૂત અને ભરોસાપાત્ર બનાવવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે. વિપક્ષ આ મુદ્દે સતત સરકારને ઘેરવાનો પ્રયાસ કરી રહ્યો છે. તેઓ લોકસભામાં ચર્ચાની માંગ કરી રહ્યા છે.

વડાપ્રધાનના નિવેદન બાદ હવે તેઓ થોડા શાંત થયા છે. પરંતુ આ માત્ર આશ્વાસન પૂરતું મર્યાદિત ન હોવું જોઈએ, તે વ્યવહારિક સ્તરે પણ હોવું જોઈએ. શરૂઆતથી જ આ બાબતને દબાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. NTAએ કહ્યું કે આ પરીક્ષામાં કોઈ ગેરરીતિ થઈ નથી. જે કેન્દ્રો પર ઉમેદવારોને પેપર મેળવવામાં અડચણો આવતી હતી તે કેન્દ્રો પર ગ્રેસ માર્ક્સ આપવામાં આવ્યા હતા. જેના કારણે ઘણા વિદ્યાર્થીઓને પૂરા માર્ક્સ મળ્યા છે. આ અંગે તપાસ માટે એક કમિટી બનાવવામાં આવી છે.

પરંતુ જ્યારે જવાબ પત્રકોની ચકાસણીમાં અપારદર્શકતા અને માત્ર અમુક કેન્દ્રોમાંથી જ ઉચ્ચતમ અને સંપૂર્ણ માર્ક્સ મેળવનારા વિદ્યાર્થીઓની હકીકતો બહાર આવી ત્યારે આ શંકા વધુ ઘેરી બની હતી. જ્યારે બિહાર અને ગુજરાતમાં ગોલમાલ કરતી કેટલીક ગેંગ પર કડક કાર્યવાહી કરવામાં આવી ત્યારે ચોંકાવનારી હકીકતો સામે આવવા લાગી છે. જો કે આ કેસ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી માટે આવ્યો છે, તેમાં તપાસ ચાલી રહી છે, ઘણા આરોપીઓની ધરપકડ પણ કરવામાં આવી છે. પરંતુ પ્રશ્ન એ રહે છે કે શા માટે સરકારે શરૂઆતમાં દરમિયાનગીરી ન કરી અને કૌભાંડ થયું હોવા છતાં કહેતી રહી કે કૌભાંડ નથી થયું ઉલ્ટાનું જે કામ સરકારે કરવું જોઈતું હતું તે માટે કોર્ટમાં કેમ જવું પડ્યું? આ જ સમયગાળા દરમિયાન બીજી ઘણી પરીક્ષાઓ રદ કરવામાં આવી ત્યારે સરકાર પરીક્ષા રદ કરવામાં શા માટે આનાકાની કરી હતી?

કૌભાંડ કરનાર ગેંગના કેટલાક સભ્યોની ધરપકડ અને તેમની કબૂલાતથી જાણવા મળ્યું છે કે NEET પરીક્ષામાં ચોખ્ખી ગેરરીતિ કરવામાં આવી હતી. એવો આરોપ છે કે છેતરપિંડી કરનારાઓએ કેટલાક વિદ્યાર્થીઓ પાસેથી મોટી રકમ વસૂલ કરી હતી અને તેમના વતી તેમની ઉત્તરવહીઓ પર જવાબો ભર્યા હતા. અત્યાર સુધી માત્ર એક જ આરોપ છે કે ચીટરો પરીક્ષા પહેલા જ પેપરો બહાર પાડીને વિદ્યાર્થીઓને તેમના જવાબો યાદ કરાવતા હોય છે. પરંતુ આ મામલો તેના કરતા ઘણો આગળ વધી ગયો હોય તેવું લાગી રહ્યું છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે કૌભાંડી પરીક્ષા માફિયાઓએ વિદ્યાર્થીઓને, જેમની પાસેથી પૈસા લીધા હતા, કેટલાક નિર્ધારિત પરીક્ષા કેન્દ્રો પર બેસાડ્યા અને તેમની આન્સરશીટમાં સાચા જવાબો ભર્યા. આ પ્રશ્નપત્રોની સુરક્ષામાં NTAની બેદરકારી જ નહીં પરંતુ આ છેતરપિંડીમાં તેની સીધી સંડોવણી પણ દર્શાવે છે. સ્પર્ધાત્મક અને પ્રવેશ પરીક્ષાઓમાં ગેરરીતિ રોકવાના ઉદ્દેશ્યથી જે સંસ્થાની રચના કરવામાં આવી હતી તેના પર આ સ્તરની હેરાફેરીમાં મિલીભગત હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે, તો તેના પર કેટલી હદે વિશ્વાસ જાળવી શકાય. વડાપ્રધાને પરીક્ષા પદ્ધતિને પારદર્શક બનાવવાનું આશ્વાસન આપ્યું છે, પરંતુ જ્યાં સુધી NTAની કામગીરીને ભરોસાપાત્ર બનાવવામાં નહીં આવે ત્યાં સુધી તેના દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓ પર વિશ્વાસ કેળવવો મુશ્કેલ બનશે.

પોલીસ ફરિયાદોથી લઈને કાયદાની પરીક્ષાઓ સુધી નવા કાયદાઓ આપણા જીવન પર કેવી અસર કરશે

નવા ફોજદારી કાયદા કે જેણે સદીઓ જૂના IPC, CrPC અને એવિડન્સ એક્ટનું સ્થાન લીધું છે, તે પોલીસ ફરિયાદો દાખલ કરવાની રીતને બદલી નાખે છે. એટલું જ નહીં, કાયદાકીય પ્રણાલી સાથે સંકળાયેલા લોકો, જેમ કે પોલીસ કર્મચારીઓ, વકીલો, ન્યાયિક ઉમેદવારો અને કાયદાના વિદ્યાર્થીઓને અસર થશે. આ કેવી રીતે અને કેટલી હદે થશે.

પોલીસ અધિકારીઓ કહે છે કે તાલીમ અને માર્ગદર્શિકા હોવા છતાં, તેઓને કેટલીક પ્રારંભિક અડચણોનો સામનો કરવો પડી શકે છે

ભારતીય દંડ સંહિતા (IPC), ફોજદારી કાર્યવાહીની સંહિતા (CrPC) અને પુરાવા અધિનિયમ પર પડદો પડી ગયો છે અને ભારતે ૧ જુલાઈએ ત્રણ નવા ફોજદારી કાયદાઓનું સ્વાગત કર્યું છે. પરંતુ આ કાયદાઓનો આપણા રોજિંદા જીવન સાથે શું સંબંધ છે, તમે પૂછશો? નવા કાયદા તમારી પોલીસ ફરિયાદ દાખલ કરવાની રીત અને પોલીસ દ્વારા કેસની તપાસ કેવી રીતે કરવામાં આવે છે તે બદલાશે. એટલું જ નહીં, પોલીસ કર્મચારીઓ, વકીલો, ન્યાયિક સેવાના ઉમેદવારો અને કાયદાના વિદ્યાર્થીઓ સહિતના લોકોના જીવનમાં ઓછામાં ઓછા ટૂંકા ગાળામાં મોટો ફેરફાર જોવા મળશે. ભારતીય ન્યાય સંહિતા (BNS), ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ (BSAA)ની શરૂઆત કરતી વખતે સરકારે જણાવ્યું હતું કે નવા કાયદાઓ અગાઉના કાયદાઓની વસાહતી છાપ છોડી દે છે અને તેઓ ન્યાયનો નવો યુગ લાવે છે. જેમ જેમ આ નવા કાયદાઓ ભારતીય કાનૂની પ્રણાલીમાં સમાવિષ્ટ થશે, તેમ તેમ તેને ભારતમાં કાયદાકીય પ્રણાલી સાથે જોડાયેલા લોકોની ચેતનામાં પણ સમાવિષ્ટ થવું પડશે. આ કાયદાઓમાં એવી જોગવાઈઓ છે જે ફરિયાદો દાખલ કરવાની, પુરાવા એકત્રિત કરવાની અને પોલીસિંગ કરવાની રીતમાં ફેરફાર કરે છે. આનાથી વકીલો કેસ લડવા અને ન્યાયિક ઉમેદવારોને જજ બનવાની તૈયારી કરવાની રીતમાં પણ ફેરફાર કરશે. આ કારણોસર, આ નવા કાયદા ઘણા લોકોના જીવનને બદલવા માટે તૈયાર છે. વકીલો વિવિધ ગુનાઓ માટે નવા વિભાગો અને કલમોનો અભ્યાસ કરી રહ્યા છે. પોલીસ અધિકારીઓ નવા કાયદા અંગે તાલીમ લઈ રહ્યા છે, અને તેઓ પોલીસિંગ માટે અપડેટેડ સોફ્ટવેરથી પોતાને પરિચિત કરી રહ્યા છે. કાયદાના વિદ્યાર્થીઓ અને ન્યાયતંત્રના ઉમેદવારો હવે તેમના શિક્ષણના ભાગ રૂપે IPC અને CrPC શીખવામાં વર્ષો વિતાવ્યા પછી, તેમની પરીક્ષામાં હાજર રહેવા માટે નવા કાયદાઓ અને તેમના અર્થનો ઉપયોગ કરી રહ્યા છે. IndiaToday.inએ ફેરફારોને સમજવા માટે પોલીસ અધિકારીઓ, વકીલો અને કાયદાના વિદ્યાર્થીઓ સાથે વાત કરી, એ સમજવા માટે કે નવી સિસ્ટમમાં તેઓ કેવી રીતે સંક્રમણ કરી રહ્યા છે.

વકીલ કહે છે કે અજમાયશ અને ભૂલ સિસ્ટમને સરળ બનાવશે

વકીલો માટે, તેનાથી બહુ ફરક પડશે નહીં કારણ કે તેઓ કેસની તૈયારી કરતી વખતે નવા કાયદાનો સંદર્ભ લઈ શકે છે. પોલીસ કર્મચારીઓ માટે ખરો પડકાર છે કારણ કે તેઓએ મજબૂત કેસ બનાવવા માટે પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરવાની જરૂર છે, એમ દિલ્હીમાં પ્રેક્ટિસ કરતા વકીલ કહે છે. "પડકાર એ છે કે વધુ આરોપીઓ બંધનમાંથી બહાર નીકળી શકે છે કારણ કે અદાલતો યોગ્ય પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવ્યું ન હોવાનું કહીને કેસ કાઢી શકે છે," વકીલ કહે છે, નવા કાયદાની આસપાસની સંવેદનશીલતા અને વિવાદને કારણે નામ ન આપવાની વિનંતી કરતા વકીલે આ કહ્યું. વિપક્ષી નેતાઓએ કેન્દ્રની આકરી ટીકા કરી છે, એમ કહીને કે સરકારે સાંસદોના સામૂહિક સસ્પેન્શન પછી પર્યાપ્ત ચર્ચા કર્યા વિના સંસદ દ્વારા નવા ફોજદારી કાયદાઓને "બુલડોઝ" કર્યા છે. તેઓ કહે છે કે નવા ફોજદારી કાયદાના અમલીકરણ માટે કાયદા અમલીકરણ અધિકારીઓને યોગ્ય તાલીમની જરૂર છે. "તે ટ્રાયલ-એન્ડ-એરર પ્રક્રિયા સાથે નિયત સમયમાં સરળ કરવામાં આવશે," તેમ ઉમેરે છે. તે બધા પોલીસ અધિકારીઓને કેવી રીતે તાલીમ આપવામાં આવે છે અને નવા કાયદાનો અમલ કરે છે તેના પર નિર્ભર છે, કેટલાક કિસ્સાઓમાં વિડિયોગ્રાફી ફરજિયાત બનાવવામાં આવી છે. ક્રિમિનલ પ્રોસિજર (CrPC) ૧૯૭૩નો અગાઉનો કોડ, જે વર્ષો પહેલા લાગુ કરવામાં આવ્યો હતો, તેના હેઠળ પણ યોગ્ય પ્રક્રિયાઓનું પાલન ન કરવા બદલ અદાલતો કેસોને બરતરફ કરી રહી છે. CrPCને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) સાથે બદલવામાં આવ્યું છે.

પોલીસ કર્મચારીઓને તાલીમ આપવી, સોફ્ટવેર અપડેટ કરવું

વકીલો, પોલીસ કર્મચારીઓ, ન્યાયિક સેવાના ઉમેદવારો અને કાયદાની શાળાના વિદ્યાર્થીઓ ત્રણ નવા કાયદાઓને કારણે તેમના જીવનમાં આવેલા પરિવર્તનનો સામનો કરી રહ્યા છે.

તેના ભાગરૂપે, સરકાર પોલીસ કર્મચારીઓ, ફોરેન્સિક નિષ્ણાતો, કાયદા અધિકારીઓ અને સરકારી વકીલોને ત્રણ ફોજદારી કાયદાના સરળ અમલીકરણ માટે તાલીમ આપી રહી છે. તાલીમ ઉપરાંત, પોલીસ કર્મચારીઓને નવા કાયદાઓ અંગે માર્ગદર્શિકા આપવામાં આવી છે, અને તેઓ નવા સોફ્ટવેરથી ટેવાયેલા છે. "પરિવર્તન બહુ મુશ્કેલ નહીં હોય. તેમાં થોડો સમય લાગશે. જોકે ઘણા પોલીસ કર્મચારીઓ છેલ્લા છ મહિનાથી તાલીમ લઈ રહ્યા છે અને નવા કાયદાઓ વિશે શીખી રહ્યા છે," ૩૦ વર્ષનો અનુભવ ધરાવતા એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ IndiaToday.inને જણાવ્યું. "અમને નવા કાયદાઓ અને કલમો શોધવા માટે નવા મેન્યુઅલ, એક પેજના કેપ્સ્યુલ્સ અને અપડેટેડ સોફ્ટવેર

ન્યાયતંત્રની આશા રાખનારાઓ જૂના કાયદાનો અભ્યાસ કર્યા પછી નવા કાયદા ઘડવાની ચિંતા કરે છે

આપવામાં આવ્યા છે જેથી અને જ્યારે જરૂર હોય ત્યારે ઉપયોગ થાય. હવે, પોલીસ સ્ટેશનો પાસે આઈટી-સપોર્ટ સ્ટાફ પણ છે જે પોલીસ કર્મચારીઓને સંબંધિત મુદ્દાઓ પર સોફ્ટવેર અને કોમ્પ્યુટર સાથે મદદ કરી શકે છે," પોલીસ અધિકારીએ ઉમેર્યું. નવા કાયદા પુરાવા

ન્યાયતંત્ર

- પ્રિયાંજલિ નારાયણ

એકત્ર કરવાની અને કેસોની તપાસ કરવાની રીતને બદલે છે. નવા કાયદામાં સાત વર્ષ કે તેથી વધુ કેદની સજા થઈ શકે તેવા અપરાધો માટે ફોરેન્સિક તપાસ ફરજિયાત છે. તે તપાસમાં વધુ પારદર્શિતા લાવવા માટે ક્રાઇમના દૃશ્યના ઓડિયો-વિઝ્યુઅલ રેકોર્ડિંગ માટેની માનક ઑપરેટિંગ પ્રક્રિયા અનુસાર શોધ અને જમીના કિસ્સામાં ઓડિયો-વિડિયો રેકોર્ડિંગને પણ ફરજિયાત કરે છે.

પોલીસ કર્મચારીઓને અહીં કેટલીક વધુ સમસ્યાઓ આવી શકે છે

"આ નવી જોગવાઈઓ માટે ગુણવત્તાયુક્ત ફોરેન્સિક ટીમની જરૂર પડશે. જો તે ન હોય, તો ફોરેન્સિક તપાસમાં અવરોધ આવી શકે છે. સર્ચ અને વોરંટના કેસ માટે વિડિયોગ્રાફીના કિસ્સામાં, યોગ્ય વિડિયોગ્રાફી સુનિશ્ચિત કરવી આવશ્યક છે. સંપૂર્ણ કાર્યરત મોબાઈલ ફોનની જરૂર પડશે. દ્રશ્યને રેકોર્ડ કરવાની જરૂર છે, તેમજ વિડિયો પુરાવા સમયસર અપલોડ કરવાની જરૂર છે," તેમણે ઉમેર્યું. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની બીજી જોગવાઈ એ છે કે તે ઈ-એફઆઈઆરને સક્ષમ કરે છે, જેમાં લોકો ઈલેક્ટ્રોનિક માધ્યમથી એફઆઈઆર નોંધાવી શકે છે. ત્રણ દિવસમાં ફરિયાદીએ સહી કરવાની રહેશે. "ઈ-એફઆઈઆર દાખલ કરવામાં આવેલી ફરિયાદોની સંખ્યામાં વધારા તરફ દોરી શકે છે. આવા પગલાનું સ્વાગત છે, કારણ કે વધુને વધુ લોકો ફરિયાદો સાથે આવશે, ખોટી એફઆઈઆર પણ વધી શકે છે. અમે ખાતરી કરવાનો પ્રયાસ કરીશું કે આવું ન થાય." વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું.

શીખવું સરળ નથી : ન્યાયિક ઉમેદવારો કાયદાઓથી ડરતા હોય છે

વકીલો અને પોલીસ કર્મચારીઓ કાયદાના પુસ્તકો અને સરકાર

ત્રણ નવા કાયદા વકીલો, પોલીસ અને વિદ્યાર્થીઓના જીવનમાં પરિવર્તન લાવ્યા છે

દ્વારા પૂરા પાડવામાં આવેલ સ્રોતનો સંપર્ક કરી શકે છે, પરંતુ ન્યાયિક પરીક્ષા માટે પ્રાંતીય સિવિલ સર્વિસિસ જેવી ન્યાયિક પરીક્ષાના ઇચ્છુકોએ હવે ત્રણ નવા ફોજદારી કાયદાઓ શીખવા પડશે. તે પછી જજ બનવાની તૈયારી કરી રહેલા આ ઉમેદવારોએ આઈપીસી, સીઆરપીસી અને એવિડન્સ એક્ટનો દરેક શબ્દ પહેલેથી જ શીખી લીધો હતો. હવે, તેઓએ BNS, BNSS અને BSAA શીખવું પડશે. આ સરળ કાર્ય નહીં હોય. ઉમેદવારોને અઠવાડિયા અને મહિનાઓ પણ લાગી શકે છે. "તે અમારા માટે વધારાનું કામ લાવે છે. આ પરીક્ષાઓની તૈયારીમાં ઘણું શીખવા અને યાદ રાખવાના વિભાગોનો સમાવેશ થાય છે અને, એકસાથે નવા કાયદાની રજૂઆત સાથે, તે જરૂરી છે કે અમારે શરૂઆતથી જ અમારા મગજમાંના તમામ વિભાગોને ફરીથી યાદ કરવા પડશે. આગળ, અમે આ વિષયો માટે પહેલેથી જ નોંધો તૈયાર કરી લીધી હોવાથી, અમારે ફરીથી નોંધો તૈયાર કરવી પડશે," વારાણસીના ન્યાયતંત્રની પરીક્ષાના ઉમેદવાર પ્રસૂન ત્રિપાઠીએ જણાવ્યું હતું. નવા કાયદાની આંટીઘૂંટી અને વિભાગોમાં પણ ફેરફાર આ ઉમેદવારોની તૈયારીના સમયમાં વધારો કરી શકે છે. "સમગ્ર વિષયોના તમામ વિભાગોને યાદ રાખવાનું માનવીય રીતે શક્ય નથી. તેથી, અમે તેમને ભાગોમાં વિભાજિત કરીને માઇન્ડ-મેપિંગનો ઉપયોગ કરીએ છીએ. આ અમને પરીક્ષા દરમિયાન યાદ કરવાનું સરળ બનાવે છે. જો કે, આ નવા કાયદાએ વિભાગોનો સંપૂર્ણ ક્રમ બદલી નાખ્યો છે, તેથી તે બધી યુક્તિઓ અને તર્ક ફરીથી અમલમાં લાવવા પડશે," પ્રસૂને કહ્યું. "જ્યાં સુધી સમયનો સંબંધ છે, તર્ક તૈયાર કરવામાં અમને વિષય દીઠ લગભગ ૧૫-૨૦ દિવસનો સમય લાગે છે, અને આ પછી નિશ્ચિત પુનરાવર્તન (ઓછામાં ઓછા અઠવાડિયામાં બે વાર) કરવામાં આવે છે", તેમણે કહ્યું. નવા કાયદાઓ શીખવાથી ઉમેદવારો માટે મૂંઝવણ પણ ઊભી થઈ શકે છે કારણ કે તેઓ નવા અને જૂના કાયદામાં વિવિધ વિભાગો અને કલમો વચ્ચે મૂંઝવણમાં પડી શકે છે. "હવે માત્ર અમારે જે યાદ રાખ્યું છે તેને ભૂલી જવાની જ જરૂર નથી, પરંતુ તમામ નવા વિભાગોને પણ યાદ રાખવાની જરૂર છે. જ્યારે અમારે મોક્સ આપવાની હશે ત્યારે આ ઘણી મૂંઝવણ પેદા કરશે. તેનાથી અમને વધુ ભૂલો થવાની સંભાવના છે અને વધુ અભ્યાસ અને પુનરાવર્તનની જરૂર પડશે. ત્રિપાઠીએ ઉમેર્યું.

પરિવર્તન એ કાનૂની વ્યવસાયની સુંદરતા છે : કાયદાનો વિદ્યાર્થી

કાયદાની શાળાઓમાં ભણનારાઓએ પણ તેમના ફોજદારી કાયદાના અભ્યાસક્રમના ભાગરૂપે અત્યાર સુધી IPC, CrPC અને એવિડન્સ એક્ટનો અભ્યાસ કર્યો છે. હવે, તેઓએ નવા કાયદાઓને સમજવા અને તેનો અભ્યાસ કરવો પડશે. એમિટી લો સ્કૂલ, લખનૌના ચોથા વર્ષના વિદ્યાર્થી અદ્રિકા પલલી સિન્હાએ જણાવ્યું હતું કે, "તે યુનિવર્સિટીઓમાં એક મુદ્દો હશે જે ઓપન-બુક પરીક્ષાને મંજૂરી આપતો નથી. વિદ્યાર્થીઓએ સમગ્ર ક્રિમિનલ લોનો વારંવાર અભ્યાસ કરવો પડશે." પરંતુ બદલાતા કાયદાઓને અનુકૂલન કરવું એટલું મુશ્કેલ ન હોઈ શકે. અગાઉ પણ કાયદા બદલાયા હોવાથી વકીલો અને કાયદાના વિદ્યાર્થીઓએ આવા ફેરફારોને સ્વીકારવા માટે તૈયાર રહેવું પડશે. સિન્હાએ જણાવ્યું હતું કે, "પરંતુ મને લાગે છે કે તે આ ક્ષેત્રનો રોમાંચ અને સુંદરતા છે, તે દરેક પગલે બદલાય છે." વકીલો, પોલીસ અધિકારીઓ, ન્યાયતંત્રના ઉમેદવારો અને કાયદાની શાળાના વિદ્યાર્થીઓ બધા જ તેમના જીવનમાં આવેલા મોટા પરિવર્તનનો સામનો કરી રહ્યા છે. ત્રણેય ફોજદારી કાયદાઓની નવી કલમો અને જોગવાઈઓને અનુરૂપ થવામાં તેમને થોડો સમય લાગશે. એવા પડકારો છે કે જે તેઓ નવા કાયદાઓને સરળતાથી સ્વીકારે તે પહેલાં તેઓ સામનો કરી શકે છે. ફોજદારી કાયદાઓમાં ઈ-એફઆઈઆર જેવા લોક-મૈત્રીપૂર્ણ પગલાંનો સમાવેશ કરવામાં આવ્યો છે અને તે નાગરિકો સહિત ભાગીદારો પર પરિવર્તન સ્વીકારવાની અને કાનૂની સિસ્ટમ મજબૂત બનાવવાની જવાબદારી છે. (સૌ. : ઈન્ડિયા ટુડે.ઈન)

ફિકહ (ઈસ્લામી ધર્મશાસ્ત્ર)

ફિકહનો શાબ્દિક અર્થ છે સમજવું, અથવા તો સૂઝ-બૂઝ કે જેના દ્વારા કોઈ વાતની વાસ્તવિકતા સુધી પહોંચી શકાય. પરંતુ જ્યારે ફિકહનો શબ્દ ઈસ્લામ ધર્મના વિશેષ સંદર્ભમાં બોલવા કે પ્રયોગ કરવામાં આવતો હોય તો આનો પારિભાષિક અર્થ 'ઈસ્લામી ધર્મશાસ્ત્ર' હોય છે.

ઈસ્લામી ઈતિહાસમાં ધર્મશાસ્ત્રીઓ તથા સમાજશાસ્ત્રીઓએ ફિકહની ઘણી બધી પરિભાષાઓ વર્ણવી છે. તેઓ પૈકીના એક મહત્ત્વપૂર્ણ ધર્મશાસ્ત્રી ઈમામ અબૂ હનીફાના અનુસાર ફિકહ તે શાસ્ત્રનું નામ છે, જેના દ્વારા મનુષ્યને સંપૂર્ણપણે અને પ્રત્યક્ષ સ્વરૂપે પોતાના લાભ અને હાનિનું જ્ઞાન થઈ શકે.

મુસ્લિમ ઈતિહાસ તથા સમાજના અધ્યયનથી જાણવા મળે છે કે જુદી જુદી સમસ્યાઓને કારણે સમાજના પ્રત્યેક વ્યક્તિ માટે આ સંભવ નથી કે તે ધાર્મિક સ્રોતોના વિશેષ અધ્યયન દ્વારા એ જાણી શકે કે આમાં તેમના જીવન વિતાવવા સંબંધી કયા દિશા-નિર્દેશ આપવામાં આવી રહ્યા છે ?

આ જ સમસ્યાને ધ્યાનમાં રાખીને કેટલાક ધર્મશાસ્ત્રીઓ અને બુદ્ધિજીવીઓએ કુર્આન અને હદીસના વિધાનો અને નિર્દેશો અંગે વિચારવિમર્શ કર્યા પછી લોકોની સરળતા માટે

ઈસ્લામની ઝલક

- પ્રો. અસ્રૂલ વાસે

વિસ્તૃત અધિનિયમ તૈયાર કરી દીધા છે, જેને ફિકહ અર્થાત ઈસ્લામી ધર્મશાસ્ત્રના નામે ઓળખવામાં આવે છે આ તે જ ધર્મશાસ્ત્રીઓના પ્રયત્નોનું ફળ છે કે આજે સમગ્ર વિશ્વના મોટાભાગના મુસલમાન કોઈપણ જાતની પરેશાની વિના ધર્મનું પાલન કરી રહ્યા છે તથા કોઈને અલ્લાહ તથા તેમના અંતિમ પયગમ્બર (સ.અ.વ.) સાહેબના આદેશોને જાણવા માટે કોઈ પણ કઠિનાઈ થઈ રહી નથી.

ઈસ્લામી ઈતિહાસના અધ્યયનથી આ જાણવા મળે છે કે બીજી શતાબ્દી હિજરીના પ્રારંભથી ઈસ્લામી ધર્મશાસ્ત્રનું સંકલન શરૂ થયું. પ્રારંભિક યુગથી જ ઈસ્લામી સમાજના વિદ્વાનોએ આ વિષય પ્રત્યે વધારે ધ્યાન આપ્યું અને મોટાભાગના લોકોએ આ વિદ્યાને પોતાની સૂઝ-બૂઝ અને વિચાર અનુસાર સંકલિત કરી, પરંતુ સામાજિક પ્રગતિ અને પરિવર્તનોને કારણે આમાંથી ફક્ત કેટલીક જ ધર્મશાસ્ત્ર અને વિચારધારાઓ જ બાકી રહી અને આજે વિશ્વના તમામ મુસલમાન આ જ ધર્મશાસ્ત્રોનું અનુકરણ કરે છે.

આ ધર્મશાસ્ત્રોમાં સૌ પ્રથમ નોમાન બિન સાબિતની ફિકહ છે જે ઈમામ અબૂ હનીફાના પ્રસિદ્ધ છે. આ ફિકહને સંકલિત કરવામાં ઘણા બધા અન્ય વિદ્વાનોનો પણ સહયોગ પ્રાપ્ત થયો હતો. આ ફિકહને ફિકહે હનફી કહેવામાં આવે છે.

બીજી ફિકહો માલિકીના નામથી પ્રસિદ્ધ છે. આનું સંકલન ઈમામ માલિક બિન અનસે કર્યું છે. ત્રીજી ફિકહો 'ફિકહે શાફઈ'ના નામથી પ્રસિદ્ધ છે તેમજ ચોથી ફિકહને 'ફિકહે હંબલી' કહેવામાં આવે છે. પાંચમીને 'ફિકહે જાફરી'ના નામથી ઓળખવામાં આવે છે.

આ તમામ ધર્મશાસ્ત્ર મોહમ્મદ(સ.અ.વ.) સાહેબ જન્નતનશીન થયા તેના ૨૦૦ વર્ષની અંદર જ સંકલિત થઈ ચૂક્યા હતા. આ ધર્મશાસ્ત્રીઓની અંદર જે ભિન્નતાઓ અને અંતર જોવા મળે છે તે પ્રાકૃતિક તથા વાસ્તવિકતાને અનુરૂપ છે અને આમાં ફક્ત ઈસ્લામ ધર્મની લોકતાંત્રિક વિચારધારા જ પ્રગટ થતી નથી પરંતુ તેને સમર્થન, પ્રોત્સાહન અને સુદૃઢતા પણ પ્રાપ્ત થાય છે.

(લેખક ડો. ઝાકીર હુસૈન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇસ્લામિક સ્ટડીઝના ડાયરેક્ટર છે.)

લગ્નમાં પર્ફોર્મ કરશે ઇન્ટરનેશનલ સ્ટાર્સ

૧૨ જૂલાઈએ અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ લગ્ન કરશે

(એજન્સી) મુંબઈ, તા.૪

ઉદ્યોગપતિ મુકેશ અંબાણી અને નીતા અંબાણીના નાના પુત્ર અનંત અંબાણીના લગ્નની ચર્ચા ગયા વર્ષથી ચાલી રહી છે. અનંત અને તેની ભાવિ પત્ની રાધિકા મર્ચન્ટની પ્રી-વેડિંગ સેલિબ્રેશન આ વર્ષે માર્ચની શરૂઆતમાં થઈ હતી. આ પછી જૂનમાં બીજું પ્રી-વેડિંગ સેલિબ્રેશન થયું, જેમાં બોલિવૂડથી લઈને હોલિવૂડ સુધીના સ્ટાર્સે સામેલ થયા હતા. હવે ૧૨ જૂલાઈએ અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ લગ્ન કરવા જઈ રહ્યા છે. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ ૧૨મી જૂલાઈ ૨૦૨૪ના રોજ મુંબઈમાં લગ્ન કરવા જઈ રહ્યા છે. તેમના પુત્રના લગ્ન પહેલા મુકેશ અને નીતા અંબાણીએ ૨ જુલાઈના રોજ નવી મુંબઈમાં ૫૦ જરૂરિયાતમંદ કપલ્સના લગ્ન કરાવ્યા હતા. ઈન્ડિયા ટુડેના સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રખ્યાત રેપર અને ગાયક ડ્રેક અનંત અને રાધિકાના લગ્નમાં પરફોર્મ કરવા જઈ રહ્યા છે. ઇન્ટરનેશનલ આર્ટિસ્ટ ડ્રેક ટૂંક સમયમાં ભારત આવશે. સૂત્રોએ એમ પણ કહ્યું છે કે ડ્રેક સિવાય અંબાણી પરિવારની મેનેજમેન્ટ ટીમ અન્ય આંતરરાષ્ટ્રીય કલાકારો સાથે વાતચીત કરી રહી છે. મળતી માહિતી મુજબ અનંત અને રાધિકાના લગ્નમાં અમેરિકન સિંગર લાના ડેલ રે અને બ્રિટિશ પોપ સિંગર એડેલ પણ પરફોર્મ કરી શકે છે. રાધિકા મર્ચન્ટ લાના ડેલ રેની મોટી ફેન છે. હાલમાં મેનેજમેન્ટ ટીમ આ કલાકારો સાથે વાતચીતમાં વ્યસ્ત છે. લગ્નની ઉજવણીમાં તેમને આમંત્રણ આપવા માટે તારીખ અને ફી નક્કી કરવા માટે વાતચીત ચાલી રહી છે. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નનું સેલિબ્રેશન ૧૨ થી ૧૪

લગ્નનું સેલિબ્રેશન ૧૨થી ૧૪ જૂલાઈ સુધી ચાલશે

જૂલાઈ સુધી ચાલશે. આ લગ્નમાં બોલિવૂડ સ્ટાર્સ ઉપરાંત સ્પોર્ટ્સ અને બિઝનેસ જગતના મોટા નામો પણ હાજરી આપશે. આ ભવ્ય લગ્નનું કાર્ડ સોશિયલ મીડિયા પર પહેલાથી જ વાયરલ થઈ ગયું છે. હોલિવૂડની ગાયિકા રીહાન્ના, ધ બેકસ્ટ્રીટ બોયઝ, પીટબુલ અને ઈટાલિયન ઓપેરા સિંગર છહ્લઠ્ઠિ Bocelliએ અનંત અને રાધિકાના પ્રી-વેડિંગ સેલિબ્રેશનમાં પરફોર્મ કર્યું હતું. આ કપલના પ્રી-વેડિંગ સેલિબ્રેશનની તસવીરો સોશિયલ મીડિયા પર અઠવાડિયાથી ધૂમ મચાવી રહી હતી. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ મુંબઈના Jio વર્લ્ડ સેન્ટરમાં લગ્નના બંધનમાં બંધાશે. બંનેના ભવ્ય લગ્ન ૧૨ જૂલાઈના રોજ થશે. આ પછી ૧૩ જૂલાઈના રોજ બંનેના શુભ આશીર્વાદ સમારોહ યોજાશે. ૧૪મી જૂલાઈના રોજ ભવ્ય લગ્ન રિસેપ્શનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વિશ્વભરના ફૈં અને ફૈંફૈં મહેમાનો હાજરી આપશે.

વડાપ્રધાને ૭ LKM પર વર્લ્ડ ચેમ્પિયન્સની યજમાની કરી; BCCI સેક્રેટરી, પ્રમુખે મોદીને NAMO જર્સી ભેટ કરી

PM મોદીએ તેમના સોશિયલ મીડિયા હેન્ડલ પર પોસ્ટ કર્યું, 'આપણા ચેમ્પિયન્સ સાથે એક ઉત્તમ મીટિંગ ! ૭ LKM ખાતે વિશ્વકપ વિજેતા ટીમની યજમાની કરી અને ટુર્નામેન્ટમાં તેમના અનુભવો પર યાદગાર વાતચીત કરી'

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

નવા તાજ પહેરેલા ટી-૨૦ વર્લ્ડ ચેમ્પિયન્સ વહેલી સવારે રાષ્ટ્રીય રાજધાનીમાં ઉતર્યાના કલાકો પછી રોહિત શર

હદીસ બોધ

તમારા સંતાનોના સારા કામોને બિરદાવો, જેથી સત્કર્મો કરવા માટે તેમનો ઉત્સાહ વધે. -હદીસ બોધ

બોધ વચન

પાણી તો આગને કારણે ગરમ થાય છે, બાકી એનો મૂળ સ્વભાવ તો ઠંડો જ છે. -કાલિદાસ

આજની આરસી

૫ જુલાઈ શુક્રવાર ૨૦૨૪
૨૮ ઝિલહજ હિજરી ૧૪૪૫
જેઠ વદ અમાસ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૪-૨૭
ખત્મે ઝવાલ ૧૨-૪૪
તુલૂએ આફતાબ (સૂર્યોદય)૫-૫૯
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૨૯

અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

ટીમ ઇન્ડિયાના સિતારાઓએ વિશ્વકપ જીતની ખુશીમાં કાપી સ્પેશિયલ ટ્રોફી કેક

નવી દિલ્હી, તા.૪

કપ્તાન રોહિત શર્મા, સ્ટાર ભારતીય બેટ્સમેન વિરાટ કોહલીએ ટી-૨૦ વિશ્વકપ ટાઇટલ જીતી ટી-૨૦ ક્રિકેટને શાનદાર રીતે અલવિદા કહ્યું છે અને મુખ્ય કોચ રાહુલ દ્રવિડે ગુરૂવારે દિલ્હીની આઇટીસી મૌર્યમાં પોતાની ટીમની જીત અને ૧૧ વર્ષના લાંબા ટ્રોફીના દુષ્કાળના અંતની ઉજવણી મનાવવા માટે એક વિશેષ કેક કાપી આઇસીસી ટી-૨૦ વિશ્વકપ જીતનારી ભારતીય ટીમ ગુરૂવારે દિલ્હી પહોંચી જ્યાં પ્રશંસકોએ ભવ્ય સ્વાગત કર્યું. એરપોર્ટથી ટીમ ઇન્ડિયા આઇટીસી મૌર્ય હોટલ પહોંચી જ્યાં તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત પહેલાં રોકાયા હતા. વિજયની ઉજવણી મનાવવા માટે હોટલમાં ટી-૨૦ વિશ્વકપ ટ્રોફીવાળી એક વિશેષ કેક કાપવામાં આવી. કેક કાપનારા સ્ટારોમાં રોહિત, વિરાટ, દ્રવિડ અને હાર્દિક પંડ્યા સામેલ હતા. કેક પર ટ્રોફી અને ભારતીય સ્ટારોની અમુક તસવીર હતી. વડાપ્રધાન મોદી સાથેની બેઠક બાદ મેન ઇન બ્લ્યુ ભવ્ય સમારોહ પરેડ માટે મુંબઇ રવાના થશે.

દલિત પ્રતિકારનો રંગ વાદળી શા માટે છે ?

બી.આર. આંબેડકરનો વાદળી સૂટ દલિતોએ વાદળી ધ્વજ અપનાવવાનું મુખ્ય કારણ છે, વાદળી એ ભેદભાવ વિનાના આકાશની રજૂઆતનો રંગ પણ છે, જે આકાશની નીચે દરેકને સમાન માનવામાં આવે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

જ્યારે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ (એસસી/એસટી એક્ટ)ને હળવો કરનાર સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે વિરોધ દર્શાવતા હજારો દલિતો સોમવારે દિલ્હીમાં ફ્રૂ કરી રહ્યા હતા, ત્યારે એવું લાગતું હતું કે જાણે તેઓની વાદળી રંગથી ધોલાઈ કરવામાં આવી હોય. વાદળી ધ્વજ તાજેતરના વર્ષોમાં દલિત વિરોધના સૌથી દૃશ્યમાન માર્કર તરીકે અલગ પડે છે. તે ૨૦૦૬ના ખેરલાંજી હત્યાકાંડ પછી થયેલા પ્રચંડ દલિત વિરોધ હોય કે પછી ૨૦૧૬માં હૈદરાબાદમાં દલિત વિદ્વાન રોહિત વેમુલાની આત્મહત્યા પછી અથવા તે જ વર્ષે ઉનામાં કોરડા માર્યા પછી; અથવા આ વર્ષની શરૂઆતમાં મહારાષ્ટ્રના એક દૂરના ગામમાં ભીમા-કોરેગાંવ યુદ્ધની દ્વિશતાબ્દીની ઉજવણી પછી હોય પણ એવું નથી કે માત્ર રેલીઓમાં જ વાદળી ધ્વજનો ઉપયોગ કરવામાં આવે છે-જ્યારે ગયા વર્ષે જુલાઈમાં એક જૂથે ગુજરાતના લવારા ગામમાં ચાર દલિત પરિવારોની ૧૨ એકર જમીન પર દાવો કરવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારે તેઓએ તેની ખાતરી કરવા માટે વિવાદાસ્પદ જમીન પર વાદળી ધ્વજ લગાવ્યો હતો જે તે તેના હકના માલિકોને સોંપવામાં આવી હતી. સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટીના રાજકીય વિજ્ઞાનના પૂર્વ પ્રોફેસર અને દલિત મસીહા બી.આર.આંબેડકર અને દલિત આંદોલનના વિદ્વાન રાવસાહેબ કસ્બે કહે છે કે, તેની પાછળનો વિચાર એ હતો કે વાદળી આકાશનો રંગ છે જે બિન-ભેદભાવનું પ્રતિનિધિત્વ કરે છે અને આકાશની નીચે દરેકને સમાન માનવામાં આવે છે. આની આસપાસ ઘણા સિદ્ધાંતો છે, પરંતુ વાદળી રંગ શા માટે દલિત પ્રતિકારનો રંગ બન્યો તે અંગે કોઈ સ્થાયી ઈતિહાસ નથી. ૨૦૧૭માં અર્થ-જર્નલ ઑફ સોશિયલ સાયન્સમાં પ્રકાશિત, ફેબ્રિક-રેન્ડરેડ આઈડેન્ટિટી: પા. રંજીથના અકૂકથી, મદ્રાસ અને કબાલીમાં દલિત પ્રતિનિધિત્વનો અભ્યાસ અનુસાર, ''આંબેડકરે તેમના પક્ષ સ્વતંત્ર લેબર પાર્ટી માટે ધ્વજ તરીકે વાદળી મહારનો ધ્વજ રજૂ કર્યો હોવાનું જાણીતું છે. તે દલિત ચેતના સાથે ઓળખાણનું પ્રતિનિધિત્વ કરે છે જે ભેદભાવ રહિત છે. તે બ્લુ કોલર કામદારોની જેમ જનતાને પણ અપીલ કરે છે''. મહારાષ્ટ્રમાં મહાર સૌથી મોટો દલિત સમૂહ છે. આંબેડકરની ત્રણ પીસ વાદળી સૂટ પહેરેલી અને ભારતીય બંધારણ ધારણ કરેલી પ્રતિમાઓ દેશભરના ઘણા ગામો અને નગરોમાં જોવા મળે છે. સૂટ તેમજ રંગ વાદળી દલિતો માટે સાંકેતિક અર્થ ધરાવે છે કારણ કે ઐતિહાસિક રીતે, ઉચ્ચ જાતિના જુલમ ગયા વર્ષે એપ્રિલમાં પ્રકાશિત મિન્ટ લાઉન્જ વાર્તામાં જણાવ્યું હતું કે, 'વ્યક્તિગત શ્રેષ્ઠતામાં અભિવ્યક્તિ જોવા મળે છે'. નેશનલ કેમ્પેઈન ઓન દલિત હ્યુમન રાઈટ્સના રાષ્ટ્રીય સંયોજક બીના પલ્લીકલ કહે છે કે આંબેડકરનો વાદળી પોશાક દલિતોએ વાદળી ધ્વજ અપનાવવાનું મુખ્ય કારણ છે. પરંતુ જે રંગની વધુ ચર્ચા કરવાની જરૂર છે, તે શાસક ભારતીય જનતા પાર્ટીનો ભગવો રંગ છે: ''હવે શું થઈ રહ્યું છે કે એક રંગ- બિનસાંપ્રદાયિકતાના રંગો, એકતાના રંગો. વિવિધતા, સાંપ્રદાયિક સંવાદિતાના રંગો એમ બધા રંગોને ધોઈ નાખે છે. જ્યારે દલિતોએ સશક્તિકરણ દર્શાવવા માટે વાદળી રંગનો ઉપયોગ કર્યો છે, ત્યારે એવા કિસ્સાઓ છે જ્યારે સમાન રંગનો ઉપયોગ તેમની સાથે ભેદભાવ કરવા અને સામાજિક રીતે તેમને બાકાત રાખવા માટે કરવામાં આવ્યો છે. ૧૯૯૫માં મહારાષ્ટ્રમાં શિવસેના-ભાજપ ગઠબંધનએ રાજીવ ભાર્ગવ, હેમ્ટ રીફેલ દ્વારા સંપાદિત પુસ્તક સિવિલ સોસાયટી, પબ્લિક સ્ફિયર એન્ડ સિટિઝનશિપ: ડાયલોગ્સ એન્ડ પર્સ્પેક્ટીવ્સ અનુસાર, દલિત બાળકોને તેમને અન્ય બાળકોથી અલગ પાડવા માટે વાદળી ગણવેશ પહેરાવવાની નીતિ લાગુ કરી હતી.

દલિત મહિલાને માર મારવા બદલ પાંચ લોકોને સજા

(એજન્સી) તા.૪

સિરસિયા પોલીસ સ્ટેશન વિસ્તારના ડોમાઈ ગામમાં રહેતી અનુસૂચિત જાતિના પુરૂષ અને તેની પત્ની કરાઈ પર ૧૩ વર્ષ પહેલા કલતા દેવી પર હુમલો કરવામાં આવ્યો હતો. આ દરમિયાન તે જ ગામના રાધેશ્યામ અને ઈટવારી, રામ પારસ, નાનકે અને શેષરામે મહિલાને જાતિ વિષયક અપશબ્દો બોલી માર માર્યો હતો. આ દરમિયાન આરોપીઓએ તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. પોલીસે પાંચેય આરોપીઓ સામે ગુનો નોંધી ચાર્જશીટ કોર્ટમાં મોકલી આપી હતી. આનો નિકાલ કરતાં મંગળવારે સ્પેશિયલ જજ SC ST અવનીશ ગૌતમે આરોપીઓને દોષિત ઠેરવ્યા અને રાધેશ્યામ અને ઈટવારીને એક-એક વર્ષની સાદી કેદ અને ૩૦૦૦ રૂપિયાના દંડની સજા ફટકારી છે. દંડ ન ભરવાના કિસ્સામાં, તેને બે અઠવાડિયાની વધારાની સજા ભોગવવાનો આદેશ આપવામાં આવ્યો છે. રામ પારસ, નાનકે અને શેષરામને બે-બે વર્ષની સખત કેદ અને આઠ હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

હુમલાના કેસમાં એક વર્ષની સખત કેદ

ચાર વર્ષ પહેલા સરકારી કર્મચારી પર હુમલાના કેસમાં ભીંગા કોતવાલી પોલીસે સિરસિયા પોલીસ સ્ટેશન વિસ્તારના ગુલરા ફતવા નિવાસી કોયલીયા પુત્ર રશીદ વિરૂદ્ધ કેસ નોંધ્યો હતો અને કોર્ટમાં ચાર્જશીટ મોકલી હતી. મંગળવારે સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ નિશોદ કુમારે આરોપી કોયલિયાને દોષિત ગણાવ્યો હતો અને તેને એક વર્ષની સખત કેદ અને ૧૦૦૦ રૂપિયાના દંડની સજા ફટકારી છે.

રોહિત-સૂર્યાએ દિલ્હી એરપોર્ટ બહાર 'ભાંગડા' કર્યો

ટોલ-નગારા સાથે ટીમ ઇન્ડિયાનું ભવ્ય સ્વાગત

વરસતા વરસાદમાં પ્રશંસકો ભારતીય સ્ટારોની એક ઝલક મેળવવા માટે હાથમાં રાષ્ટ્રીય ધ્વજ લઈ લાઇનમાં ઊભા હતા

નવી દિલ્હી, તા.૪

ટી-૨૦ વિશ્વકપ જીતી ભારતીય ક્રિકેટ ટીમ ગુરૂવારે વિશેષ વિમાનથી સ્વદેશ પરત ફરી છે. સતત વરસાદ વચ્ચે એરપોર્ટ પર પ્રશંસકોએ ખેલાડીઓનું ઉમળકાભેર સ્વાગત કર્યું અને રોહિત શર્મા, સૂર્યકુમારે એરપોર્ટની બહાર નીકળ્યા બાદ વિશ્વકપ જીતની ખુશીમાં ભાંગડા કર્યું જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ભારે સુરક્ષા વ્યવસ્થા વચ્ચે જ્યાં પ્રશંસકો ખેલાડીઓની એક ઝલક મેળવવા માટે ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે વરસાદની પરવાહ કર્યા વિના વિભિન્ન સૂત્રો લખેલા બેનર અને રાષ્ટ્રીય ધ્વજ લહેરાવી રહ્યા હતા. આ દરમ્યાન રોહિત શર્મા અને તેની ટીમ એરપોર્ટ પર બહાર નીકળી અને બસમાં સવાર થતાં પહેલાં ઢોલની તાલે ઝૂમી ઊઠ્યા હતા. આ દરમ્યાન સૂર્યકુમાર પણ પોતાની ખુશી રોકી શક્યો નહીં અને ભાંગડા કરતો દેખાયો. સૂર્યકુમારે અંતિમ ઓવરમાં ડેવિડ મિલરનો શાનદાર કેચ ઝડપી ટીમને જીત અપાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. એર ઇન્ડિયાનું વિશેષ વિમાન 'એર ઇન્ડિયા ચેમ્પિયન્સ ૨૪ વિશ્વકપ' બુધવારે ભારતીય સમય અનુસાર સવારે ૪:૫૦ વાગ્યે બાર્બાડોસથી રવાના થયું અને ૧૬ કલાક રોકાયા વિનાની યાત્રા બાદ ગુરૂવારે સવારે ૬ વાગ્યે દિલ્હી પહોંચ્યું. અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં સવારના સમયે ખરાબ હવામાન હોવા છતાં પ્રશંસક પોતાના ફેવરિટ ખેલાડીઓની એક ઝલક મેળવવા માટે એરપોર્ટની બહાર હાથમાં છત્રી પકડી અને રાષ્ટ્રધ્વજ લહેરાવતા લાઈનમાં ઊભા હતા. એરપોર્ટ પર હાજર એક પ્રશંસકે કહ્યું કે, ૧૧ વર્ષની આતુરતાનો અંત થઈ ગયો છે. એટલા માટે ઉજવણી પણ શાનદાર હોવી જોઈએ. હું સવારે પાંચ વાગ્યે જ એરપોર્ટ પહોંચી ગયો હતો. જેથી અમારા કપ્તાન 'ઇન્ડિયા કા રાજા' રોહિત શર્મા અને ટીમની એક ઝલક જોઈ શકું.

૧૮ કલાક સુધી દલિત યુવતીના મૃતદેહને મૂકી રાખીને વિરોધ, સ્મશાનને લઈને શરૂ થઈ ચર્ચા

રાજસ્થાનના ખૈરથલ જિલ્લામાં એક દલિત યુવતીની લાશને લઈને છેલ્લા ૧૮ કલાકથી હોબાળો મચી ગયો છે ૨૪ વર્ષની એક છોકરીના લાંબી માંદગી પછી અવસાન થયા બાદ ડાંગણહેરી ગામમાં હંગામો મચી ગયો હતો તેણીને સ્મશાનમાં લઈ જતા ગામથી સ્મશાન જતો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હોવાને કારણે અંતિમ સંસ્કાર થઈ શક્યા ન હતા, આ પછી ગ્રામજનોએ લાશને રસ્તાની વચ્ચે મૂકીને વિરોધ શરૂ કર્યો જે સોમવારથી મંગળવારની સવારે પણ ચાલુ રહ્યો છે

(એજન્સી) અલવર, તા.૪

રાજસ્થાનના ખૈરથલ જિલ્લાના તાપુકડા વિસ્તારના ડાંગનહેરી ગામમાં સ્મશાન તરફ જતા રસ્તાને લઈને વિવાદ થયો હતો. દલિત સમાજની ૨૪ વર્ષની છોકરી લાંબી બિમારી પૂજા નામની એક દલિત છોકરીનું સોમવારે અવસાન થયું હતું, સમાજના લોકો તેના મૃતદેહના અંતિમ સંસ્કાર કરવા માટે સ્મશાનભૂમિ તરફ જતા હતા, પરંતુ રસ્તો બંધ હોવાના કારણે તેઓ તેના અંતિમ સંસ્કાર કરી શક્યા ન હતા. આનાથી રોષે ભરાયેલા લોકોએ લાશને રસ્તા પર મુકી દઈને વિરોધ પ્રદર્શન શરૂ કર્યો હતો અને વહીવટીતંત્ર તેમજ રસ્તો બંધ કરી દેનારાઓ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા.

૧૮ કલાકથી વિરોધ પ્રદર્શન ચાલુ જ છે

લગભગ ૩ કલાક પછી આ મામલાની જાણ થતા એસડીએમ સત્યનારાયણ સુથાર ઘટનાસ્થળે પહોંચ્યા અને સમગ્ર મામલાની માહિતી એકઠી કરી. ગ્રામજનોએ એસડીએમને રસ્તો ખુલ્લો કરવાની માંગ કરી છે. જ્યાં સુધી રસ્તો ખુલ્લો ન થાય ત્યાં સુધી ગામલોકો લાશ સાથે બેસી રહેવા મક્કમ છે અને આ વિરોધ છેલ્લા ૧૮ કલાકથી ચાલુ છે.

પૂજા ચાર બહેનોમાં સૌથી મોટી હતી

સરપંચ ઉદમીરામ પોસવાલે જણાવ્યું કે ડાંગનહેરી ગામના રહેવાસી રાજપાલ મેઘવાલની પુત્રી ૨૪ વર્ષની દિકરી પૂજાનું સોમવારે લાંબી બીમારી બાદ અવસાન થયું હતું. તે ૧૨ વર્ષથી હાથ-પગ અકડાઈ જવાની બીમારીથી પીડાતી હતી. તેણીને દરેક જગ્યાએ લઈ જવામાં આવી હતી પરંતુ તેની સારવાર થઈ શકી ન હતી. મૃતક પૂજાના પિતા રાજપાલ ભીવાડીમાં ઓટો ચલાવે છે અને લગભગ ૧૦ વર્ષથી ઓટો ચલાવીને પોતાના પરિવારનું ધ્યાન રાખે છે. મૃતક પૂજાનો મોટો ભાઈ વિજયપાલ આર્મીમાં છે અને હાલ જોધપુરમાં પોસ્ટેડ છે. પૂજાને ત્રણ નાની બહેનો છે. ચાર બહેનોમાં તે સૌથી મોટી હતી.

વિવાદ પાછળનું કારણ

પૂજાના મૃત્યુ બાદ લોકો તેના અંતિમ સંસ્કાર કરવા માટે સ્મશાનગૃહ પહોંચ્યા પરંતુ રસ્તો બંધ હોવાને કારણે તેઓ અંતિમ સંસ્કાર કરી શક્યા ન હતા. ગામના રહેવાસી બિલ્લુના પિતાએ લગભગ ૫૦ વર્ષ પહેલા આ જમીન ખરીદી હતી. અગાઉ આ જમીન પરથી સ્મશાન તરફ જવા માટે કાચોનો રસ્તો હતો, પરંતુ હવે ખેતર ફરતે તારની ફેન્સીંગ કરી દેવામાં આવી છે. જેના કારણે સ્મશાન જવાનો રસ્તો બંધ થઈ ગયો છે. લગભગ ૧૫ દિવસ પહેલા પણ એક વ્યક્તિનું મોત થયું હતું અને તેને સ્મશાન લઈ જતી વખતે પણ આવો જ વિવાદ થયો હતો. તે સમયે પ્રશાસને ઘટનાસ્થળે પહોંચીને રસ્તો ખુલ્લો કરાવ્યો હતો, ત્યારબાદ જ મૃતકના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. પરંતુ બાદમાં ફરીથી તારની ફેન્સીંગ કરીને રસ્તો બંધ કરી દેવાયો હતો અને હવે ફરી એ જ સમસ્યા સામે આવી છે. મૃતક યુવતીના પરિવાર સહિત ગામના સેંકડો સ્ત્રી-પુરૂષો લાશ સાથે સ્થળ પર બેઠા છે અને વહીવટીતંત્ર સમજાવટથી મામલો શાંત પાડવાનો પ્રયાસ કરી રહ્યું છે.

ઘટના બપોરે ૨.૦૦ કલાકે બની હતી

મૃતક પૂજાના મૃતદેહનો સોમવારે બપોરે ૨.૦૦ વાગ્યે અંતિમ સંસ્કાર કરવાનો હતો. પરંતુ રસ્તો બંધ હોવાથી પરિવાર અને ગ્રામજનો સ્મશાનભૂમિથી ૧૫૦ મીટર દૂર રોડ પર ધરણા પર બેસી ગયા હતા. લગભગ ૧૮ કલાક પછી પણ વહીવટીતંત્ર કોઈ નિષ્કર્ષ પર પહોંચી શક્યું નથી. તિજારા વિધાનસભાના કોંગ્રેસના ઉમેદવાર ઈમરાન ખાન, અલવર જિલ્લા સરપંચ સંઘના પ્રમુખ ઉદમીરામ પોસવાલના નેતૃત્વમાં સમાજ અને ગામના લગભગ ૧૫૦થી ૨૦૦ લોકો ધરણા પર બેઠા છે. તિજારા ડીએસપી શિવરાજ સિંહ, ટપુકડા એસ.એચ.ઓ. ભગવાન સહાય પણ કોઈપણ પરિસ્થિતિને સંભાળવા માટે સ્થળ પર હાજર છે. તેવી જ રીતે, ટપુકડાના એસડીએમ સત્યનારાયણ સુથાર સાથે ટપુકડાના હળકા પટવારી અને રેવન્યુ કર્મચારીઓ સ્થળ પર હાજર છે.

કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)
(સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૧) સાથે વાંચેલા પરિશિષ્ટ IV મુજબ)

એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ
રિટેલ સેન્ટ્રલ અને રજિસ્ટર્ડ કાર્યાલય : એડલવાઈસ હાઉસ, ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮

જ્યારે, મૂળ ધિરાણકર્તાઓએ નીચેની નાણાકીય અસ્કયામતો **એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**ને સોંપી છે જે નીચે દર્શાવેલ વિવિધ ટ્રસ્ટીઓ (EARC) તરીકે તેની ક્ષમતામાં કાર્ય કરી રહી છે. અસાઈનમેન્ટ કરારો અનુસાર, SARFAESI એક્ટ, ૨૦૦૨ની કલમ ૫ હેઠળ, EARC એ અસાઈનરના કાર્યક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે અને અંતર્ગત સુરક્ષા હિતો, બાંયધરી, વચનો સહિત નાણાકીય અસ્કયામતોના સંદર્ભમાં અસાઈનરના તમામ અધિકારો, શીર્ષક અને હિતો. દેણદારો દ્વારા લેવામાં આવતી નાણાકીય સહાયના સંદર્ભમાં EARCમાં નિહિત છે અને EARC સુરક્ષિત દેણદાર તરીકે તેના તમામ અધિકારોનો ઉપયોગ કરે છે. EARCના અધિકૃત અધિકારી, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (અધિનિયમ), ૨૦૦૨ હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમોના (નિયમ ૩) સાથે વાંચેલા સેકશન ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાના ઉપયોગ માટે , ૨૦૦૨ એ નીચે દર્શાવેલ ડિમાન્ડ નોટિસ જારી કરીને દેણદાર(રો)ને નોટિસમાં દર્શાવેલ રકમની ચુકવણી નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર કરવા માટે આહ્વાન કર્યું હતું. દેણદારો રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છે, આથી દેણદારો અને સામાન્ય રીતે લોકોને નોટિસ આપવામાં આવે છે કે **એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**ના અધિકૃત અધિકારી હોવાના કારણે નીચે હસ્તાક્ષરિત વ્યક્તિએ આપેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકતોનો **ભૌતિક કબજો** લઈ લીધો છે. તેને અધિનિયમની કલમ ૧૩ ની પેટા-કલમ (૪) હેઠળ દરેક મિલકત સામે ઉલ્લેખિત તારીખે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ સાથે વાંચો. દેણદારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ તરફ આમંત્રિત કરવામાં આવે છે. ખાસ કરીને દેણદારને અને સામાન્ય રીતે જાહેર જનતાને આથી સાવચેતી આપવામાં આવે છે કે તે મિલકત સાથે વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર નીચે દર્શાવેલ રકમ અને તેના પરના વ્યાજ માટે એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડના ચાર્જને આધીન રહેશે.

અસાઈનરનું નામ	ટ્રસ્ટનું નામ	લોન એકા. નં.	દેણદાર અને સહ-દેણદાર(રો)ના નામ	ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ	કબજાની તારીખ	કબજાનો પ્રકાર
પિરામલ ફિનિટલ અને હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ	ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૪૭૭	31000 14324	૧) શ્રી ભદ્રેશ દેવચંદ્રભાઈ વડોરિયા (દેણદાર) અને ૨) શ્રીમતી જયશ્રીબેન ભદ્રેશભાઈકુમાર વડાડોરિયા (''સહ-દેણદાર'')	રૂા.૨૫,૮૭,૭૯૪.૧૨/- (ફક્ત રૂા. પચ્ચીસ લાખ સિત્યાસી હજાર સાતસો ચોરાણું અને બાર પૈસા) ૨૭.૦૭.૨૦૨૩ અને ૨૮.૦૭.૨૦૨૩ મુજબ	૩૦.૦૬.૨૦૨૪	ભૌતિક કબજો

સલામત મિલકતનું વર્ણન- સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનું ફલેટ નં.૨૭/એફ/૨૦૨, આગામ ૯૯ રેસિડેન્સી ક્ષેત્રફળ ૯૭૨ ચો.ફૂટ, સમાવિષ્ટ આર.એસ. નં.૯૪૯ પીર મોજે ગામ સચાણા, તા. વિરમગામ, સબ રજિસ્ટ્રાર વિરમગામના અધિકાર ક્ષેત્રમાં વિકમગામ અને કહેવાતા આર.એસ. નં.૯૪૯/૧ અને ૯૪૯/૨ અમદાવાદ-૩૮૨૧૫૦, ગુજરાત અને ફુલ જમીનનું **નીચે મુજબ ખૂંટ** : પૂર્વ તરફ : રેવન્યુ સર્વે નં.૯૫૦ની જમીન, પશ્ચિમ તરફ : સચાણા ઓગણજ રોડ, દક્ષિણ તરફ : રેવન્યુ સર્વે નં.૯૪૯ની જમીન, ઉત્તર તરફ : રેવન્યુ સર્વે નં.૯૭૫ની જમીન

ચોલામંડલમ ફીનેન્સમેન્ટ અને ફાઈનાન્સ કંપની લિમિટેડ	ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૪૮૧	XOHLA ME0002 898904	૧) શ્રી હિરેન શરદભાઈ મિસ્ત્રી (દેણદાર) અને ૨) શ્રીમતી દિપિકાબેન શરદ મિસ્ત્રી (''સહ-દેણદાર'')	રૂા.૧૯,૬૬,૯૯૦.૨૪/- (ફક્ત રૂા. ઓગણીસ લાખ છાસઠ હજાર નવસો નેવું અને ચોવીસ પૈસા) ૨૨.૧૧.૨૦૨૩ અને ૨૮.૧૧.૨૦૨૩ મુજબ	૩૦.૦૬.૨૦૨૪	ભૌતિક કબજો

સલામત મિલકતનું વર્ણન- સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનું ફલેટ નં.એચ-૧૦૩, ક્ષેત્રફળ લગભગ ૮૫ ચો.યાર અને શાલીન હાઈટ્સ-૩ સ્થિત જમીન પરાવતા સર્વે નં.૫૬/૨/૨, (જૂના સર્વે નં.૫૬/૨/૧), ૫૭/૧, ટીપીએસ નં.૭૩, એફપી નં.૨૫/૩/૨, ૨૬/૧, સબ પ્લોટ નં.૨ મોજે વિંઝોલના, તા. જિ. અમદાવાદ અને રજિ. સબ જિ. અમદાવાદ-૧૧ (અસલાલી) **આ મુજબ ખૂંટ** : ઉત્તર તરફ : ફલેટ નં.એચ-૧૦૪, દક્ષિણ તરફ : ફલેટ નં.એચ-૧૦૨, પૂર્વ તરફ : સોસાયટી રોડ અને બ્લોક નં.આઈ, પશ્ચિમ તરફ : નિસરણી અને બ્લોક નં.જી

પિરામલ ફિનિટલ અને હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ	ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૩૭૯	138000 01261	૧) શ્રી જીતેન્દ્રભાઈ મહેશભાઈ શાહ (દેણદાર) ૨) શ્રીમતી સુનિતા જીતેન્દ્ર શાહુ (''સહ-દેણદાર'')	રૂા.૨૬,૪૦,૬૦૦.૧૫/- (ફક્ત રૂા. ઓગણત્રીસ લાખ ચાલીસ હજાર છસ્સો અને પંદર પૈસા) ૨૨.૦૭.૨૦૨૩ અને ૨૮.૦૭.૨૦૨૩ મુજબ	૩૦.૦૬.૨૦૨૪	ભૌતિક કબજો

સલામત મિલકતનું વર્ણન- સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનું ફલેટ નં.૨૦૩, સુપર બિલ્ટ અપ એરિયા ૯૭૨ ચો.ફૂટ એટલે કે ૯૦.૩૦ ચો.મી. સ્થિત બીજો માળ બ્લોક ૯એલ જમીન પર બંધાયેલ રેવન્યુ સર્વે નં.૧૦૧૭/સી મોજે સચાણા તા. વિરમગામ, રજિ. સબ જિ. વિરમગામ અને જિ. અમદાવાદ અને કહેવાતી મિલકતની **આ મુજબ ખૂંટ** : પૂર્વ તરફ : કોમન રસ્તો અને ફલેટ નં.૨૦૪, પશ્ચિમ તરફ : કોમન રોડ, દક્ષિણ તરફ : ફલેટ નં.૨૦૨, ઉત્તર તરફ : કોમન રોડ અને બ્લોક નં.૯કે

એડલવાઈઝ હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ	ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૪૧૮	LANASTH 00000 70808	૧) શ્રી રજનીકાંત વાઘેલા (દેણદાર) ૨) શ્રીમતી દિપિકાબેન વાઘેલા (''સહ-દેણદાર'')	રૂા.૪૪,૦૪,૪૯૭.૮૭/- (ફક્ત રૂા. ચુમ્માલીસ લાખ ચાર હજાર ચારસો સત્તાણું અને સિત્યાસી પૈસા) ૧૮.૧૦.૨૦૨૩ અને ૨૦.૧૦.૨૦૨૩ મુજબ	૩૦.૦૬.૨૦૨૪	ભૌતિક કબજો

સલામત મિલકતનું વર્ણન- સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનું સબ પ્લોટ નં.બી/૫૭, પ્રારંભ ટેનામેન્ટ, પ્રયાગ સોસાયટીની સામે, વાઘાસી રોડ, અત્રે હાડગુડ આણંદ ૩૮૮૧૧૦ અને કહેવાતી બિનખેતીનો પ્લોટની જમીનમાં મોજે હાડગુડ, ઊભેલ જમીન ધરાવતા બ્લોક/સર્વે નં.૧૬૨/૩/૪+૫/૨ ક્ષેત્રફળ ૧૨૧૪૧ ચો.મી. 'પ્રારંભ ટેનામેન્ટ' તરીકે જાણીતું પૈકી પ્લોટ નં.બી/૫૭, પ્લોટ ક્ષેત્રફળ ૧૬.૧૦૦ ચો.મી. બિનવહેંચાયેલ રોડ અને કોમન પ્લોટ ક્ષેત્રફળ ૫૫.૪૩૩ ચો.મી. કુલ ક્ષેત્રફળ ૧૭૧.૫૩ ચો.મી. અત્રે રજિ. સબ જિ. આણંદ અને જિ. આણંદ અને **આ મુજબ ખૂંટ** : ઉત્તર તરફ : પ્લોટ નં.બી/૫૬, દક્ષિણ તરફ : પ્લોટ નં.બી/૫૮, પૂર્વ તરફ : પ્લોટ નં.બી/૫૨, પશ્ચિમ તરફ : સોસાયટીનો આંતરિક રોડ

તારીખ : ૩૦-૦૬-૨૦૨૪ **અધિકૃત અધિકારી**
સ્થળ : મુંબઈ **એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

Edelweiss Asset Reconstruction

IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792
રજિ.ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૭મો માળ

નવા ફોજદારી કાયદા : 'નવી બોટલમાં જૂનો શરાબ' સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ ચેલમેશ્વર

સરકારે ૧૧ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ, ભારતીય દંડ સંહિતા, ૧૮૭૨ના પુરાવા અધિનિયમ અને CrPC ૧૯૭૩ને બદલવા માટે લોકસભામાં ત્રણ નવા બિલ રજૂ કર્યા હતા. સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્તી ચેલમેશ્વર કહે છે કે, ૧ જુલાઈથી અમલમાં આવેલા ત્રણ નવા ફોજદારી કાયદાઓ નવી બોટલોમાં જૂની વાઈન જેવા છે. આ માત્ર નામાકરણમાં ફેરફાર છે. પરંતુ મૂળભૂત રીતે તે રિપ્લેસમેન્ટ છે

(એજન્સી) તા.૪

સરકારે ૧૧ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ, ભારતીય દંડ સંહિતા (IPC), ૧૮૭૨નો પુરાવા અધિનિયમ અને ક્રિમિનલ પ્રોસિજર કોડ ૧૯૭૩ને બદલવા માટે લોકસભામાં ત્રણ નવા બિલ રજૂ કર્યા છે. આ પગલાંનો ઉદ્દેશ્ય પ્રક્રિયાઓને સરળ બનાવવા, કાયદાઓને સમકાલીન પરિસ્થિતિને અનુરૂપ બનાવવા, ઝડપી ન્યાય આપવા અને કાયદાને તેની સંસ્થાનવાદી માનસિકતામાંથી બહાર કાઢવાનો છે.

ચેલમેશ્વર કહે છે, "મને શંકા છે તેમ છતાં હું હજુ પણ કાયદાનો બારીકાઈથી અભ્યાસ કરી રહ્યો છું, હું જે પ્રાથમિક દૃષ્ટિએ જોઈ શકું છું તેના પરથી, કેટલાક ફેરફારો અને ઉમેરાઓ અનાવશ્યક છે. ભારતીય પુરાવા અધિનિયમમાં દાખલ કરાયેલા ફેરફારો હેઠળ, અદાલતોને કેસની સુનાવણીમાં બિનજરૂરી વિલંબને ટાળવા માટે મહત્તમ બે મુદ્દત મુલતવી રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ટ્રાયલ સમાપ્ત થયાના ૪૫ દિવસની અંદર ફોજદારી કેસનો ચુકાદો આપવો આવશ્યક છે. પ્રથમ સુનાવણીના ૬૦ દિવસની અંદર

આરોપો ઘડવામાં આવશે. આ કેવી રીતે શક્ય બનશે? ચેલમેશ્વરે કહ્યું કે દરેક વ્યક્તિ સિસ્ટમની કાર્યક્ષમતાથી પરિચિત છે. ચુકાદો માત્ર ન્યાયાધીશોના હાથમાં નથી. સમયમર્યાદા પૂરી કરવા માટે તમારે ઉચ્ચ કાર્યક્ષમ અને સારી રીતે પ્રશિક્ષિત સ્ટાફની જરૂર છે. શું તે અમારી પાસે છે? તેમના મતે, આ વાસ્તવિકતામાં પરિણમશે તે શંકાસ્પદ છે. ૧ જુલાઈ ૨૦૨૪ પહેલા કરવામાં આવેલા ગુનાઓ માટે, અગાઉના IPC અને CrPC અને પુરાવા અધિનિયમના પ્રક્રિયાગત કાયદા લાગુ થશે, અને ટ્રાયલ તે પ્રમાણે જ ચાલુ રહેશે. ૧ જુલાઈ ૨૦૨૪થી આચરવામાં આવેલા ગુનાઓ માટે, ત્રણ નવા કાયદા અમલમાં આવશે. એવી ગંભીર ચિંતાઓ છે કે ભારતમાં ૮૦ ટકાથી વધુ કોર્ટ સિસ્ટમમાં મૂળભૂત ડિજિટલ ઈન્ફ્રા સુવિધાઓનો અભાવ છે, જે નવા કાયદાના અમલીકરણ માટે એક મોટો પડકાર છે.

જસ્ટિસ ચેલમેશ્વરના મતે જામીનની જોગવાઈઓ વધુ કડક બનશે. ગંભીર ગુનાઓ માટે પોલીસ કસ્ટડીમાં મહત્તમ અટકાયત સમયગાળો ૧૫ દિવસથી લંબાવીને ૯૦ દિવસ કરવામાં આવ્યો છે. આ ફેરફારથી સંભવિત પોલીસ અતિરેક અંગે ચિંતા વધી છે. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશે દેશમાં જાહેર કાર્યવાહીની સિસ્ટમ વિશે પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા, જે દેશની ન્યાયિક પ્રણાલીને સરળ બનાવવા માટેની પ્રાથમિક આવશ્યકતા છે.

તેમણે કહ્યું કે, દરેક જણ જાણે છે કે સરકારી વકીલની નિમણૂક કેવી રીતે કરવામાં આવે છે. નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રીડ મુજબ, ભારતની ફોજદારી ન્યાય પ્રણાલીમાં અંદાજે ૩.૪ કરોડ કેસ પેન્ડિંગ છે. વિવિધ અદાલતોના ન્યાયાધીશો અને પોલીસ દળોને ફરજિયાત અને સંગઠિત તાલીમ સત્રો આપવામાં આવ્યા છે. જો કે, વકીલો માટે આવા કોઈ પ્રોગ્રામ અને ફરજિયાત સત્રો નથી.

મેઘાલયમાં, રાજ્યની અનામત નીતિને લઈને સમુદાયોમાં વિભાજન

ખાસી જૂથોએ સમુદાય માટે ૫૦% ક્વોટાની માંગણી કર્યા પછી સરકાર દ્વારા નિયુક્ત નિષ્ણાત સમિતિ રાજ્યની આરક્ષણ નીતિની સમીક્ષા કરી રહી છે

(એજન્સી) તા.૪

રાજ્યની આરક્ષણ નીતિની સમીક્ષા કરવા માટે મેઘાલય સરકાર દ્વારા નિમણૂક કરાયેલ નિષ્ણાત સમિતિને ખાસી-જૈન્તિયા ટેકરીઓ અને ગારો ટેકરીઓના જૂથો તરફથી વિરોધાભાસી માંગણીઓ પ્રાપ્ત થઈ રહી છે, જે આ મુદ્દા પર વિભાજનનો સંકેત આપે છે.

૧૯૭૨ની મેઘાલય રાજ્ય આરક્ષણ નીતિ અમલમાં છે, ખાસી-જૈન્તિયા જાતિઓ માટે ૪૦% સરકારી નોકરીઓ, ૪૦% ગારો જાતિ માટે અને ૫% અન્ય જાતિઓ માટે અનામત છે. બાકીની ૧૫% નોકરીઓ સામાન્ય શ્રેણીના ઉમેદવારો માટે ઉપલબ્ધ છે. ૨૦૧૧માં હાથ ધરવામાં આવેલી છેલ્લી વસ્તીગણતરી દર્શાવે છે કે ખાસી-જૈન્તિયા જાતિઓ મેઘાલયની વસ્તીના ૪૬.૫૯% અને ગારો ૩૧.૫૬% છે. કેટલાક ખાસી-જૈંતીયા જૂથોએ રાજ્ય સરકારની નોકરીઓ તેમની વસ્તીના પ્રમાણમાં અનામત રાખવાની માંગણી કરતી રજૂઆત કરી છે જ્યારે અન્ય લોકોએ સમુદાય માટે ૫૦% ક્વોટાની માંગ કરી છે. તેનાથી વિપરીત, ગારો જૂથો ઈચ્છે છે કે આરક્ષણ સામાજિક અને આર્થિક પછાતતા પર આધારિત હોવી જોઈએ. સમિતિએ ધ્યાન દોર્યું છે કે ઉચ્ચ-સ્તરની નોકરીઓમાં ગારોનું પ્રતિનિધિત્વ ઓછું છે. ખાસી હિલ્સમાં નવા રચાયેલા વોઈસ ઓફ ધ પીપલ્સ પાર્ટીના નેતા ૧૯૭૨ની નોકરી અનામત નીતિની સમીક્ષાની માંગણી સાથે ૧૦ દિવસની ભૂખ હડતાળ પછી મે ૨૦૨૩માં નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવી હતી. આ મુદ્દો એપ્રિલ-મેમાં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં પણ હતો અને સત્તાધારી નેશનલ પીપલ્સ પાર્ટીએ મેઘાલયમાં સંસદીય બેઠકો ગુમાવી હતી. ખાસી-જૈંતીયા જૂથોની રજૂઆતોના જવાબમાં, ઓલ ઈન્ડિયા ગારો યુનિયને તાજેતરમાં ચેતવણી આપી હતી કે જો અનામત નીતિમાં ફેરફાર કરવામાં આવે તો રમખાણો થવાની સંભાવના છે.

મેઘાલયમાં ત્રણ પ્રદેશો છે - ગારો ટેકરીઓ, ખાસી ટેકરીઓ, જયંતિયા ટેકરીઓ - દરેકને ત્યાં રહેતી આદિજાતિના નામ પરથી નામ આપવામાં આવ્યું છે. ખાસી અને જૈનતિયા લોકો વંશીય સંબંધો ધરાવે છે અને સમાન સંસ્કૃતિ અને ભાષા ધરાવે છે, ત્યારે ગારો સમુદાયને વંશીય

રીતે અલગ ગણવામાં આવે છે.

મેઘાલય ૧૯૭૦માં આસામમાંથી અલગ કરવામાં આવ્યું હતું. ૧૯૭૧ની વસ્તી ગણતરીમાં ખાસી-જૈંતીયા જાતિઓની વસ્તી ૪૫% અને ગારોની ૩૨% હતી. ૧૯૭૨ ની આરક્ષણ નીતિએ બંને જૂથોને ૪૦% અનામત આપી હતી, ખાસી-જૈંતીયા રાષ્ટ્રવાદીઓ દ્વાર આ નિર્ણયની ટીકા કરવામાં આવી હતી. નિષ્ણાત સમિતિને કરેલી રજૂઆતમાં, વોઈસ ઓફ ધ પીપલ પાર્ટીએ સૂચન કર્યું છે કે ખાસી-જૈંતીયા, ગારો, અનુસૂચિત જાતિ અને અન્ય જનજાતિ માટે અનામતની ટકાવારી ૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ તેમની વસ્તીના આધારે હોવી જોઈએ. જો કે, ગારો જૂથો નિર્દેશ કરે છે કે રાજ્ય સરકારની નોકરીઓમાં સમુદાય મુજબનો હિસ્સો ખાસી-જૈંતીયોની તરફેણમાં છે. મેઘાલય સરકારી કર્મચારીઓની વસ્તી ગણતરી, ૧૯૭૨ મુજબ, લગભગ ૪૨% સરકારી નોકરીઓ ખાસી-જૈંતીયા સમુદાયના સભ્યો પાસે હતી જ્યારે ૧૯.૩૫% ગારો પાસે હતી.

આજે પણ, ખાસી-જૈંતીયા લોકો સરકારી રોજગાર પર પ્રભુત્વ ધરાવે છે, જેઓ મેઘાલય સરકારી કર્મચારીઓની ૨૦૨૨ની વસ્તી ગણતરી મુજબ ૬૦.૮૬% રાજ્ય સરકારની નોકરીઓ ધરાવે છે. આ તેમની વસ્તી ૪૬.૫૯% કરતા નોંધપાત્ર રીતે વધારે છે. તેનાથી વિપરિત, સરકારી નોકરીઓમાં ગારોનો હિસ્સો ૩૦.૬૧% છે, જે તેમની વસ્તીના ૩૧.૫૬% હિસ્સા કરતાં ઓછો છે. મેઘાલય આરક્ષણ નીતિના અસ્તિત્વના ૫૦ વર્ષોમાં, ગારો સમુદાયે તેનું પ્રમાણસર પ્રતિનિધિત્વ હાંસલ કર્યું નથી.

ખાસી સમુદાયના એક અનુસ્નાતક વિદ્યાર્થીએ જાન્યુઆરી ૨૦૨૨માં આરક્ષણ નીતિની સમીક્ષા કરવા માટે જાહેર ઝુંબેશ શરૂ કર્યા પછી મેઘાલયમાં આરક્ષણ પરની ચર્ચા શરૂ થઈ હતી. વિદ્યાર્થીએ રાજ્યની ત્રણ વર્ચસ્વ ધરાવતી જાતિઓમાં તેમની વસ્તીમાં થયેલા ફેરફારના આધારે સરકારી નોકરીઓની સમાન વહેંચણીની માંગ કરી હતી.

મારકનું પ્રતિનિધિત્વ કરનારા વરિષ્ઠ વકીલ એ.એસ. સિદ્દીકીએ સ્કોલને જણાવ્યું કે સુનાવણી દરમિયાન, અદાલતને જાણવા મળ્યું કે રોસ્ટર અનુસાર પ્રવેશ-સ્તરની નિમણૂકો માટે આરક્ષણ નીતિનું પાલન કરવામાં આવી રહ્યું નથી. ગારો સમુદાયને ૪૦% નોકરીઓ મળી રહી નથી, પરંતુ તે માત્ર ૨૫-૩૦% છે. મે ૨૦૨૨માં, કોર્ટની સૂચના પર, મેઘાલય સરકારે રોસ્ટર સિસ્ટમ લાગુ કરી હતી. પત્રકારના મતે રોસ્ટર સિસ્ટમના અમલીકરણથી સ્પષ્ટ થયું કે અનામત નીતિનો દુરુપયોગ થયો છે. જો કે વોઈસ ઓફ પીપલ પાર્ટીએ આ દાવા સામે વિરોધ નોંધાવ્યો હતો. ફેબ્રુઆરી ૨૦૨૩માં મેઘાલયમાં રાજ્યની ચૂંટણીઓ પહેલા રોસ્ટર સિસ્ટમના અમલીકરણ પર ચર્ચા કરવામાં આવી હતી. વિધાનસભાની ચૂંટણીઓ પછી, યુનાઈટેડ ડેમોક્રેટિક પાર્ટી નેશનલ પીપલ્સ પાર્ટીની આગેવાની હેઠળની સરકારમાં જોડાઈ અને અનામત નીતિ અંગે મૌન સેવ્યું હતું. નેશનલ પીપલ્સ પાર્ટીના નેતાઓ ગારો સમુદાયના છે. નેશનલ પીપલ્સ પાર્ટી સમજદારીપૂર્વક આગળ વધી રહી છે. પાર્ટીના નેતા ખાર્લુખીએ જણાવ્યું કે સરકાર નિષ્ણાત સમિતિના અહેવાલની રાહ જોઈ રહી છે.

બાઈડેનની ગાઝા નીતિની 'નિષ્ફળતા' - અમેરિકી સરકારના પૂર્વ અધિકારીઓએ ઈઝરાયેલને સુરક્ષા સહાય અટકાવવા હાકલ કરી

(એજન્સી) તા.૪

અમેરિકાના પૂર્વ અધિકારીઓએ ઈઝરાયેલ-હમાસ યુદ્ધ પર રાષ્ટ્રપતિ જો બાઈડેનની નીતિને નિષ્ફળ ગણાવી છે, અને તેઓએ દલીલ કરી છે કે તેમણે મધ્ય પૂર્વમાં વોશિંગ્ટનના હિતોને જોખમમાં મૂક્યા છે. અમેરિકન સિવિલ સર્વિસ, ફોરેન સર્વિસ, વ્હાઈટ હાઉસ અને સશસ્ત્ર દળોના ૧૨ પૂર્વ યુએસ સરકારી અધિકારીઓએ એક નિવેદન બહાર પાડ્યું જેમાં તેઓએ ગાઝા યુદ્ધ પર વોશિંગ્ટનને તેની નીતિને કેવી રીતે આકાર

અમેરિકન સિવિલ સર્વિસ, ફોરેન સર્વિસ, વ્હાઈટ હાઉસ અને સશસ્ત્ર દળોના પૂર્વ અધિકારીઓએ લખ્યું છે કે 'ઈઝરાયેલને શસ્ત્રો આપવામાં આવતા ગાઝામાં થતી હત્યાઓમાં યુએસની ભાગીદારી સાબિત થાય છે'

આપવી જોઈએ તે અંગે ભલામણો કરી છે. આમાંથી એક વિદેશી સહાયતા અધિનિયમ (૧૯૬૧)ની કલમ 620I હેઠળ ઈઝરાયેલને અમેરિકન સુરક્ષા સહાય સ્થગિત કરવાનો હતો. તેઓએ કહ્યું કે, પેલેસ્ટીનીઓ યુએસ દ્વારા ભંડોળ આપવામાં અને માનવતાવાદી સહાયમાં ઈઝરાયેલના કથિત અવરોધને કારણે આ નીતિ નિષ્ફળ છે.

આશરે ૪૦૦ કરોડ ડૉલરની વાર્ષિક સૈન્ય સહાય પ્રાપ્ત કરવા ઉપરાંત, ઈઝરાયેલને યુએસ પાસેથી આશરે ૧૭૦૦ કરોડ ડૉલર જેટલું વધારાનું યુદ્ધ ભંડોળ પણ પ્રાપ્ત થયું છે. આ નિવેદન પર હસ્તાક્ષર કરનારા કેટલાક પૂર્વ અધિકારીઓમાં યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના બ્યુરો ઑફ પોલિટિકલ-મિલિટરી અફેર્સના પૂર્વ ડિરેક્ટર જોશ પૉલ અને વ્હાઈટ હાઉસમાં ઑફિસ ઑફ મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશનના પૂર્વ રાજકીય નિયુક્ત અને ડેપ્યુટી ડિરેક્ટર અન્ના ડેલ કાસ્ટિલોનો સમાવેશ થાય છે.

ગયા ઑક્ટોબરમાં ઈઝરાયેલ પર હમાસના હુમલા બાદ ગાઝામાં યુદ્ધ શરૂ થયું ત્યારથી, તમામ બાર લોકોએ આ પ્રદેશમાં યુએસના અભિગમના વિરોધમાં રાજીનામું આપ્યું છે. તેમનું આ નિવેદન આ વર્ષે નવેમ્બરમાં યોજાનારી યુએસ પ્રમુખપદની ચૂંટણીઓ પહેલા આપવામાં આવ્યું છે. તેમણે લખ્યું છે કે, ગાઝામાં અમેરિકાના વહીવટીતંત્રની નીતિની નિષ્ફળતા છે અને યુએસની રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો છે. અમેરિકાના રાજદ્વારી સમર્થન અને શસ્ત્રોને લીધે, ઈઝરાયેલે ગાઝામાં પેલેસ્ટીની વસ્તીની હત્યા અને ભૂખમરામાં અમારી નિર્વિવાદ ભાગીદારી છે. આ નીતિ અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા અને અમારા સેવા સભ્યો અને રાજદ્વારીઓના જીવનને જોખમમાં મૂકે છે. તેમના આ નિવેદનમાં, પૂર્વ સરકારી અધિકારીઓએ યુનાઈટેડ નેશન્સ રિલીફ એન્ડ વર્ક્સ એજન્સી ફોર પેલેસ્ટાઈન રેફ્યુજીસ (UNRWA) અને ગાઝામાં તેના લશ્કરી ઓપરેશનમાં ઈઝરાયેલ દ્વારા અમેરિકન શસ્ત્રોના ઉપયોગને ભંડોળ રોકવાના વોશિંગ્ટનના નિર્ણયની ટીકા કરી હતી. ઈઝરાયેલને સુરક્ષા સહાય સ્થગિત કરવા ઉપરાંત, તેઓએ વોશિંગ્ટનને પેલેસ્ટીનીઓના સ્વ-નિર્ણયના અધિકાર માટે સમર્થન, વેસ્ટ બેન્ક અને પૂર્વ જેરુસલેમમાં ઈઝરાયેલના લશ્કરી કબજા અને વસાહતોનો અંત લાવવા અને અમેરિકન કોલેજ કેમ્પસમાં મુક્ત વાણી અને અહિંસક વિરોધ અંગે પગલાં લેવા માટે શિક્ષણ અને ન્યાય વિભાગોને ભલામણ કરી છે.

પાકિસ્તાનના ઈમરાન ખાન તેમના કથિત ગેરકાયદેસર લગ્નના એકમાત્ર કેસમાં જેલમાં છે

બુશરા બીબીના પૂર્વ પતિ ખાવર ફરીદ માણેકાએ તેમની પૂર્વ પત્નીના ઈદ્દતના સમયગાળા દરમિયાન લગ્ન કર્યા હોવાનો આક્ષેપ કરતી ફરિયાદ દાખલ કર્યા પછી ઈસ્લામાબાદ કોર્ટે બંનેને દોષિત ઠેરવ્યા હતા

(એજન્સી) ઈસ્લામાબાદ, તા.૪

પાકિસ્તાનની એક અદાલતે કહ્યું છે કે તે પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન સાથે સંબંધિત એકમાત્ર કેસમાં ચુકાદો જાહેર કરશે. ઈમરાન ખાન અને તેની પત્ની બુશરા બીબીને ગેરકાયદેસર લગ્ન કેસમાં દોષિત ઠેરવવામાં આવેલી અપીલ પર કોર્ટ ૧૨ જુલાઈએ ચુકાદો જાહેર કરશે. ઈસ્લામાબાદની અદાલતે, ૮ ફેબ્રુઆરીએ પાકિસ્તાનની સામાન્ય ચૂંટણીના માત્ર પાંચ દિવસ પહેલા, બુશરા બીબીના પૂર્વ પતિ, ખાવર ફરીદ માણેકાએ ફરિયાદ નોંધાવી હતી કે ઈમરાન ખાને આ મહિલાના ઈદ્દત સમયગાળા દરમિયાન લગ્ન કર્યા હતા. ઈસ્લામમાં, 'ઈદ્દત' શબ્દ એ રાહ જોવાનો સમયગાળો છે જે સ્ત્રીએ છૂટાછેડા અથવા તેના પતિના મૃત્યુ પછી પાળવો જોઈએ, જે સામાન્ય રીતે ચાર મહિનાની આસપાસ હોય છે. આ સમયગાળો પિતૃત્વ અંગે કોઈ મૂંઝવણ ન થાય તેની ખાતરી કરવા છે. આ કાનૂની કેસ અંગે પૂર્વ પતિએ કોર્ટને આ લગ્ન રદ કરવા વિનંતી કરી હતી. ન્યાયાધીશ મુહમ્મદ અફઝલ મજોકાએ બચાવ પક્ષના વકીલને તેમની દલીલો પૂર્ણ કરવાની સૂચના આપીને કાર્યવાહી ૮મી જુલાઈ સુધી મુલતવી રાખી હતી. તેમણે કોર્ટના નિર્ણય માટે ૧૨ જુલાઈની સમયમર્યાદા પણ નક્કી કરી હતી. ૨૭ જૂને, તે જ કોર્ટે સંબંધિત કેસમાં તેમની સજાને સ્થગિત કરવાની ઈમરાન ખાન અને બુશરા બીબીની અપીલને ફગાવી દીધી હતી. આ સુનાવણી પછી, પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના વડા ગોહર ખાને કહ્યું હતું કે ઈદ્દત કેસ ખાનને રાજકીય રીતે હેરાન કરવા અને તેમના પર દબાણ લાવવા માટે ઊભો કરવામાં આવેલ

કેસ છે. ૨૦૧૮માં, ઈમરાન ખાને બુશરા બીબી સાથે લગ્ન કર્યા હતા. તેઓ બીબી ખાનના આધ્યાત્મિક માર્ગદર્શક હતા, પરંતુ સમય જતાં તેમના સંબંધો રોમેન્ટિક થયા અને તેણીએ તેના પતિ સાથે છૂટાછેડા લીધા, અને આ દંપતીને પાંચ બાળકો હતા. ખાન તેમની ક્રિકેટ કારકિર્દી અને પ્લેબોય તરીકે પ્રતિષ્ઠા માટે જાણીતા છે. ઈમરાન ખાન ૭૧ વર્ષના છે, અને તોશાખાના સંબંધિત ભ્રષ્ટાચારના કેસોમાં સજાને ગયા વર્ષે ઓગસ્ટથી જેલમાં છે અને તેઓ અન્ય કાનૂની પડકારોનો સામનો કરી રહ્યા છે, જો કે ભ્રષ્ટાચારના કેસની સજા એપ્રિલમાં સ્થગિત કરવામાં આવી હતી. તાજેતરમાં, તેમને અન્ય કેસમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા પરંતુ ઈસ્લામિક કાયદાની જરૂરિયાતો (ઈદ્દત) મુજબ બુશરા સાથેના તેના લગ્ન અંગે ચાલી રહેલી કાનૂની કાર્યવાહીને કારણે તે હજુ પણ અદિયાલા જેલમાં કેદ છે.

૧૯મી સદીના અંતમાં બાલ ગંગાધર ટિળકે 'ખાનગી અંગ્રેજી શાળા' કેમ શરૂ કરી ?

(એજન્સી) તા.૪

૧ જાન્યુઆરી, ૧૮૮૦ના દિવસે તેમની નવી શાળાના ઉદ્ઘાટનની આયોજિત તારીખ નજીક આવી રહી હતી. તેમનું આ સાહસ શરૂ થાય તે પહેલાં જ, પૂર્વવત્ કરવાની ધમકી મળતા જ તિલક અને વિષ્ણુશાસ્ત્રી કૃષ્ણશાસ્ત્રી અને ચિપલુણકરને એક મોટી હચમચાવટ અનુભવી હતી. ચાર તેજસ્વી અને શિક્ષિત યુવાનો તેમની સાથે એક ખાનગી શૈક્ષણિક સંસ્થાની સ્થાપના કરવા જઈ રહ્યાની વાતથી ચિપલુણકર બહુ ખુશ હતા. આ શાળા રાજ્ય સંચાલિત શાળાઓ કરતાં અલગ ગુણવત્તામાં સરકારે સ્થાપેલી સંસ્થાઓ સાથે મેળ ખાનારી અને તેવા જ પ્રકારનું શિક્ષણ આપનારી શાળા બનવા જઈ રહી હતી. શાળામાં રાષ્ટ્રીય ચેતનાના વિચાર પર ધ્યાન કેન્દ્રિત કરીને ભારતની સંસ્કૃતિ અને વારસામાંથી મેળવાની હતી. પૂનાના બુધવાર પેઠ વિસ્તારના મોરોબદાદા ફડનીસ વાડા પરિસરમાં શાળાના સ્થાપનાના દિને, મૂળ કોર ટીમના ત્રણ લોકો ક્યાંય દેખાતા ન હતા. તેમની કોર ટીમમાંથી બે, ભાગવત અને કરંદીકર, સંભવતઃ રાજ તરફથી પ્રતિકૂળ પ્રતિક્રિયાના ડરથી, અચાનક પાછળ હટી ગયા હતા. બીજી બાજુ, અગરકર પણ તેની અંતિમ વર્ષની એમ.એ.ની પરીક્ષામાં નાપાસ થયો હોઈ, તે પ્રવેશતા પહેલા તેને પાસ કરવા માંગતો હતો તેથી તેણે પણ ઈન્કાર કરી દીધો હતો. આમ, તિલકે અને ચિપલુણકરે આ શાળાની શરૂઆત કરી હતી. શરૂઆતી અડચણ હોવા છતાં, આ શરૂઆતની ભાગીદારી રંગ લાવી અને આખરે એક આખી ટીમ બનાવવામાં આવી હતી. ટીમના સભ્યોમાં ગાંધીજીના માર્ગદર્શક, ગોપાલ કૃષ્ણ ગોખલેની ગણતરી કરવામાં આવી હતી. તિલકે પોતે તેમની કારકિર્દીમાં મહાન ઉંચાઈઓ સુધી પહોંચવા માટે ખૂબ જ નક્કર આધાર તૈયાર કર્યો હતો. જાહેર જીવનમાં તેમના શરૂઆતના વર્ષોમાં બહુ ઓછા લોકોને એક સંસ્થા પણ બનાવી શકવાની તક મળે છે. તિલક તેમના પ્રથમ દાયકામાં ૧૮૮૦થી ૧૮૯૦ સુધી, એક શાળા, બે સશક્ત અખબારો અને એક કોલેજ બનાવવાનું માન મેળવે છે. તેઓ જે પાંચમી સંસ્થામાં જોડાયા તે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ હતી. જે પાછળથી તેમણે લગભગ એકલા હાથે ભારતની મુક્તિ માટેના જન આંદોલનના રથમાં ફેરવી દીધી. ખાસ કરીને મરાઠી ભાષાના તેમના એક પેપર 'કેસરી'માં તેમના લખાણોથી, તેમણે ભારતીય માનસ અને આકાંક્ષાઓને ઉજાગર કરતી એક પગદંડી પ્રજ્વલિત કરી અને જે રીતે વશ થયેલા લોકો તેમના વંશીય માનસિકતા ધરાવતા વસાહતી જુલમીઓ સાથે વાતચીત અને ક્રિયાપ્રતિક્રિયા કરે તે રીતે પરિવર્તન કર્યું. ચિપલુણકરે પાછળથી જણાવ્યું હતું કે, જો કે ઘણા લોકોએ હર્ષભેર આ શાળાના જલ્દી મૃત્યુની આગાહી કરી હતી. પ્રથમ, સંસ્થાના ઉદ્દેશ્ય અને તેની સૂચનાના માધ્યમમાં સ્પષ્ટ વિસંગતતા હતી. તે ન્યુ ઈંગ્લિશ સ્કૂલ કહેવાતી હતી અને શિક્ષણની મુખ્ય ભાષા અંગ્રેજી બનવાની હતી, જો કે તે વધુ સચોટ રીતે દ્વિભાષી હતી કારણ કે મરાઠી પણ એક સાથે શીખવવામાં આવશે. તિલક અને ચિપલુણકર ભારતીયોના સ્વાભિમાનના નિર્માણ માટે પ્રતિબદ્ધ હતા અને ટિળકે ખુલ્લેઆમ કહ્યું હતુ કે, તેઓ દેશની સ્થિતિથી પરેશાન છે અને તેમણે અવલોકન કર્યું હતુ કે, માત્ર શિક્ષણ જ વસ્તુઓને ફેરવી શકે છે. બંને સ્થાપકો ઈચ્છતા હતા કે, પોતાની ભાષામાં ભારતીય ભાષાઓનો વિકાસ થાય. સંશયકારોએ વસાહતીઓની ભાષા અપનાવવાને, રાષ્ટ્રીય આત્મવિશ્વાસને પ્રેરણા આપવાના વિચાર સાથે અસંગત તરીકે જોયુ હતું, જો કે અંગ્રેજીની સાથે ધોરણ ૧થી ૩ સુધી મરાઠી અને વર્ગ ૪થી ૬ સુધી સંસ્કૃત શીખવવામાં આવવાના હતા. થોડા સમય પછી, શાળાના સ્થાપકોએ શિક્ષણ માટેની સ્થાનિક સંચાલક મંડળ એવા શિક્ષણ આયોગના સત્તાવાર વિલિયમ વિલ્સન હન્ટર સમક્ષ તેમના મંતવ્યો રજૂ કરીને સ્પષ્ટ કર્યું કે, તેઓએ 'અંગ્રેજીની ખાનગી શાળા' ચાર કારણોસર શરૂ કરી છે. એક, અંગ્રેજી શિક્ષણ લોકપ્રિય હતું અને તેની માંગ વધુ હતી. ચિપલુણકર માહિતી અને જ્ઞાનના વિશાળ પ્રવાહને કારણે સશક્તિકરણની ભાષા અંગ્રેજીને 'વાઘણના દૂધ' તરીકે જોતા હતા. બીજુ, તેઓનો ઉદ્દેશ્ય, અંગ્રેજી શાળાઓમાં ભણતા ભારતીયોના 'વિ-રાષ્ટ્રીકરણ'ને તેમજ આવી શાળાઓ જાતે ચલાવીને અંગ્રેજી શાળાઓમાં અભ્યાસ કરવો અને બ્રિટિશરો, તેમના ઈતિહાસ અને તેમની સંસ્કૃતિનો મહિમા માત્ર ન હોય તેવા પાઠો આપવા; માધ્યમિક શિક્ષણ, તેઓને લાગ્યું કે, અંગ્રેજી મોડેલો અને અંગ્રેજી રૂચિઓ પર હાથ ધરવામાં આવેલી એકવિધ સમાન શિક્ષણ પ્રણાલીના સંચાલન દ્વારા રાષ્ટ્રીય ચારિત્ર્યની મુક્ત વૃદ્ધિ તપાસી અને મોરિસના ઈતિહાસ જેમાં બ્રિટિશ પ્રભાવ અને બ્રિટિશ સત્તાને વધારવા અને ભારતીય પુરૂષો અને રીતભાતને નીચું અને અધોગતિ કરવા માટે પાઠ્યપુસ્તકોને અપનાવવા, જેનો સમયગાળો હતો. ત્રીજુ, તેઓ વાસ્તવમાં આ શાળાઓમાં ભારતીય ભાષાઓને અંગ્રેજીની સમકક્ષ રાખીને 'શિક્ષણના માધ્યમ તરીકે સ્થાનિક ભાષાના દમન'નો અંત

લાવવા માગતા હતા જેથી કરીને '૧૮૫૪ના ડિસ્પેચ'ના જણાવ્યા મુજબ અંગ્રેજી ભાષા અને ભારતની સ્થાનિક ભાષાઓ એકસાથે જ્ઞાનનો ફેલાવો થઈ શકે.

ચોથુ, તેઓને આત્મવિશ્વાસપૂર્વક આશા હતી કે, તેઓ ૮થી ૧૦ વર્ષમાં સરકારી ઉચ્ચ શાળાઓ પર કબજો જમાવી શકશે જેથી શિક્ષણ મૂળવાસીઓના હાથમાં રહે જો સરકાર વધુ વધુ દાખલ કરીને તેમને ગ્રાન્ટ-ઇન-એઇડની ઉદાર અને ઓછી દખલકારી સિસ્ટમ માટે મદદ કરવા તૈયાર હોય. અનિવાર્યપણે, તેઓ સિસ્ટમને બદલવા માટે સિસ્ટમમાં પ્રવેશવા માંગતા હતા. એક ઉંચો ઓર્ડર. તે સમયે ધોરણ ૭ પાસ કરે તે વિદ્યાર્થીઓ મેટ્રિક હતા અને ન્યૂ ઈંગ્લિશ સ્કૂલમાં અંતિમ વર્ષમાં મેટ્રિક સુધીના વર્ગો હશે; જ્યારે અંગ્રેજી અલબત્ત એક વિષય હશે અને વિદ્યાર્થીઓ મરાઠી અને સંસ્કૃતને તેમની બીજી ભાષાના પેપર તરીકે પસંદ કરી શકે છે. ઉપરાંત, ભારતીય ભાષાઓને સમાન મહત્ત્વ આપવાના તેમના ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને, શક્ય હોય ત્યાં સ્થાનિક ભાષાનો ઉપયોગ કરવામાં આવશે, સંકર ભાષાના સંભવિત મોડેલની ખાતરી કરવામાં આવશે. ઉદાહરણ તરીકે, ધોરણ ૬ના વિદ્યાર્થીઓ માટેના પાઠ્યપુસ્તકોમાંથી મરાઠી ભાષાનું કે.એલ. છત્રેનું 'ભૌતિકશાસ્ત્ર' હશે. પરંતુ જો શાળા કોઈક રીતે ટકી રહેવાનો પ્રયાસ કર્યો તો પણ ટીકાકારોએ પૂછ્યું કે, ભંડોળ ક્યાંથી આવવાનું હતું ? કોઈ સરકારી અનુદાન ઉપલબ્ધ થવાનું ન હતું અને જ્યાં સુધી દાતાઓનો સંબંધ છે, શું તેઓ સમયાંતરે પૂરતું યોગદાન આપશે ? આ સંદર્ભમાં, સ્થાપકોએ શરૂઆત કરતા પહેલા સ્વ-ગોલ કર્યો હોવાનું જણાયું હતું. તેઓએ જાહેર સેવાના જેસુટીકલ સિદ્ધાંતનું સંસ્કરણ અપનાવવાનું નક્કી કર્યું હતું, જ્યાં તેઓ સંસ્થા માટે બધું જ કરશે પરંતુ શરીર અને આત્માને અકબંધ રાખવા માટે માત્ર લઘુત્તમ પગાર જ લેશે. ત્યાં કોઈ ધાર્મિક ઉ

વડોદરાની એમ.એસ. યુનિ.માં

મેસ ફી મુદ્દે આંદોલન કરનારા વિદ્યાર્થીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાતા ભારે આક્રોશ

૨૦૦ વિદ્યાર્થીઓના ટોળા સામે યુનિ.ના વિજિલન્સ ઓફિસરે ફરિયાદ નોંધાવી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૪

એમ.એસ.યુનિવર્સિટી હોસ્ટેલમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ માટે મેસ ફી ફરજિયાત રાખવાના નિર્ણયની સામે પાંચ દિવસ પહેલા હોસ્ટેલના વિદ્યાર્થીઓએ ભારે વિરોધ કર્યો હતો અને વાઈસ ચાન્સેલરના ઘરના કમ્પાઉન્ડમાં ઘૂસીને દેખાવો કર્યા હતા. એ પછી રજિસ્ટ્રાર અને ચીફ વોર્ડને આ નિર્ણય પાછો ખેંચવાની જાહેરાત કરવી પડી હતી. વિદ્યાર્થીઓએ પણ તરત આંદોલન બંધ કરી દીધું હતું. જો કે એ પછી વિદ્યાર્થીઓને યેન કેન પ્રકારે ધમકાવવાના અને તેમને હેરાન કરવા પ્રયાસો યુનિવર્સિટી સત્તાધીશો દ્વારા થઈ રહ્યા છે અને હવે આ મામલામાં વાઈસ ચાન્સેલર વિજયકુમાર શ્રીવાસ્તવના આદેશ બાદ રહી રહીને ૨૦૦ વિદ્યાર્થીઓના ટોળા સામે યુનિવર્સિટીના વિજિલન્સ ઓફિસર એસ.કે.વાળાએ સયાજીગંજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા હોસ્ટેલના વિદ્યાર્થીઓમાં આક્રોશ ભભૂકી ઉઠ્યો છે. સયાજીગંજ પોલીસે આ આંદોલનમા સામેલ ૨૦૦ વિદ્યાર્થીઓના ટોળા સામે રાયોટિંગ હેઠળ ફરિયાદ નોંધી છે અને સ્પષ્ટપણે દેખાઈ રહ્યુ છે કે, યુનિવર્સિટી સત્તાધીશોએ હવે વિદ્યાર્થીઓને ડરાવવા માટે પોલીસનો સહારો લીધો છે તેમજ પોલીસ પણ સત્તાધીશોના ઈશારે કામ કરી રહી છે. એવું મનાઈ રહ્યું છે કે, મેસ ફી ફરજિયાત કરવાનો નિર્ણય પાછો ખેંચવાના કારણે સત્તાધીશોને નીચું જોવું પડ્યું છે અને હવે કોઈ પણ સંજોગોમાં વિદ્યાર્થીઓને હેરાન પરેશાન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે સત્તાધીશોની કાર્યવાહીના કારણે વિદ્યાર્થીઓમાં ભારે રોષની લાગણી છે. હોસ્ટેલમાં વિદ્યાર્થીઓ આ પ્રકારના તાનાશાહી ભર્યા વલણ સામે વધુ એક આંદોલન શરૂ કરે તેવા એંધાણ વરતાઈ રહ્યા છે. આમ વાઈસ ચાન્સેલરે ફરિયાદ નોંધવાનો આદેશ આપીને વધુ એક વિવાદ સર્જી દીધો છે. હોસ્ટેલના વિદ્યાર્થીઓની સામે ફરિયાદ નોંધાયા બાદ વિદ્યાર્થીઓના સમર્થનમાં આવેલા એનએસયુઆઈના શહેર પ્રમુખ અમર વાઘેલાએ કહ્યું હતું કે, વાઈસ ચાન્સેલર રજૂઆત કરવા જતા વિદ્યાર્થીઓને ક્યારેય મળતા નથી. ડો.વિજય કુમાર શ્રીવાસ્તવ તાનાશાહ છે અને વિદ્યાર્થીઓ સાથે આતંકવાદીઓ જેવો વર્તાવ કરી રહ્યા છે. કદાચ હોસ્ટેલમાં મેસ ફીનો નિર્ણય પાછો ખેંચવો પડ્યો હોવાથી તેમનો અહમ ઘવાયો છે અને તેના કારણે તેમણે વિદ્યાર્થીઓને હેરાન કરવા માટે પોલીસ ફરિયાદ કરવાનો હુકમ સિક્યુરિટી ઓફિસરને આપ્યો છે. ભૂતકાળમા એનએસયુઆઈને પણ પોલીસની મદદથી દબાવવાના અને ડરાવવાના પ્રયાસો આ વાઈસ ચાન્સેલર કરી ચૂક્યા છે પણ વિદ્યાર્થીઓના હિત માટે અમે આંદોલન ચાલુ રાખીશું. અમે ડરવાના નથી. હોસ્ટેલના વિદ્યાર્થીઓ સામે રહી રહીને ફરિયાદ નોંધાવવાના નિર્ણયથી અધ્યાપકોમાં પણ આશ્ચર્ય જોવા મળી રહ્યુ છે. અધ્યાપકો આ નિર્ણયને બળતામાં ઘી હોમવાના પ્રયાસ તરીકે જોઈ રહ્યા છે.

જૂનાગઢમાં ગેરકાનૂની બાંધકામો કરનાર લેન્ડ માફિયાઓ બેફામ : તંત્ર વાહકોની ચૂપકીદી

નેતાઓના ઈશારે તંત્રએ કબૂતરી ખાણ નજીક કુદરતી રીતે જતા પાણીને અન્યત્ર ડાયવર્ટ કરી નાંખ્યાનો છ ગામના ખેડૂતોનો આક્ષેપ

● અધિકારીઓની મિલીભગતથી કાળવાના વોકળાના કાંઠે નિયમોનો ઉલાળ્યો કરી ૧૦૦થી વધુ ગેરકાનૂની બાંધકામો ખડકી દેવાયા, મુખ્યમંત્રીએ બે-બે વાર તાકીદ કરી, અનેકવાર ગાંધીનગર રજૂઆતો કરાઈ પરંતુ ગેરકાનૂની બાંધકામો યથાવત્ ● કાળવાનું કુદરતી વહેણ બદલવાથી છ ગામની મોટાભાગની ખેતીની જમીનનું ધોવાણ : કલેક્ટર, કમિશનર, ડીડીઓ, વન વિભાગના ડી.સી.એફ.ને ખેડૂતોનું આવેદન

જૂનાગઢ, તા.૪

જૂનાગઢ મનપા વિસ્તારમાં ભાજપના શાસકો અને પદાધિકારીઓના પાપે અને અધિકારીઓ સાથેની મિલીભગતથી કાળવાના વોકળાના કાંઠે નિયમોનો ઉલાળ્યો કરીને ૧૦૦થી વધુ ગેરકાનૂની બાંધકામો ખડકી દેવામાં આવ્યા છે. જેને પગલે ગત વર્ષે ૨૧ જૂને જૂનાગઢ શહેરમાં જળહોનારત સર્જાઈ હતી. જૂનાગઢ શહેરમાં ક્યારેય ન આવ્યું હોય તેવું અભૂતપૂર્વ પૂર આવ્યું હતું અને જૂનાગઢમાં શહેરમાં જાણે જળપ્રલય થયો હોય તેવા દૃશ્યો સર્જાયા હતા. ત્યારબાદ આ બાબતે ભારે હોબાળો થતાં ગેરકાનૂની બાંધકામોનો સર્વે થયો, મુખ્યમંત્રીએ બે-બે વાર તાકીદ કરી, અનેકવાર ગાંધીનગર રજૂઆત થઈ પણ હજુ સુધી કાળવાના વોકળા કાંઠે આવેલા ગેરકાયદેસર બાંધકામોની કાંકરી પણ હલી નથી ! અને આ વખતે પણ ચોમાસું પૂરબહારમાં શરૂ થઈ ગયું છે ત્યારે હજુ પણ ગેરકાનૂની બાંધકામો યથાવત્ છે. તે દર્શાવે છે કે ગેરકાનૂની બાંધકામો કરનાર લેન્ડ માફિયાઓ કેટલા બેધડક અને બેફામ થઈ ગયા છે. હવે આ રાજકીય નેતાઓએ ગત વર્ષની ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે ગેરકાનૂની બાંધકામ કરનારા રાજકારણીઓ, બિલ્ડરોએ એક નવું કારસ્તાન કર્યું છે જેમાં કાળવાના વોકળા કાંઠે રાજકીય માથાઓના દબાણો દૂર ન કરવા પડે તે માટે નેતાઓના ઈશારે તંત્રએ કબૂતરી ખાણ નજીક કુદરતી રીતે જતા પાણીને અન્યત્ર ડાયવર્ટ કરી નાખ્યું હોવાના ગંભીર આક્ષેપ સાથે ૬ ગામનાં ખેડૂતોએ કલેક્ટર, કમિશનર, ડીડીઓ, વનવિભાગના ડીસીએફને આવેદનપત્ર આપ્યું છે. અસરગ્રસ્ત ૬ ગામના ખેડૂતોના જણાવ્યા પ્રમાણે કાળવાનું કુદરતી વહેણ જે કાળવામાં વહેતું હતું તેને જેસીબીથી બંધ કરી ધરાનગરમાં જંગલ વિસ્તારની કબૂતરી ખાણમાં વાળી દેવામાં આવ્યું છે. આ વહેણ બદલવાથી હવે પાણી પ્લાસવા, વિજાપુર, સોળવદર, ઘુડવદર, સેલરા અને રાયપુરની સીમમાં ફરી વળ્યા છે. પૂરના પાણીથી પ્રભાવિત આ ૬ ગામની મોટાભાગની ખેતીની જમીનનું ધોવાણ થઈ ગયું છે અને જમીન વાવણીલાયક પણ રહી નથી. વનવિભાગને ગેરમાર્ગે દોરી ભેજાબાજોએ રાજકીય દબાણ ઊભું કરી કાળવાના ગેરકાયદેસર બાંધકામો દૂર કરવા ન પડે તેવી આગોતરી તૈયારી રૂપે આ ૬ ગામડાઓમાં ભારે તારાજી સર્જી દીધી છે.

જંગલ તથા રેવન્યું વિસ્તારમાં પાણી ફરી વળતા વન્યપ્રાણીઓ રસ્તા ઉપર આવી જાય છે. પ્રથમ વરસાદમાં જ અનેક ગામડાઓ આ સ્થિતિના કારણે પ્રભાવિત થયા છે. જો હજુ સુધી વરસાદ આવશે તો અન્ય ગામડાઓ પણ પ્રભાવિત થશે અને ભારે ભયજનક સ્થિતિ ઊભી થશે. આ અંગે પ્લાસવા, ઘુડવદર, સોડવદર, વિજાપુર, સેલરા અને રાયપુરના સરપંચોની આગેવાની હેઠળ ગામના ખેડૂતો તથા આગેવાનોએ જવાબદાર અધિકારીઓને ઉગ્ર રજૂઆત કરી તાત્કાલિક નિરાકરણ કરવાની માગણી કરી છે. જો આ અંગે ત્રણ દિવસમાં ફરી કુદરતી વહેણ હતું તેવી પૂર્વવત સ્થિતિમાં કરવામાં નહીં આવે તો ૬ ગામના સરપંચો તેમના ખેડૂતોને સાથે રાખી રસ્તા રોકો આંદોલન તથા આત્મવિલોપનની ચીમકી પણ આપી છે.

પ્રધાનમંત્રી આવાસ યોજનામાં કોન્ટ્રાક્ટર દ્વારા પાંચ લિફ્ટ ઓછી મૂકવામાં આવતા વિવાદ

વડોદરા કોર્પોરેશન હવે અન્ય કોન્ટ્રાક્ટર પાસે કામગીરી કરાવશે

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૪

વડોદરા શહેરના સયાજીપુરા વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનોમાં મકાનો બંધાઈ ગયા પરંતુ કોન્ટ્રાક્ટરે ૧૫ લિફ્ટની વ્યવસ્થાને બદલે માત્ર ૧૦ લિફ્ટ લગાવી હતી અને તેનું મેન્ટેનન્સ પણ કરવામાં નિષ્ક્રાળજી રાખવામાં આવી હતી. લિફ્ટની જરૂરી સુવિધા નહીં મૂકતા વિવાદ સર્જાયો હતો. ત્યારબાદ હવે નવેસરથી નવી પાંચ લિફ્ટની કામગીરી અને મેન્ટેનન્સ માટેનું કામ સ્થાયી સમિતિમાં રજૂ કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સયાજીપુરા પ્રધાનમંત્રી આવાસ યોજનામાં રહેનારા લોકોને પૂર્તિ લિફ્ટની સુવિધા નહીં હોવા અંગે ભાજપના જ કોર્પોરેટર અજીત બધીજ દ્વારા અવારનવાર રજૂઆતો થતી રહી હતી. પરંતુ તંત્ર દ્વારા વહેલી તકે કાર્યવાહી કરવામાં આવતી ન હતી. હવે મોડે મોડેથી તેનું કામ અન્ય કોન્ટ્રાક્ટર પાસેથી કરાવવાનું નક્કી થયું છે. સાથે-સાથે ૧૦ લિફ્ટનું મેન્ટેનન્સ કરવામાં આવતું નથી તેનો ખર્ચ અગાઉના કોન્ટ્રાક્ટર પાસેથી વસૂલ કરી નવા કોન્ટ્રાક્ટર પાસે મેન્ટેનન્સનું કામ કરાવવા અંગેની દરખાસ્ત સ્થાયી સમિતિમાં રજૂથઈ છે. એફોર્ડેબલ હાઉસીંગ વિભાગના પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મોજે, સયાજીપુરા ટી.પી ૦૨, એફ.પી-૫૩/૨ના પ્લોટ પર ઈજારદાર એ.ડી.આર.પટેલ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લીનાં ખર્ચે અને જોખમે રેસીડેન્સીઅલ ટાવરોમાં ૧૫ લિફ્ટ પૈકી બાકી ૫ (પાંચ) લિફ્ટ ઈંસ્ટોલ કરવા છઠા પ્રયત્ને ભાવપત્ર મંગાવતા ઈજારદાર ટેકનો ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી દ્વારા ઓફર ભરેલ જે રૂા.૬૫,૦૦,૦૦૦ના ભાવપત્રને મંજૂરી મળવા. તેમજ ઈજારદાર ડી.આર.પટેલ.ઈન્ફ્રા. વડોદરા દ્વારા સ્થળે રેસીડેન્સીઅલ ટાવરમાં બેસાડેલ ફૂલ ૧૦ લીફ્ટોનું મેઈન્ટેનન્સ ન કરવાના કિસ્સામાં તેઓના ખર્ચે અને જોખમે લિફ્ટ કંપની ટેકનો ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી પાસે આપેલ ક્વોટેશન મુજબ તા.૧૩.૦૮.૨૦૨૩થી તા.૧૨.૦૩.૨૦૨૬ સુધી લિફ્ટ નિભાવણી કરવા ફૂલ રૂા.૧૭,૯૬,૩૭૩/-મળી ફૂલ રૂા.૮૨,૯૬,૩૭૩/-નાં ભાવનું ટેન્ડર સ્થાયી સમિતિમાં રજૂ કરવામાં આવ્યું છે.

હિંમતનગરમાં રાજ્ય કક્ષાની ફૂટબોલ સ્પર્ધામાં ચાર ઝોનમાંથી ૨૬ ટીમોએ ભાગ લીધો

૬ જુલાઈએ ફાઈનલ મેચ રમાશે

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૪

હિંમતનગરના ભોલેશ્વર ખાતે આવેલ રમત ગમત સંકુલ ખાતે ખેલ મહાકુંભ ૨.૦ અંતર્ગત મહિલાઓની રાજ્ય કક્ષાની ફૂટબોલ સ્પર્ધાનું આયોજન ૧૯ જૂથી ૬ જુલાઈ સુધી કરાયું છે. આ સ્પર્ધામાં ચાર ઝોનમાંથી ૨૬ ટીમોએ ભાગ લીધો છે. અન્ડર ૧૪, ૧૭ની ફાઇનલ મેચ પૂર્ણ થઈ છે. જ્યારે ઓપન એજ વિભાગમાં લીગ કમ નોક આઉટ મેચ ચાલી રહી છે. ૬ જુલાઈએ ફાઇનલ મેચ રમાશે. આ અંગે સ્વામી વિવેકાનંદ રમત ગમત સંકુલના ફૂટબોલના કોચ હેમાંગીની ગોરએ જણાવ્યું હતું કે, અન્ડર ૧૪માં ૮ અને ૧૭માં ૯ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં લીગ કમ નોકઆઉટ મેચો રમાયા બાદ અન્ડર ૧૪માં પ્રથમ DLSS બનાસકાંઠા, બીજા નંબરે DLSS ખેડા અને ત્રીજા નંબરે બરોડા અને અન્ડર ૧૭માં પ્રથમ SAG એકેડમી સાબરકાંઠા, બીજા નંબરે પાટણ ત્રીજા નંબરે DLSS જામનગરની ટીમો આવી હતી. હાલમાંઓપનએજ વિભાગમાં ૯ ટીમોએ ભાગ લીધો છે. જેમાં ગ્રુપમાં લીગ કમ નોક આઉટ મેચો ચાલી રહી છે. જેમાં ૬ જુલાઈએ ફાઇનલ મેચ રમાશે. આજે તાપી અને દાહોદ બાદ SAG એકેડમી સાબરકાંઠા અને ભાવનગર ગ્રામ્ય વચ્ચે મેચ યોજાઈ હતી. રોજ સવારે ૨ અને સાંજે ૧ મેચ રમાય છે.

સગા ભાઈ પાસેથી ૯૭ હજાર વસૂલ્યા હોવા છતાં વધુ ૪૦ હજારની ઉઘરાણી કરતી વ્યાજખોર બહેન

સોમા તળાવ વિસ્તારની વ્યાજખોર બહેન વિરૂદ્ધ ભાઈએ ફરિયાદ નોંધાવી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૪

સોમાતળાવ ખાતે રહેતી અને વ્યાજનો ધંધો કરતી બહેને તેના દાંડિયાબજાર ખાતે રહેતા સગા ભાઈને રૂા.૬૬ હજાર રોજના ૧ હજાર વ્યાજે લેવાની શરતે આપ્યા હતા. એક મહિનામાં વ્યાજ સહિતના રૂા.૯૭ હજાર ચૂકવી દીધા હતા તેમ છતાં વધુ ૪૦ હજારની કડક ઉઘરાણી કરતા ભાઈએ વ્યાજખોર બહેન વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

શહેરના દાંડિયાબજાર કાકા સાહેબના ટેકરા પર રહેતા નિલેશ ભોલેશ્વભાઈ કહારને વર્ષ ૨૦૨૩માં નાણાની જરૂરીયાત ઉભી થતા તેની સગી બહેન શિતલ અરવિંદ કહાર (રહે, સોમાતળાવ)ને વાત કરી હતી ત્યારે તેઓએ મારી પાસે હાલ નાણાની વ્યવસ્થા નથી પરંતુ કરૂણા અનિલ કહારને વાત કરી છે. તેઓને વ્યાજ અને તેનુ મુડીના રોજના રૂા.૧ હજાર લેખે ચુકવવા પડશે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ તેના ભાઈની પત્ની જીનલના ખાતામાં ઓનલાઈન શિતલ અરવિંદ કહાર ઉપરથી ૬૬ હજાર ટ્રાન્સફર કર્યા હતા. જેથી યુવકે શિતલ કહારને તેને રૂા.૧ લાખની જરૂરીયાત છે ત્યારે તેણે તારે અગાઉ કરૂણા કહારને આપવાના બાકીના રૂા.૩૨ હજાર તથા વ્યાજના ૫ હજાર કાપીને બાકી રહેલા રૂા.૬૬ હજાર આપ્યા હતા પરંતુ વ્યાજ તો એક લાખ રૂપિયા પર જ ચુકવવાનુ રહેશે. ૧૦ ફેબ્રુઆરીએ વ્યાજના રૂા.૩૧ હજાર ઓનલાઈન શિતલ કહારના ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર કરી આપ્યા હતા. આમ શિતલ કહારને વ્યાજના રોજના એક હજાર સહિતના ૯૭ હજાર ચૂકવી દીધા હતા તેમ છતાં વધારાના રૂપિયા ૪૦ હજારની ભાઈ પાસ ઉઘરાણી કરતી હતી. જેથી કંટાળીને સગાભાઈએ રાવપુરા પોલીસ સ્ટેશનમાં વ્યાજખોર બહેન વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

‘મૈં થક ગઈ હૂં, મૈં બિલકુલ મર ચૂકી હૂં’ લખીને એમ.એસ. યુનિવર્સિટીની વિદ્યાર્થિનીનો આપઘાત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૪

વડોદરામાં રહીને એમ.એસ.યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી મૂળ રાજસ્થાનની યુવતીએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. યુવતી એક ચિઠ્ઠી પણ લખીને ગઈ છે. તેના પરથી લાગે છે કે યુવતી કોઈ કારણથી જિંદગીથી કંટાળી ગઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ રાજસ્થાનની વતની અને વડોદરામાં છાણી વિસ્તારમાં નિસર્ગ રેસિડેન્સીમાં રહેતી ૨૩ વર્ષની માનસી વિનોદભાઈ જાંગીડ (શર્મા). એમ.એસ.યુનિવર્સિટીમાં માસ કોમ્યુનિકેશન અભ્યાસક્રમના બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. નિસર્ગ રેસિડેન્સીમાં તે એકલી રહેતી હતી. વડોદરામાં જ રહેતી તેની એક મિત્ર પાસે માનસીના મકાનની એક ચાવી રહેતી હતી. આ મિત્રએ તેને મંગળવારે ફોન કરતા ફોન રિસિવ કર્યો ન હતો. તેણે આજે પણ માનસીને સવારે ફોન કર્યો પરંતુ ફોન રિસિવ નહી થતાં તેની મિત્ર માનસીના ઘરે આવી હતી પણ દરવાજો અંદરથી લોક હતો. દરવાજો ખટખટાવ્યા બાદ પણ માનસીએ નહી ખોલતા મિત્રએ પોતાની પાસેની ચાવીથી દરવાજો ખોલ્યો હતો અને અંદર જતાં જ ભયાનક દૃશ્ય જોવા મળ્યું. માનસીની લાશ ફાંસો ખાધેલી હાલતમાં લટકી રહી હતી. આથી મિત્રએ તુરંત પોલીસને જાણ કરતા છાણી પોલીસે ઘટનાસ્થળે આવીને લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી અને આપઘાતના બનાવની તપાસ હાથ ધરી છે. પોલીસને ત્રણ પાનાની ચિઠ્ઠી મળી છે, જે માનસીએ આપઘાત પહેલા લખી હોવાનું પોલીસનું માનવુ છે જેમાં માનસીએ લખ્યું છે કે ‘મૈં થક ગઈ હૂં, મૈં બિલકુલ મર ચૂકી હૂં, મેરે દિલમેં બહોત દર્દ હૈ’.

પિતાએ ઠપકો આપતા ધો.૧૦ની વિદ્યાર્થિનીનો ફાંસો ખાઈને આપઘાત

વડોદરામાં નવાપુરા વિસ્તારમાં ૧૬ વર્ષની ધો.૧૦ની વિદ્યાર્થિનીએ ફાંસો ખાઈને આપઘાત કરી લેતા પરિવાર આઘાતમાં સરી પડ્યો છે. સમાજ માટે ચેતવણીરૂપ આ ઘટનાની વિગતો એવી છે કે નવાપુરા વિસ્તારમાં રહેતા અને ડ્રાઈવિંગ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા વ્યક્તિની પુત્રી આ વર્ષે ધો.૧૦માં આવી છે. પણ તે આખો દિવસ મોબાઈલમાં વ્યસ્ત રહેતી હોવાથી મોબાઈલનો ઉપયોગ ઓછો કરીને ધો.૧૦ના અભ્યાસમાં વધુ ધ્યાન આપવા પિતાએ ઠપકો આપ્યો હતો. દરમિયાન મોડી સાંજે ઘરમાં કોઈ હાજર ન હતું ત્યારે ૧૬ વર્ષની આ કિશોરીએ ઘરમાં ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. પોલીસના પ્રાથમિક અનુમાન મુજબ પિતાના ઠપકાથી નારાજ થઈને પુત્રીએ આ પગલુ ભર્યું હોવુ જોઈએ.

મોટર બંધ કરવા જતાં વીજકરંટ લાગ્યો

લિંબાયત નજીક અંડરગ્રાઉન્ડ ટર્નરમાં શ્રમિકનું કરંટ લાગવાથી મોત

સુરત,તા.૪

સુરતમાં છેલ્લા પાંચેક દિવસથી વરસાદ વરસી રહયો છે. ત્યારે આજે પણ વરસાદી ઝાપટાં પડી રહયા છે. આ દરમિયાન નવાગામથી લિંબાયતને જોડતા અંડરગ્રાઉન્ડ ટર્નરમાં પાણી ભરાયું હતું. જેથી આ પાણીને બહાર કાઢવા માટે મોટર મૂકવામાં આવી હતી. તે મોટર ચાલુ કર્યા બાદ બંધ કરવા જતાં શ્રમિકને કરંટ લાગતાં તેનું ઘટના સ્થળે જ મોત નીપજયું હતું. સ્થાનિકોએ કહયુ હતુ કે, અંડર ગ્રાઉન્ડમાં એકઠાં થયેલા પાણીને ગટરમા જતુ રહે તે માટેની મોટર મૂકવામાં આવી હતી. આ મોટર બંધ કરવા જતા ઘટના સર્જાઈ હતી. લેબર સુપરવાઈઝર આખી ઘટના દબાવવાનો કરી પ્રયત્ન કરી રહયો હતો. જો કે, લોકોનું મોટું ટોળું એકઠું થઈ ગયું હતું. સાથે જ સમગ્ર ઘટનાના વીડિયો પણ લોકોએ પોતાના મોબાઈલમાં ઉતારી લીધો હતો. હાલ પોલીસને જાણ થતા તે દોડી આવી હતી.પોલીસે લાશનો કબજો લઈ પી.એમ માટે નવી સિવિલ મોકલી આપી છે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

હિંમતનગરમાં છેલ્લા ૨૧ વર્ષથી સતત રક્તદાન કરનાર યુવકનું સન્માન

(સંવાદદાતા દ્વારા) હિંમતનગર, તા.૪

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના ૩૯ વર્ષીય આશ્લેષ પંડ્યા છેલ્લા ૨૧ વર્ષથી રક્તદાન કરી રહ્યા છે. અત્યાર સુધી તેમણે ૮૨ વખત રક્તદાન કરી અન્ય લોકો માટે પ્રેરણા રૂપ બન્યા છે. આશ્લેષભાઈએ જણાવ્યું હતું કે, પોતે ખાસ કરીને થેલેસેમિયાના બાળકો માટે રક્તદાન કરે છે. રક્તનો કોઈ વિકલ્પ નથી. એક વ્યક્તિએ કરેલ રક્તદાન અનેક લોકોને જીવનદાન આપી શકે છે. દરેક પુક્ત અને તંદુરસ્ત વ્યક્તિએ રક્તદાન કરવું જોઈએ. રક્તદાનથી કોઈ પણ જાતની તકલીફ પડતી નથી. આશ્લેષભાઈ વ્યવસાયે મોટર મિકેનિકલનું કામ કરે છે. જે શારીરિક મહેનતનું કામ હોવા છતાંય રક્તદાનથી તેમને ક્યારેય તકલીફ નથી થઈ. આશ્લેષભાઈના આ સેવા કાર્ય બદલ રેડ ક્રોસ સોસાયટી હિંમતનગર દ્વારા તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ભરૂચમાં આડા સંબંધની આશંકાએ એક પરિવારનો માળો પીંખાયો : પતિ-પત્ની અને પુત્રનો સામૂહિક આપઘાત

પત્નીના અન્ય ઈસમ સાથેના લગ્નેત્તર સંબંધો કારણભૂત : પત્નીએ આત્મહત્યા કરી, પતિએ પુત્રની હત્યા કરી ટ્રેન નીચે પડતું મૂક્યું

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૪

ભરૂચમાં આડાસંબંધોની આશંકાએ એક પરિવારનો માળો વિખેરાય ગયો છે. પત્નીએ ગળે ફાંસો લગાવી આપઘાત કરી લીધા બાદ પતિએ ૧૦ વર્ષના બાળકની ગળુ દબાવી હત્યા કરી હતી અને પોતે ટ્રેન નીચે પડતુ મૂકી આત્મહત્યા કરી લીધી હતી.

ભરૂચ રેલવે કોલોનીમાં સામુહિક આપઘાતની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી છે. આ ઘટનામાં પત્ની અને પુત્રનો ઘરમાંથી મૃતદેહ મળ્યો હતો જયારે પતિનો રેલવે ટ્રેક પરથી મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટનામાં નોંધાયેલ પોલીસ ફરિયાદ અનુસાર ભરૂચ રેલવેમાં સેકશન ઓફિસર તરીકે ફરજ બજાવતા ૪૦ વર્ષીય જતીન મકવાણાની પત્ની તૃપલે રેલવે કોલોની સ્થિત કવાટરમાં પંખા સાથે ગળે ફાંસો લગાવી આપઘાત કરી લીધો હતો ત્યાર બાદ જતીને તેના ૧૦ વર્ષીય પુત્ર વિહાનનું પલંગ પર ગળું દબાવી હત્યા કરી હતી અને પોતે ભરૂચ અંકલેશ્વર વચ્ચે ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત કરી લીધો હતો. આપઘાત કરતા પૂર્વે જતીને તેના પિતાને વોટ્સએપ પર મેસેજ મોકલ્યો હતો જેમાં તમામ હકીકત દર્શાવી હતી જેના પગલે તેના પિતા અને આખો પરિવાર રાજકોટથી ભરૂચ ખાતે દોડી આવ્યો હતો. બનાવની જાણ થતાની સાથે જ ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો પણ ઘટના સ્થળે પહોંચ્યો હતો અને મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. આ

મામલામાં મૃતક તૃપલના અન્ય ઈસમ સાથે લગ્નેતર સંબંધો કારણભૂત હોવાનો પોલીસ ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે. જતીને અંતિમ પગલા પૂર્વે પિતા અને ભાઈને મોકલેલ વોટ્સએપ મેસેજમાં આ વાતનો ઉલ્લેખ છે. જતીનની પત્ની તૃપલના રાજા શેખ નામના શખ્સ સાથે આડા સબંધ હતા જે બાબતે બન્ને વચ્ચે અવાર નવાર ઝઘડા થતા હતા ગતરોજ આ ઝઘડાએ ઉગ્રસ્વરૂપ ધારણ કરતા પત્નીએ આત્મહત્યા કરી લીધી હતી અને ત્યાર બાદ પતિએ પુત્રની હત્યા કરી જાતે પણ મોતને વ્હાલુ કરી લીધુ હતું. પોલીસે આ તમામ પાસાઓને ધ્યાને લઈ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પ્રાંતિજની વૃંદાવન પાર્ક સોસાયટીમાં વરસાદી પાણી ભરાવાની કાયમી સમસ્યા જૈસે થે !

(સંવાદદાતા દ્વારા) પ્રાંતિજ, તા.૪

પ્રાંતિજની વૃંદાવન પાર્ક સોસાયટીના રહીશો દર ચોમાસામાં પાણી ભરાવવાની સમસ્યાથી પરેશાન થાય છે. ગતરાત્રિના પોણા બે ઈંચ જેટલા વરસાદનું પાણી ભરાતા ખાલી પ્લોટની કમ્પાઉન્ડ દિવાલ ધરાશાયી થઈ હતી. જો કે રાત્રિનો સમય હોઈ મોટી જાનહાનિ ટળી હતી. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તારમાં આવેલ વૃદાવન પાર્ક સોસાયટીમાં વરસાદના પાણીનો નિકાલના હોય રાત્રિ દરમ્યાન વરસાદ પડતા પાણી ભરાતા એક ખાલી પ્લોટની કમ્પાઉન્ડ દિવાલ ધરાશાયી થઈ હતી. જોકે ચોમાસુ શરૂ થતા પહેલા જ સોસાયટીના રહીશોએ પ્લોટ માલિકને ચોમાસાને ધ્યાને રાખીને દિવાલ ઉતારી લેવા જણાવ્યુ હતું. વૃંદાવન પાર્ક સોસાયટીના રહીશોનુ કહેવુ છે કે અમે પ્રાંતિજ પાલિકામા નિયમિત વેરો ભરીએ છીએ છતાંય પ્રાંતિજ પાલિકા દ્વારા અમોને કેમ કોઈ સુવિધા આપવામા આવતી નથી ? સોસાયટીમા દર વર્ષે વરસાદી પાણી ભરાય છે. જેની પાલિકામાં રજુઆતો બાદ પણ કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી. વરસાદ પડતાં સોસાયટીના રોડ ઉપર પાણી ભરાતા ગતરાત્રે દિવાલ ધરાશાયી થઈ હતી. એ તો રાત્રિનો સમય હતો તેથી કોઈને જાનહાનિ થઈ નથી. ત્યારે પાલિકા દ્વારા સોસાયટીમા ભરાતાં વરસાદી પાણીનો કાયમી નિકાલ કરવામા આવે તેવી રહીશોની માંગ છે. પ્રાંતિજ પાલિકા તંત્ર કાર્યવાહી કરશે કે પછી “હોતા હે ચલતા હૈ” જ ચાલશે ?

નામ બદલેલ છે.

મારૂ જુનું નામ- શેખ શકીલાબીબી ગુલામરસુલ હતું જે બદલીને નવું નામ- શેખ શકીલાબીબી મોહંમદરમીર રાખેલ છે જેની સર્વેએ નોંધ લેવી.

લી. શેખ શકીલાબીબી મોહંમદરમીર
સરનામું:- સુવારા ફળીયુ, પંચાયત પારો, લીમોદરા, તા. ઝગડીયા, જી. ભરૂચ.

નામ બદલેલ છે

મારા પુત્રનું જુનું નામ અંશ આશુતોષભાઈ શાહ હતુ જે બદલીને નવું નામ અંશ આશુતોષ શાહ કરેલ છે જેની સર્વેએ નોંધ લેવી.

સહી/-આશુતોષ મહેન્દ્રકુમાર શાહ
સરનામું : ૨૦, ઈસ્ટીન ગ્રીન સિટી, તવરા રોડ, ભરૂચ-૩૯૨૦૧૧

જાહેરાત

ટેલુરિયા ક્રોપ સાયન્સ પ્રા.લીમીટેડ ના નીચે મુજબના ઉલ્લેખ કરેલ પાણીમાં સંપૂર્ણપણે વિદ્રાવ્ય મિશ્ર ખાતરો (100% Water Soluble Mixture of Fertilizers) આયાત કરીને ગુજરાત રાજ્યમાં વેચાણ કરવામાં છીએ. Products Name :

રાજકોટ પોલીસ ભારતીય જનતા પાર્ટીની એજન્ટ : કોંગ્રેસ

સાગઠિયાનો નાર્કોટેસ્ટ કરાવો : રજૂઆત માટે ગયેલા કોંગ્રેસ આગેવાનોની પોલીસ સાથે તડાફડી

રાજકોટ પોલીસ કમિશનર કચેરીએ કોંગ્રેસના સાત આગેવાનો રજૂઆત કરવા ગયા હતા : તમામની અટકાયત કરાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

રાજકોટ ટીઆરપી ગેમઝોનના આરોપી મનસુખ સાગઠિયા પાસે કરોડોનું સોનુ ઝડપાયા બાદ તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.

મનસુખ સાગઠિયા સાથે ભાજપના નેતાઓ અને ઉચ્ચ અધિકારીઓની સાંઠગાંઠ હોવાના આક્ષેપ પછી મનસુખ સાગઠિયાની નાર્કોટેસ્ટ તપાસ કરવા કોંગ્રેસ દ્વારા માંગ કરાઈ છે. રાજકોટ પોલીસ કમિશનર કચેરીએ કોંગ્રેસના ૭ આગેવાનો રજૂઆત કરવા પહોંચ્યા હતા. અહીં કોંગ્રેસ આગેવાને જણાવ્યું હતું કે, પોલીસ કમિશનર દ્વારા યોગ્ય વર્તન કરવામાં આવ્યું નથી. ચોથી જાગીરના કર્મીઓને પણ કમિશનર કચેરીમાં પ્રવેશ આપવામાં આવ્યો નહોતો. રાજકોટ પોલીસ ભારતીય જનતા પાર્ટીની એજન્ટ હોય તેવું વર્તન કરી રહી છે.

જો કે, આ સમયે મીડિયા માટે પ્રવેશ બંધી કરી દેવામાં આવતા પોલીસ કમિશનર અને રાજકોટ પોલીસની કાર્યવાહી સામે સવાલો ઉદ્ભવી રહ્યા છે. સમગ્ર મામલે પોલીસની શંકાસ્પદ ભૂમિકા સામે આવી રહી છે અને મીડિયા દ્વારા સત્ય ઉજાગર કરવામાં આવી રહ્યું છે, તેનાથી પોલીસ કમિશનર અકળાયા હોય તેવું સ્પષ્ટ લાગી રહ્યું છે. રાજકોટ શહેર કોંગ્રેસના સાત નેતાઓ આજે પોલીસ કમિશનર કચેરી ખાતે રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા. જો કે, આ સમયે મીડિયાને અંદર આવવા મનાઈ ફરમાવી દેવામાં આવી હતી. પીઆઇ, પીએસઆઈ સહિત પોલીસ સ્ટાફને ગેઇટ ઉપર બંદોબસ્તમાં મૂકી દેવામાં આવ્યા હતા. કોંગ્રેસના આગેવાનોએ મીડિયાને આવવા દેવામાં આવે તેવું કહેતા સ્પષ્ટ મનાઈ કરી દેવામાં આવી હતી. તેમનું આવેદનપત્ર પણ સ્વીકારવા ઇન્કાર પોલીસ કમિશનર દ્વારા કરી દેવામાં આવ્યો હતો. બાદમાં કોંગ્રેસના આગેવાનોની અટકાયત કરી દેવામાં આવી હતી.

કોંગ્રેસના આગેવાન રાજદીપભાઈએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, પોલીસ કમિશનર અને રાજકોટ પોલીસ ચોથી જાગીરથી અને વિપક્ષ કોંગ્રેસથી ડરી ગઈ છે. રાજકોટ પોલીસની તપાસ પણ TRP ગેમઝોન મામલે શંકાસ્પદ છે. તપાસનો ગાળીયો એકલા સાગઠિયાના ગળામાં નાખી તેમના આકાઓને બચાવવા પોલીસ પ્રયાસ કરી રહી છે. આ સાથે આક્ષેપ કરતા તેઓએ એમ પણ જણાવ્યું હતું કે, રાજકોટ પોલીસને યોગ્ય તપાસ કરવામાં રસ નથી. દારૂ-જુગારના હાટડાઓ ચલાવવામાં જ રસ છે.

ઉલ્લેખનીય છે કે, રાજકોટ TRP ગેમઝોન અગ્નિકાંડમાં પોલીસની તપાસ પહેલેથી જ શંકાના દાયરામાં રહી છે. પોલીસ દ્વારા કરવામાં આવતી તપાસ સામે સત્ય ઉજાગર કરવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જેનાથી અકળાઈ પોલીસ દ્વારા મીડિયા સાથે બેહુદુ વર્તન કરવામાં આવી રહ્યું છે. એટલું જ નહીં, જયારે આરોપીઓ કાઇમ બ્રાન્ચની કસ્ટડીમાં હતા. આ સમયે પણ મીડિયાને પ્રવેશબંધી રાખવામાં આવી હતી. જો કે, કેટલાક નેતાઓ કાઇમ બ્રાન્ચ ખાતે આરોપીઓને મળ્યા હોવાની ચર્ચા થતા આજે કોંગ્રેસ દ્વારા મનસુખ સાગઠિયાની નાર્કોટિસ્ટ તપાસની માંગ કરવામાં આવી હતી. હવે જોવાનું એ પણ રહેશે કે આ સમગ્ર કેસમાં પોલીસ સાગઠિયાના ગોડફાધરોને પકડી તેની સામે કાર્યવાહી કરે છે કે નહીં?

સોપારીકાંડની તપાસને દબાવવા કાવતરૂં કરાયાનો લેડી કોન્સ્ટેબલનો આક્ષેપ

કચ્છના સોપારીકાંડમાં બે IPSના પગ નીચે રેલો આવતાં મને ફસાવામાં આવી

લેડી કોન્સ્ટેબલના દાવાથી ખળભળાટ, બુટલેગર અને કોન્સ્ટેબલ રિમાન્ડ પર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૪

કચ્છના ભચાઉના ચોપડવા પુલ પાસે રવિવારે સાંજે ચીરઈના બુટલેગરે એલસીબી-પોલીસની ટીમ પર જીપ ચઢાવી હત્યાનો પ્રયાસ કરવાની ઘટનામાં બુટલેગર સાથે ઝડપાયેલી લેડી કોન્સ્ટેબલ નીતા ચૌધરીએ આજે કોર્ટમાં કરેલા દાવાથી ખળભળાટ મચી ગયો છે.

આજે ભચાઉની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં સીઆઈડી ક્રાઇમની મહિલા પોલીસ કર્મચારી નીતા ચૌધરીએ એવો દાવો કર્યો હતો કે, તેની પાસે કચ્છના ચકચારી સોપારી તોડ કાંડની ગુપ્ત તપાસની કામગીરી હતી. તેમાં સંડોવાયેલા બે આઈપીએસ ઓફિસર ઉપરાંત બે પોલીસ અન્ય પો.અધિકારી સહિતનાઓ સુધી રેલો આવે તેમ હતો. એટલે તેને ફસાવી દેવા માટે આ કાવતરું કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પોલીસે બુટલેગર યુવરાજસિંહ અને નીતા ચૌધરી સામે હત્યાના પ્રયાસ ઉપરાંત પ્રોહીબીશનનો ગુન્હો દાખલ કર્યો હતો અને તેની વધુ તપાસ માટે સાત દિવસના રિમાન્ડ માંગ્યા હતા. જેમાં સરકાર પક્ષ તથા નીતા અને યુવરાજની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે બંનેના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

સમગ્ર ઘટનામાં પોલીસે બનાવ સાંજે સવા સાતે બન્યો હોવા છતાં એફઆઈઆર દાખલ કરવામાં મોડું કેમ કર્યું તે પણ એક તપાસનો વિષય છે તેમ નીતા ચૌધરીના વકીલે કોર્ટ

સમક્ષ રજૂઆત કરી હતી. એફઆઈઆર દાખલ કાર્ય પછી પોલીસ ગણતરીની મિનિટો પછી પહેલા યુવરાજની ધરપકડ બતાવે છે. જયારે મહિલા પોલીસ કોન્સ્ટેબલ નીતાની બીજા દિવસે અગિયાર વાગે ધરપકડ કરે છે. આટલો સમય કોના ઈશારે લેવામાં આવ્યો તેવી દલીલ પણ તેમણે કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સામખિયાળી ભચાઉ હાઈ વે ઉપર ચોપડવા ગામ પાસે કુખ્યાત બુટલેગર યુવરાજસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા અને તેની સાથે ઝડપાયેલ ગાંધીધામ સીઆઈડી ક્રાઈમની લેડી કોન્સ્ટેબલ નીતા વશરામ ચૌધરી દ્વારા પોલીસ ટીમ ઉપર થાર જીપ ફેરવી કચડી નાખવાના પ્રયાસે ચકચાર સર્જી છે. નીતા ચૌધરીની ધરપકડ કરાયા બાદ લોકઅપમાં મોકલાતા વિભાગ દ્વારા તેને સસ્પેન્ડ કરવામાં આવી છે. નીતા અને યુવરાજના એડવોકેટે ભચાઉની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં દાવો હતો કે, સીઆઈડી ક્રાઈમમાં ફરજ બજાવતા તેમના અસીલ હેડ કોન્સ્ટેબલ નીતા ચૌધરી કચ્છના પાંચ કરોડના ચકચારી સોપારી તોડકાંડની સીઆઈડી ક્રાઈમની તપાસ કરી રહ્યા હતા. જેમાં બે આઈપીએસ અધિકારી,બે પોલીસ ઈન્સ્પેક્ટર તેમજ કેટલાક પોલીસ કર્મચારીઓની ભૂમિકા બહાર આવી રહી હતી. એટલે તેમને દબાવવા માટેના કાવતરાના ભાગરૂપે તેમને આ કેસમાં કિન્નાખોરી રાખીને ફસાવાયા છે. ઘટના વેળાએ તેઓ યુવરાજની સાથે બેઠા હતા. તેમ છતાં તેમની ઉપર હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

અમદાવાદમાં રથયાત્રા રૂટ પર ૧૫ હજાર પોલીસકર્મીઓનું રિહર્સલ

શહેરમાં રથયાત્રા ૭મી જુલાઈ અષાઢી બીજને દિવસે યોજાશે. આ રથયાત્રામાં સુરક્ષા માટે ૧૮ હજારથી વધુ સુરક્ષાકર્મીઓ ફરજ પર રહેશે. ત્યારે રથયાત્રા શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે શહેરમાં યાત્રાના સમગ્ર રૂટ પર આજે ૧૫ હજારથી વધુ પોલીસ કર્મીઓ દ્વારા રિહર્સલ કરવામાં આવ્યું હતું. જમાલપુર જગન્નાથ મંદિરેથી લઈ સરસપુર સુધીના રૂટ પર પોલીસ કર્મીઓએ રિહર્સલ કર્યું હતું. ૧૫ હજાર પોલીસકર્મીઓ અને ૧ હજારથી વધુ ટ્રાફિક પોલીસકર્મી રિહર્સલમાં જોડાયા હતાં. અમદાવાદ પોલીસની સાથે રાજયના અન્ય જિલ્લા અને શહેર પોલીસ બંદોબસ્તમાં જોડાઈ છે. શહેર પોલીસ કમિશ્નર અને અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓની હાજરીમાં રિહર્સલ કરવામાં આવ્યું હતું. અમદાવાદમાં ભક્તિભાવપૂર્ણ વાતાવરણમાં યોજાતી આ રથયાત્રા ૧૬ કિલોમીટર લાંબા રૂટ પરની કાયદો વ્યવસ્થા તેમજ રથયાત્રા દરમિયાનની સુરક્ષા-સલામતી વ્યવસ્થાઓ અંગે અમદાવાદ શહેર પોલીસ કમિશનરે વિસ્તૃત પ્રેઝન્ટેશન કર્યું હતું.

ગુજરાત હજ કમિટીની રજૂઆતો બાદ

હજયાત્રીઓને તેમનો સામાન સહી સલામત મળશે તેવી ખાતરી

સઉદી એરપોર્ટ ખાતે ચેકિંગમાં સામાન ખૂલી જતા હજયાત્રીઓને પાછો મળ્યો ન હતો

અમદાવાદ, તા.૪

હજ યાત્રાએ ગયેલ હાજીઓની ફ્લાઈટ તા.૨-૭-૨૦૨૪થી અમદાવાદ ખાતે પરત ફરવાની શરૂઆત થઈ ગઈ છે. અત્યાર સુધી કુલ પાંચ ફ્લાઈટમાં ૨૨૫૦ હાજીઓ પોતાના વતન પરત ફર્યા છે. શરૂઆતની ફ્લાઈટોમાં આવેલ હજ યાત્રિકોએ જણાવ્યું હતું કે હજ કમિટી તરફથી તેઓને મળેલ સેવાઓથી તેઓ ખુશ છે. પરંતુ શરૂની ફ્લાઈટોમાં અમુક હજ યાત્રિકોના સામાન હજ સઉદી એરપોર્ટ ખાતે ઝમઝમ ભરેલ હોવાના લીધે ચેકિંગમાં ખૂલી ગયા હતા જેથી સામાન આવેલ નહીં. આ અંગે હજ યાત્રિકોમાં નારાજગી જોવા મળી છે. જેથી ગુજરાત રાજ્ય હજ કમિટીના ચેરમેન ઈકબાલ સૈયદ દ્વારા

તાત્કાલિક સીજીઆઈ, જિદ્દાહ તથા સીઈઓ, હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈ તથા સઉદી અરેબિયન એરલાઈન્સને પત્રો દ્વારા રજૂઆત કરતા આજે તા.૪-૭-૨૦૨૪ના રોજ ફ્લાઈટ આવેલ હજ યાત્રિકોને તે બેગો સહી સલામત મળેલ છે.ત્યારે ગુજરાત રાજ્ય હજ કમિટી દ્વારા કરવામાં આવેલ ધારદાર રજૂઆત રંગ લાવી અને આશા છે કે હવે બાકીની આવતી ફ્લાઈટમાં દરેક હજ યાત્રિકોને પોતાનો સામાન સહી સલામત મળે એવી ખાતરી સઉદી એરલાઈન્સ તરફથી આપવામાં આવેલ છે. એમ ગુજરાત રાજ્ય હજ સમિતિના ચેરમેન ઈકબાલ સૈયદે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

ગ્યો હવે GSTના અધિકારીઓ CBIના રડારમાં !

રાજકોટ સેન્ટ્રલ GSTની ઓફિસમાં સીબીઆઈની ટીમે પાડ્યા દરોડા

સેટલમેન્ટના નામે વેપારીઓ પાસે મોટી રકમ માંગવાના પ્રકરણમાં CBIની સર્ચ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

રાજકોટ શહેરના રેસકોર્સ રિંગ રોડ પર આવેલ સેન્ટ્રલ જીએસટી વિભાગની કચેરીમાં સીબીઆઈની ટીમે દરોડા પાડ્યા હોવાનું સામે આવ્યું છે. રેસકોર્સ રિંગ રોડ પર આવેલ સેન્ટ્રલ GSTની કચેરીમાં ત્રીજા માળે CBIના અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. જે તપાસ પૂર્ણ થયા બાદ સત્તાવાર માહિતી CBI દ્વારા જાહેર કરવામાં આવશે. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, થોડા સમય પૂર્વે સેન્ટ્રલ GSTના અધિકારીઓ દ્વારા નોટિસ આપ્યા વગર કેટલાક વેપારીઓને ત્યાં તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં સેટલમેન્ટ માટે મોટી રકમની માગણી કરવામાં આવી હતી. જે અંગેની ફરિયાદ મળતા CBI દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, રાજકોટ સેન્ટ્રલ GST વિભાગના અધિકારીઓ દ્વારા થોડા સમય પૂર્વે સમન્સ વગર કેટલાક વેપારીઓને ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતાં. દરમિયાન આ વેપારીઓને ત્યાં ગેરરીતિ થતી હોવાનું કહી આ બાબતે સેટલમેન્ટ કરવા માટે મોટી રકમની માગણી કરવામાં આવી હતી. જો કે, વેપારી દ્વારા સેટલમેન્ટ રકમમાં બાંધછોડ કરવા માટે આજીજી કરવામાં આવી હતી, પરંતુ અધિકારીઓ ટસના મસ થયા ન હતા. સેટલમેન્ટ માટે આટલા રૂપિયા આપવા જ પડશે, તેવું કહેતા આ સેટલમેન્ટ અંગેની ફરિયાદ ઉચ્ચ કક્ષાએ કરવામાં આવી હતી. જેના કારણે છેલ્લા કેટલાય સમયથી રાજકોટ સેન્ટ્રલ જીએસટી વિભાગ સીબીઆઈની રડારમાં હતું જેને લઈને આજે તપાસ શરૂ કરવામાં આવી છે. રાજકોટના વેપારીઓની ફરિયાદના આધારે ગઈકાલ ૩ જુલાઈથી સીબીઆઈની ટીમ રાજકોટ આવી પહોંચી છે અને આજે સવારથી રેસકોર્સ ખાતે આવેલી સેન્ટ્રલ જીએસટીની ઓફિસમાં ધામા નાખવામાં આવ્યા છે. કચેરીના ત્રીજા માળે આવેલી સુપ્રિટેન્ડેન્ટ કક્ષાના અધિકારીની ઓફિસમાં તપાસ હાથ ધરવામાં આવી રહી છે. હવે જેમની સામે આક્ષેપો થયા છે તે અધિકારીઓની પણ પૂછપરછ સીબીઆઈ દ્વારા કરવામાં આવશે. ત્યારે આજે અચાનક CBIના દરોડાથી સેન્ટ્રલ GST ઓફિસમાં સોપો પડી ગયો હતો. ક્યાં ક્યાં અધિકારીઓની તપાસ થશે ? હવે શું થશે ? તેવા ગણગણાટ વચ્ચે તપાસના અંતે શું સામે આવશે. તે અંગે ચર્ચાઓ થઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં ભ્રષ્ટાચાર અંગે એસીબીમાં છેલ્લા એક મહિનાથી રાજકોટ મનપાના ક્લાસ વન અને ટુ લેવલના અધિકારીઓ સામે કાર્યવાહી ચાલી રહી છે. તેવામાં હવે સેન્ટ્રલ જીએસટીમાં પણ ભ્રષ્ટ્રાચાર અંગે ફરિયાદ આધારે શરૂ થયેલ તપાસના અંતે કેટલા અધિકારીઓ સામે આક્ષેપ સાચા ઠરે છે અને CBI દ્વારા શું કાર્યવાહી કરવામાં આવશે. તેની રાહ જોવાઈ રહી છે.

ગાંધીનગરના ભાટમાં બંગલામાં લાગેલી આગમાં યુવક ભડથું થઈ ગયો

રસોડામાં લાગેલી આગ બીજા માળ સુધી પ્રસરી

અમદાવાદ, તા.૪

ગાંધીનગરના ભાટ ખાતે એક બંગલામાં રસોડામાં કોઈ કારણસર લાગેલી આગ બીજા માળ સુધી પ્રસરી ગઈ હતી. આગના કારણે ઉપરના માળે પોતાના રૂમમાંથી બહાર નહીં નીકળી શકવાના કારણે યુવાન ભડથું થઈ ગયો હતો. જ્યારે પરિવારના અન્ય સભ્યો ઘરની બહાર નીકળી જતાં તમામનો બચાવ થયો છે. ત્યારે ફાયર બ્રિગેડની ટીમે સ્થળ ઉપર પહોંચી આગ પર કાબુ મેળવી બાલ્કનીની લોખંડની ગડર કાપીને યુવાનનો મૃતદેહ બહાર કાઢ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ બંગલોમાં વેદપ્રકાશ દલવાણી તેમના પત્ની, પુત્રી અને પુત્ર સાથે રહે છે. નિત્યક્રમ મુજબ તેમનો પુત્ર આદિત્ય પોતાના રૂમમાં હતો. જયારે પરિવારના અન્ય સભ્યો નીચેના રૂમમાં હતા. રસોડામાં કોઈ કારણસર અચાનક આગ લાગી હતી અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા આગ બંગલામાં પ્રસરી ગઈ હતી. બંગલામાં પીઓપી અને ફર્નિચરનાં કારણે આગ પ્રસરી જતાં પ્રથમ માળ સુધી પહોંચી ગઈ હતી. જેનાં પગલે પરિવારે આદિત્યને ભુમાભુમ કરી હતી. પરંતુ આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લેતા આદિત્ય બહાર નીકળી શક્યો ન હતો અને જોતજોતામાં આગની ઝપેટમાં આવી ગયો હતો.

ગાંધીનગર ફાયર બ્રિગેડનાં ચીફ ફાયર ઓફિસર સહીતની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી. પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી. આદિત્યના રૂમની બાલ્કનીનો દરવાજો બંધ હોવાથી લોખંડની ગડર કાપીને આદિત્યના ભડથું થયેલા મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. આ અંગે ફાયર ઓફિસરે કહ્યું કે, રસોડામાં આગ લાગવાના કારણે બંગલામાં આગ પ્રસરી ગઈ હતી. જેનાં કારણે પ્રથમ માળથી આદિત્ય નીચે ઉતરી શક્યો ન હતો. જેનું આગમાં સળગી જવાથી મોત થયું છે. અડાલજ પોલીસ મથકના પીઆઈએ કહ્યું કે, પ્રાથમિક તપાસમાં રસોડામાં ગેસનું કામકાજ ચાલતું હતું. ગેસની સગડી ઠંડી કરવા પાણી નાખવામાં આવતાં આગ લાગી હોવાની પણ વાત સામે આવી રહી છે. આ મામલે એફએસએલની પણ મદદ લેવાશે.

ગ્યો બોલો, હવે દાગીના અને રૂપિયાની નહીં, વાળની લૂંટ !!

મેંદરડાના બે પિતરાઈ ભાઈને ઈકોકાર-બાઈક પર આવેલ શખ્સોએ આંતરી ૩૬ કિલો માનવ વાળની લૂંટ ચલાવી

પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી લીધા

જૂનાગઢ, તા.૪

સોના-ચાંદી, રૂપિયા, દાગીનાના લૂંટના બનાવો બનતા હોવાનું જગ જાહેર છે. પરંતુ હવે માનવ વાળની લૂંટ થઈ હોય તેવો બનાવ પણ નોંધાયો છે. જેમાં મેંદરડાના બે પિતરાઈ ભાઈને બાઈક તથા ઈકો કારમાં આવેલ શખ્સો દ્વારા આંતરી ૩ શખ્સો છરીની અણીએ રૂપિયા ૧.૪૪ લાખની કિંમતના ૩૬ કિલો વાળ અને રૂપિયા ૩૦,૦૦૦નું બાઈક મળી કુલ રૂા.૧.૭૪ લાખની મતા ૧૫ મિનિટમાં લૂંટી નાસી ગયાની ફરિયાદ મેંદરડા પોલીસમાં નોંધાતા મેંદરડા પોલીસે ગણતરીના સમયમાં આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે. મેંદરડાના સામા કાંઠા વિસ્તારમાં રહેતા અને માનવ વાળ લે-વેચનો ધંધો કરતા બાલુભાઈ ઉર્ફે બાલો જીલુભાઈ વાઘેલા (ઉ.વ.૨૭) અને તેનો પિતરાઈ ભાઈ નરસી વાઘેલા મંગળવારે સવારે સાવરકુંડલા તાલુકાના લીખાળા ગામે રહેતા પિતરાઈ રાજુ વાઘેલાનો ફોન આવતા તેની પાસે માનવ વાળ લેવા જીજે-૧૪-બીએફ-૩૧૯૦ નંબરના બાઈક ઉપર મેંદરડાથી સવારે ૯ વાગ્યે નીકળ્યા હતા. દરમિયાન બંને ચલાલા પાસે પહોંચતા રાજુ વાઘેલા તેની બાઈક ઉપર રૂા.૧.૪૪ લાખની કિંમતના ૩૬ કિલો વાળનો કોથળો લઈને આવતા તેની પાસેથી માનવ વાળના જથ્થા સાથે મેંદરડા પરત આવવા નીકળ્યા હતા. બપોરે અઢી પોણા-ત્રણ વાગ્યાની આસપાસ જામકા ચોકડીથી મોટી ખોડિયાર ગામની વચ્ચે પહોંચતા જીએ-૩૨-ટી-૫૪૫૦ નંબર ઈકો કારમાં આવેલ ૩ શખ્સોએ બાલુભાઈ તથા નરસી વાઘેલાને તેની બાઈક ઉપર રૂપિયા ૧.૪૪ લાખની કિંમત ૩૬ કિલો વાળનો કોથળો લઈને આવતા તેની પાસે વાળના જથ્થા સાથે મેંદરડા પરત આવવા નીકળ્યા હતા. બપોરે અઢી પોણા-ત્રણ વાગ્યાની આસપાસ જામકા ચોકડીથી મોટી ખોડિયાર ગામની વચ્ચે પહોંચતા જીએ-૩૨-ટી-૫૪૫૦ નંબર ઈકો કારમાં આવેલ ૩ શખ્સોએ બાલુભાઈ તથા નરસી વાઘેલાને તેની બાઈક સહિત આંતરી બંનેને ઊભા રાખી છરી બતાવી વાળનો કોથળો, બાઈકની લૂંટની ચલાવીને નાસી ગયા હતા. આ અંગે ફરિયાદ થતા પીએસઆઈ એસ.એન. સોનારાએ ૪ ટીમને સક્રિય કરી કોડીનારના વિરાટનગરમાં રહેતા આરોપી આસીફ જુમ દલ, દિનેશ બાબુ સોલંકી, અને સફીર મહંમદ સોલંકીને મેંદરડા પાસેથી માનવ વાળ, ઈકો, છરી અને બાઈક સાથે ગણતરીના કલાકોમાં ઝડપી લઈને વધુ તપાસ હાથ ધરી હતી.

શિક્ષણ બોર્ડના સચિવ તરીકે તરૂલતા પટેલને વધારાનો હવાલો સોંપાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં સચિવ તરીકે ફરજ બજાવતા એન.જી. પટેલ વયનિવૃત્ત થયા છે. ૩૦ જૂનના રોજ તેઓ વયનિવૃત્ત થયા બોર્ડમાં સચિવની જગ્યા ખાલી પડી હતી. એક બાજુ શિક્ષણ બોર્ડની મહત્ત્વની પુરક પરીક્ષા ચાલી રહી છે બોર્ડ દ્વારા અન્ય અધિકારીને સચિવ તરીકેનો ચાર્જ સોંપવાનું નક્કી કર્યું હતું. જેના પગલે શિક્ષણ બોર્ડમાં નાયબ નિયામક (પરીક્ષા) તરીકે ફરજ બજાવતા તરૂલતા પટેલને પરીક્ષા ચાલુ હોઈ વહીવટી અને નાણાકીય મુશ્કેલીઓ ન સર્જાય તે હેતુથી શિક્ષણ વિભાગનો અન્ય આદેશ ન થાય ત્યા સુધી પોતાની ફરજો ઉપરાંત સચિવ તરીકેનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

અમવા અને મહેર દ્વારા શિબિર અને લોન વિતરણ કાર્યક્રમ યોજાયો

અમદાવાદ, તા.૪

અમદાવાદ મુસ્લિમ એસોસિએશન-અમવા અને ધી મહેર ક્રેડિટ એન્ડ સપ્લાય કો-ઓપરેટીવ સોસાયટી દ્વારા ,'સ્વસુરક્ષા- આજની જરૂરિયાત' વિષય પર એક જાગૃતિ શિબિર અને લોન વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમમાં મહેમાન તરીકે પધારેલ All India Memon Foundationના સના મેમણ દ્વારા હાલ નાં કપરા સમય માં જ્યારે મહિલાઓ સુરક્ષિત નથી ત્યારે મહિલાઓએ પોતે તે અંગે જાગૃત બની આત્મરક્ષણ માટે કરાટે અંગેની વિસ્તૃત સમજુતી આપી હતી. તેમજ હાલના સમયમાં પડકારોને પહોંચી વળવા દીકરીઓએ પોતાના આત્મરક્ષણ માટે કરાટેની તાલીમ લેવી જોઈએ તેમ સમજાવ્યું હતું.

અમવા જુહાપુરા ખાતે પણ કરાટે તાલીમના વર્ગો શરૂ કરી શકાય તેમ છે ,તેમ જણાવી રસ ધરાવતી બેનોને સંપર્ક કરવા જણાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે મ્યુનિસિપલ કાઉન્સિલર અસરાર બેગ મીરજાએ હાજર રહી પ્રોત્સાહન પૂરુ પાડ્યું હતું. ધી મહેર ક્રેડિટ એન્ડ સપ્લાય કો-ઓપરેટીવ સોસાયટીના સેક્રેટરી નેઈમ મન્સૂરીએ બંને સંસ્થાઓનો પરિચય કરાવતા જણાવ્યું કે હતું આપ સૌ નિયમિત રીતે લોનના હપ્તા ભરશો તો સંસ્થા દ્વારા પ્રોત્સાહન તરીકે સાધન સહાય, તબીબી સહાય ,શૈક્ષણિક સહાય વગેરે મદદ પૂરી પાડવામાં આવશે. અમવાના ટ્રસ્ટી રિયાઝ શેખ હાશ્મીએ મહેમાનોનું સ્વાગત કરી પરિચય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહેરના ડાયરેક્ટર રિઝવાના કુરેશી રીતે કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત માહેનુર સૈયદે કુર્આને શરીફની તિલાવતથી કરી હતી. તેમણે અમવા કોમ્પ્યુટર ક્લાસ અંગેની માહિતી આપતા ખૂબ જ વાજબી દરે અને ગરીબો માટે નિશુલ્ક એવા આ કોમ્પ્યુટર ક્લાસ નો લાભ લેવા આહવાન કર્યું હતું. કાર્યક્રમમાં ૩૯૫૯૦૦ રૂપિયાની વગર વ્યાજની લોન નું વિતરણ કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં બહેનો એ ભાગ લઈ કાર્યક્રમને સફળતા અપાવી હતી.કુ.સુહાના દેસાઈ સહિત બહેનોએ કાર્યક્રમ ને સફળ બનાવવા ખૂબ જહેમત ઉઠાવી હતી.

મુંબઇના ચાર ખેલાડીઓનું મહારાષ્ટ્ર વિધાન ભવન પરિસરમાં સન્માન કરાશે

મુંબઈ, તા.૪

ટી-૨૦ વિશ્વ ચેમ્પિયન ભારતીય ટીમના મુંબઈના ચાર ખેલાડીઓને શુક્રવારે મહારાષ્ટ્ર વિધાન ભવન પરિસરમાં સન્માનિત કરવામાં આવશે. રાજ્ય વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરે ગુરૂવારે આ જાણકારી આપી. કપ્તાન રોહિત શર્મા, સૂર્યકુમાર યાદવ, શિવમ દુબે અને યશસ્વી જયસ્વાલ ભારતની ટી-૨૦ વિશ્વકપ ટીમનો હિસ્સા હતા. આ બધા મુંબઈના રહેવાસી છે. ભારતીય ક્રિકેટ ટીમે ૨૯ જૂને દેશને બીજું ટી-૨૦ વિશ્વકપ ટાઈટલ અપાવ્યું જેનાથી આઈસીસી ટ્રોફીના ૧૧ વર્ષના દુકાળનો અંત થયો. ભારતે ગત આઈસીસી ટાઈટલ ૨૦૧૩માં જીત્યું હતું. જયારે તેણે મહેન્દ્રસિંહ ધોનીની કેપ્ટનશીપમાં ચેમ્પિયન્સ ટ્રોફી પોતાના નામે કરી હતી. શિવસેના ધારાસભ્ય પ્રતાપ સરનાઈકે ગુરૂવારે વિધાનસભામાં મુંબઈના ખેલાડીઓને વિધાન ભવનમાં સન્માનિત કરવાનો મુદ્દો ઊઠાવ્યો હતો. વિધાનસભા અધ્યક્ષ નાર્વેકરે કહ્યું કે, શહેરના ખેલાડીઓનું સન્માન શુક્રવારે બપોરે વિધાન ભવનમાં થશે.

૧૭ વર્ષીય ચીની બેડમિન્ટન ખેલાડીનું કોર્ટ પર કાર્ડિયાક અરેસ્ટથી મોત

નવી દિલ્હી, તા.૪

બેડમિન્ટનની દુનિયામાં એક હેરાન કરનારા સમાચાર સામે આવ્યા છે. ૧૭ વર્ષની ઉંમરમાં ચીનના બેડમિન્ટન ખેલાડીનું મોત થઈ ગયું છે. આ ખેલાડીનાં મોત બાદ ખેલ જગતમાં સન્નાટો ફેલાઈ ગયો છે. ૧૭ વર્ષના ચીની બેડમિન્ટન ખેલાડી ઝાંગ ઝીજીનું કોર્ટમાં કાર્ડિયાક અરેસ્ટથી મોત થઈ ગયું. ઝાંગ ઝીજીએ કિંડરગાર્ન્ટમાં બેડમિન્ટન રમવાનું શરૂ કર્યું અને ગત વર્ષ ચીનની નેશનલ યુથ ટીમમાં સામેલ કરાયો. જકાર્તામાં એક ટુર્નામેન્ટ દરમ્યાન કોર્ટ પર ચીની બેડમિન્ટન ખેલાડી પહેલા બેહોશ થયો અને પછી તેનું કાર્ડિયાક અરેસ્ટથી મોત થઈ ગયું. એશિયન જુનિયર ચેમ્પિયનશીપમાં રવિવારે જાપાનના કવાનો વિરૂદ્ધ મેચ દરમ્યાન ઝાંગ ઝીજી અચાનક બીમાર થયો અને પડી ગયો. ત્યારબાદ આ યુવા ખેલાડીને સ્થળ પર જ સારવાર કર્યા બાદ એમ્બ્યુલન્સમાં હોસ્પિટલ લઈ જવાયો. તેને હોશમાં લાવવાના વારંવાર પ્રયાસ કરાયો પણ મોડી રાત્રે તેનું મોત થઈ ગયું. આ ખેલાડીની મોત બાદ ભારતીય બેડમિન્ટન સ્ટાર પીવી સિંધુ પણ દુઃખી છે. તેણે એક્સ પર લખ્યું કે આ યુવા બેડમિન્ટન ખેલાડીના નિધનના સમાચારથી ખૂબ જ દુઃખી છે.

મેટાની 'પક્ષપાતી પ્રથાઓ' સામે ભારતીય મૂળના વ્યક્તિની અરજી H-1B વિઝા અને ભરતી પર અસર કરી શકે છે

અપીલની નવમી સર્કિટ કોર્ટે નીચલી અદાલતની બરતરફીને રદ કરી દીધી છે. જેમાં મેટા પર યુએસ નાગરિક સામે H-1B વિઝાધારકોને નોકરી પર રાખવાનું પસંદ કરવાનો આરોપ મૂક્યો હતો

(એજન્સી) તા.૪

નવમી યુ.એસ. સર્કિટ કોર્ટ ઓફ અપીલ્સના તાજેતરના નિર્ણયથી યુનાઈટેડ સ્ટેટ્સમાં H-1B વિઝાના ભાવિ માટે નોંધપાત્ર અસર પડી શકે છે અને સંભવિતપણે વિદેશી કામદારોને રોજગારી આપતી અમેરિકન કંપનીઓ સામે કાનૂની કાર્યવાહીમાં વધારો થઈ શકે છે. કોર્ટે ફેસબુકની પેરન્ટ કંપની મેટા પ્લેટફોર્મ્સ સામે સૂચિત વર્ગ કાર્યવાહીની બરતરફીને રદ કરી દીધી હતી, જેના પર તેની ભરતી પ્રથાઓમાં યુએસ નાગરિકો સાથે ભેદભાવ કરવાનો આરોપ હતો.

ભારતીય મૂળના યુ.એસ. નાગરિક પુરૂષોથમન રાજારામ દ્વારા આ વર્ગીકૃત કાર્યવાહી કરવામાં આવી હતી, જેમણે દાવો કર્યો હતો કે મેટાએ H1B વિઝા ધરાવતા બિન-નાગરિકો જેમને તે ઓછું વેતન ચૂકવી શકે છે, તેની તરફેણમાં તેમને નોકરી પર રાખવાનો ઇનકાર કર્યો હતો. શરૂઆતમાં, કેલિફોર્નિયાના ફેડરલ ન્યાયાધીશે રાજારામના દાવાને ફગાવી દીધો હતો, જેમાં જણાવ્યું હતું કે U.S.C. કલમ ૧૯૮૧ યુએસ નાગરિકો સાથે તેમની નાગરિકતાના આધારે રોજગાર ભેદભાવને પ્રતિબંધિત કરે છે.

રાજારામે દાવો કર્યો હતો કે, ૨૦૨૦ અને ૨૦૨૨ની વચ્ચે, તેણે મેટા પ્લેટફોર્મ્સ પર કામ કરવા માટે અરજી કરી હતી પરંતુ તેને નોકરી નકારવામાં આવી હતી અને મેટાએ નોકરીમાં યુનાઈટેડ સ્ટેટ્સના નાગરિકો સાથે ભેદભાવ કરીને કલમ ૧૯૮૧નું ઉલ્લંઘન કર્યું હતું. વિવાદિત પ્રશ્ન એ છે કે શું કલમ ૧૯૮૧ એમ્પ્લોયરોને યુનાઈટેડ સ્ટેટ્સના નાગરિકો સાથે ભેદભાવ કરવા માટે પ્રતિબંધિત કરે છે. જો બિન-નાગરિકોને શ્વેત નાગરિકો કરતાં કરાર કરવાનો વધુ અધિકાર છે, તો શ્વેત નાગરિકો તરીકે કરાર કરવાનો સમાન અધિકાર છે.

કોર્ટના આ અવલોકનમાં, ન્યાયાધીશ મિલરે અવલોકન કર્યું, કે કલમ ૧૯૮૧ યુ.એસ.માં બધા વ્યક્તિઓ માટે કરાર કરવા માટે સમાન અધિકારોની બાંયધરી આપે છે, નાગરિકો અને બિન-નાગરિકોને સમાન રીતે રક્ષણ આપે છે. તેમણે દલીલ કરી હતી કે જો નોકરીદાતાઓ બિન-નાગરિકોની તરફેણમાં નાગરિકો સાથે ભેદભાવ કરે છે, તો તેઓ સમાન કરારના અધિકારો માટેના કાયદાના આદેશનું ઉલ્લંઘન કરે છે. ન્યાયાધીશે

અન્ય કાયદાઓ અને અગાઉના કોર્ટના નિર્ણયો પર મેટાની નિર્ભરતાને પણ ફગાવી દીધી હતી જે કલમ ૧૯૮૧નું અલગ રીતે અર્થઘટન કરે છે અને જણાવ્યું હતું કે આવા અર્થઘટન કાનૂનની ભાષા અને ઉદ્દેશ્ય સાથે સુસંગત નથી. જો કે, શાસક ન્યાયાધીશ વેન્ડિકે તેની અસંમતિમાં દલીલ કરી હતી કે દરેકને શ્વેત નાગરિકોને સમાન અધિકારો મળે છે. નાગરિકો, જેઓ સ્વાભાવિક રીતે આ અધિકારો ધરાવે છે, જો અર્થઘટન કરવામાં આવે તો તેમને આ કાનૂન હેઠળ રક્ષણની જરૂર નથી. આખરે, કોર્ટે રાજારામની તરફેણમાં ચુકાદો આપ્યો, અને નિષ્કર્ષ આપ્યો કે તેણે મેટાની ભરતી પ્રથાના આધારે કલમ ૧૯૮૧ હેઠળ ભેદભાવનો આક્ષેપ યોગ્ય છે. નિષ્ણાતો માને છે કે આ ચુકાદો સર્કિટ કોર્ટનું વિભાજન કરવાની ક્ષમતા ધરાવે છે, કારણ કે તે પાંચમી સર્કિટ દ્વારા ૧૯૮૬ના ચુકાદાનો વિરોધાભાષી છે, જેમાં એવું માનવામાં આવતું હતું કે કાયદો યુએસ નાગરિકો સામે પક્ષપાતને પ્રતિબંધિત કરતું નથી. જો મેટા અપીલ કરે છે, તો આ વિરોધાભાસી અર્થઘટનોને ઉકેલવા માટે આ કેસ યુએસ સુપ્રીમ કોર્ટમાં જઈ શકે છે. જો કે, આ નિર્ણયને H-1B માટે એક જોખમ તરીકે જોવામાં આવે છે અને યુ.એસ.માં જન્મેલા કામદારો દ્વારા અસ્થાયી વિઝા ધારકોને નોકરીએ રાખતી કંપનીઓ સામે વધુ મુકદમાઓ થઈ શકે છે. આથી, H-1B વિઝાધારકો પર આધાર રાખતી ઘણી ટેક જાયન્ટ્સ અને અન્ય કંપનીઓની રોજગાર પ્રથાઓને સંભવિતપણે પડકારે છે.

NEET પેપર કૌભાંડમાં 'માત્ર મુસ્લિમોની ધરપકડ' અંગેનો ભ્રામક દાવો વાયરલ : ફેક્ટ ચેક મુજબ અનેક હિન્દુઓની પણ ધરપકડ કરવામાં આવી છે

ખરેખર NEET-UG પેપર લીક કૌભાંડ સાથે સંકળાયેલ ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી હતી પરંતુ પોલીસે તે પૈકી હિન્દુઓની પણ ધરપકડ કરી હતી

(એજન્સી) તા.૪

NEET-UG પેપર લીક કૌભાંડના સંબંધમાં સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન (CBI) દ્વારા આ ત્રણ મુસ્લિમ પુરુષોની ધરપકડ કરવામાં આવી હોવાનો દાવો ત્રણ તસવીરો સાથે ઑનલાઇન વાયરલ થઈ રહ્યો છે. આ દાવાને શેર કરનારા વપરાશકર્તાઓ તેમાં ''પરીક્ષા જેહાદ'' શબ્દ ઉમેરી રહ્યા છે.

સત્ય શું છે?: આ દાવામાં ઉલ્લેખિત આ ત્રણ લોકોની સીબીઆઈએ ખરેખર ધરપકડ કરી છે પરંતુ તેમણે આ કેસના સંબંધમાં હિન્દુઓની પણ ધરપકડ કરી છે.

અમે સત્ય કેવી રીતે શોધી શક્યા?: અમે 'NEET UG પેપર લીક કૌભાંડમાં ધરપકડ કરાયેલા આરોપી'નો ઉપયોગ કરીને Google પર સંબંધિત કીવર્ડ સર્ચ કર્યું અને તેના કારણે અમને ઘણા સમાચાર અહેવાલો મળ્યા હતા. ધ ઈન્ડિયન એક્સપ્રેસ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અને ધ હિંદુના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે સીબીઆઈએ આ કેસમાં ઘણા લોકોની ધરપકડ કરી છે, અહીં તેમની યાદી છે:

- ૨૮ જૂનના રોજ, ઝારખંડની ઓએસિસ સ્કૂલના આચાર્ય એહસાનુલ હકની ધરપકડ કરવામાં આવી હતી.
- તેમના વાઈસ-પ્રિન્સિપાલ ઈમ્તિયાઝ આલમ સાથે, નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા નિયુક્ત NEET-UG માટે હજારીબાગ જિલ્લા સંયોજક પણ સામેલ છે
- જમાલુદ્દીન અંસારી, જે એક પત્રકાર છે અને જે આ રાજ્યમાં હિન્દી અખબાર સાથે કામ કરે છે.
- ગુજરાતના ગોધરામાં જય જલારામ સ્કૂલના માલિક દીક્ષિત પટેલ જેમણે ઉમેદવારોને પરીક્ષા પાસ કરવામાં મદદ કરવા માટે ૧૦ લાખ રૂપિયાની માંગણી કરી હતી
- અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગોધરામાં એક વિશેષ CBI કોર્ટે તપાસ એજન્સીને જય જલારામ સ્કૂલના આચાર્ય પુરુષોત્તમ શર્મા, શિક્ષક તુષાર ભટ્ટ અને વચેટિયા વિભોર આનંદ અને આરિફ વોહરાની ચાર દિવસની કસ્ટડી મંજૂર કરી હતી.
- અન્ય આરોપી સંજીવ કુમાર છે જે નાલંદાના નિવાસી છે
- બલદેવ કુમાર ઉર્ફે ચિન્ટુ બિહાર શરીફનો રહેવાસી છે અને તે સંજીવનો મુખ્ય સહયોગી હોવાની શંકા છે
- બલદેવ પર પીડીએફને બે વચેટિયાઓને ફોરવર્ડ કરવાનો આરોપ છે, નીતિશ કુમાર અને અમિત આનંદ, બંને હાલમાં પટનામાં રહે છે.
- અન્ય આરોપીઓમાં મનીષ પ્રકાશ અને આશુતોષ કુમાર પણ છે જેઓ પટનાના રહેવાસી છે
- અન્ય આરોપીઓ રોશન કુમાર, અવધેશ કુમાર, સિકંદર યાદવેન્દુ અને અન્ય ૮ લોકો પણ છે
- મુકેશ કુમાર પર ચાર આરોપીઓને તેની કારમાં એક જગ્યાએથી

બીજા સ્થાને લઈ જવાનો આરોપ છે

- પંકુ કુમાર, પરમજીત સિંહ ઉર્ફે બિટ્ટુ અને રાજીવ કુમાર ઉર્ફે કારુ, આ આરોપીઓ નાલંદા જિલ્લાના રહેવાસીઓ છે અને તેમના પર પેપર લીકની સુવિધા માટે ગેંગના સભ્યોને નકલી મોબાઈલ સિમ કાર્ડ આપવાનો આરોપ છે.
- પરશુરામ રોય એક અન્ય આરોપી છે જે વડોદરા સ્થિત એજ્યુકેશન ઈમિગ્રેશન કંપની, રોય ઓવરસીઝના માલિક છે.

સરકારે સુરક્ષા, આર્થિક, રાજકીય બાબતો પર મુખ્ય કેબિનેટ પેનલ બનાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

કેન્દ્ર સરકારે બુધવારના રોજ સુરક્ષા, આર્થિક, સંસદીય અને રાજકીય બાબતો પર મુખ્ય પેનલો સહિત આઠ મહત્વપૂર્ણ કેબિનેટ સમિતિઓની રચના કરી હતી. સત્તાવાર જાહેરાત મુજબ, કેબિનેટની નિમણૂંક સમિતિમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને સંરક્ષણમંત્રી રાજનાથ સિંહનો સમાવેશ થાય છે. સુરક્ષા પરની મુખ્ય ૫ સભ્યોની કેબિનેટ સમિતિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, નાણાંમંત્રી નિર્મલા સીતારમણ અને વિદેશમંત્રી એસ જયશંકરનો સમાવેશ થાય છે.

૧૧ સભ્યોની કેબિનેટ આર્થિક બાબતોની સમિતિમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, નાણાંમંત્રી નિર્મલા સીતારમણ અને વિદેશમંત્રી એસ જયશંકર, માર્ગ પરિવહન અને હાઈવે પ્રધાન નીતિન ગડકરી, કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને ભારે ઉદ્યોગો અને સ્ટીલ મંત્રી એચ.ડી કુમારસ્વામી, વાણિજ્ય મંત્રી પીયૂશ ગોયલ, શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અને પંચાયતી રાજ અને મત્સ્યપાલન મંત્રી રાજીવ રંજન સિંહ ઉર્ફે લાલન સિંહનો સમાવેશ થાય છે. સંસદીય બાબતોની કેબિનેટ સમિતિમાં ૧૦ સભ્યો અને બે વિશેષ આમંત્રિતોનો સમાવેશ થાય છે. આ પેનલમાં ૧૦ સભ્યો- સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, નાણાંમંત્રી નિર્મલા સીતારમણ, પંચાયતી રાજ અને ફિશરીઝના મંત્રી રાજીવ રંજન સિંહ ઉર્ફે લાલન સિંહ, કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે પી નડ્ડા, સામાજિક ન્યાય મંત્રી વીરેન્દ્ર કુમાર, નાગરિક

ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામ મોહન નાયડુ, આદિજાતિ બાબતોના મંત્રી જુઆલ ઓરમ, સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજિજુ અને જળ શક્તિના મંત્રી સી.આર પાટીલનો સમાવેશ થાય છે. આ પેનલમાં બે ખાસ આમંત્રિતો છે: અર્જુન રામ મેઘવાલ, કાયદા અને ન્યાય મંત્રાલયના રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો); અને સંસદીય બાબતોના મંત્રાલયમાં રાજ્ય મંત્રી અને માહિતી અને પ્રસારણ મંત્રાલયના રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરૂગન; અને સંસદીય બાબતોના મંત્રાલયમાં રાજ્ય મંત્રી.

રાજકીય બાબતો પરની ૧૪ સભ્યોની કેબિનેટ સમિતિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરી, કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે પી નડ્ડા, નાણાંમંત્રી નિર્મલા સીતારમણ, વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ, સુક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગ મંત્રી જીતન રામ માંઝી, બંદરો, શિપિંગ અને જળમાર્ગોના મંત્રી સર્બાનંદ સોનેવાલ, નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુ, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તનના મંત્રી ભૂપેદર યાદવ, મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવી, સંસદીય બાબતોના મંત્રી અને લઘુમતી બાબતોના મંત્રી કિરણ રિજિજુ, અને કોલસા મંત્રી અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડીનો સમાવેશ થાય છે.

અન્ય ૩ કેબિનેટ સમિતિઓ છે: આવાસ કેબિનેટ સમિતિ, રોકાણ અને વૃદ્ધિ કેબિનેટ સમિતિ અને કૌશલ્ય, રોજગાર અને આજીવિકા કેબિનેટ સમિતિ.

વડાપ્રધાન મોદીનું ભાષણ : લોકોના આદેશ અને નવી ગતિશીલતા સ્વીકારવા માટેના ઈન્કારનું પ્રદર્શન

રાહુલ ગાંધીની મજાક ઉડાવવા અને દેશની સમસ્યાઓ માટે કોંગ્રેસને જવાબદાર ઠેરવવાનો આ સમય નથી

(એજન્સી) તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓ પછી રાજકીય ગતિશીલતામાં પરિવર્તનને સ્વીકારવાનો ઇનકાર કર્યો છે તે ખરેખર અકલ્પનીય છે.

૧૮મી લોકસભા માટે તેમના માટે નબળા જનાદેશ પ્રત્યે તેઓએ શાહમૃગ જેવો અભિગમ અપનાવ્યો છે. રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવનો જવાબ આપતાં મોદીએ બે કલાકથી વધુ સમય સુધી વાત કરી અને તેમના આ લાંબા સંબોધન વચ્ચે વિપક્ષે 'મણિપુર બચાવો' અને 'ભારત જોડો'ના નારા લગાવ્યા હતા. વિપક્ષ માટે આવું કરવું ચોક્કસપણે અયોગ્ય હતું. મુખ્ય ભાષણ દરમિયાન કોઈપણ વડાપ્રધાન સામે આવા નારા લગાવવામાં આવતા નથી.

પરંતુ લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ એક દિવસ પહેલા વિરોધ પક્ષના નેતા (LoP) રાહુલ ગાંધીના આક્રમક ભાષણના ભાગોને કાઢી નાખવાનો નિર્ણય કર્યો તે ખોટું હતું. જો કે બંને પક્ષોએ સર્વસંમતિ દ્વારા સાથે મળીને કામ કરવાનું વચન આપ્યું હતું, તેમ છતાં આટલી વિવાદાસ્પદ શરૂઆત પછીના મહિનાઓમાં સંસદ કેવી રીતે ચાલશે તે સમજવું મુશ્કેલ છે.

હાલના સંજોગો નવી વ્યૂહરચના અંગે વિચારની માંગ કરે છે. વાસ્તવિકતા એ છે કે લોકસભાની રચના ૨૦૨૪માં ધરમૂળથી બદલાઈ ગઈ છે. વિપક્ષી ઈન્ડિયા જૂથ ૨૩૪ સાંસદો મજબૂત છે. આ એવો અવાજ નથી કે જેને સરળતાથી શાંત કરી શકાય. ટીએમસી સાંસદ મોહુઆ મોઈત્રાને જે રીતે સંસદ સમિતિ દ્વારા ૧૭મી લોકસભામાંથી હાંકી કાઢવામાં આવી હતી તેના પર તેણીએ નોંધ્યું કે તે સમિતિના મોટાભાગના સભ્યો આ વખતે હારી ગયા છે.

ભાજપ પાસે ૨૪૦ સાંસદો છે, જે વિપક્ષી મોરચા કરતા માત્ર છ વધુ છે. તેના ગઠબંધન ભાગીદારો સાથે મળીને, શાસક એનડીએ પાસે ૨૯૩ સાંસદો છે. આ પાતળી બહુમતી છે. મોદી અને ભાજપ બદલાયેલા વાતાવરણમાં કામ કરી રહ્યા છે. તે દુર્ભાગ્યપૂર્ણ છે કે તેઓએ અનુકૂલન, સમાયોજન માટે કોઈ રસ દર્શાવ્યો નથી.

મોદીના જવાબમાં આ સ્પષ્ટ થયું છે. તેમના ભાષણમાં આ ત્રણ મુદ્દાઓ હતા.

- એક તો રાહુલ ગાંધી અને કોંગ્રેસ પર હુમલો.
- બીજું સેમી-કન્ડક્ટર ચિપ્સ અને 'લખપતિ દીદીઓ'ના 'વિકસીત ભારત' માટેનું તેમનું વચન હતું.
- ત્રીજું હિંદુ સમુદાયનો મજબૂત બચાવ અને હિંસા અને ડર સાથે ભાજપ અને RSS બ્રાન્ડની હિંદુ ધર્મની સમાનતા કરતા રાહુલ ગાંધીના હુમલાના જવાબમાં તેમના તારણહાર તરીકેની તેમની સ્થિતિ. વ્યંગાત્મક રીતે, આ તે જ વિષયો હતા જે તેમના ચૂંટણી અભિયાનમાં હતા અને ભાજપે લોકસભામાં ૬૩ બેઠકો

ગુમાવી હતી. મોદીના ત્રીજા કાર્યકાળની શરૂઆત થઈ ગઈ છે. યુવા કારકિર્દીને અસર કરતી બે મુખ્ય પરીક્ષાઓ, UGC-NET અને NEET, કૌભાંડો અને લીક દ્વારા વિવાદમાં આવી હતી, જેના કારણે રદ અથવા સ્થગિત કરવામાં આવી હતી. રેલવે સ્ટેશન, એરપોર્ટ, પહોળા રસ્તાઓ અને વંદે ભારત ટ્રેનોના રૂપમાં ચમકદાર નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ભયાનક ગતિએ તૂટી રહ્યા છે. અયોધ્યામાં નવા બનેલા રામ મંદિરની છતમાં પણ લીકેજ છે.

તાજેતરની દુર્ઘટનામાં ઉત્તર પ્રદેશના હાથરસમાં શંકાસ્પદ રેકોર્ડ ધરાવતા વ્યક્તિ દ્વારા આયોજિત સત્સંગમાં સંખ્યાબંધ શ્રદ્ધાળુઓના મૃત્યુ થયા છે. અલબત્ત, મણિપુર સતત સમાચારમાં રહ્યું છે કારણ કે રાજ્યમાંથી નવા ચૂંટાયેલા કોંગ્રેસના સાંસદ, એ બિમોલ અકોઈજામે તેમના ભાવુક ભાષણમાં મોદી પર પ્રહાર કર્યા હતા. મોદીના જવાબમાં આમાંથી કોઈપણ મુદ્દાનો ઉલ્લેખ જોવા મળ્યો નથી. UGC-NET અને NEET પેપર લીકનો સંદર્ભ હતો પરંતુ યુવા વિદ્યાર્થીઓના ભાવિ પ્રત્યે સહાનુભૂતિ ન હતી. રાહુલ ગાંધીએ બેરોજગારી અને મોંઘવારી જેવા ઈન્ડિયા બ્લોકના ચૂંટણી અભિયાન દરમિયાન ઉઠાવેલા મુદ્દાઓ પર તેમના પર હુમલો કર્યો હતો. આમાં, વિપક્ષે UGC-NET અને NEETનો ફિયાસ્કો ઉમેર્યો છે, જે સ્પષ્ટ કરે છે કે તે સામાન્ય લોકોને અસર કરતા મુદ્દાઓ પર સરકારને જવાબદાર બનાવવા માંગે છે. વિપક્ષના પડકારનો સામનો કરવા માટે મોદી અને બીજેપી શું કરે છે, તે આગામી સપ્તાહોમાં જાહેર થશે.

મોદીએ પ્રતિકૂળતાનો સામનો કરવાની અદભૂત ક્ષમતા દર્શાવી છે. પણ આજે તેમના સંજોગો અલગ છે. ૨૦૧૫માં, તેઓ કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકારને હરાવી હતી અને લોકો પરિવર્તન અને વિકાસની આશા રાખતા હતા. ૨૦૨૪માં, તેમનું શાસન ૧૦ વર્ષનું થયું છે અને તેઓ નબળા આદેશ સાથે સત્તા પર આવ્યા છે. રાહુલ ગાંધીની મજાક ઉડાવવા અને દેશની સમસ્યાઓ માટે કોંગ્રેસને જવાબદાર ઠેરવવાનો આ સમય નથી પણ લોકોના આદેશને યોગ્ય રીતે સમજીને તેની સાથે સમજૂતી કરતા કાર્ય કરવું જોઈએ. **(સૌ.: ધ ક્વિન્ટ.કોમ)**

UKમાં આજે મતદાન : ૧૦ લાખથી વધુની સંખ્યા સાથે હિંદુ સમુદાયનો પ્રભાવ

યુકેમાં ૪ જુલાઈના રોજ મતદાન છે અને લેબર પાર્ટી સરકાર રચવા માટે આગળ વધી રહી છે એવું ઓપિનિયન પોલ કહે છે. UKનું ત્રીજું સૌથી મોટું ધાર્મિક જૂથ, બ્રિટિશ-હિંદુ સમુદાય, તેના રાજકીય પ્રભાવને દર્શાવી રહ્યું છે. આ સમુદાયે 'હિન્દુ મેનિફેસ્ટો' બહાર પાડ્યો છે

(એજન્સી) તા.૪

યુકેમાં ૪ જુલાઈએ મતદાન થવાનું છે, ત્યારે લેબર પાર્ટી સરકાર બનાવશે એવું લાગે છે. યુકેમાં હિન્દુઓનો પ્રભાવ જોવા મળી રહ્યો છે. બ્રિટિશ હિંદુઓ, ઈંગ્લેન્ડમાં ત્રીજા ક્રમનું સૌથી મોટું ધાર્મિક જૂથ છે જે યુકેમાં પહેલેથી જ પ્રભાવશાળી સમુદાય છે. હવે, સમુદાય તેના રાજકીય અવાજને પહેલા કરતા વધુ ભાર આપી રહ્યો છે, અને બંને પક્ષોના રાજકારણીઓ તેના સભ્યોને આકર્ષિત કરી રહ્યા છે.

યુકેમાં ચૂંટણી પહેલા, ૨૯ હિન્દુ સંગઠનોએ 'ધ હિન્દુ મેનિફેસ્ટો યુકે ૨૦૨૪' બહાર પાડ્યું છે. ૮ જૂનના રોજ બહાર પાડવામાં આવેલા મેનિફેસ્ટોની સાત મુખ્ય માંગણીઓમાં હિન્દુ વિરોધી નફરતને ધાર્મિક નફરતના અપરાધ તરીકે માન્યતા આપવાની માંગ કરવામાં આવી હતી. પ્રથમ વખત બ્રિટિશ હિંદુઓ સમુદાય આ માંગણીઓ કરવા માટે એકઠા થયા છે. ૨૦૨૧ની વસ્તી ગણતરી અનુસાર બ્રિટનમાં લગભગ ૧૦ લાખની વસ્તી છે જેઓ પોતાને હિંદુ તરીકે ઓળખાવે છે. આ ૪ જુલાઈની સામાન્ય ચૂંટણીમાં આ સમુદાય નોંધપાત્ર છે.

લેબર અને કન્ઝર્વેટિવ બંને પક્ષો સમુદાયના મતો મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. યુકેના વડાપ્રધાન ઋષિ સુનક, જે કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા છે અને લેબર પાર્ટીના નેતા કીર સ્ટારમે બ્રિટિશ હિન્દુ મતદારોને આકર્ષવા મંદિરોની મુલાકાત લીધી હતી. લેબર પાર્ટી યુકેની રેસમાં અગ્રેસર છે અને પાર્ટી ભારત વિરોધી ભાવનાઓનો સામનો કરવા માટે પ્રતિબદ્ધ છે. તેણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકાર સાથે વ્યૂહાત્મક સંબંધો બનાવવાનો પણ પ્રયાસ કર્યો છે.

બ્રિટિશ હિંદુ સમુદાય સમગ્ર વસ્તીના ત્રણ ટકા છે, અને ૨૦૨૪ની યુકે ચૂંટણીમાં તેઓ મહત્વપૂર્ણ છે. લેબર પાર્ટી અને ભારતીય ડાયસ્પોરા હંમેશા એક સાથે જોડાયેલા નથી. લેબર પાર્ટીના તત્કાલિન નેતા જેરેમી કોર્બીને કાશ્મીર પર વિવાદાસ્પદ નિવેદન આપ્યા બાદ વિવાદ થયો હતો પરંતુ લેબર પાર્ટીએ કીર સ્ટારમરના નેતૃત્વમાં ભારત સાથેના સંબંધોને ફરીથી બનાવવાનો પ્રયાસ કર્યો છે. સ્ટારમેરે ભારત સાથે વ્યૂહાત્મક ભાગીદારીની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરતા ૨૮ જૂને કિંગ્સબરીમાં સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લીધી હતી. લેબર પાર્ટી હવે ૪ જુલાઈની સામાન્ય ચૂંટણીમાં વધુ દેશી ઉમેદવારોને સમર્થન આપી રહી છે. તેઓએ પ્રથમ વખત ભારતીય મૂળના ઘણા ઉમેદવારોને પણ મેદાનમાં ઉતાર્યા છે. નવેન્દુ મિશ્રા સ્ટોકપોર્ટથી ઉમેદવાર છે. પ્રીત કૌર ગિલ, પ્રથમ બ્રિટિશ શીખ મહિલા સાંસદ, ૨૦૧૯માં એજબેસ્ટનથી ફરીથી ચૂંટાયા હતા અને પ્રાથમિક સંભાળ અને જાહેર આરોગ્ય માટે શેડો મિનિસ્ટર છે. જો કે, કન્ઝર્વેટિવ પાર્ટીમાં ભારતીય મૂળના સાંસદો પણ છે. શૈલેશવરા મે ૨૦૦૫થી તેમની નોર્થ વેસ્ટ કેમ્બ્રિજશાયર સીટ જીતી ચુક્યા છે. રીડિંગ વેસ્ટના સાંસદ આલોક શર્મા અને વિથમના સાંસદ પ્રીતિ પટેલ ૨૦૧૦થી સતત જીતી રહ્યા છે. ૨૦૧૫માં યોર્કશાયરના સાંસદ ઋષિ સુનાક બ્રિટિશ વડાપ્રધાન છે. ભારતીય મૂળના સાંસદોએ ડાયસ્પોરાના મુદ્દાઓને સક્રિયપણે સંબોધિત કર્યા છે. હેનરી જેક્સન સમાજે શાળાઓમાં ભેદભાવના કિસ્સા નોંધ્યા હોવાથી હિંદુ-વિરોધી દ્વેષ એ મુખ્ય સમસ્યા છે. લેબર અને કન્ઝર્વેટિવ્સ બ્રિટિશ હિંદુઓને આકર્ષવાનો પ્રયાસ કરે છે. ઈમિગ્રેશનનો મુદ્દો ભારતીય સમુદાય માટે કેન્દ્રસ્થાને છે. ભારતીય મૂળના સાંસદોએ વિઝા પ્રક્રિયા, વર્ક પરમિટની અરજીઓ અને અન્ય પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવાની હિમાયત કરી છે. લેબર પાર્ટીએ ભારતીય સમુદાયના ગરીબ વર્ગોને મદદ કરવા માટે સામાજિક કલ્યાણ કાર્યક્રમો પણ શરૂ કર્યા છે. યુકેમાં તાજેતરના વસાહતીઓ પણ ઉત્સાહિત છે અને મતદાન કરશે. ભારતના પ્રથમેશ પૌલરાજે બ્રિટનમાં રોઇટર્સને જણાવ્યું કે, મારા દેશમાં, તેઓ અન્ય દેશોના લોકોને મતદાન કરવા દેતા નથી. હું અહીં સ્ટુડન્ટ વિઝા પર આવ્યો હતો, પરંતુ તેઓ બ્રિટિશ નાગરિકોની જેમ અમને તક આપી રહ્યા છે. 'હિંદુ મેનિફેસ્ટો' સાથે આ સમુદાયે તેમની માંગણીઓ સ્પષ્ટ કરી છે, અને બંને પક્ષોએ તેની નોંધ લીધી છે. સ્વામીનારાયણ મંદિર ખાતે સ્ટારમેરે કહ્યું કે, જો અમે આવતા અઠવાડિયે ચૂંટાઈશું, તો અમે તમારી અને જરૂરિયાતમંદ

વિશ્વની સેવા કરવા માટે સેવાની ભાવનાથી શાસન કરવાનો પ્રયત્ન કરીશું, બ્રિટનમાં હિંદુફોબિયા માટે બિલકુલ કોઈ સ્થાન નથી. લેબર પક્ષે પણ હિન્દુ સમાજની માંગણીઓની નોંધ લીધી છે. ૪ જુલાઈની ચૂંટણીમાં પ્રભાવશાળી બ્રિટિશ હિંદુઓ કેવી રીતે રાજકીય ભાગ ભજવશે અને યુકેમાં સત્તામાં રહેલી પાર્ટીને તેમના વચનો પૂરા કરશે કે કેમ તે ટૂંક સમયમાં જ સામે આવશે.

નવા NCERT પાઠ્યપુસ્તકોમાં વિલંબ, ધોરણ ૬ના વિદ્યાર્થીઓ પુસ્તકો વિના શાળાએ જશે

(એજન્સી) તા.૪

આ મહિને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે શાળાઓ ખુલતી હોવાથી, ધોરણ ૬ના વિદ્યાર્થીઓને ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન માટે પાઠ્યપુસ્તકો નહીં મળે. રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCF) અને ધોરણ ૬ માટે નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ પર આધારિત નવી નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) પાઠ્યપુસ્તકોનું લોન્ચિંગ વિલંબિત થયું છે.

NCERTએ જણાવ્યું કે ધોરણ ૩ અને ૬ના વિદ્યાર્થીઓને ૨૦૨૪-૨૫માં નવા પુસ્તકો મળશે.

લ્યો બોલો, હવે દાગીના અને રૂપિયાની નહીં, વાળની લૂંટ !!

મેંદરડાના બે પિતરાઈ ભાઈને ઈકો-કાર-બાઈક પર આવેલ શખ્સોએ આંતરી ૩૬ કિલો માનવ વાળની લૂંટ ચલાવી

પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી લીધા

જૂનાગઢ, તા.૪

સોના-ચાંદી, રૂપિયા, દાગીનાના લૂંટના બનાવો બનતા હોવાનું જગ જાહેર છે. પરંતુ હવે માનવ વાળની લૂંટ થઈ હોય તેવો બનાવ પણ નોંધાયો છે. જેમાં મેંદરડાના બે પિતરાઈ ભાઈને બાઈક તથા ઈકો કારમાં આવેલ શખ્સો દ્વારા આંતરી ૩ શખ્સો છરીની અણીએ રૂપિયા ૧.૪૪ લાખની કિંમતના ૩૬ કિલો વાળ અને રૂપિયા ૩૦,૦૦૦નું બાઈક મળી કુલ રૂા.૧.૭૪ લાખની મતા ૧૫ મિનિટમાં લૂંટી નાસી ગયાની ફરિયાદ મેંદરડા પોલીસમાં નોંધાતા મેંદરડા પોલીસે ગણતરીના સમયમાં આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે. મેંદરડાના સામા કાંઠા વિસ્તારમાં રહેતા અને માનવ વાળ લે-વેચનો ધંધો કરતા બાલુભાઈ ઉર્ફે બાલો જીલુભાઈ વાઘેલા (ઉ.વ.૨૭) અને તેનો પિતરાઈ ભાઈ નરસી વાઘેલા મંગળવારે સવારે સાવરકુંડલા તાલુકાના લીખાળા ગામે રહેતા પિતરાઈ રાજુ વાઘેલાનો ફોન આવતા તેની પાસે માનવ વાળ લેવા જીજે-૧૪-બીએફ-૩૧૯૦ નંબરના બાઈક ઉપર મેંદરડાથી સવારે ૯ વાગ્યે નીકળ્યા હતા. દરમિયાન બંને ચલાલા પાસે પહોંચતા રાજુ વાઘેલા તેની બાઈક ઉપર રૂા.૧.૪૪ લાખની કિંમતના ૩૬ કિલો વાળનો કોથળો લઈને આવતા તેની પાસેથી માનવ વાળના જથ્થા સાથે મેંદરડા પરત આવવા નીકળ્યા હતા. બપોરે અઢી પોણા-ત્રણ વાગ્યાની આસપાસ જામકા ચોકડીથી મોટી ખોડિયાર ગામની વચ્ચે પહોંચતા જીએ-૩૨-ટી-૫૪૫૦ નંબર ઈકો કારમાં આવેલ ૩ શખ્સોએ બાલુભાઈ તથા નરસી વાઘેલાને તેની બાઈક ઉપર રૂપિયા ૧.૪૪ લાખની કિંમત ૩૬ કિલો વાળનો કોથળો લઈને આવતા તેની પાસે વાળના જથ્થા સાથે મેંદરડા પરત આવવા નીકળ્યા હતા. બપોરે અઢી પોણા-ત્રણ વાગ્યાની આસપાસ જામકા ચોકડીથી મોટી ખોડિયાર ગામની વચ્ચે પહોંચતા જીએ-૩૨-ટી-૫૪૫૦ નંબર ઈકો કારમાં આવેલ ૩ શખ્સોએ બાલુભાઈ તથા નરસી વાઘેલાને તેની બાઈક સહિત આંતરી બંનેને ઊભા રાખી છરી બતાવી વાળનો કોથળો, બાઈકની લૂંટની ચલાવીને નાસી ગયા હતા. આ અંગે ફરિયાદ થતા પીએસઆઈ એસ.એન. સોનારાએ ૪ ટીમને સક્રિય કરી કોડીનારના વિરાટનગરમાં રહેતા આરોપી આસીફ જુમ દલ, દિનેશ બાબુ સોલંકી, અને સફીર મહંમદ સોલંકીને મેંદરડા પાસેથી માનવ વાળ, ઈકો, છરી અને બાઈક સાથે ગણતરીના કલાકોમાં ઝડપી લઈને વધુ તપાસ હાથ ધરી હતી.

પાલીતાણા નજીક હાથસણી ગામે જુવારના ખેતરમાંથી સિંહનો મૃતદેહ મળ્યો : ઈનફાઈટમાં મોત નિપજ્યું

પાલીતાણા, તા.૪

ભાવનગરના પાલિતાણા તાલુકાના હાથસણી ગામે વાડી વિસ્તારમાં જુવારના ખેતરમાંથી આજે સિંહનો મૃતદેહ મળી આવતાં વન ૧ વિભાગનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહનો કબ્જો લઈ પી.એમ.હાથ ધર્યું હતું.

બૃહદ ગીર તરીકે વિકસી રહેલાં ગોહિલવાડ પંથકમાં ડાલામથ્થાનું સતત વિચરણ વધ્યું હોવાની ઘટના સતત પ્રકાશમાં આવે છે. જો કે, કેટલાક કિસ્સામાં સિંહ વચ્ચે વિસ્તારને લઈને પ્રતિષ્ઠાભર્યો જંગ ખેલાતો હોય છે. જે ઈનફાઈટ તરીકે ઓળખાય છે. ઈનફાઈટમાં સિંહના ગંભીર રીતે ઈજાગ્રસ્ત થવાથી લઈ તેના મોત થવાની ઘટના પણ ચોપડે નોંધાઈ હોવાનો ઈતિહાસ છે. આવા જ એક બનાવમાં ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના હાથસણી ગામના વાડી વિસ્તારમાં રણજીતસિંહ કિરીટસિંહ સરવૈયાની વાડીમાં જુવાર ઉગયો હતો જુવારનાં ખેતરમાંથી આજે એક સિંહનો મૃતદેહ મળી આવતા વન વિભાગને જાણ કરવામાં આવી હતી. જેના પગલે વેટરનરી તબીબોની ટીમ સાથે વન વિભાગના ઉચ્ચ આ અધિકારીઓ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મૃતદેહનો કબ્જો લઈને પી.એમ. હાથ ધર્યું હતું. વનવિભાગના વેટનરી તબીબોએ કરેલાં પી.એમ. દરમિયાન મૃતક સિંહ આશરે પાંચ વષનો હોવાનું અને તેના ગળાના ભાગે ફ્રેક્ચર હોવાનું જણાયું હતું. એટલું જ નહીં, પી.એમ. દરમિયાન મૃત સિંહના સિંહ નખમાંથી અન્ય સિંહના વાળ મળી આવતા ઈનફાઈટના કારણે પાંચ વર્ષિય સિંહનું મોત થયું હોવાનું તબીબોએ પ્રાથમિક તારણ આપતાં જણાવ્યું કે, એક તબક્કે સિંહ બે દિવસ પૂર્વે જંગલ વિભાગના લોકેશનમાં હતો. પરંતુ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન આશરે ૯થી ૧૨ વર્ષની ઉંમરના એક ડાલામથ્થા સાથે લડાઈ થતા સિંહ મોતને ભેટ્યો હોવાનું વન વિભાગના સૂત્રોએ પ્રાથમિક તારણ કાઢ્યું. જો કે, હમલાખોર ડાલામથ્થો અન્ય પ્રાણીને પણ ના ઈજા ન પહોંચાડે તે માટે વન વિભાગે હાલ તેનું સ્કેનિંગ શરૂ કર્યું હોવાનું ડીએફઓએ જણાવ્યું છે.

કોડીનારના ઘાંટવડ ગામે આખલાઓના આતંકથી ગ્રામજનો ત્રાહિમામ્ પોકારી ગયા

અત્યાર સુધીમાં ૧૫થી વધુ લોકોને આખલાએ અડફેટે લીધા : તંત્ર લોકોને આખલાઓના ત્રાસમાંથી મુકત કરાવશે ખરૂં ?

કોડીનાર, તા.૪

કોડીનાર તાલુકાના ઘાંટવડ માં રખડતા ઢોર અને આખલાઓના આતંકના કારણે ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઊઠયા છે. ઘાંટવડ ગામમાં જતા રસ્તા ઉપરના મુખ્ય પુલ ઉપર, મેઈન બજાર, રૂદ્રેશ્વર મંદિર રોડ અને ગામનું મુખ્ય સ્થળ જગકત નાકા વિસ્તાર અહી લોકોની અવરજવર અને ખૂબ ટ્રાફિક વાળો ગીચ વિસ્તાર ગણાય છે અહી લોકો ખુબ પ્રમાણમાં સાંજનાં સમય લોકો અટાણુ કરવા આવતા હોય છે જગકત નાકામાં માર્કેટ હોવાથી લોકો ખુબ પ્રમાણમાં હોય છે ત્યાંજ સૌથી વધારે ઢોરનો ત્રાસ જોવા મળી રહ્યો છે રાહદારીઓ નાના બાળકો તેમજ મોટી ઉંમરના લોકાને ચાલીને નીકળવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ટ્રાફિકને અડચણ આવી ગંભીર મુશ્કેલીઓનો ઘણા સમયથી ઘાંટવડની પ્રજા સહન કરી રહેલ છે તેમજ બાપા સીતારામ બસ સ્ટેશન તથા કોળી ચોરા તથા જૂના બસ સ્ટેશન અને ગામની મેઈન બજાર સહિત ઘાંટવડના અન્ય વિસ્તારમાં આખલાઓ રોડ ઉપર કબજો જમાવીને બેસે તેના લીધે ટ્રાફિક જામ થાય છે અને વાહનચાલકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ગ્રામજનો દ્વારા તંત્રને અનેક વાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ પગલાં લેવામાં આવતા નથી તેમજ ગ્રામ પંચાયતનાં સરપંચ તથા ઊપ સરપંચ તલાટી મંત્રી સહિત તમામ સભ્યઓને ગામના જાગૃત નાગરિક શબ્બીરભાઈ સેલોત દ્વારા રજૂઆત કરવામાં આવી છે પણ હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી ત્યારે અત્યાર સુધીમાં ઘાંટવડ ગામમાં ૧૫થી વધુ લોકોને આખાલાએ ઢિંકે ચડાવ્યા છે

(તસવીર : અલ્તાફ મુગલ, કોડીનાર)

તે પણ તંત્ર જાણે જ છે બાળકો સ્કૂલે જવાથી ડરી રહ્યા છે અને લોકો ઘરની બહાર નીકળવામાં પણ વિચાર કરી રહ્યા છે આખલાએ લોકોને બંધક બનાવી દીધા હોય એવું ગામમાં દેખાઈ રહ્યું છે બે દિવસ પહેલા પણ વિદ્યાર્થીઓને આખલાઓએ ઢિકે ચડાવી ઉલાળીયો કર્યો હતો તેમજ ૧૦ દિવસ પહેલા પણ મેઈન બજારમાં એક વૃદ્ધ મહિલા ઉપર પણ જીવલેણ હુમલો કર્યો હતો આ આખલાઓ ક્યારે લોકોનો જીવ લઈ લે પછી આખલાઓને પકડવાની કામગીરી શરૂ કરાશે પણ હકીકતમાં ઘાંટવડ ગામમાં શરમજનક સ્થિતિ જોવા મળી રહી છે. હવે જોઈ રહ્યું આ તંત્ર ક્યારેય ગામને આખલાના ત્રાસમાંથી મુક્ત કરાવશે તેની લોકો રાહ જોઈ રહ્યા છે.

ધ્રાંગધ્રાના ડુમાણા ગામે રખડતા કૂતરાઓનો આતંક : શાળાએ જતા ૩ બાળકોને બચકાં ભર્યા

સુરેન્દ્રનગર, તા.૪

ધ્રાંગધ્રા તાલુકાના ડુમાણા ગામે સ્કૂલ જતા સમયે ત્રણ બાળકોને શ્વાને બચકા ભર્યા હતા, તત્કાલીક ૧૦૮ની મદદથી હોસ્પિટલ ખસેડાયા ત્યારે જિલ્લાની હોસ્પિટલોમાં શ્વાન હડકવાની રસી ન હોવાના કારણે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે શ્વાન હડકવાની રસી લેવા માટે બાળકોને મોકલવામાં આવ્યા હતા. ધ્રાંગધ્રા તાલુકાના ડુમાણા ગામે બાળકો સ્કૂલે જતા સમયે રખડતા શ્વાને ૩ બાળકોને બચકા ભર્યા હતા જેમાં ૧૦૮ મારફતે સારવાર માટે રાજ સીતાપુર હોસ્પિટલ ખાતે બાળકોને લાવવામાં આવ્યા હતા ત્યારે હડકવાની રસી રાજ સીતાપુર હોસ્પિટલ, ધાંગધ્રા હોસ્પિટલ, સુરેન્દ્રનગર મહાત્મા ગાંધી હોસ્પિટલમાં ન હોવાના કારણે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે નાના બાળકોને તત્કાલિક લઈ જવા પડ્યા હતા. શાળાએ જતા બાળકો અને વૃદ્ધોને રખડતા શ્વાનો બચકા ભરી રહ્યા છે. એની સામે સુરેન્દ્રનગર જિલ્લામાં એક પણ સરકારી હોસ્પિટલમાં શ્વાન હડકવાની રસી ન હોવાના કારણે લોકોને રાજકોટ તથા અમદાવાદ હોસ્પિટલ ખાતે રસી લેવા માટે જવું પડે છે. જિલ્લાની હોસ્પિટલોમાં રસી ઉપલબ્ધ કરવામાં આવે તેવી લોકોની માંગ ઉઠવા પામી છે.

દાંતામાં માત્ર ચાર કલાકમાં ૮ ઈંચ વરસાદ ખાબકતા જળબંબાકાર જેવી સ્થિતિ

રેફરલ હોસ્પિટલમાં પાણી ભરાતા સ્ટાફ પણ પ્રવેશ ન કરી શક્યો, પ્રસૂતિ પામેલ ત્રણ મહિલાઓને અન્ય હોસ્પિટલમાં ખસેડાઈ

(સંવાદદાતા દ્વારા)

પાલનપુર, તા.૪

બનાસકાંઠા જિલ્લામાં ચોમાસુ ૧૦ દિવસ મોડું શરૂ થયું છે પણ શરૂ થયા બાદ વરસાદે બનાસકાંઠા જિલ્લાના અનેક વિસ્તારોને ધમરોળી નાખ્યું છે જેમ લાખણીમાં ૯ ઈંચ વરસાદ ખાબક્યો હતો. ત્યારે આજે દાંતામાં માત્ર ૪ કલાક માં ૮ ઈંચ વરસાદ પડતા સમગ્ર દાંતા પાણી પાણી થઈ ગયું હતું. દાંતામાં પડેલા ધોધમાર વરસાદના પગલે દાંતાની રેફરલ હોસ્પિટલ જાણે તળાવમાં ફેરવાઈ હોય તેમ ઢીંચણ સમા પાણી ભરાયા હતા. એટલું જ નહિ હોસ્પિટલ ના અનેક ઓફિસો સહિત વોર્ડ અને ફાર્મસીની ઓફિસમાં પણ પાણી ફરી વળ્યાં હતા, જેના કારણે દવા ભરેલા પાર્સલો પણ ભીંજાઈ ગયા હતા. દાંતાની આ હોસ્પિટલમાં પાણી મહિલા વોર્ડમાં પણ ઘૂસી જતા ગઈ કાલે જ પ્રસુતિ પામેલી ત્રણ મહિલાઓને અન્ય ખાનગી હોસ્પિટલમાં ખસેડવાની ફરજ પડી હતી ને જાણે આખું હોસ્પિટલ ખાલી થઈ ગયું હોય તેમ હોસ્પિટલનો સ્ટાફ પણ દવાખાનામાં જઈ શક્યો ન હતો ત્યારે દવાખાનાના સુપ્રિટેન્ડેન્ટ વિવેક સક્સેનાએ જણાવ્યું હતું કે દર ચોમાસામાં હોસ્પિટલની આજ પરિસ્થિતિ સર્જાય છે. આ રેફરલ હોસ્પિટલ નદીના પટમાં બનાવેલું હોવાથી ત્યાંથી પસાર થતા પાણી આ હોસ્પિટલમાં ભરાઈ જાય છે, જેથી કરીને હવે આ હોસ્પિટલને અન્ય સ્થળે ખસેડવા માંગ કરાઈ રહી છે. દાંતા તાલુકાના ૧૮૬ ગામડા માટે આ હોસ્પિટલ આશીર્વાદ સમાન છે તેથી કરીને તાકીદે આ હોસ્પિટલનો પ્રશ્ન ઉકેલાય તેવી દાંતાના સરપંચ હરપાલસિંહે માંગ કરી છે.

સાબરકાંઠા જિલ્લામાં સાર્વત્રિક વરસાદ

ઈડરમાં પોણા ૪ ઈંચ, પ્રાંતિજમાં પોણા બે, હિંમતનગરમાં સવા એક ઈંચ વરસાદ

હિંમતનગર, તા.૪

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. ઈડરમાં પોણા ૪, પ્રાંતિજમાં પોણા ૨ અને હિંમતનગરમાં સવા ૧ ઈંચ વરસાદ નોંધાયો. વરસાદ વરસવાને લઈને રોડ પર અને નીચાણવાળા વાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. આજે સવારે બે કલાકમાં ૮ માંથી ૬ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. ખેડબ્રહ્મામાં ૧ ઈંચ, વડાલીમાં પોણો૧અને વિજયનગરમાં અડધો ઈંચ વરસાદ નોંધાયો છે.

આ અંગે હિંમતનગરમાં સાબરકાંઠા ડિઝાસ્ટર કચેરીથી મળેલ માહિતી મુજબ છેલ્લા ૨૪ કલાકમાં જિલ્લામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. ઈડરમાં ૨૪ કલાકમાં પોણા ૪ અને વહેલી સવારે બે કલાકમાં ૩ ઈંચ વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં ગાજવીજ સાથે રાત્રે વરસાદ વરસ્યો હતો. ઈડરમાં વરસાદ વરસવાને લઈને ઠેર ઠેર નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. જોકે વરસાદી વાતાવરણને લઈને ઈડરિયા ગઢનું દ્રષ્ય આહલાદક અને મનમોહક લાગી રહ્યું છે. હિંમતનગરમાં રાત્રી દરમિયાન ગાજવીજ સાથે સવા ૧ ઈંચ વરસાદ વરસ્યો હતો. શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયું હતું. શહેરના મોતીપુરા અને સહકારી જિન વિસ્તારમાં અધૂરા ઓવરબ્રિજ અને સર્વિસ રોડ પર પાણી ભરાયું હતું જેને લઈને વાહન ચાલકો અને સ્થાનિકો પરેશાન થયા છે. સાબરકાંઠા જિલ્લામાં ૮ તાલુકામાં ૦૩ મિમીથી ૮૨ મિમી સુધી વરસાદ નોંધાયો છે.

જળાશયોમાં નવા નીરની આવક

પાલનપુરમાં બે કલાકમાં બે ઈંચ વરસાદ ખાબકતા ઠેર-ઠેર પાણી ભરાયા

મફતપુરા વિસ્તારમાં રહેણાક મકાનમાં પાણી ઘૂસી જતા લોકોને હાલાકી

(તસવીર : અખ્તર ચૌહાણ, પાલનપુર)

પાલનપુર, તા.૪

પાલનપુરમાં માત્ર બે ઈંચ વરસાદે અનેક મુશ્કેલીઓ સર્જી છે. એક-બે કલાકમાં જ બે ઈંચ વરસાદ પડતાની સાથે જ પાલનપુર પાણીમાં તરબોળ થયું છે. પાલનપુર શહેરનું મફતપુરા વિસ્તાર વરસાદી પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. મફતપુરા વિસ્તારના લોકોના ઘરમાં પાણી ઘૂસી ગયા હતા. ઢીંચણ સમા પાણી ભરાઇ જવાના લીધે લોકોને ઘરની બહાર નીકળવાનું પણ મુશ્કેલ બની ગયું હતું. મકાનમાં વરસાદી પાણી ભરાઈ જતા શ્રમજીવી પરિવારની ઘર વખરીને પણ નુકશાન થયું હતું. તેમજ લોકો વરસાદી પાણીમાં રહેવા મજબુર બન્યા હતા.

પાલનપુર જૂના એસ.ટી. બસ સ્ટેન્ડ સહિત ઠેર-ઠેર વરસાદી પાણી ભરાતા લોકોને ભારે મુશ્કેલીઓ વેઠવી પડી હતી. એસ.ટી.બસ સ્ટેન્ડમાં વરસાદી પાણી સાથે ઉભરાતી ગટરોનું પાણી ભળતા ગંદકીમાંથી મુસાફરોને પસાર થવાનો વારો આવ્યો છે. આમ, પાલનપુરમાં સામાન્ય વરસાદે પણ લોકોની મુશ્કેલીઓ વધારી દીધી છે.

પાલનપુરના ધાણધા નજીક પસાર થતી ઉમરદશી નદીમાં આજે નવા નીર આવ્યા છે. ગતરાત્રે ઉપરવાસ અને દાંતમાં ભારે વરસાદ પડતાં સૂકીભટ્ટ પડેલી ઉમરદશી નદી જીવંત થઈ છે. પાલનપુરની ઉમરદશી નદી આસપાસના ખેડૂતો માટે જીવા દોરી સમાન છે. ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના લીધે ઉમરદશી નદીમાં નવા નીર આવાથી ખેડૂતોમાં આનંદ લાગણી વ્યાપી છે. સામાન્ય વરસાદમાં પણ પાલનપુરના ગઢામણ પાટીયા રોડ પર ઘૂંટણ સમાં પાણી ભરાયાં હતાં. જેના લીધે વાહન ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

મુંબઇના ચાર ખેલાડીઓનું મહારાષ્ટ્ર વિધાન ભવન પરિસરમાં સન્માન કરાશે

મુંબઈ, તા.૪

ટી-૨૦ વિશ્વ ચેમ્પિયન ભારતીય ટીમના મુંબઈના ચાર ખેલાડીઓને શુક્રવારે મહારાષ્ટ્ર વિધાન ભવન પરિસરમાં સન્માનિત કરવામાં આવશે. રાજ્ય વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરે ગુરૂવારે આ જાણકારી આપી. કપ્તાન રોહિત શર્મા, સૂર્યકુમાર યાદવ, શિવમ દુબે અને યશસ્વી જયસ્વાલ ભારતની ટી-૨૦ વિશ્વકપ ટીમનો હિસ્સા હતા. આ બધા મુંબઈના રહેવાસી છે. ભારતીય ક્રિકેટ ટીમે ૨૯ જૂને દેશને બીજું ટી-૨૦ વિશ્વકપ ટાઇટલ અપાવ્યું જેનાથી આઈસીસી ટ્રોફીના ૧૧ વર્ષના દુકાળનો અંત થયો. ભારતે ગત આઈસીસી ટાઇટલ ૨૦૧૩માં જીત્યું હતું. જયારે તેણે મહેન્દ્રસિંહ ધોનીની કેપ્ટનશીપમાં ચેમ્પિયન્સ ટ્રોફી પોતાના નામે કરી હતી. શિવસેના ધારાસભ્ય પ્રતાપ સરનાઇકે ગુરૂવારે વિધાનસભામાં મુંબઈના ખેલાડીઓને વિધાન ભવનમાં સન્માનિત કરવાનો મુદ્દો ઊઠાવ્યો હતો. વિધાનસભા અધ્યક્ષ નાર્વેકરે કહ્યું કે, શહેરના ખેલાડીઓનું સન્માન શુક્રવારે બપોરે વિધાન ભવનમાં થશે.

૧૭ વર્ષીય ચીની બેડમિન્ટન ખેલાડીનું કોર્ટ પર કાર્ડિયાક અરેસ્ટથી મોત

નવી દિલ્હી, તા.૪

બેડમિન્ટનની દુનિયામાં એક હેરાન કરનારા સમાચાર સામે આવ્યા છે. ૧૭ વર્ષની ઉંમરમાં ચીનના બેડમિન્ટન ખેલાડીનું મોત થઈ ગયું છે. આ ખેલાડીનાં મોત બાદ ખેલ જગતમાં સન્નાટો ફેલાઈ ગયો છે. ૧૭ વર્ષના ચીની બેડમિન્ટન ખેલાડી ઝાંગ ઝીજીનું કોર્ટમાં કાર્ડિયાક અરેસ્ટથી મોત થઈ ગયું. ઝાંગ ઝીજીએ કિંડરગાર્ટનમાં બેડમિન્ટન રમવાનું શરૂ કર્યું અને ગત વર્ષ ચીનની નેશનલ યુથ ટીમમાં સામેલ કરાયો. જકાર્તામાં એક ટુર્નામેન્ટ દરમ્યાન કોર્ટ પર ચીની બેડમિન્ટન ખેલાડી પહેલા બેહોશ થયો અને પછી તેનું કાર્ડિયાક અરેસ્ટથી મોત થઈ ગયું. એશિયન જુનિયર ચેમ્પિયનશીપમાં રવિવારે જાપાનના કવાનો વિરૂદ્ધ મેચ દરમ્યાન ઝાંગ ઝીજી અચાનક બીમાર થયો અને પડી ગયો. ત્યારબાદ આ યુવા ખેલાડીને સ્થળ પર જ સારવાર કર્યા બાદ એમ્બ્યુલન્સમાં હોસ્પિટલ લઈ જવાયો. તેને હોશમાં લાવવાના વારંવાર પ્રયાસ કરાયો પણ મોડી રાત્રે તેનું મોત થઈ ગયું. આ ખેલાડીની મોત બાદ ભારતીય બેડમિન્ટન સ્ટાર પીવી સિંદ્ધુ પણ દુઃખી છે. તેણે એક્સ પર લખ્યું કે આ યુવા બેડમિન્ટન ખેલાડીના નિધનના સમાચારથી ખૂબ જ દુઃખી છે.

ગુજરાત હજ કમિટીની રજૂઆતો બાદ

હજયાત્રીઓને તેમનો સામાન સહી સલામત મળશે તેવી ખાતરી

સઉદી એરપોર્ટ ખાતે ચેકિંગમાં સામાન ખૂલી જતા હજયાત્રીઓને પાછો મળ્યો ન હતો

અમદાવાદ, તા.૪

હજ યાત્રાએ ગયેલ હાજીઓની ફ્લાઈટ તા.૨-૭-૨૦૨૪થી અમદાવાદ ખાતે પરત ફરવાની શરૂઆત થઈ ગઈ છે. અત્યાર સુધી કુલ પાંચ ફ્લાઈટમાં ૨૨૫૦ હાજીઓ પોતાના વતન પરત ફર્યા છે. શરૂઆતની ફ્લાઈટોમાં આવેલ હજ યાત્રિકોએ જણાવ્યું હતું કે હજ કમિટી તરફથી તેઓને મળેલ સેવાઓથી તેઓ ખુશ છે. પરંતુ શરૂની ફ્લાઈટોમાં અમુક હજ યાત્રિકોના સામાન હજ સઉદી એરપોર્ટ ખાતે ઝમઝમ ભરેલ હોવાના લીધે ચેકિંગમાં ખૂલી ગયા હતા જેથી સામાન આવેલ નહીં. આ અંગે હજ યાત્રિકોમાં નારાજગી જોવા મળી છે. જેથી ગુજરાત રાજ્ય હજ કમિટીના ચેરમેન ઈકબાલ સૈયદ દ્વારા તાત્કાલિક સીજીઆઈ, જિદ્દાહ તથા સીઈઓ, હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈ તથા સઉદી અરેબિયન એરલાઈન્સને પત્રો દ્વારા રજૂઆત કરતા આજે તા.૪-૭-૨૦૨૪ના રોજ ફ્લાઈટ આવેલ હજ યાત્રિકોને તે બેગો સહી સલામત મળેલ છે.ત્યારે ગુજરાત રાજ્ય હજ કમિટી દ્વારા કરવામાં આવેલ ધારદાર રજૂઆત રંગ લાવી અને આશા છે કે હવે બાકીની આવતી ફ્લાઈટમાં દરેક હજ યાત્રિકોને પોતાનો સામાન સહી સલામત મળે એવી ખાતરી સઉદી એરલાઈન્સ તરફથી આપવામાં આવેલ છે. એમ ગુજરાત રાજ્ય હજ સમિતિના ચેરમેન ઈકબાલ સૈયદે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

અમરેલીના ચિત્તલ ગામે શ્વાનોનો આતંક જારી વધુ એક બાળક પર હુમલો કરતા લોહીલુહાણ

અમરેલી, તા.૪

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી શ્વાનો દ્વારા બાળકો વૃદ્ધ અને મહિલાઓ ઉપર હુમલાના અનેક બનાવો નોંધાયા છે. ચિત્તલ ગામે અવારનવાર શ્વાનો દ્વારા બાળકો ઉપર હુમલા થઈ રહ્યા છે આજે એક ચાર વર્ષના બાળકને કુતરાએ દબોચી લેતા લોહીલુહાણ હાલતમાં અમરેલી સારવારમાં ખસેડેલ હતો. અમરેલી શહેર તેમજ જિલ્લામાં આવેલ અને તાલુકાઓમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં કુતરાઓ કરડવાના અનેક બનાવો બનેલ છે. કેટલાક સમયથી અમરેલીના ચીત્તલ ગામે હિંસક કૂતરાઓ દ્વારા બાળકો ઉપર અવારનવાર હુમલાની ઘટનાઓ બની રહી છે. જેમાં આજે સવારે ચિત્તલના જશવંતગઢ વિસ્તારમાં રહેતા મેહુલભાઈ મેસીયાનો ચાર વર્ષનો પુત્ર મંત્ર શેરીમાં રમવા માટે તેના મિત્રને શેરીમાં બોલાવવા જતાં ત્યાં એક કૂતરાએ મંત્ર ઉપર હુમલો કરી દીધો હતો અને વાસાના ભાગે તેમજ માથામાં પાછળના ભાગે અને જડબાના ભાગેથી મંત્રને ગંભીર ઈજા પહોંચાડી લોહી લુહાણ કરી નાખતા અમરેલી સારવારમાં ખસેડેલા હતો જે બાળક ઉપર કૂતરાએ હુમલો કરેલ છે તે કૂતરાએ અગાઉ પણ ત્રણથી ચાર બાળકો ઉપર હુમલા કરેલ છે ચિત્તલ ગામમાં સાતથી આઠ એવા હિંસક કુતરાઓ છે જે બાળકો ઉપર વારંવાર હુમલા કરી લોહીલુહાણ કરી દે છે ૨૫ દિવસ પહેલા પણ આદિવાસી મજૂરના બે બાળકો ઉપર શ્વાનોએ હુમલો કરી દેતા લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડેલ હતો. જ્યારે બે મહિના પહેલા મૌલિકભાઈ આસલીયાના પાંચ વર્ષના પુત્ર ઉપર પણ શ્વાનોએ ગંભીર રીતે હુમલો કરી દેતા સારવારમાં તેને પણ ખસેડેલ હતો. હવે માતા-પિતા તેમના બાળકોને ઘરની બહાર જવા દેતા પણ બીક અનુભવે છે. ચિત્તલ ગામે વારંવાર હિંસક શ્વાનો દ્વારા બાળકો ઉપર હુમલા કરવાને લઈ ગામના લોકોએ આ બાબતે અમરેલી ધારાસભ્ય કૌશિક વેકરીયાને પણ અગાઉ રજૂઆત કરેલ છે તેમ છતાં કૂતરાઓનો કોઈ નિકાલ કરવામાં આવેલ નથી ત્યારે જો આ કુતરાઓ દ્વારા કોઈના બાળકનો ભોગ લેશે તો તેની જવાબદારી કોની રહેશે તેમ ચિતલના લોકો જણાવી રહ્યા છે.

સાંતલપુરના સિધાડા ગામ પાસે આવેલ

કેમિક્લ ફેકટરીમાં કામ કરતા મજૂરનું કેમિક્લથી શ્વાસ રૂંધાતા મોત : પરિવારનો લાશ સ્વીકારવાનો ઈન્કાર

કંપની દ્વારા કોઈ સેફટી વગર જ યુવકને કેમિકલના ખાડામાં ઉતાર્યો હોવાનો પરિવારજનોનો આક્ષેપ : અગાઉ રસ્તા પર કેમિકલ ઢોળાવાના કારણે ફેકટરીને સીલ કરાઈ હતી : કંપની સામે કાર્યવાહીની માંગ

પાટણ,તા.૪

પાટણના સાંતલપુર તાલુકાના સિધાડા ગામ પાસે આવેલી કેમિકલ ફેકટરીમાં કામ કરતા મજૂરનું કેમિકલથી શ્વાસ રૂંધાતા મોત નીપજયું હતું. કંપની દ્વારા કોઈ સેફટી વગર જ યુવકને કેમિકલના ખાડામાં ઉતાર્યો હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો. તો બીજી તરફ પોલીસે આ બનાવ કઈ રીતે બન્યો તેને લઈ વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી મુજબ પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના સિધાડા ગામ નજીક આવેલ અર્થ એન્ટરપ્રાઈઝ કેમિકલ ફેકટરીમાં કામ કરતો તાહીરભાઈ ઠેબા નામનો મજૂર યુવાન કામ કરી રહ્યો હતો. ત્યારે કેમિકલથી શ્વાસ રૂંધાતા તેનું મોત નીપજયું હોવાનું પરિવારજનો આક્ષેપ કરી રહ્યા છે. મૃતકની મૃતદેહને પી.એમ. માટે વારાહી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લાવવામાં આવ્યો હતો. ખનીજ માટીમાંથી કેમિકલ બનાવતી આ અર્થ એન્ટરપ્રાઈઝ ફેકટરીને અગાઉ પણ રસ્તા પર કેમિકલ ઢોળવાના કારણે તંત્ર દ્વારા સીલ કરવાની ફરજ પડી હતી. ત્યારે મજૂરના મોતને લઈ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. મૃતક યુવકના ભાઈ ઠેબા ઝાકીરભાઈએ જણાવ્યું હતું કે મારા ભાઈના મોત મામલે જયાં સુધી કંપની સામે કાર્યવાહી ન થાય ત્યાં સુધી અમે લાશ સ્વીકારવાના નથી. જયારે ઠેબા અમીને કહ્યું હતું કે, મારાભાઈને કોઈપણ જાતની સેફટી વગર અંદર ઉતારવામાં આવ્યો હતો. સેફટી ન હોવાથી તેનું ગૂંગળાઈ જવાથી મોત થયું હતું. આ કંપનીમાં ૨૦ લોકો કામ કરે છે જેઓની પાસે સેફટી વગર કામ કરાવાતું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. સાંતલપુર પીએસઆઈ એચ.વી. ચૌધરીએ જણાવ્યું હતું કે યુવાન કંપનીમાં કામ કરે છે. ખાડામાં યુવાન ગયેલ છે જેમાં ગૂંગળાઈ જવાથી કે કંઈક લાગેલ હોઈ શકે છે તેના કારણે મોત થયું હોય તેવું પ્રાથમિક દૃષ્ટિએ લાગે છે પણ સાચું કારણ પોસ્ટમોર્ટમ બાદ જ જાણી શકાશે કે ખરેખર મોત કયા કારણથી થયું છે. તેની હાલ પોલીસ તપાસ ચાલુ છે.

ઉત્તરપ્રદેશમાં ૨૫ વર્ષીય ડોક્ટર ઈસ્તેખારનું મુસ્લિમ નામ જાણ્યા બાદ ટોળાનો હુમલો

અત્યાર સુધીમાં ધરપકડ કરાયેલા છ લોકો પૈકી એકની પાસે 'ભાજપ મેટ્રોપોલિટન પ્રેસિડેન્ટ'નું સ્ટીકર હતું

(એજન્સી) તા.૪

ઉત્તરપ્રદેશના મુરાદાબાદ જિલ્લામાં ૩૦ જૂનના રોજ પોતાનું કામ કરીને ઘરે પરત ફરતી વખતે ૨૫ વર્ષીય ડોક્ટર પર ગુસ્સે થયેલા હિન્દુત્વવાદી ટોળાએ હુમલો કર્યો હતો. પીડિત ડૉ.ઈસ્તેખાર જ્યારે પોતાના વાહનમાં ઈંધણ ભરવા માટે પેટ્રોલ પંપ પર રોકાયા હતા અને તેઓ ત્યારે ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે પુરૂષોના એક જૂથ દ્વારા તેનો સંપર્ક કરવામાં આવ્યો હતો જેણે તેનું નામ પૂછ્યું હતું. તે મુસલમાન હોવાની જાણ થતાં જ આ શખ્સોએ તેની ગાળો આપવા અને મારપીટ શરૂ કરી હતી. તેઓની અગ્નિપરીક્ષા ત્યાં જ સમાપ્ત થઈ ન હતી. અન્ય લોકો પણ એક જીપમાં આવ્યા હતા અને આ ટોળામાં જોડાયા અને યુવાન ડોક્ટર પર હુમલો કર્યો હતો. ડોક્ટરે કહ્યું કે, હું મારા ક્લિનિકથી પાછો આવી રહ્યો હતો, મારી બાઈકનું ઈંધણ સમાપ્ત થઈ ગયું અને હું પેટ્રોલ પંપ પર ઈંધણ ભરવા માટે રોકાઈ ગયો. જ્યારે હું રોડ ક્રોસ કરી રહ્યો હતો, ત્યારે બે લોકોએ મને રોક્યો, મારૂં નામ પૂછ્યું અને પછી મને અપશબ્દો કહીને માર મારવા લાગ્યા હતા. તેઓએ વધુ લોકોને બોલાવ્યા અને તરત જ લગભગ ૨૫ લોકોએ મને ઘેરી લીધો. હું તેમની સામે લાચાર હતો. થોડીવાર પછી એક વ્યક્તિએ ડોક્ટરને ઓળખી કાઢ્યા અને તેમને બેકાબૂ ભીડથી બચાવવાનો પ્રયાસ કર્યો પણ તે સફળ થયો ન હતો. તેણે તરત જ ઘટનાસ્થળે પોલીસને જાણ કરી અને પોલીસે ભીડને ત્યાંથી જવાનું કહ્યું હતું. ડોક્ટરે કહ્યું કે, હું એ લોકોને ઓળખતો પણ નથી; તેઓએ મારૂં નામ પૂછ્યા પછી મારા પર હુમલો કર્યો હતો. અત્યાર સુધીમાં છ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ ધરપકડ કરાયેલા વ્યક્તિઓમાંથી એકની પાસે 'ભાજપ મેટ્રોપોલિટન પ્રેસિડેન્ટ'નું સ્ટીકર મળી આવ્યું હતું. તેઓની વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.

ભાજપ એ 'પરજીવી' છે, પ્રાદેશિક પક્ષોને 'ભક્ષી જાય' છે : જયરામ રમેશ

કોંગ્રેસના નેતાએ ભાજપની ટીકા કરી અને સાથી પક્ષો સાથેના વ્યવહારમાં શાસક પક્ષના ટ્રેક રેકોર્ડ તરફ ધ્યાન દોર્યું

(એજન્સી) તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે જણાવ્યું હતું કે, વડાપ્રધાને સંસદની બહાર સર્વસંમતિ માટે આહ્વાન કર્યું હતું, પરંતુ તેની અંદર ટકરાવ કરવાનું પસંદ કર્યું હતું અને જો કોઈ 'પરોપજીવી' હોય તો તે ભાજપ હતું. રેકોર્ડ દર્શાવે છે કે, તે પ્રાદેશિક પક્ષોને કેવી રીતે 'ભક્ષી જાય છે.' સંસદ સત્ર સમાપ્ત થયાના એક દિવસ પછી કોંગ્રેસના જનરલ સેક્રેટરી, ઈન્ચાર્જ કોમ્યુનિકેશન્સે જણાવ્યું હતું કે, ૧૮મી લોકસભાના પ્રથમ સત્રે દર્શાવ્યું હતું કે, ઈન્ડિયા બ્લોક 'નવા, આક્રમક, પુનર્જીવિત અને ઊર્જાવાન' વિપક્ષના સ્વરૂપમાં ઉભરી આવ્યો છે. રમેશે મોદી પર કટાક્ષ કરતા કહ્યું કે, '૧૮મી લોકસભાના પ્રથમ સત્ર અને રાજ્યસભાના સત્રમાં ચોક્કસપણે બે બાબતો એક સાથે જોવા મળી છે - ઈન્ડિયા બ્લોકના સ્વરૂપમાં લોકશાહીમાં હોવો જોઈએ તેવો એક નવો, આક્રમક, પુનર્જીવિત અને ઊર્જાવાન વિપક્ષ જોવા મળ્યો અને તે જ સમયે બિન-જૈવિક વડાપ્રધાનના વલણ, અભિગમ, વર્તનમાં કોઈ ફેરફાર જોવા મળ્યો નથી.'

કોંગ્રેસના નેતાએ દાવો કર્યો હતો કે, ૨૦૨૪ની ચૂંટણીનું પરિણામ મોદી માટે નિર્ણાયક, વ્યક્તિગત, રાજકીય અને નૈતિક હાર હતું પરંતુ તે જે રીતે તેમણે સંસદને ચલાવવાની મંજૂરી આપી હતી તેનાથી પ્રતિબિંબિત થતું નથી. રમેશે કહ્યું, 'તેમણે (મોદીએ) સંસદની બહાર સર્વસંમતિ સાધવાની હાકલ કરી હતી પરંતુ સંસદની અંદર મુકાબલો કરવાનું પસંદ કર્યું હતું. તેમાં કોઈ ફેરફાર થવા જઈ રહ્યો હોવાના કોઈ પુરાવા નથી, પરંતુ એવા પુરાવા છે કે, વિપક્ષ આક્રમક, સક્રિય, પ્રો-એક્ટિવ બનવા જઈ રહ્યો છે.'

રાજ્યસભાના સાંસદે કહ્યું, 'અમે આશા રાખીએ છીએ કે સરકાર સમજશે કે આ ગઠબંધન સરકાર માટેનો આદેશ છે, તે લોકોને સાથે લઈ ચાલવાનો આદેશ છે અને તે અન્ય તમામ પક્ષોને પણ સાંભળવાનો આદેશ છે જે NDAનો ભાગ નથી.'

કોંગ્રેસને 'પરજીવી' (પરોપજીવી) પક્ષ ગણાવતી વડાપ્રધાન મોદીની ટિપ્પણી વિશે પૂછવામાં આવતા રમેશે ભાજપની ટીકા કરી અને સાથી પક્ષો સાથેના વ્યવહારમાં શાસક પક્ષના ટ્રેક રેકોર્ડ તરફ ધ્યાન દોર્યું.

તેમણે કહ્યું કે, 'ફક્ત એક પરોપજીવી જ આ શબ્દનો ઉપયોગ કરી શકે છે. ટ્રેક રેકોર્ડ જુઓ, પ્રાદેશિક પક્ષોને ભાજપ દ્વારા કેવી રીતે ખાઈ જવામાં આવ્યા છે. આજે બીજેડી, તમે હવામાન પરિવર્તન જુઓ છો. આખા સત્ર દરમિયાન ઈન્ડિયા બ્લોક સાથે ઊભી છે. તેથી જો કોઈ પરોપજીવી છે, તો તે ભાજપ છે.'

નીચલા ગૃહમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ પર લગભગ ૧૮ કલાક લાંબી ચર્ચાનો જવાબ આપતા મોદીએ કોંગ્રેસ પર 'પરજીવી' કહીને આકરા પ્રહાર કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, 'મને ખબર નથી કે કોંગ્રેસના સહયોગીઓએ ચૂંટણીનું વિશ્લેષણ કર્યું છે કે કેમ. આ ચૂંટણી આ સાથી પક્ષો માટે પણ એક સંદેશ છે. કોંગ્રેસ ૨૦૨૪થી પરજીવી કોંગ્રેસ પાર્ટી તરીકે ઓળખાશે.' પીએમે કહ્યું હતું કે, 'પરજીવી' તે છે જે તે જે શરીર પર રહે છે તેને ખાઈ જાય છે અને કોંગ્રેસ તેના સાથીઓની કિંમતે તગડા થવાની સાથે સાથે સાથી પક્ષના મત ખાય છે. રમેશે ભાજપ પર લોકસભામાં તેમના સંબોધન દરમિયાન વિપક્ષના નેતા રાહુલ ગાંધીની ટિપ્પણીને ટ્વિસ્ટ કરવાનો આરોપ પણ લગાવ્યો હતો.

શાસક પક્ષના નેતાઓ પર લોકોને સાંપ્રદાયિક ધોરણે વિભાજિત કરવાનો આરોપ લગાવીને ગાંધીએ ભાજપ પર જોરદાર હુમલો કર્યો હતો. ગાંધીની ટીપ્પણીને પગલે ટ્રેઝરી બેન્ચો તરફથી ભારે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો અને વડાપ્રધાન દ્વારા દુર્લભ હસ્તક્ષેપ થયો હતો, જેમણે કોંગ્રેસના નેતા પર સમગ્ર હિન્દુ સમુદાયને હિંસક ગણાવવાનો આરોપ મૂક્યો હતો. ભાજપના આરોપો વિશે પૂછવામાં આવતા રમેશે કહ્યું, 'તે એક લાક્ષણિક વિકૃતિ છે કે, વડાપ્રધાન તે કરવામાં શ્રેષ્ઠ છે. સમગ્ર ચૂંટણી પ્રચાર દરમિયાન તેમણે વિકૃત કર્યું અને તેમણે બદનામ કર્યું, તે આશ્ચર્યજનક નથી કે તેમણે શું કર્યું. રાહુલ ગાંધીએ સંપૂર્ણ કાયદેસર ટિપ્પણી કરતા યોગ્ય જ કહ્યું હતું કે, બિનજૈવિક પીએમ અને તેમના સાથીદારો હિંદુ ધર્મ અને હિંદુ જીવનશૈલીના પ્રતિનિધિઓ નથી.'

તેમણે ઉમેર્યું, 'આપણે બધા હિન્દુઓ છીએ, આપણને બધાને તેનો ગર્વ છે. બિન-જૈવિક પીએમ અને તેમના સાથીઓએ જે રીતે પૂર્વગ્રહ, દ્વેષ, ધર્માંધતા, હિંસાનો પ્રચાર કર્યો છે, તે એ મહાન આસ્થાના સિદ્ધાંતોની વિરુદ્ધ છે જેણે આપણી સંસ્કૃતિને હજારો વર્ષોથી ટકાવી રાખી છે.'

રમેશે લોકસભામાં અગ્નિપથ સૈન્ય ભરતી યોજના પર ગાંધીની ટિપ્પણી અંગેના વિવાદ પર પણ ભાર મૂક્યો હતો.

રમેશે કહ્યું કે, 'પુરાવા ખૂબ જ સ્પષ્ટ છે કે, રાજનાથસિંહે રાહુલ ગાંધીની વાતનો વિરોધ કર્યો હતો, પરંતુ હકીકતો સંપૂર્ણ રીતે રાહુલ ગાંધીએ જે કહ્યું તેના સમર્થનમાં છે. તેમને જે કરવું હોય તે કરવા દો, બધી હકીકતો બહાર આવશે. રાજનાથસિંહે જે દાવો કર્યો હતો હકીકતો તદ્દન વિરુદ્ધ છે. તેમણે જ ગૃહને ગેરમાર્ગે દોર્યું હતું.'

'હકીકત એ છે કે, બિન-જૈવિક વડા પ્રધાન એ હકીકતથી ભાગી શકતા નથી કે પૂર્વ આર્મી ચીફ ઓફ સ્ટાફે તેમના સંસ્મરણોમાં લખ્યું છે કે, તે સેના માટે આશ્ચર્યજનક હતું અને તે વાયુસેના માટે વાદળીમાંથી બોલ્ટ તરીકે આવ્યું હતું અને નોકાદળના મોટા ભાગના સશસ્ત્ર દળો અગ્નિવીરના નામે દાખલ કરવામાં આવેલી કોન્ટ્રાક્ટ સિસ્ટમનો વિરોધ કરે છે.

ગૃહમાં ગાંધીની ટિપ્પણી બદલ તેમની સામે કોઈ કાર્યવાહી શરૂ થઈ શકે છે કે કેમ તે અંગે રમેશે કહ્યું કે, તેઓ તેમને નિઃશંકપણે અસ્વસ્થ કરવાનો પ્રયાસ કરશે પરંતુ તેમનો સિદ્ધાંત 'ડરો મત' (ડરશો નહીં) છે.

'યાદ રાખો કે રાહુલ ગાંધીને રાયબરેલીમાં મળેલા જનાદેશ અને વડાપ્રધાનને વારાણસીમાં મળેલા જનાદેશની કોઈ સરખામણી નથી.'

સરકાર ટકશે નહીં તેવા તેમના દાવા પર રમેશે કહ્યું કે, સરકાર સંપૂર્ણપણે 'બે Ns નીતિશકુમાર અને એન ચંદ્રાબાબુ નાયડુ'ના સમર્થન પર નિર્ભર છે.

તેમણે કહ્યું કે, 'આ જનાદેશ ભાજપ માટે ન હતો, ભાજપ ૨૪૦ ને પાર કરી શક્યું ન હતું અને ૪૦૦ વિશે વાત કરી હતી. આ બિન-જૈવિક વડાપ્રધાનનો વ્યક્તિગત અસ્વીકાર હતો. મને લાગે છે કે, 'એક તિહાઈ' (એક તૃતીયાંશ) પ્રધાન મંત્રીના સતત સંદર્ભે તેમને ગુસ્સે કર્યા હતા જો કે, તેમણે તેમની લાક્ષણિક શૈલીમાં તેને તોડી મરોડીને રજૂ કર્યું. રમેશે કહ્યું કે, હું 'એક તિહાઈ સરકાર' નહીં પણ 'એક તિહાઈ પીએમ' કહી રહ્યો હતો.'

જયરામ રમેશે હરિયાણા, દિલ્હી ચૂંટણી માટે કોંગ્રેસ-આપ ગઠબંધનનો ઈન્કાર કર્યો

(એજન્સી) તા.૪

અખિલ ભારતીય કોંગ્રેસ કમિટીના મહાસચિવ જયરામ રમેશે ગુરૂવારે જણાવ્યું કે હરિયાણા અને દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસ અને આપની વચ્ચે ગઠબંધન વધુ આશંકા જોવા મળી રહી નથી, પરંતુ મહારાષ્ટ્ર અને ઝારખંડમાં આપ ગઠબંધન મળીને ચૂંટણી લડશે. રમેશે જણાવ્યું કે રાજ્ય ચૂંટણી માટે ભારતીય બ્લોક કોઈ એક ફોર્મ્યુલા નહીં અપનાવે. તેમણે જણાવ્યું કે આ સમૂહ તે રાજ્યોમાં એક સાથે ચૂંટણી લડશે. જ્યાં કોંગ્રેસ નેતા અને અન્ય ગઠબંધન સહયોગી આ પ્રકારની સંમતિ પર સંમત થશે. આ પૂછવા પર કે શું ભારતીય રાષ્ટ્રીય વિકાસ સમાવેશી ગઠબંધન આગળ ચાલીને વિધાનસભા ચૂંટણી એક સાથે લડશે. રમેશે જણાવ્યું કે ગઠબંધન ઝારખંડ અને મહારાષ્ટ્રમાં એવું કરશે. તેમણે જણાવ્યું કે પંજાબમાં કોઈ ખાસ જનબંધન નથી. હરિયાણામાં અને લોકસભા ચૂંટણીમાં આમઆદમી પાર્ટીને એક બેઠક આપી હતી, પરંતુ મને નથી લાગતું કે વિધાનસભા ચૂંટણીમાં ભારત જનબંધન હશે. રમેશે જણાવ્યું કે દિલ્હીમાં આપે પોતે કહ્યું છે કે વિધાનસભા ચૂંટણીમાં ભારત જનબંધન નહીં હોય. કોંગ્રેસ અને આપે દિલ્હીમાં લોકસભા ચૂંટણી મળીને લડી હતી, જ્યારે પંજાબમાં તેમણે અલગ અલગ ચૂંટણી લડી હતી. ઝારખંડ, હરિયાણા અને મહારાષ્ટ્રમાં આ વર્ષના અંતમાં ચૂંટણી થવાની છે, જ્યારે દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી આગામી વર્ષની શરૂઆતમાં થશે.

પાકિસ્તાને દૂધ પર ટેક્સ લગાવ્યો, હવે કરાચીમાં ડેરી ઉત્પાદનોની કિંમત પેરિસ કરતાં વધુ

(એજન્સી) તા.૪

પાકિસ્તાનમાં નવો ટેક્સ લાગુ થયા બાદ દૂધના ભાવમાં પાંચમા ભાગથી વધુનો વધારો થયો હતો, જેના કારણે ડેરીના મુખ્ય ઉત્પાદનો ફ્રાન્સ, ઓસ્ટ્રેલિયા અને કેટલાક અન્ય વિકસિત દેશો કરતાં મોંઘા બન્યા છે. અલ્ટ્રા-હાઈ ટેમ્પરેચર, અથવા UHTની દૂધની કિંમત હવે કરાચીમાં સુપરમાર્કેટ્સમાં ૩૭૦ રૂપિયા (૧.૩૩ ડોલર) પ્રતિ લિટર છે. બ્લૂમબર્ગ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટા અનુસાર, એમ્સ્ટરડેમમાં દૂધની કિંમત ૧.૨૯ ડોલર, પેરિસમાં ૧.૨૩ ડોલર અને મેલબોર્નમાં ૧.૦૮ ડોલર છે. જે કરાચીમાં દૂધની કિંમતો સાથે તેની સરખામણી થાય છે. ગયા અઠવાડિયે રાષ્ટ્રીય બજેટમાં મંજૂર કરવેરા ફેરફારોના ભાગરૂપે પેકેજ્ડ દૂધ પર ૧૮% ટેક્સ લાગુ કરવામાં આવ્યો હતો. અગાઉ, તે કરમુક્ત હતું.

ડચ ડેરી ઉત્પાદક રોયલ ફ્રાઈસલેન્ડ કેમ્પિના એનવી(NV)ના સ્થાનિક એકમના પ્રવક્તા મુહમ્મદ નાસિરે જણાવ્યું હતું કે, લાદવામાં આવેલા કરના પરિણામે છૂટક ભાવમાં ૨૫% જેટલો વધારો થયો હતો, દૂધની કિંમત વિયેતનામ અને નાઈજીરીયા જેવા વિકાસશીલ દેશો સાથે તુલનાત્મક હતી. મોંઘા દૂધ દક્ષિણ એશિયાના દેશમાં વધતી મોંઘવારીમાં વધારો કરશે, જ્યાં વેતન સ્થિર છે, ખર્ચની શક્તિમાં ઘટાડો થશે. આ વધારો બાળકના સ્વાસ્થ્યને પણ ખરાબ કરી શકે છે. દેશના લગભગ ૪૦% લોકો ગરીબીમાં જીવે છે. નાસિરે ટેક્સ સંદેશમાં કહ્યું કે, 'તે એવી વસ્તીના પોષણને નકારશે જે પહેલેથી જ કુપોષણથી પીડિત છે.' ૫ વર્ષથી ઓછી ઉંમરના પાકિસ્તાની બાળકોમાંથી લગભગ ૬૦% એનિમિયા અને ૪૦% સ્ટંટિંગથી પીડાય છે. પાકિસ્તાને નવા બેલઆઉટ માટે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ દ્વારા નિર્ધારિત શરતોને પહોંચી વળવાના હેતુથી ગયા સમાહના બજેટમાં ૪૦% જેટલો કર વધાર્યો છે, જે રેકોર્ડ પર સૌથી વધુ છે.

ન્યાયની મજાક ન ઉડાવો

ટ્રાયલમાં વિલંબ મામલે NIAને સુપ્રીમની ફટકાર

સુપ્રીમે સખત ઠપકો આપતા કહ્યું કે, તે ભલે ગંભીર ગુનાનો આરોપી હોય પણ તેને ઝડપી સુનાવણીનો અધિકાર છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

સુપ્રીમ કોર્ટે ચાર વર્ષથી જેલમાં રહેલા એક આરોપીને જામીન આપતાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)ને ટ્રાયલમાં વિલંબ કરવા બદલ સખત ઠપકો આપ્યો હતો. આ કેસ ગેરકાનૂની પ્રવૃત્તિઓ (પ્રિવેન્શન) એક્ટ (UAPA) ૧૯૬૭ હેઠળ નોંધવામાં આવ્યો હતો. સર્વોચ્ચ અદાલતે NIAને ન્યાયની મજાક ન ઉડાવવા જણાવ્યું હતું. કોર્ટે કહ્યું કે આરોપી ભલે ગંભીર ગુનાનો આરોપી હોય પણ તેને ઝડપી સુનાવણીનો અધિકાર છે. જસ્ટિસ જે.બી. પારડીવાલાની આગેવાની હેઠળની વેકેશન બેન્ચે NIAને કહ્યું કે, કેસ શરૂ કરવાની જવાબદારી તમારી છે. તે છેલ્લા ચાર વર્ષથી જેલમાં છે. આજદિન સુધી આરોપો ઘડવામાં આવ્યા નથી. બેન્ચે એ પણ નોંધ્યું હતું કે ૮૦ સાક્ષીઓની તપાસ કરવાની બાકી છે. બેંચ બોમ્બે હાઈકોર્ટના આદેશ સામેની અપીલની સુનાવણી કરી રહી હતી જેણે અપીલકર્તા જાવેદ ગુલામ નબી શેખને જામીન પર મુક્ત કરવાનો ઈન્કાર કર્યો હતો. આરોપીઓની લાંબી જેલને જોતા કોર્ટે કેસની સુનાવણી સ્થગિત કરવાનો ઈન્કાર કર્યો હતો. ૯ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ અપીલકર્તાની મુંબઈ પોલીસ દ્વારા ગુપ્ત માહિતીના આધારે ધરપકડ કરવામાં આવી હતી. લાંબા સમય સુધી જેલની સજા પર વિચાર કરવા ઉપરાંત સર્વોચ્ચ અદાલતે એ પણ નોંધ્યું કે આ ગુનામાં બે સહ-આરોપીઓને જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે.

મારા જીવનનો ઉદ્દેશ્ય શ્રમિકોને તેમના અધિકારો અને સન્માન અપાવવાનો છે : રાહુલ ગાંધી

(એજન્સી) તા.૪

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ દિલ્હીમાં શ્રમિકો સાથે મુલાકાત કરી અને તેમની સમસ્યાઓ જાણી હતી. આ સમયગાળા દરમિયાન તેમણે મજૂરો સાથે કામ પણ કર્યું. આ દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, મારા જીવનનો ઉદ્દેશ્ય શ્રમિકોને તેમના અધિકારો અને સન્માન અપાવવાનો છે. વિપક્ષના નેતા રાહુલ ગાંધી ગુરૂવારે (૪ જુલાઈ) દિલ્હીના GTB નગરમાં કામ કરતા શ્રમિકો સાથે મુલાકાત કરી હતી. કોંગ્રેસે સત્તાવાર એક્સ-હેન્ડલ પર તની તસવીરો શેર કરી છે. જેમાં નેતા વિપક્ષ રાહુલ ગાંધી મજૂરો સાથે કામ કરતા જોવા મળે છે. આ પહેલાં પણ રાહુલ ગાંધી ઘણી વખત અચાનક સ્ટ્રીટ વેન્ડર્સની મુલાકાત લઈ ચૂક્યા છે. રાહુલ ગાંધીનો ફોટો શેર કરતા કોંગ્રેસે લખ્યું, આજે વિપક્ષના નેતા રાહુલ ગાંધી જીટીબી નગરમાં કામદારોને મળ્યા અને તેમની સમસ્યાઓ સાંભળી. આ મહેનતુ કામદારો ભારતની

અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ છે. તેમના જીવનને સરળ બનાવવા અને ભવિષ્યને સુરક્ષિત કરવાની જવાબદારી અમારી છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટેના તેમના ઢંઢેરામાં કોંગ્રેસે લેબર અને કેપિટલ વચ્ચે સંતુલન પુનઃ સ્થાપિત કરવાના ઉદ્દેશ્ય સાથે ઔદ્યોગિક અને શ્રમ કાયદાઓમાં સુધારો કરવાનું વચન આપ્યું હતું. આ ઉપરાંત કોંગ્રેસે મનરેગાનું વેતન વધારીને ૪૦૦ રૂપિયા પ્રતિ દિવસ કરવાનું વચન પણ આપ્યું હતું.

અનંત-રાધિકાના લગ્ન પહેલા પહોંચ્યા

મુકેશ અંબાણી અચાનક પહોંચ્યા રાહુલ ગાંધીના ઘરે

મુકેશ અંબાણી રાહુલ ગાંધીને તેમના નિવાસસ્થાને મળ્યા અને થોડા સમય પછી તેમના નિવાસસ્થાનેથી નીકળી ગયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

અંબાણી પરિવારમાં અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નની ઉજવણી શરૂ થઈ ગઈ છે. દરમિયાન, એશિયાના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણી ગુરુવારે દિલ્હી પહોંચ્યા અને રાહુલ ગાંધીને તેમના નિવાસસ્થાને મળ્યા અને થોડા સમય પછી તેમના નિવાસસ્થાન ૧૦ જનપથથી નીકળી ગયા. એવું માનવામાં આવે છે કે મુકેશ અંબાણી તેમના પુત્રના લગ્નનું કાર્ડ આપવા માટે રાહુલ ગાંધીના ઘરે પહોંચ્યા હતા. તમને જણાવી દઈએ કે ૧૨ જુલાઈના રોજ મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન થવા જઈ રહ્યા છે. મુકેશ અંબાણીના મુંબઈ સ્થિત ઘર એન્ટિલિયામાં બુધવારથી લગ્નની વિધિઓ શરૂ થઈ ગઈ છે. ભારત અને વિદેશમાંથી પણ મહેમાનો આવતા રહે છે. માનવામાં આવી રહ્યું છે કે આ જોતા મુકેશ અંબાણી રાહુલ ગાંધીને લગ્નનું કાર્ડ આપવા તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન માટે કાર્ડ વિતરણની પ્રક્રિયા ચાલુ છે. અહેવાલો અનુસાર, પુત્ર અનંતના લગ્નનું આમંત્રણ આપવા માટે મુકેશ અંબાણી અચાનક સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના ઘરે પહોંચી ગયા હતા, હવે ૧૨મી જુલાઈએ લગ્ન, ૧૩મી જુલાઈએ આશીર્વાદ સમારોહ અને ૧૪મી જુલાઈએ રિસેપ્શન યોજાશે. આ લગ્નમાં બોલિવુડ સ્ટાર્સ ઉપરાંત સ્પોર્ટ્સ અને બિઝનેસ જગતના મોટા નામો પણ હાજરી આપશે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ લગ્નમાં ઘણા આંતરરાષ્ટ્રીય કલાકારો પરફોર્મ કરવાના છે. અંબાણી પરિવારની મેનેજમેન્ટ ટીમ તેમની સાથે વાતચીત કરી રહી છે. મહત્વનું છે કે મુકેશ અંબાણીના ઘરે શહેનાઈ વગવાની તારીખ ખૂબ જ નજીક છે. અગાઉ, ૧ થી ૩ માર્ચ દરમિયાન ગુજરાતના જામનગરમાં આયોજિત અનંત અંબાણી-રાધિકા મર્ચન્ટ પ્રિ-વેડિંગ સેલિબ્રેશન સમગ્ર વિશ્વમાં ચર્ચામાં હતું. ફેસબુકના માર્ક ઝકરબર્ગથી લઈને માઈક્રોસોફ્ટના બિલ ગેટ્સ સુધી બધાએ તેમાં ભાગ લીધો હતો. ગ્લોબલ સ્ટાર રિહાન્નાએ પણ પરફોર્મન્સ આપ્યું હતું. આ વખતે પણ મુંબઈમાં અંબાણી પરિવારના લગ્ન સમારોહમાં સ્ટાર્સનો જમાવડો જોવા મળવાનો છે. સમાચાર છે કે હોલીવુડ સિંગર જસ્ટિન બીબર ભારત પહોંચી ગયો છે અને આ ફંપલના વેડિંગ ફંક્શનમાં પરફોર્મ કરશે.

કોંગી સાંસદે સ્પીકરને પત્ર લખી વડાપ્રધાનના ગેરમાર્ગે દોરતા 'ભ્રામક' નિવેદનો પર કાર્યવાહીની માંગ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

કોંગ્રેસના સાંસદ મણિકમ ટાગોરે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાને પત્ર લખીને આરોપ લગાવ્યો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બીજેપી સાંસદ અનુરાગ ઠાકુરે ગૃહમાં 'વાસ્તવિક રીતે ખોટા, અચોક્કસ અને ભ્રામક નિવેદનો' કર્યા છે અને આ મામલે યોગ્ય પગલાં લેવા માંગ કરી છે. ટાગોરે સ્પીકર બિરલાને પત્ર લખીને વિનંતી કરી છે કે મોદી અને ઠાકુરના નિવેદનો પર નિર્દેશ ૧૧૫(૧)ની જોગવાઈઓ લાગુ કરવામાં આવે. વિરૂધુનગરના સાંસદે બિરલાને જરૂરી કાર્યવાહી શરૂ કરવા અને ગૃહમાં વડાપ્રધાન મોદી અને ઠાકુરે કરેલા 'તથ્યપૂર્ણ રીતે ખોટા, અચોક્કસ અને ભ્રામક નિવેદનો' પર યોગ્ય પગલાં લેવા હાકલ કરી. તેમણે ફ્લેગ કર્યું કે, વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રપતિના અભિભાષણના આભાર પ્રસ્તાવના તેમના જવાબમાં કહ્યું હતું કે કોંગ્રેસે મહિલાઓને દર મહિને ૮૫૦૦ રૂપિયાનું 'જૂઠું વચન' આપ્યું હતું, જ્યારે પાર્ટીનું વચન વિજય અને સરકારની રચનાની શરતે હતું. તેમણે વડાપ્રધાન મોદીના દાવાને પણ પડકાર્યો હતો કે, કોંગ્રેસનો વોટ શેર ૧૬ રાજ્યોમાં નીચે ગયો છે જેમાં તેણે એકલા ચૂંટણી લડી હતી. ટાગોરે પત્રમાં જણાવ્યું હતું કે, "આ હકીકતમાં ખોટું છે. હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, કર્ણાટક, તેલંગાણા વગેરેમાં કોંગ્રેસનો વોટ શેર વધ્યો." તેમણે મોદીની એ ટિપ્પણીને 'મોટા પ્રમાણમાં ગેરમાર્ગે દોરનારી' તરીકે પણ ગણાવી હતી કે 'કોંગ્રેસના સમયમાં આર્મી માટે કોઈ બુલેટ પ્રૂફ જેકેટ્સ પૂરા પાડવામાં આવ્યાં નહોતા.' ટાગોરે કહ્યું કે, "જેકેટ્સની અછત હતી, એવું નથી કે જેકેટ્સ નહોતા. પોલીસ પાસે પણ મુંબઈ હુમલાની જેમ બુલેટ પ્રૂફ જેકેટ હતા." કોંગ્રેસે સેનાને ફાઈટર જેટ આપ્યા ન હોવાના દાવા અંગે પણ તેમણે વડાપ્રધાનને પડકાર ફેંક્યો હતો. પત્રમાં લખવામાં આવ્યું હતું કે, 'આપણી પાસે જગુઆર, મિગ ૨૯, SU-૩૦, મિરાજ ૨૦૦૦ હતું.' ટાગોરે લોકસભામાં ઠાકુરના ૧ જુલાઈના ભાષણમાં કથિત અચોક્કસતાઓ પણ દર્શાવી હતી. કોંગ્રેસ સાંસદે કહ્યું કે ઠાકુરે દાવો કર્યો હતો કે જ્યારે પાર્ટી દેશમાં શાસન કરતી હતી ત્યારે સેનાને હથિયાર અને ફાઈટર જેટ આપવામાં આવ્યા ન હતા. તેમણે કહ્યું કે, 'આપણી પાસે જગુઆર, મિગ ૨૯, SU-૩૦, મિરાજ ૨૦૦૦ હતા. આપણી પાસે પરમાણુ બોમ્બ, અગ્નિ, પૃથ્વી, આકાશ, નાગ, ત્રિશુલ અને બાદમાં બ્રહ્મોસ જેવી મિસાઈલ હતી.' ટાગોરે ઠાકુરની ટિપ્પણીને પણ 'હકીકતમાં ખોટી' ગણાવી હતી કે વડાપ્રધાન મોદીએ એક પણ રજા લીધી નથી અને પૂછ્યું હતું કે ચૂંટણી પ્રચાર માટે કઈ શ્રેણીની રજા લેવામાં આવે છે.

તપાસની માંગ કરવામાં આવી

બિહારમાં સતત પુલ ધરાશાયી થવાનો મામલો સુપ્રીમમાં પહોંચ્યો

સારણ જિલ્લામાં એક જ દિવસે બે પુલ ધરાશાયી, જેથી છેલ્લા ૧૫ દિવસમાં પુલ ધરાશાયી થવાની આ નવમી ઘટના

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

બિહારમાં સતત પડી રહેલા પુલને લઈને સુપ્રીમ કોર્ટમાં જનહિતની અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં રાજ્યના તમામ પુલોની તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. સારણ જિલ્લામાં એક જ દિવસે બે પુલ ધરાશાયી થયા હતા, જેથી છેલ્લા ૧૫ દિવસમાં પુલ ધરાશાયી થવાની આ નવમી ઘટના છે. બંને પુલ ધરાશાયી થવાના કારણે અનેક ગામો વચ્ચેનો વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો છે. તેની અસર શાળાઓ અને હોસ્પિટલો જેવી આવશ્યક સેવાઓ પર જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે, બંને પુલ ગંડકી નદી પર બનાવવામાં આવ્યા હતા. બ્રિટિશ યુગના પુલ પાસે ૨૦૦૪માં બનેલો પુલ ધરાશાયી થયો હતો. સ્થાનિક લોકોએ જણાવ્યું કે, નદીના કિનારે સફાઈનું કામ ચાલી રહ્યું હતું અને તે પૂર્ણ થયા બાદ નદીમાં પાણી છોડવામાં આવ્યું હતું, જેના કારણે પુલ તૂટી પડ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી આ અરજીમાં બિહાર સરકારને રાજ્યના તમામ હાલના અને નિર્માણાધીન પુલોનું ઉચ્ચ સ્તરીય સ્ટ્રક્ચરલ ઓડિટ કરાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે અને રાજ્યમાં પુલ તૂટી પડવાની ઘટનાઓને ધ્યાનમાં રાખીને જૂના અ

કોંગ્રેસ કાર્યાલય ખાતે સંઘર્ષ મુદ્દે પોલીસ ફરિયાદ ન લેવાતા રાહુલ ગાંધીને અપાયું આમંત્રણ

ભાજપ-કોંગ્રેસના સંઘર્ષ મામલે કોંગી નેતા રાહુલ ગાંધી ગુજરાત આવી શકે : ...તો આક્રમક વિરોધ પ્રદર્શન

ભાજપ તથા પોલીસ પર શક્તિસિંહના પ્રહારો : સૌ કાર્યકરોને ભેગા થવા આહ્વાન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

અમદાવાદમાં કોંગ્રેસ ભવન પર થયેલા હુમલા મામલે ગુજરાત કોંગ્રેસ આક્રમક મુડમાં છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી ગુજરાત આવી શકે છે. કોંગ્રેસની પોલીસે ફરિયાદ ન લેતા રાહુલ ગાંધી ગુજરાત આવશે. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે રાહુલ ગાંધીને ગુજરાત આવવા આમંત્રણ આપ્યું છે. ૬ જુલાઈએ રાહુલ ગાંધી ગુજરાત આવે તેવી શક્યતા છે.

શક્તિસિંહ ગોહિલે પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું હતું કે, શાસક પક્ષના રવાડે અધિકારીઓ ન ચડે. તેવો તેમણે અમદાવાદ પોલીસને પડકાર ફેંક્યો હતો. તેમણે કહ્યું કે, કોંગ્રેસની FIR કેમ લેવાતી નથી, પોલીસ લખીને આપે. શક્તિસિંહ ગોહિલે ૬ જુલાઈએ કોંગ્રેસના કાર્યકર્તાઓને એકઠા થવાનું આહ્વાન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, જો માંગ સ્વીકારવામાં નહીં આવે તો છ જુલાઈએ કોંગ્રેસ આક્રમક વિરોધ પ્રદર્શન કરશે. તેમણે કહ્યું હતું કે, ભાજપે કોંગ્રેસ ઓફિસમાં હુમલો કર્યો હતો. હુમલો કરીને ભાજપે ગુજરાતની અસ્મિતાનું હનન કર્યું છે. કોંગ્રેસ કાર્યાલયને સળગાવવાનો પ્રયત્ન કર્યો હતો. શક્તિસિંહ ગોહિલે પોલીસની

કામગીરી પર સવાલ ઊઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, પથ્થરબાજી કરવાના ભાજપના ગ્રુપમાં મેસેજ ફરતા કર્યા હતા. કોંગ્રેસે અમદાવાદ પોલીસને જાણ કરી હતી.

આત્મસુરક્ષા એ કાયદાએ આપેલ અધિકાર છે. ભાજપ કાર્યકરોના હાથમાં હોકી અને તીક્ષ્ણ હથિયાર હતા. પોલીસ એ જનતાની સેવક છે. ભાજપના ગુંડાઓએ હુમલો કર્યો હતો. પોલીસે અમારી ફરિયાદ લીધી નથી. પોલીસે ફરિયાદમાં કેમ ભાજપ નેતાનું નામ લખ્યું નથી. ભાજપ અને અમદાવાદ પોલીસની મિલિભગત છે. શક્તિસિંહ ગોહિલે અપીલ કરી હતી કે, આવા પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ટૂંક સમયમાં ગુજરાત મોરચે સક્રિય થશે. લોકસભામાં વિપક્ષના નેતા તરીકે બોલતા રાહુલ ગાંધીએ ભાજપને ગુજરાતમાં તેમને હરાવવાનો પડકાર ફેંક્યો હતો. હવે રાહુલ ગાંધી ગુજરાતમાં સક્રિય થવાના સંકેતો મળી રહ્યા છે. રાજ્યમાં હિંદુ નિવેદનોને લઈને કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ઝઘડો છે, ત્યારે રાહુલ ગાંધી પ્રથમ વખત ગુજરાતની મુલાકાતે આવી શકે છે. તેવો સંકેત પક્ષના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે આપ્યો છે. ગોહિલે કહ્યું કે, રાહુલ ગાંધી ટૂંક સમયમાં રાજ્યની મુલાકાતે આવી એવા કાર્યકરોને મળશે જેઓ ભાજપના આક્રમણ દરમિયાન બબ્બર શેરની આગેવાનીમાં લડ્યા હતા. ગોહિલે જણાવ્યું હતું કે, કોંગ્રેસ કાર્યાલયની બહાર થયેલી અથડામણના કેસમાં પોલીસે એકતરફી કાર્યવાહી કરી છે. ગોહિલે સમગ્ર રાજ્યના કાર્યકરોને ૬ જુલાઈના રોજ અમદાવાદ આવવા અપીલ કરી છે. એવી શક્યતા છે કે, જો અમદાવાદ પોલીસ ભાજપના કાર્યકરો સામે કાર્યવાહી નહીં કરે તો રાહુલ ગાંધીની આગેવાનીમાં ૬ જુલાઈના રોજ અમદાવાદમાં આક્રમક વિરોધ પ્રદર્શન કરાશે.

લોકસભાની ચૂંટણી દરમિયાન રાહુલ ગાંધીએ ગુજરાતની મુલાકાત લીધી ન હતી. પ્રિયંકા ગાંધીએ માત્ર વલસાડ અને બનાસકાંઠામાં જ સભાઓ કરી હતી. ગોહિલના નિવેદનને રાજકીય વર્તુળોમાં ભારે તૈયારી સાથે જોડવામાં આવી રહી છે. રાજ્યમાં પંચાયતની ચૂંટણી પહેલાં રાહુલ ગાંધી સંપૂર્ણ રીતે સક્રિય થઈ શકે તેવી શક્યતાઓ છે. આ સાથે રાજ્યમાં કોંગ્રેસ પાર્ટીના સંગઠનને મજબૂત કરવાના પ્રયાસો પણ શરૂ થઈ શકે છે. કોંગ્રેસના એક નેતાએ કહ્યું કે, આગામી દિવસોમાં રાજ્યમાં બે વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાવાની છે. બંને બેઠકો પર પાર્ટી મજબૂતીથી લડશે. પાર્ટી ઈન્ડિયા એલાયન્સ હેઠળ માણાવદર બેઠક આમ આદમી પાર્ટી માટે છોડી શકે છે.

એવી પણ ચર્ચા છે કે, રાહુલ ગાંધી તેમના પ્રવાસ દરમિયાન રાજકોટ ટીઆરપી ગેમ ઝોનના પીડિતોને મળવા પણ જઈ શકે છે. રાહુલ ગાંધી તેમના પ્રવાસ દરમિયાન મોરબી બ્રિજ અકસ્માત અને વડોદરા હરણી બોટ દુર્ઘટનાના પીડિતોની મુલાકાત પણ લઈ શકે છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પીડિતોને ન્યાય અપાવવા માટે એક મોટા એક્શન પ્લાન પર કામ કરી રહી છે. આગામી દિવસોમાં આ અંગેની જાહેરાત થઈ શકે. ટીમ રાહુલ ગાંધીનો હિસ્સો જિગ્નેશ મેવાણી રાજકોટમાં સક્રિય છે.

કેન્દ્ર સરકારની જાહેરાતને પગલે મુખ્યમંત્રી દ્વારા કર્મચારીના હિતમાં નિર્ણય લેવાયો

રાજ્યના સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ચાર ટકાનો વધારો કરવા નિર્ણય

મોંઘવારી ભથ્થાના વધારાના તફાવતની રકમ આગામી ત્રણ પગાર સાથે ચૂકવાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૪

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં કરાયેલી જાહેરાત બાદ હવે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના લાખો કર્મચારીઓના હિતમાં મહત્ત્વપૂર્ણ નિર્ણય કરીને સરકારના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં ચાર ટકા વધારાનો લાભ આપવાની જાહેરાત કરી છે. જેને લઈને રાજ્યના કર્મચારી વર્તુળમાં ખુશીની લહેર વ્યાપી જવા પામી છે.

રાજ્યના સાતમા પગાર પંચનો લાભ મેળવતા સરકારી કર્મચારીઓને આ મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ તા.૧ જાન્યુઆરી ૨૦૨૪થી આપવાનો નિર્ણય સરકાર દ્વારા કરાયો છે.

સરકારની આ જાહેરાતથી આ મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા અન્ય એમ કુલ ૪.૭૧ લાખ કર્મચારીઓ અને અંદાજે ૪.૭૩ લાખ જેટલા નિવૃત્ત કર્મચારીઓ એટલે કે પેન્શનર્સને મળવાપાત્ર થશે. મોંઘવારી ભથ્થાની ૬ માસની એટલે કે ૧ જાન્યુઆરી ૨૦૨૪થી ૩૦ જૂન ૨૦૨૪ સુધીની તફાવતની રકમ ત્રણ હપ્તામાં પગાર સાથે ચૂકવવામાં આવશે.

તદઅનુસાર, જાન્યુઆરી-૨૦૨૪ તથા ફેબ્રુઆરી-૨૦૨૪ મહિનાની તફાવતની રકમ જુલાઈ-૨૦૨૪ના પગાર સાથે, માર્ચ અને એપ્રિલ-૨૦૨૪ની તફાવતની રકમ ઓગષ્ટ-૨૦૨૪ના પગાર સાથે તેમજ મે અને જૂન-૨૦૨૪ના મોંઘવારી ભથ્થાની એરિયર્સની રકમ સપ્ટેમ્બર-૨૦૨૪ના પગાર સાથે કર્મચારીઓને ચૂકવવામાં આવશે. રાજ્ય સરકાર આ એરિયર્સ પેટે કુલ મળીને ૧૧૨૯.૫૧ કરોડ રૂપિયાની કર્મચારીઓને ચૂકવણી કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ કર્મચારી હિતકારી નિર્ણયના અમલ માટે નાણાં વિભાગ દ્વારા જરૂરી આદેશો કરવા અંગેની પણ સૂચનાઓ આપવામાં આવી છે.

મોંઘવારી ભથ્થાના વધારા સાથે તેના તફાવતની (એરિયર્સ)ની રકમ આગામી ત્રણ મહિનાના પગારમાં જ ચૂકવી દેવાની વાતને લઈ કર્મચારી વર્ગમાં આનંદની લાગણી ફેલાઈ છે.

દાંતામાં માત્ર ચાર કલાકમાં ૮ ઈંચ વરસાદથી આભ ફાટયા જેવી સ્થિતિ : સર્વત્ર પાણી જ પાણી

- દાંતામાં અનેક ખેતરો બેટમાં ફેરવાયા : હોસ્પિટલમાં પાણી ઘૂસ્યા
- ઓઝત અને ભાદરનાં પાણી ફરી વળતાં ઘેડ પંથક પાણીથી ઘેરાયો

- ૯૦ તાલુકાઓમાં જોવા મળ્યો વરસાદી માહોલ
- પાલનપુર, વડગામ અને તિલકવાડામાં ૨ ઈંચ વરસાદ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૪

રાજ્યમાં ચોમાસુ જામ્યુ છે બુધવારે સામાન્ય વિરામ બાદ મેઘરાજાએ ઉત્તર ગુજરાતમાં ફરી એક ઈનિંગ શરૂ કરતા દાંતામાં ૪ કલાકમાં ૮ ઈંચ વરસાદ ખાબકયો હતો. જયારે પાલનપુર અને વડગામ પંથકમાં અનેક સ્થળોએ ૨ ઈંચથી વધુ વરસાદ પડયો છે. બીજી તરફ ઉપરવાસમાં થયેલ ભારે વરસાદને પગલે પોરબંદર જિલ્લાનો ઘેડ પંથક પાણીથી ઘેરાયો છે. ચારે તરફ પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. ત્યારે સુરત અને તાપી જિલ્લામાં ભારે વરસાદના કારણે નદીઓ અને ખાડી બે કાંઠે વહેતી થઈ હતી. જયારે આગામી ૩ દિવસ રાજયમાં અનેક સ્થળોએ વરસાદી માહોલ જોવા મળશે. રાજયમાં વરસાદી માહોલ જામ્યો છે. ગુરૂવાર સવારથી સાંજ સુધી રાજયના ૯૦ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં બનાસકાંઠાના દાંતામાં માત્ર ચાર કલાકમાં ૮ ઈંચ વરસાદ ખાબકતા સર્વત્ર પાણી જ પાણી થઈ ગયું હતું. અનેક ખેતરો બેટમાં ફેરવાઈ ગયા હતા. ભારે વરસાદને પગલે પાણી ભરાતા રેફરલ હોસ્પિટલ તળાવમાં ફેરવાઈ ગઈ હતી. જયારે દર્દીઓને અન્યત્ર ખસેડવાની ફરજ પડી હતી. જયારે તીલકવાડા, વડગામ, પાલનપુરમાં બે ઈંચથી વધુ વરસાદ પડયો છે જયારે અન્ય સ્થળોની વાત કરીએ તો દાંતા ૨૦૨, તિલકવાડા ૬૭, વડગામ ૬૨, કુકરમુંડામાં ૪૬ મીમી, ઉમરપાડા ૪૦, નાંદોદ ૩૯, ઝઘડિયા ૩૪, સતલાસણા ૩૦, હાલોલ ૨૯, ખેડબ્રહ્મા ૨૫, નસવાડી ૨૫, વડાલી ૨૪, સાગબારા ૨૪, ગરૂડેશ્વર ૨૪, અંકલેશ્વર ૨૪, સિંગવડ ૨૩, માંડવી ૧૮, કપરાડા ૧૮, વિજયનગર ૧૬ મી.મી. વરસાદ નોંધાયો છે. તો બીજી તરફ પોરબંદરના ઘેડ પંથકમાં બે દિવસ પૂર્વે ૧૦ ઈંચ જેટલો ભારે વરસાદ પડયો હતો. ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને કારણે ભાદર-ઓઝત તેમજ મધુવંતી નદીના પાણી પોરબંદરના ઘેડ પંથકમાં ફરી વળ્યા છે. કડછ, પાતા અને માધવપુર સહિતના ઘેડમાં પાણી જોવા મળી રહ્યું છે. કડછથી બગસરા તરફ જતા રસ્તા પર ઓઝતના પાણી ફરી વળ્યા છે. કડછ ગામેથી ડ્રોનની મદદથી આકાશી દૃશ્યો લેવામાં આવ્યા હતા. તે દૃશ્યો પરથી જોઈ શકાય કે ઘેડ પંથકમાં ઓઝતના પાણી ચારો તરફ ફરી વળ્યા છે. વાડી-ખેતરો અને રસ્તાઓ પર પાણીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. જયારે સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદ પડયા બાદ હવે ઉત્તર ગુજરાત અને પૂર્વ ગુજરાતના વિસ્તારોમાં વરસાદનું જોર વધશે અને આવનારા પાંચ દિવસ સુધી રાજયના ઘણા વિસ્તારોમાં સારો વરસાદ પડે તેવી સંભાવના છે. હવામાન વિભાગના મોડલ પ્રમાણે આવનારા દિવસોમાં સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં વરસાદ ઘટે તેવી સંભાવના છે. જયારે ઉત્તર, પૂર્વ અને દક્ષિણ ગુજરાત તરફના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ પ્રકારનો વરસાદ ચાલુ રહે તેવી સંભાવના છે. હાલની સ્થિતિ પ્રમાણે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, નર્મદા, છોટાઉદેપુર, ભરૂચ, સુરત, નવસારી તથા વલસાડમાં મધ્યમથી ભારે વરસાદ પડવાની સંભાવના છે. જયારે કચ્છ, ભાવનગર, અમરેલી, ગીરસોમનાથ, જૂનાગઢના કેટલાક વિસ્તારોમાં છુટોછવાયો વરસાદ પડવાની સંભાવના છે.

રાજકોટ અગ્નિકાંડ મુદ્દે અધિકારીઓને જવાબદાર ઠેરવતો અહેવાલ થયો રજૂ

શાળાઓ બંધ કરવી એ ઉપાય નથી, તમે કાયદા અને નિયમોનું અસરકારક રીતે પાલન કરાવો : હાઈકોર્ટ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

રાજકોટ ગેમિંગ ઝોનમાં આગની ઘટનામાં થયેલી જાહેર હિતની અરજીની સુનાવણી થઈ હતી જેમાં રાજ્ય સરકાર દ્વારા સત્યશોધક સમિતિનો અહેવાલ સિલ કવરમાં મૂકાયો અને તેની નોંધ લઈને હાઈકોર્ટ પોતાનો આદેશ કરશે એમ જણાવીને વધુ સુનાવણી આગામી તા. ૨૫ જુલાઈના રોજ હાથ મુકરર રાખી હતી.

સરકાર દ્વારા સીલબંધ કવરમાં અહેવાલ રજૂ કરતી વખતે જણાવાયું હતું કે, ત્રણ સિનિયર સનદી અધિકારીઓ પી.સ્વરુપ, રાજકુમાર બેનીવાલ અને શ્રીમતી મનીષા ચંદ્રા એમ ત્રણ સભ્યોની ઉચ્ચ સ્તરીય સમિતિ રચાઇ છે અને તેના દ્વારા સમગ્ર મામલામાં ઝીણવટભરી તપાસ કરી તેનો ફાઈનલ રિપોર્ટ તા.૩જી જૂલાઈએ રજૂ કરાયો છે. જેમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટાઉન પ્લાનીંગ ડિપાર્ટમેન્ટના, ફાયર ડિપાર્ટમેન્ટના અને પોલીસ તંત્રના કેટલાક અધિકારીઓ જવાબદાર હોવાનું સામે આવ્યું છે. સમિતિ દ્વારા કેટલાક મહત્ત્વના સૂચનો પણ કરવામાં આવ્યા હતા.વધુમાં,સમિતિ હાઇકોર્ટના નિર્દેશાનુસાર, ખૂબ ગંભીરતાપૂર્વક અને બારીકાઈપૂર્વક તપાસ ચલાવી રહી છે અને સમગ્ર

સાગઠિયાના મુદ્દે કોર્ટે કહ્યું - આવા ભ્રષ્ટ અધિકારીઓના આધારે સિસ્ટમ ચાલી શકે નહી; મનપા કમિશનરની જવાબદારી બને છે કે તેઓ સખત કાર્યવાહી કરે

પ્રકરણમાં જે કોઈ દોષિત કે કસૂરવાર હશે તેને બક્ષવામાં આવશે નહી. સરકાર તરફથી જે અધિકારીઓએ આ મામલામાં ફરજમાં બેદરકારી કે નિષ્કાળજી દાખવી છે, તેઓની સામે કડકમાં કડક પગલાં લેવાની હાઇકોર્ટને ખાતરી આપવામાં આવી હતી.

વધુમાં રાજ્યમાં આનંદ મેળા અને ગેમિંગ ઝોનનાં સંચાલકો દ્વારા કરાયેલી અરજીમાં હાઈકોર્ટે વધુ એક વાર રાહત આપવાનો ઈન્કાર કર્યો હતો. હાઈકોર્ટના આદેશ બાદ તેઓના કામ કાજ બંધ કરી દેવાતા તેમના દ્વારા અરજી કરાઈ હતી. તેઓએ રજૂઆત કરી હતી કે તમામ મંજૂરી મેળવી હોવાથી કામકાજ શરૂ કરવા દેવા જોઈએ. જોકે તેઓને કોઈ રાહત અપાઈ નહોતી.

ઉલ્લેખનીય છે કે કેસની સુનાવણી દરમ્યાન રાજકોટ મનપાના ભ્રષ્ટાચારી ટાઉન પ્લાનર મનસુખ સાગઠિયાનો મુદ્દો પણ ચર્ચાયો હતો. અદાલતે ટકોર કરી હતી કે, આવા ભ્રષ્ટ અધિકારીઓના આધારે સિસ્ટમ ચાલી શકે નહી. ખરેખર, મ્યુનિસિપલ કમિશનરની જવાબદારી બને છે કે તેઓ સખત કાર્યવાહી કરે. બીજી બાજુ ચીફ રાજ્યની શાળાઓમાં ફાયર સેફ્ટી સુવિધા મુદ્દે ચાલેલી ચર્ચા દરમ્યાન સરકાર અને સત્તાવાળાઓને અદાલતે જણાવ્યું હતું કે, શાળાઓ બંધ કરવી એ ઉપાય નથી પરંતુ તમે કાયદા અને નોર્મ્સનું ભારે ચુસ્તતાપૂર્વક અને અસરકારક રીતે પાલન કરાવો. હાઇકોર્ટે શાળાઓમાં ફાયર સેફ્ટી અંગેનો રિપોર્ટ પણ તા.૨૫ જૂલાઇ સુધીમાં માંગ્યો હતો. કેસની વિગતો મુજબ રાજકોટ ટીઆરપી ગેમ ઝોનમાં અગ્નિકાંડ કેસની સુઓમોટો પીઆઇએલ અને એડવોકેટ દ્વારા દાખલ કરાયેલી અરજીમાં આજે રાજ્ય સરકાર દ્વારા ત્રણ સભ્યોની ઉચ્ચ સ્તરીય સમિતિનો ફેક્ટ ફાઇન્ડીંગ રિપોર્ટ સીલબંધ કવરમાં ગુજરાત હાઇકોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. તેની સુનાવણી દરમિયાન અદાલતે સરકારને સીધો સવાલ કર્યો હતો કે, સીટનો રિપોર્ટ કયાં છે એમ કહી સરકારને આગામી મુદતે સીટનો રિપોર્ટ રજૂ કરવા હુકમ કર્યો હતો. આજે ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ કેસની સુનાવણી દરમ્યાન હાઇકોર્ટે ફરી એકવાર રાજ્ય સરકાર અને સત્તાવાળાઓને જણાવ્યું હતું કે, અમુક લોકો સામે પગલાં લેવાય અને પછી ઠેરની ઠેર સ્થિતિ થઈ જાય છે તેવું આ વખતે ના થવું જોઈએ. ચેક એન્ડ બેલેન્સની સિસ્ટમ હોવી જોઈએ. કેટલાક લોકો સામે પગલાં લઈ પછી શાંતિ રાખવાની તેવું ના થવું જોઈએ. સમગ્ર મામલામાં જે કોઈ કસૂરવાર કે જવાબદાર હોય તેની સામે કોઈપણ જાતની શેહશરમ રાખ્યા વિના આકરી કાર્યવાહી કરવાની રહેશે.

ધોરણ-૧૦-૧૨ સાયન્સની પૂરક પરીક્ષા પૂર્ણ : સા.પ્ર.ની શનિવારે પૂર્ણ થશે

શિક્ષણ બોર્ડ દ્વારા સમયસર પરિણામ જાહેર કરવા માટેની તૈયારીઓ શરૂ કરાઈ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૪ જૂનથી ધોરણ-૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષા શરૂ કરવામાં આવી હતી. જેમાં સમગ્ર રાજ્યમાંથી ૨.૩૮ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. પૂરક પરીક્ષામાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સાયન્સના તમામ પેપરની પરીક્ષા લેવાઈ જતાં આ બંને ધોરણમાં પુરક પરીક્ષા પૂર્ણ થઈ છે. હવે માત્ર ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં જ આગામી બે દિવસ સુધી પૂરક પરીક્ષા લેવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ બોર્ડ દ્વારા ૨૪ જૂનથી ધો-૧૦, ધો-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પૂરક પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી ૨૩૮૦૩૦ વિદ્યાર્થી નોંધાયા હતા. પરીક્ષાને લઈને શિક્ષણ બોર્ડે ૩૪ ઝોનની રચના કરી હતી. ધો-૧૦ની પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી ૧૩૭૦૨૫ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાં અમદાવાદ શહેરમાં ૧૦૫૭૮ અને અમદાવાદ ગ્રામ્યમાં ૭૪૨૬ વિદ્યાર્થીઓ હતા. જયારે ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં સમગ્ર રાજ્યમાં ૬૬૦૮૫ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાં અમદાવાદ શહેરમાં ૬૪૮૩ અને અમદાવાદ ગ્રામ્યમાં ૩૫૮૯ વિદ્યાર્થીઓ હતા. ધો-૧૨ સાયન્સમાં અમદાવાદ શહેરમાં ૨૭૭૧ વિદ્યાર્થીઓ અને અમદાવાદ ગ્રામ્યમાં ૧૫૫૮ વિદ્યાર્થીઓ મળી સમગ્ર રાજ્યમાં ૩૪૯૨૦ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. શિક્ષણ બોર્ડ દ્વારા ૨૪ જૂનથી શરૂ કરવામાં આવેલી પુરક પરીક્ષામાં બુધવારના રોજ ધોરણ-૧૨ સાયન્સમાં છેલ્લું પેપર લેવામાં આવ્યું હતું. ત્યારબાદ ગુરૂવારના રોજ ધોરણ-૧૦માં છેલ્લા વિષયની પરીક્ષા સાથે ધોરણ-૧૦ અને ૧૨ સાયન્સની પૂરક પરીક્ષાઓ પૂર્ણ થઈ છે. જોકે, આ વખતે શિક્ષણ બોર્ડ દ્વારા પૂરક પરીક્ષામાં ધરખમ ફેરફાર કરવામાં આવ્યા બાદ પ્રથમ પૂરક પરીક્ષા લેવામાં હતી. જેમાં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૨ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પણ આ વખતે પ્રથમ વખત પૂરક પરીક્ષા આપી હતી. જેના લીધે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં તમામ વિષયની અલગ અલગ પરીક્ષાનું આયોજન કરવામાં આવતા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં હજુ બે દિવસ પરીક્ષા લેવામાં આવશે.

રાજીવ ગાંધી ભવન ખાતે તોડફોડની ઘટના

કોંગ્રેસે ૧૦ તો ભાજપે ૨૫૦ લોકો સામે ફરિયાદ નોંધાવી

કોંગ્રેસના દાણીલીમડાના ધારાસભ્યએ એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

કોંગ્રેસ કાર્યાલય ખાતેના સીસીટીવીમાં બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ હોવાનું સામે આવ્યું હતું

અમદાવાદ, તા.૪

સંસદમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના નિવેદન મુદ્દે બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ દ્વારા બે દિવસ પહેલા મોડી રાત્રે કોંગ્રેસના કાર્યાલય ખાતે તોડફોડ અને કાળી શાહી નાખવાની ઘટના બની હતી. ત્યારબાદ બીજા દિવસે બપોર બાદ પથ્થરમારોની ઘટના બની હતી. ભાજપના નેતાઓએ કોંગ્રેસના ૨૫૦થી વધુ લોકોના ટોળા સામે ફરિયાદ નોંધાવી હતી. હવે કોંગ્રેસના દાણીલીમડાના ધારાસભ્ય શૈલેષ પરમારે એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં બજરંગ દળના જવલિત મહેતા અને પૂર્વ કોર્પોરેટર ફાલ્ગુની શાહના પુત્ર ઋત્વિક શાહ સહિતના ૧૦ લોકોના ટોળા સામે ફરિયાદ નોંધાવી છે. સંસદમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ૧ જુલાઈએ સંસદમાં નિવેદન આપ્યા બાદ ૨ જુલાઈએ અમદાવાદના કોંગ્રેસ કાર્યાલયમાં મોડી રાત્રે બજરંગ દળના નેતા જવલિત મહેતા, પૂર્વ, કોર્પોરેટર ફાલ્ગુની શાહના પુત્ર ઋત્વિક શાહ, ચિંતન લોધા સહિત અજાણ્યા ૮થી ૧૦ લોકો કાર્યાલયમાં ઘૂસી ગયા હતા. સિક્યુરિટી ગાર્ડને ધાક ધમકી આપી કાર્યાલયમાં રહેલા ઝંડા બેનરો અને રાહુલ ગાંધીના પોસ્ટરોને નુકસાન કર્યું હતું. કોંગ્રેસ કાર્યાલય ખાતે લાગેલા CCTVમાં તપાસ કરતા બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ હોવાનું સામે આવ્યું હતું. રાહુલ ગાંધીના ફોટો પર કાળી એ છાંટ્યો અને બેનરો ફાડી ધમાલ મચાવી હતી. આ બનાવ અંગે ગુજરાત ભાજપના પ્રદેશ મહામંત્રી રજની પટેલે જણાવ્યું હતું કે, ભાજપના કોઈ કાર્યકરે આવી પ્રવૃત્તિ કરી હોય એવું ધ્યાને આવ્યું નથી. જો કે, કોંગ્રેસ કાર્યાલય ખાતે લાગેલા CCTVમાં તપાસ કરતા બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ હોવાનું સામે આવ્યું હતું. જેને લઈને બે દિવસ બાદ કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમાર દ્વારા એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જે દિવસે ઘટના બની તે જ દિવસે સવારે કોંગ્રેસ પક્ષ દ્વારા એલિસબ્રિજ પોલીસ સ્ટેશન ખાતે જઈ ફરિયાદ નોંધાવવામાં આવી નહોતી. આ ઘટના મામલે ભાજપના નેતાઓએ કોંગ્રેસના ૨૫૦થી વધુ લોકોના ટોળા સામે ફરિયાદ નોંધાવી છે, ત્યારે હવે કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં આ મામલે ૧૦ લોકોના ટોળા સામે ફરિયાદ નોંધાવી છે.

ટેન્ડર નોટીસ

અહમદાબાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટીના વહીવટી સંચાલન હેઠળ શહેર અમદાવાદમાં ગોમતીપુર વિસ્તારમાં આવેલ ચારતોડા કબ્રસ્તાનના બે પ્રવેશદ્વારની પાસે ૨૦૦૦ ચો.ફૂટનું એક એમ કુલ બે વ્હીકલ માટેના પાર્કિંગ પ્લોટ બનાવવાના છે. જેમાં પેવર બ્લોક, દીવાલોનું ચણતર, લોખંડના ઝાંપા નાખવા, ગેટ બંધ કરવા અને અન્ય સિવિલ વર્ક કરવાનું હોઈ રસ ધરાવતા કોન્ટ્રાક્ટરોએ તા:૧૫/૦૭/૨૦૨૪ના સાંજના ૪:૦૦ કલાક સુધીમાં નીચે જણાવેલા સરનામે મળી જાય તે રીતે બંધ કવરમાં તેમની ઓફર/ટેન્ડર મોકલી આપવુ. ત્યાર પછી મળેલા ટેન્ડર ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં.

પ્રમુખ શ્રી, અહમદાબાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટી

યતિમખાના બિલ્ડીંગ, G.P.O. સામે, સલાપસ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન.૦૭૯-૨૫૫૦૬૨૬૪

ગુજરાત ટુડે

૩૩માં વાર્ષિક વિશેષાંકમાં આપની જાહેરખબર આપી સહયોગ માટે અપીલ

"આપના અવાજને મજબૂત બનાવો"

'ગુજરાત ટુડે' હંમેશા કચડાયેલ અવાજને બુલંદ કરવા પ્રયત્નશીલ રહ્યો છે. સત્યને વળગી રહેનાર અને લોકોની વાત પહોંચાડનાર આપનું માનીતું દૈનિક 'ગુજરાત ટુડે' ભારે પડકારજનક અને પુરૂષાર્થભરી ૩૩ વર્ષની મજલને સફળતાપૂર્વક પાર કરીને ૩૪માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. 'ગુજરાત ટુડે' દૈનિકમાં આગામી વાર્ષિક વિશેષાંકમાં આપ આપના ધંધા-વ્યાપાર અને શુભેચ્છાની જાહેરખબર સત્વરે મોકલી આપીને સહકાર આપશો જ એવી અપેક્ષા છે. 'ગુજરાત ટુડે'ના ચાહકો અને શુભેચ્છકોને આ માટે ખાસ પ્રયાસો કરવા અમારી હાર્દિક અપીલ છે. આપ આપની જાહેરખબર અમારા સ્થાનિક પ્રતિનિધિ અથવા તો અમદાવાદ સ્થિત મુખ્ય કચેરી ખાતે સીધી મોકલી શકો છો.

વાર્ષિક વિશેષાંક ૦૪-૮-૨૦૨૪ને રવિવારના રોજ પ્રસિદ્ધ થશે

વ્યવસ્થાપક
જાહેરખબર વિભાગ
ગુજરાત ટુડે દૈનિક,૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ-૨૮
ફોન : ૦૭૯-૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧
E-mail : gujarattodaydaily@gmail.com, gtadvt@yahoo.co.in

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily @Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિર